

# જ્ઞાનધારા

## ૩

ગુણવંત બરવાળિયા

મુનિશ્રી સંતબાલજી પ્રેરિત
વિશ્વ વાત્સલ્ય પ્રાયોગિક સંઘ - મુંબઈના
સુવર્ણ જયંતી વર્ષ પ્રેરિત પ્રકાશન

# જ્ઞાનધારા

## જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૩માં પ્રસ્તુત થયેલા નિબંધો અને શોધ પત્રો




સંપાદન

ગુણવંત બરવાળિયા



પ્રકાશક

સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ
એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર
SPR જૈન કન્યાશાળા ટ્રસ્ટ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૭૭ ફોન : ૨૫૧૨૫૬૫૮
E-mail : gunvant.barvalia@gmail.com

Gyandhara-3
Edited by : Gunvant Barvalia
October - 2007

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :
• ગુણવંત બરવાળિયા
માનદ્ સંયોજક
સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ
એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર - ઘાટકોપર, મુંબઈ
• વિશ્વ વાત્સલ્ય પ્રાયોગિક સંઘ
માતૃસમાજ, કામાલેન, ઘાટકોપર (વે.) મુંબઈ-૪૦૦ ૦૮૬
• નવભારત સાહિત્ય મંદિર - પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ
• સરસ્વતી પુસ્તક ભંડાર - હાથીખાના, રતનપોળ, અમદાવાદ

પ્રકાશન સૌજન્ય :
• ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ - મુંબઈ
• કાઠિયાવાડ સ્થાનકવાસી જૈન સમાજ - ઘાટકોપરના
રજત જયંતી વર્ષ નિમિત્તે
• શ્રીમતી પુષ્પાબહેન ભૂપતરાય બાવીશી હ. યોગેશભાઈ
• શ્રીમતી ધનવંતીબહેન નવીનચંદ્ર મોદી તથા
સ્વ. શીવલાલ સાકરચંદ શાહ

મૂલ્ય : રૂ. ૧૦૦/-

મુદ્રણ વ્યવસ્થા :
સસ્તું પુસ્તક ભંડાર
ભઠ્ઠીની બારીમાં, ગાંધી રોડ, પુલ નીચે,
અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૨૧૧૦૦૬૨, ૨૨૧૪૭૧૦૧

## જ્ઞાનધારા-૩

ગોંડલ સંપ્રદાયના તપસમ્રાટ પૂ. શ્રી રતિલાલજી મહારાજના સુશિષ્ય શાસન અરુણોદય પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિજી મ.સા. ઠા-૨ પૂજ્યવરા શ્રી મુક્તાબાઈ મ.સ. તથા અધ્યાત્મયોગિની પૂ. બાપજીના સુશિષ્યા ડૉ. જશુબાઈ મ.સ. આ.ઠા. ૨૦ની પાવન નિશ્રામાં ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ પ્રેરિત તથા સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટર દ્વારા આયોજિત તા. ૩-૪ ડિસેમ્બર-૨૦૦૫ના પંડિત રત્નચંદ્રજી જૈન કન્યાશાળા ટ્રસ્ટના ગોળવાળા ઓડિટોરિયમ ઘાટકોપર-મુંબઈ મુકામે યોજાયેલ તૃતીય જ્ઞાનસત્રમાં વિદ્વાનો દ્વારા રજૂ થયેલ નિબંધો અને શોધપત્રોનો સંગ્રહ...



# નિવેદન

સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટર આયોજિત અને ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ પ્રેરિત, મુંબઈ - ઘાટકોપર મુકામે ૩-૪ ડિસેમ્બર-૨૦૦૫ના યોજાયેલ જ્ઞાનસત્ર-૩માં વિદ્વાનોએ રજૂ કરેલ, અભ્યાસ લેખો, નિબંધો અને શોધપત્રો ગ્રંથસ્થ કરીને જ્ઞાનધારા-૩ રૂપે પ્રગટ કરતાં આનંદની લાગણી અનુભવું છું.

આ જ્ઞાનસત્રમાં ૬૧ વિદ્વાનોની ઉપસ્થિતિ હતી. તેમાંના બે વિદ્વાનો ડૉ. બિપીનભાઈ દોશી અને ડૉ. અંજલી શાહએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કરેલ.

વિવિધ વિષયોની બેઠકના અધ્યક્ષસ્થાને અને આ પ્રમાણે વિદ્વાનો બિરાજેલ હતાં.

૧. શ્રી પ્રવિણભાઈ મહેતા (પૂ. પપ્પાજી)

૨. ડૉ. જિતેન્દ્ર બી. શાહ

૩. ડૉ. શેખરચંદ્ર જૈન

૪. ડૉ. બિપીનભાઈ દોશી

૫. ડૉ. જે. જે. રાવલ

૬. ડૉ. રશ્મિભાઈ ઝવેરી

૭. ડૉ. મ્રિણાલબહેન કટારનીકર (મુંબઈ યુનિ.)

૮. ડૉ. અભય દોશી

જ્ઞાનસત્ર ઉદ્‌ઘાટન સમારંભનું અધ્યક્ષસ્થાન ડૉ. કુમારપાળ દેસાઈ તથા સમાપન ડૉ. બળવંત જાનીએ કરેલ.

જ્ઞાનધારા-૨ ગ્રંથ સુશ્રાવક સાહિત્યકાર સ્વ. રમણલાલ ચી. શાહની પાવનસ્મૃતિને અર્પણ કરેલ. ગ્રંથ તારાબહેન ર. શાહ અને પ્રબુદ્ધ જીવનના તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહનાં કરકમળોમાં રમણલાલ શાહને ભાવાંજલિરૂપે અર્પણ કરવામાં આવેલ.

સમગ્ર આયોજનમાં શાસન અરુણોદય પૂ. શ્રી નમ્રમુનિજી મ.સા.નું સતત માર્ગદર્શન મળતું હતું. જ્ઞાનસત્રની વ્યવસ્થા પ્રવિણભાઈ પારેખ, યોગેશભાઈ બાવીસી તથા જગદીશભાઈ દોશી એ સંભાળી હતી. ગ્રંથના પ્રકાશન સૌજન્ય દાતાઓનો આભાર સંપાદન કાર્યમાં ડૉ. રસિકભાઈ મહેતા અને મારા ધર્મપત્ની ડૉ. મધુબહેન બરવાળિયાનો સહયોગ મળેલ છે. ગ્રંથમાં જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાણ હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં

ઘાટકોપર • સપ્ટેમ્બર-૨૦૦૭ - ગુણવંત બરવાળિયા

o 9820215542

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રોમાં પ્રગટ થતો આનંદચેતના પ્રવાહ | - ડૉ. કવિન શાહ | ૭ |
| ૨. | શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રો દ્વારા પ્રગટ થતો આંતર ચેતના પ્રવાહ | - લે. અંજલિ શાહ | ૧૧ |
| ૩. | શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રો દ્વારા પ્રગટ થતો આંતર ચેતના પ્રવાહ | - ડૉ. કોકિલા એચ. શાહ | ૧૭ |
| ૪. | શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રો દ્વારા પ્રગટ થતો આંતર ચેતના પ્રવાહ | - શ્રી યોગેશભાઈ બાવીસી | ૨૦ |
| ૫. | શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રો દ્વારા પ્રગટ થતો આંતર ચેતના પ્રવાહ | - ડૉ. કલાબહેન શાહ | ૨૫ |
| ૬. | શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રો દ્વારા પ્રગટ થતો આંતર ચેતના પ્રવાહ | - સુધા પી. ઝવેરી | ૨૯ |
| ૭. | અગમ પિયાલા પીઓ મતવાલા | - ડૉ. કુમારપાળ દેસાઈ | ૩૪ |
| ૮. | અવધૂત યોગી આનંદઘનજીનાં પદો : આત્મ સાધનાની પ્રક્રિયા | - ડૉ. અભય ઈન્દ્રચંદ્ર દોશી | ૫૩ |
| ૯. | અવધૂત યોગી આનંદઘનજીનાં પદો : આત્મસાધનાની પ્રક્રિયા | - રશ્મિબહેન ભેદા | ૫૭ |
| ૧૦. | અવધૂત યોગી આનંદઘનજીનાં પદો : આત્મસાધનાની પ્રક્રિયા | - ડૉ. છાયાબહેન શાહ | ૬૦ |
| ૧૧. | અવધૂત યોગી આનંદઘનજીનાં પદો : આત્મસાધનાની પ્રક્રિયા | - ડૉ. રેણુકાબહેન પોરવાલ | ૬૩ |
| ૧૨. | સમકિત શું છે ? | - પં. ગુણસુંદરવિજયજી ગણિ | ૭૦ |
| ૧૩. | 'SAMKITT' ACCORDING TO JAINISM | - Shivkumar Jain | ૭૭ |
| ૧૪. | જૈન અનુયાયીઓનું પરદેશમાં દેશાંતર અને જૈન ધર્મનો પરદેશમાં પ્રચાર - પ્રસાર | - પ્રીતિબહેન શાહ | ૮૪ |
| ૧૫. | વિદેશમાં જૈન ધર્મની પ્રવૃત્તિ | - ઈલાબહેન શાહ | ૯૦ |
| ૧૬. | વિદેશમાં જૈન ધર્મની પ્રવૃત્તિ | - કિશોર બાટવિયા | ૯૩ |
| ૧૭. | कर्म-सिद्धांत के अनुसार वैश्विक व्यवस्था | - डो. उत्पला मोदी-मुंबई | ૧૦૧ |
| ૧૮. | कर्म-सिद्धांत के अनुसार वैश्विक व्यवस्था | - डो. गीता मेहता | ૧૧૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૯. | દાર્શનિક કર્મ-વિજ્ઞાનના સંદર્ભે વિશ્વવ્યાપી સ્વયંસંચાલિત અદ્‌ભુત ન્યાયતંત્ર | - શ્રી ગુણવંત બરવાળિયા | ૧૧૭ |
| ૨૦. | સાંપ્રત પ્રવાહમાં બાળકો અને યુવાનો માટે ધાર્મિક જૈનશિક્ષણની રૂપરેખા | - પૂ. ડૉ. ડોલરબાઈ સ્વામી | ૧૨૩ |
| ૨૧. | સાંપ્રત પ્રવાહમાં બાળકો અને યુવાનો માટે ધાર્મિક જૈનશિક્ષણની રૂપરેખા | - હિના પારેખ | ૧૨૮ |
| ૨૨. | સાંપ્રત પ્રવાહમાં બાળકો અને યુવાનો માટે ધાર્મિક જૈનશિક્ષણની રૂપરેખા | - સ્મિતા જતીન દોશી | ૧૩૩ |
| ૨૩. | સાંપ્રત પ્રવાહમાં બાળકો અને યુવાનો માટે ધાર્મિક જૈનશિક્ષણની રૂપરેખા | - બીના ગાંધી | ૧૩૮ |
| ૨૪. | સાંપ્રત પ્રવાહમાં બાળકો અને યુવાનો માટે ધાર્મિક જૈનશિક્ષણની રૂપરેખા | - સૌ. ધનલક્ષ્મીબહેન બદાણી | ૧૪૩ |
| ૨૫. | साम्प्रत (वर्तमान) प्रवाह में बालकों एवं युवकों के लिए धार्मिक जैनशिक्षा की रूपरेखा | – डॉ. शेखरचन्द्र जैन | १४६ |
| ૨૬. | 'પ્રજ્ઞાપના સૂત્ર'ને આધારે જિનાગમમાં દ્રવ્યાનુયોગનું મહત્ત્વ | - કે. આર. શાહ | ૧૫૧ |
| ૨૭. | 'પ્રજ્ઞાપન સૂત્ર'માં દ્રવ્યાનુયોગનું મહત્ત્વ | - નગીનભાઈ ગોડા | ૧૫૭ |
| ૨૮. | 'પ્રજ્ઞાપના સૂત્ર'ને આધારે જિનાગમમાં દ્રવ્યાનુયોગનું મહત્ત્વ | - કેતકીબહેન શાહ | ૧૬૫ |
| ૨૯. | દ્રવ્યયોગનું સ્વરૂપ અને 'પ્રજ્ઞાપના સૂત્ર'માં તેનું નિરૂપણ | - ડૉ. નિરંજના વોરા | ૧૭૦ |
| ૩૦. | 'પ્રજ્ઞાપના સૂત્ર'ને આધારે દ્રવ્યાનુયોગનું મહત્ત્વ | - ડૉ. શોભના આર. શાહ | ૧૭૫ |
| ૩૧. | 'પ્રજ્ઞાપના સૂત્ર'ને આધારે જિનાગમમાં દ્રવ્યાનુયોગનું મહત્ત્વ | - ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૧૮૨ |
| ૩૨. | જૈનદર્શન અને વિજ્ઞાનના સંદર્ભમાં વિશ્વના સ્વરૂપની તુલનાત્મક સમીક્ષા | - પ્રવીણભાઈ સી. શાહ | ૧૮૫ |
| ૩૩. | જૈનદર્શન અને વિજ્ઞાનના સંદર્ભમાં વિશ્વના સ્વરૂપની તુલનાત્મક સમીક્ષા | - હર્ષદ દોશી | ૧૯૦ |
| ૩૪. | જૈનદર્શન અને વિજ્ઞાનના સંદર્ભે વિશ્વના સ્વરૂપની તુલનાત્મક સમીક્ષા | - ડૉ. જવાહર પી. શાહ | ૨૦૨ |
| ૩૫. | જૈનદર્શન અને વિજ્ઞાનના સંદર્ભમાં વિશ્વનું સ્વરૂપ | - શ્રી મૃગેન્દ્રવિજયજી મ.સા. | ૨૦૭ |

# ૧ શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રોમાં પ્રગટ થતો આનંદચેતના પ્રવાહ

ડૉ. કવિન શાહ

પંડિત કવિ વીરવિજયજી પર મહાનિબંધ લખ્યો છે. યશોભૂમિ સ્મારક ચંદ્રક વિજેતા. અઢી વર્ષ અમેરિકાનો શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવાસ કરેલ છે. નેમિ વિવાહલો, કવિરાજ દીપ વિજય અને જૈન સાહિત્યની ગઝલો વગેરેનું સંપાદન કરેલ છે. હળવા નિબંધોનું લેખનકાર્ય કરેલ છે.

જૈન પત્રસાહિત્યના સંદર્ભમાં વિચારીએ તો શ્રીમદ્‌ના નાના-મોટા 955 પત્રો ઉપલબ્ધ થાય છે. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ - અગાસથી પ્રગટ થયેલ **'શ્રીમદ્ રાજચંદ્ર'**માં આ અંગેની માહિતી છે. આ પુસ્તકના **પા. 848** ઉપર પત્રો વિશેની કેટલીક મહત્ત્વની વિગતો મળી છે. આ પત્રો મુંબઈ, મોરબી, વવાણિયા, જેતપુર, ખંભાત, ભરૂચ, કલોલ, લીંબડી, અંજાર, ભૂજ, ભાવનગર, સાયલા, માંડવી, સુરત, વસો, વિરમગામ, ડરબન (Africa), ખેડા, સુણાવ, અમદાવાદ, ગોધાવી વગેરે સ્થળોએ રહેતા મુમુક્ષુઓને પત્રો લખ્યા હતા.

આત્માનો મોક્ષ થાય તેના પાયામાં સમકિત બોધિબીજ છે મોક્ષરૂપી મહેલમાં આત્મા સ્વરૂપમાં રમમાણ કરે, તેમાં સમકિતની અનિવાર્ય આવશ્યકતા છે. જે જે આત્મા મોક્ષે સિધાવ્યા, તે બધા જ સમક્તિ પાકયા હતા. તે શ્રીમદ્‌ના શબ્દો છે -

"દીર્ઘ કાળ સુધી યથાર્થ બોધનો પરિચય થવાથી બોધબીજની પ્રાપ્તિ હોય છે, અને એ બોધબીજ તે પ્રાયે નિશ્ચય સમ્યક્ત્વ હોય છે."

(પાના નં. 317)

અનાદિકાળથી આત્મા કર્મ વર્ગણાનાં પુદ્ગલોથી અશુદ્ધ છે. તેને શુદ્ધ સ્વ-સ્વરૂપમય બનાવવા માટે કર્મની નિર્જરા કરવી જોઈએ. કર્મબંધ ન થાય તે રીતે જીવનવ્યવહાર કરવો આવશ્યક છે. કર્મવાદના નમૂનારૂપ વિચારો જોઈએ -

"પૂર્વેનાં કર્મનો ઉદય બહુ વિચિત્ર છે. હવે જાગ્યા ત્યાંથી પ્રભાત."

"તીવ્રરસે કરી, મંદરસે કરી કર્મનું બંધન થાય છે. તેમાં મુખ્ય હેતુ રાગદ્વેષ છે. તેથી પરિણામે વધારે પસ્તાવું પડે છે."

"શુદ્ધયોગમાં રહેલા આત્મા અણારંભી છે અશુદ્ધ યોગમાં રહેલા આત્મા આરંભી છે, એ વાક્ય વીરની ભગવતીનું છે, મનન કરશો."

(પાના નં. 219)

"કોઈનો દોષ નથી, અમે કર્મ બાંધ્યાં, માટે અમારો દોષ છે."
(પાના નં. 321)

"વાસ્તવિકતા તો એમ છે કે કરેલાં કર્મ ભીગવ્યાં વિના નિવૃત્ત થાય નહિ, અને નહિ કરેલું એવું કંઈ કર્મફળ પ્રાપ્ત થાય નહિ. કોઈ કોઈ વખત અકસ્માત કોઈનું શુભ અથવા અશુભ વર અથવા શ્રાપથી થયેલું દેખવામાં આવે છે, તે કંઈ નહિ કરેલાં કર્મનું ફળ નથી. કોઈપણ પ્રકારે કરેલાં કર્મનું ફળ છે"

"એકેન્દ્રિયનું એકાવતારીપણું અપેક્ષાઓ જાણવા યોગ્ય છે. એ જ વિનંતી."
(પાના નં. 353)

મોહનીય કર્મ અત્યંત વિકટ છે, તેનો નાશ થાય તો આત્મા સિદ્ધ થાય.

આત્મસ્વરૂપ પામવા માટે ધ્યાનની સ્થિતિ ખૂબ જ ઉપયોગી છે. પૂર્ણપુરુષનું ધ્યાન આત્માને બાહ્ય ઉપાધિથી મુક્ત કરવામાં નિમિત્ત રૂપ છે, એટલે ધર્મધ્યાનમાં વિશેષ પ્રવૃત્તિ થવાથી આત્માની સ્વસ્થિતિના દર્શન વૃત્તિ આગળ વધી શકાય છે.

"આર્તધ્યાન કરવા કરતાં ધર્મધ્યાનમાં વૃત્તિ લાવવી એ જ શ્રેયસ્કર છે, અને જેને માટે આર્તધ્યાન ધ્યાવવું પડતું હોય, ત્યાંથી કાં તો મન ઉઠાવી લેવું અથવા તો તે કૃત્ય કરી લેવું, એટલે તેથી વિરક્ત થવાશે."

"જીવને સ્વચ્છંદ એ મહા મોટો દોષ છે. એ જેનો મટી ગયો છે, તેને માર્ગનો ક્રમ પામવો બહુ સુલભ છે." (પાના નં. 305)

સત્સંગનો મહિમા અપરંપાર છે. સંસારના પત્રવ્યવહારમાં અવળે માર્ગે ભ્રમણ કરાવનારાં નિમિત્તો ઘણાં છે. તેમાંથી બચવા માટે અને આત્માના શ્રેયાર્થે સત્સંગ જેવો સહજ યોગ સાધવો જોઈએ.

"સત્સંગ એ મોટામાં મોટું સાધન છે."

"સત્પુરુષની શ્રદ્ધા વિના છૂટકો નથી."

"આ બે વિષયનું શાસ્ત્ર ઈત્યાદિકથી તેમને કથન કથતા રહેશો. સત્સંગની વૃદ્ધિ કરશો." (પાના નં. 252)

ભક્તિથી મોક્ષ થાય છે, તે વિશે શ્રીમદ્ જ વીરવાણીના શબ્દો જણાવે છે -

"ઇચ્છા અને દ્વેષ વગર, સર્વ ઠેકાણે સમદષ્ટિથી જોનારા એવા પુરુષો ભગવાનની ભક્તિથી મુક્ત થઈને ભાગવતી ગતિને પામ્યા અર્થાત્ નિર્વાણ પામ્યા."

"આપ જુઓ, એ વચનમાં કેટલો બધો પરમાર્થ તેમણે સમાવ્યો છે ? પ્રસંગોવશાત્ એ વાક્યનું સ્મરણ થવાથી લખ્યું. નિરંતર સાથે રહેવા દેવામાં ભગવાનને શું ખોટ જતી હશે ?" (પાના નં. 282)

આત્મા ચેતનના પ્રવાહના વિશે નિમિત્ત રૂપ વિચારથી જાણ્યા પછી આત્મા વિશેના વિચારો દર્શાવતા પત્રોની માહિતી નીચે પ્રમાણે છે.

ધર્મનો રસ્તો સરળ, સ્વચ્છ અને સહજ છે, પણ તે વિરલ આત્માઓ પામ્યા છે, પામે છે અને પામશે.

જ્ઞાનથી આત્મા સ્વ-સ્વરૂપને પામે છે. એટલે જ્ઞાનીને મોક્ષ છે શ્રીમદ્ જણાવે છે કે -

"જ્ઞાનીને સર્વત્ર મોક્ષ છે' આ વાત જો કે યથાર્થ છે, તો પણ જ્યાં માયાપૂર્વક પરમાત્માનું દર્શન છે, એવું જગત, વિચારી પગ મૂકવા જેવું તેને પણ કંઈ લાગે છે, માટે અમે અસંગતાને ઈચ્છીએ છીએ, કાં તમારા સંગને ઈચ્છીએ છીએ, એ યોગ્ય જ છે." (પાના નં. 265)

"સર્વ પદાર્થનું સ્વરૂપ જાણવાનો હેતુ માત્ર એક આત્મજ્ઞાન કરવું છે. જો આત્મજ્ઞાન ન થાય તો સર્વ પદાર્થના જ્ઞાનનું નિષ્ફળપણું છે." (પાના નં. 451)

"વિષમ સંસારરૂપ બંધનને છેદીને જે પુરુષો ચાલી નીકળ્યા તે પુરુષોને અનંત પ્રણામ છે." (પાના નં. 437)

આત્માએ આવા મહાપુરુષનું ધ્યાન કરવું જોઈએ.

"જ્ઞાની પુરુષોને સમયે સમયે અનંતા સંયમ-પરિણામ વર્ધમાન થાય છે એમ સર્વજ્ઞે કહ્યું છે, તે સત્ય છે, તે સંયમ, વિચારની તીક્ષ્ણ પરિણતિથી, બ્રહ્મરસ પ્રત્યે સ્થિરપણાથી ઉત્પન્ન થાય છે." (પાના નં. 438)

આત્મસ્વરૂપ દર્શન માટે શ્રીમદ્ જણાવે છે કે - "સ્વરૂપનું ભાન થવાથી પૂર્ણકામપણું પ્રાપ્ત થવું; એટલે હવે બીજું કોઈ ક્ષેત્રે કંઈ પણ લેવાને માટે રહ્યું નથી. સ્વરૂપને તો કોઈ કાળે ત્યાગ કરવાને મૂર્ખ પણ ઈચ્છે નહિ અને જ્યાં કેવળ સ્વરૂપસ્થિતિ છે, ત્યાં તો બીજું કંઈ રહ્યું નથી, એટલે ત્યાગવાપણું પણ રહ્યું નથી. હવે જ્યારે દેવું-લેવું એ બંને નિવૃત્ત થઈ ગયું." (પાના નં. 316)

"જે વાસ્તવ્ય જ્ઞાનીને ઓળખે છે, તે ધ્યાનાદિને ઈચ્છે નહિ, એવો અમારો અંતરંગ અભિપ્રાય વર્તે છે."

"માત્ર જ્ઞાનીને ઈચ્છે છે, ઓળખે છે અને ભજે છે, તે જ તેવો થાય છે અને તે ઉત્તમ મુમુક્ષુ જાણવા યોગ્ય છે." (પાના નં. 320)

"આત્મસમાધિપૂર્વક યોગઉપાધિ રહ્યા કરે છે, જે પ્રતિબંધને લીધે હાલ તો કંઈ ઈચ્છા કરી શકાતું નથી."

"આવા જ હેતુઓ કરીને શ્રી ઋષભાદિ જ્ઞાનીઓ શરીરાદિ પ્રવર્તનાના ભાનનો પણ ત્યાગ કર્યો હતો." (પાના નં. 325)

આત્માની સમાધિના માટેના વિચારો નીચે પ્રમાણે છે :

"અરી સમાધિ છે સ્મૃતિ રહે છે, તથાપિ નિરૂપાયતા વર્તે છે, અસંગવૃત્તિ હોવાથી અણુમાત્ર ઉપાધિ સહન થઈ શકે તેવી દશા નથી. તોય સહન કરીએ છીએ. સત્સંગી 'પર્વત'ને નામે જેમનું નામ છે, તેમને યથાયોગ્ય." (પાના નં. 309)

આત્મસ્વરૂપ પામવા માટે લોકોત્તર દૃષ્ટિની જરૂર છે -

"લૌકિકદૃષ્ટિ અને અલૌકિકદૃષ્ટિમાં મોટો ભેદ છે લૌકિકદૃષ્ટિ વ્યવહારનું મુખ્યપણું છે, અને અલૌકિક દૃષ્ટિમાં પરમાર્થનું મુખ્યપણું છે." (પાના નં. 514)

પરિગ્રહના ભારથી મુક્ત થવાય તો ચિત્ત નિર્વિકલ્પ દશામાં આવે છે અને આત્મસ્વરૂપનું દર્શન થાય છે. રાજચંદ્રજી જણાવે છે કે -

"દેહથી ભિન્ન સ્વપર પ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવો આ આત્મા તેમાં નિમગ્ન થાય છે હે ! આર્યજનો ! અતંર્મુખ થઈ, સ્થિર થઈ, તે આત્મામાં જ રહો તો અનંત - અપાર આનંદ અનુભવશો. સર્વ જગતના જીવો કંઈ ને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. મોટા ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે અને મેળવવામાં સુખ માને છે, પણ અહીં ! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્‌માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે." (પાના નં. 620)

મનની સ્થિરતા પ્રાપ્ત થવી દુર્લભ છે, છતાં મનુષ્ય જન્મ જ તે માટે પુરુષાર્થ કરવાથી સ્થિરતા પ્રાપ્ત થતા આત્મા શુદ્ધસ્વરૂપ સહજ સાધ્ય બને છે.

રાગ-દ્વેષની પરિણતિ દૂર થાય અને સમત્વભાવની વૃદ્ધિ થાય, એટલે આત્મસ્વરૂપ પ્રાપ્ત થવાનો માર્ગ મળી ગયો છે એમ સમજવું. શ્રીમદ્‌ની વાણી છે કે -

"રાગદ્વેષનાં પ્રત્યક્ષ બળવાન નિમિત્તો પ્રાપ્ત થયે પણ જેનો આત્મભાવ કિંચિત્‌માત્ર પણ ક્ષોભ પામતો નથી, તે જ્ઞાનીના જ્ઞાનનો વિચાર કરતાં પણ મહાનિર્જરા થાય એમાં સંશમ નથી." (પાના નં. 563)

# ૨ શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રો દ્વારા પ્રગટ થતો આંતર ચેતના પ્રવાહ

લે. અંજલિ શાહ

મુંબઈ-સ્થિત, સ્વાધ્યાય પ્રેમી અંજલિબહેન, જૈનદર્શન અને ખાસ કરીને શ્રીમદ્‌જીના સાહિત્યના અભ્યાસુ છે.

શ્રીમદ્‌જીના પત્રો મુખ્યત્વે પૂ. શ્રી અંબાલાલભાઈ, પૂ. શ્રી જૂઠાભાઈ, પૂ. શ્રી પ્રભુશ્રી અને પૂ. શ્રી સૌભાગ્યભાઈ ઉપર લખાયેલા છે અને એમાં પણ પૂ. શ્રી સૌભાગ્યભાઈ ઉપર જે પત્રો લખાયેલા છે, એમાં શ્રીમદ્‌જીની ખરી આંતરદશા એમણે પ્રગટ કરી છે, અને તેથી આપણા માટે પરમ ઉપકારભૂત એવા પૂ. શ્રી સૌભાગ્યભાઈ ઉપરના પત્રોમાંથી શ્રીમદ્‌જીની ઉત્કૃષ્ટ આંતરદશા જાણવા પ્રયાસ કરીશ.

સાત વર્ષની લઘુવયની જે પરમ ભવ્યાત્માને અપૂર્વ માર્ગનો મર્મ અંતર્ગત થઈ ચૂક્યો હતો. એમના જીવનમાં એક જ લક્ષ્ય બંધાઈ ગયું હતું કે - 'આ મનુષ્યભવ મોક્ષ સાધવા માટે જ મળ્યો છે અને પૂર્વભવોની ઉત્તમ આરાધના, જ્ઞાની સત્પુરુષોનો સમાગમ-આશ્રય, જાતિસ્મરણ જ્ઞાનમાં જણાયાથી, સત્‌માર્ગ વિશે એમના અંતરમાં અંશે પણ શંકા ન હતી. અને આ જગતના સર્વજીવો પણ તે અપૂર્વ સત્ વીતરાગ માર્ગને સેવી અનંત સુખસ્વરૂપ મોક્ષને પામે. એ કરુણા એમના અંતરમાં સતત વહેતી હતી.' પૂ. શ્રી સૌભાગ્યભાઈ ઉપરના પ્રથમ પત્ર **વ.પ્ર. ૧૩૨** માં જ એમની આ ભાવના સ્પષ્ટ જણાય છે -

**"ક્ષણવારનો સત્પુરુષનો સમાગમ તે સંસારરૂપ સમુદ્રને તરવાને નૌકારૂપ થાય છે."** જેણે માર્ગ જાણ્યો છે, જે તે માર્ગ ઉપર ચાલ્યા હોય, તે જ ખરો માર્ગ બીજાને બોધી શકે, એમની પાસે જે મિલકત હોય, તે જ બીજાને આપી શકે.

માત્ર ૨૩ વર્ષની નાની વયમાં શ્રીમદ્‌જીનો વૈરાગ્ય એટલો બધો વધી ગયો હતો કે વચનામૃત **પત્ર-૧૩૩**માં તેઓ પોતાના હૃદયસખા પૂ. શ્રી સૌભાગ્યભાઈને પોતાની અંતરંગદશા જ જણાવતાં લખે છે : **"રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે. આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે... હાડ, માંસ અને તેની મજ્જાને એક જ એ જ રંગનું રંગન છે. એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે અને તેને લીધે નથી કંઈ જોવું ગમતું, નથી, કંઈ સૂંઘવું ગમતું, નથી કંઈ**

**ચાખવું ગમતું...**" જે વયમાં સામાન્યપણે યુવકો પૈસા કમાવાના અને બીજા લૌકિક મોજ-મજા માણવામાં જ તરબતર હોય એવી આ યુવાન વયમાં શ્રીમદ્‌ને માત્ર પરમાર્થ વિષયની જ વિચારણા રહ્યા કરતી !

"એમને ગમે છે શું ? તેમની સ્પૃહા શું છે ?" એનો ઉત્તર **વ.પ.૧૪૪**માં આપણને મળે છે : **"ચૈતન્યનો નિરંતર અવિચ્છિન્ન અનુભવ પ્રિય છે. એ જ જોઈએ છે. બીજું કાંઈ સ્પૃહા રહેતી નથી. રહેતી હોય તો પણ રાખવા ઈચ્છા નથી. એક 'તુંહી તુંહી' એ જ યથાર્થ વહેતી પ્રવાહના જોઈએ છે."** આ 'તુંહી તુંહી' ની રટના કોના પ્રત્યેની છે ? એમના સદ્‌ગુરુ શ્રી મહાવીર માટેની કે એમના સ્વાત્માની ? આવો ભેદ તો એમના માટે કદી ઊભો જ થયો ન હતો. એમનો આત્મા એ જ મહાવીર અને મહાવીર એ જ એમનો આત્મા ! પોતાના શ્રીમદ્ સદ્‌ગુરુ ભગવંત પ્રત્યેની એમની આ અપૂર્વ ભક્તિ અપૂર્વ સમર્પણના તો કોઈ અદ્‌ભુત અકથ્ય હતી !

**વ.પ. ૧૫૪**માં પોતે ૪-૬ લીટીમાં બહુ ઊંડા મર્મસભર પોતાની ભગવાન પ્રત્યેની ભક્તિ પ્રગટ કરી છે -

**"પૂર્વ પુણ્યના ઉદયથી મળ્યો સદ્‌ગુરુ યોગ,**
**વચન સુધા શ્રવણે જતાં થયું હૃદય ગતશોગઃ**
**નિશ્ચય એથી આવિયો ટળશે અહીં ઉતાપ,**
**નિત્ય કર્યો સત્સંગમેં એક લક્ષથી આપઃ"**

અને આગળ **વ.પ. ૧૫૮**માં તેઓ લખે છે - **"શ્રીમાન પુરુષોત્તમ, શ્રી સદ્‌ગુરુ અને સંત એ વિશે અમને ભેદબુદ્ધિ છે જ નહિ, ત્રણે એક રૂપ જ છે."** આ દેહ સાથેના એમના સંયોગની વય તો હમણાં માત્ર ૨૩ વર્ષની હતી, છતાં એમની આટલી ગંભીરતા અને વૈરાગ્યસભર અપૂર્વભક્તિ એમના સત્‌આત્માના નિર્મળ જ્ઞાનની વૃદ્ધતાના પ્રતીક જેવા જ છે. આવી એમની દશાને આપણે જાણી જાણીને પણ કેટલું જાણી કે સમજી શકવાના ? આટલી વીતરાગતા, આટલું વૈરાગ્ય, આટલી બધી ઉદાસીનતા, આટલું જ્ઞાનનું નિર્મળપણું, છતાં પોતાના સદ્‌ગુરુ દેવનો આવો આકરો વિયોગ, એમનો આવો વિરહ ! અહો ! આ શ્રીમદ્‌ની દશા વર્તમાને કોણ સમજી શકવા સમર્થ હતા ? શ્રીમદ્‌જીને હૂંફ આપવા સમર્થ હતા ? તે નાની વયમાં પ્રત્યક્ષ સદ્‌ગુરુના વિયોગમાં, આ શ્રીમદ્ રાજચંદ્ર દેહધારી ભવ્ય પરમ આત્માના અંતરમાં ચાલતો પરમાર્થ વિષયનો દર્શન પરિષહ, પારમાર્થિક વેદના, વ.પ. ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૦, ૧૬૧, ૧૬૨, અને ૧૬૩ માં બહુ જ ઊંડા હૃદય

ઉદ્‌ગારરૂપે, કોઈ અદ્‌ભુત અંતર અનુભવથી રંગાયલા શબ્દોમાં લખાઈ ગયા છે ! અને એ પત્રો પણ આપણા ઉપર એમની કોઈ અસીમ, અકથનીય કરુણા જ છે. એવી કોઈ દશામાં આપણને એક મોટા આધાર રૂપ છે. વળી એવી આપણી અંતરંગ દશા થાય એ માટે મહાન પ્રેરણા આપે છે.

**વ.પ. ૧૬૧ : "હે સહજાત્મ સ્વરૂપી, તમે ક્યાં ક્યાં અને કેવી કેવી રીતે મૂંઝાયા છો ? તે કહો, આવી વિભ્રમ અને દિગ્મુઢ દશા શી ? - હું શું કહું ? તમને શું ઉત્તર આપું ? મતિ મૂંઝાઈ ગઈ છે, ગતિ ચાલતી નથી. ખેદ, ખેદ, અને કષ્ટ, કષ્ટ આત્મામાં થઈ રહેલ છે, ક્યાંય દૃષ્ટિ ઠરતી નથી અને નિરાધાર, નિરાશ્રય થઈ ગયા છીએ !"** પ્રભુના અંતરની આ વેદના આવા અદ્‌ભુત શબ્દો રૂપે લખાઈ ગઈ છે. એ પત્રમાં પોતે જ પોતાના આત્માની સાક્ષીએ, એટલે શ્રી મહાવીર પ્રભુને પ્રત્યક્ષ આત્મસ્થ કરીને પોતાની વેદના, મૂંઝવણને સમાધાન કરેલ છે.

પોતાને જ્યાં સુધી અલ્પમાત્ર કોઈ સંશય રહ્યો હતો, ત્યાં સુધી બીજા જીવો માટે ગુરુપદે રહેવું એમણે કદી સ્વીકાર્યું ન હતું. અને આપણા જેવા ભક્તિવાન આશ્રિત જીવો જો એમના માટેનો અહોભાવ વ્યક્ત કરતા, તો એમને બહુ ખેદ પ્રવર્તતો, જે તેઓ વ્યક્ત કહી - લખી પણ દેતા ! અહો! આવા પરમ કૃપામય સત્ આત્મા સદ્‌ગુરુને અનંતાનંદ વંદના ! શ્રીમદ્‌જીના કરુણામય કોમળ અંતરનો આ ઉદ્‌ગાર તો અવલોકીએ.

**વ.પ. ૧૯૩ : "અમારા પ્રસંગમાં આવેલા જીવો કોઈ પ્રકારે દુભાય નહિ અને અમારા કારણથી દોષી ન હોય, એવો હું શરણાગત ઉપર અનુગ્રહ થવો યોગ્ય હોય તો કર. મને મોટામાં મોટું દુઃખ માત્ર એટલું જ છે કે તારાથી વિમુખ થવાય એવી વૃત્તિઓએ જીવો પ્રવર્તે છે. તેનો પ્રસંગ થવો અને વળી કોઈ કારણોને લીધે તેને તારા સન્મુખ થવાનું જણાવતાં છતાં તેનું અન-અંગીકારપણું થવું એ અમોને પરમ દુઃખ છે..."** આવા આ પરમ કૃપામય શ્રીમદ્ પ્રભુ આપણા પરમ કૃપાળુ ભગવાન બની જાય એમાં શો સંદેહ ? એ જ એમણે આપણા ઉપરનો મહા-મોટો ઉપકાર છે. માત્ર ૨૩ વર્ષની આ દેહધારીપણાની નાની વયમાં આ પ્રભુ તો આપણા પરમકૃપાળુ નાથ થઈ ગયા ! સત્‌માર્ગના દાતા થઈ ગયા ! છતાં એમની પોતાની દૃષ્ટિમાં હજી પોતાની દશા શું હતી એ શ્રી સૌભાગ્યભાઈને **વ.પ. ૧૮૭** માં જણાવે છે -

**"છેવટનું સ્વરૂપ સમજાયામાં, અનુભવાયામાં, અલ્પપણ ન્યૂનતા રહી નથી. જેમ છે તેમ સર્વ પ્રકારે સમજાયું છે."** આ પત્ર ૨૪મા વર્ષનો છે

અહીં આપણા શ્રીમદ્જી શાંત થઈ ગયા હોય એમ જણાય છે. નિર્વિકલ્પ થઈ ગયા હોય એમ જણાય છે. જે અંતરની વિટંબણા ૨૩મા વર્ષમાં થતી હતી તે અહીં સમાધાન પામી ગઈ હશે ! એવું મને લાગે છે. આટલી અસીમ કરુણા, પરમ વીતરાગતા, અને વૈરાગ્ય વિના સંભવતી નથી. અન્ય કોઈ લાગણી નથી, માત્ર એક જ ભાવના છે કે બધા સત્માર્ગને પામી મોક્ષાર્થી બની જાય. એમની આ નિર્લેપતા, અસંગતા, **વ.પ. ૨૩૪**માં શ્રી સૌભાગ્યભાઈને જણાવે છે -

**"પોતાનું અથવા પારકું જેને કાંઈ રહ્યું નથી, એવી કોઈ દશા, તેની પ્રાપ્તિ હવે સમીપ જ છે. આ દેહે જ છે. અને તેને લીધે પરેચ્છાથી વર્તીએ છીએ. પૂર્વે જે જે વિદ્યા, બોધ, જ્ઞાન, ક્રિયાની પ્રાપ્તિ થઈ ગઈ છે, તે તે સઘળાં આ દેહે જ વિસ્મરણ કરી નિર્વિકલ્પ થયા વિના છૂટકો નથી....."** આ વાત તો બહુ જ મર્મસભર અને ઊંચી દશાની છે. આવી ઉત્તમ અસંગતા એમની નિરંતર રહ્યા કરે છે. છતાં તેમને બાહ્ય ઉપાધિ ઓછી નહોતી. વ્યાવહારિક કામકાજ તો હતાં જ, જેમાં એમને રહેવું પડતું હતું, છતાં એમનો પુરુષાર્થ એટલો બધો મહાન હતો કે વ્યાવહારિક ઉપાધિ છતાં પોતાની અંતરંગ દશામાં અલ્પ પણ ન્યૂનતા આવવા દેતા નહોતા. સત્માર્ગ શુદ્ધ-સત્-આત્માર્થ પ્રત્યેની એમની ઝૂરણા - લાગણી તો અનંતી હતી. અને સાથે હતી સર્વજીવો માટે અસીમ કરુણા; જે **વ.પ. ૨૭૭** માં આ શબ્દોમાં ઊતરી આવી -

**"ચાલતા મતના પ્રકારની વાત કાને પડે છે કે હૃદયને વિશે મૃત્યુથી અધિક વેદના થાય છે. સ્થિતિ કાં તમે જાણો છો (શ્રી સૌભાગ્યભાઈ), કાં સ્થિતિ વીતી ગઈ છે તે જાણે છે અને હરિ જાણે છે."** ઉપાધિ પ્રસંગોમાં પણ આવું ઉત્તમ જ્ઞાતા-દ્રષ્ટાપણું આવા પરમ આત્મા જ સાધી શકે છે.

સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ સ્થાનક એવાં **છ પદ** આ પત્રમાં અતિ સરળ ભાષામાં લખાઈ ગયાં છે. અને સાથે અપૂર્વ માર્ગની પ્રાપ્તિ માટે સદ્ગુરુદેવની ભક્તિ - સેવના એ જ મહા કલ્યાણરૂપ છે, એવી પ્રેરણા પણ એમણે આપી છે. શ્રીમદ્જીના પ્રત્યેકે પ્રત્યેક પત્રમાં એમના અંતરમાં અખંડપણે વહેતી વીતરાગી કરુણાની ધારાનું પાન કરી શકીએ છીએ. એમના પ્રકાશમય-વિશુદ્ધ અંતરમાં એક મોટી ભાવના એ જ હતી કે એમના સમાગમમાં આવીને જીવો નિર્માણમાર્ગને સમજીને, શ્રદ્ધિને પરમ ભક્તિ સહિત આદરે. આવી જગતતારિણી કરુણા એમના મહા વિશાળ હૃદયમાં તો શું, એમના લખાયલા એકેક શબ્દમાંથી છલકે છે.

વ.૫. ૯૮૦ માં તો એ અલૌકિક અદ્‌ભુત કરુણા કોઈ અદ્‌ભુત શબ્દો રૂપે છલકાઈ ગઈ છે, એ મહાકરુણામય પત્રમાં શ્રીમદ્‌જીની ખરી અંતરદશા, પરમ ઉત્કૃષ્ટ વૈરાગ્ય, અદ્‌ભુત વીતરાગતા સાથે અસીમ કરુણાની ઝાંખી આપણને મળે છે અને એ પત્રની પૂર્ણાહુતિમાં સર્વ સાર સમાઈ ગયો છે. એમનું અંતર જ જાણે શબ્દો રૂપે આવી ગયું ન હોય ! **"આ અંતર અનુભવ પરમાત્માપણાની માન્યતાના અભિમાનથી ઉદ્‌ભવેલો લખ્યો નથી, પણ બંધનથી દુઃખી થતા જગતના જીવોની પરમ કરુણાવૃત્તિ થવાથી તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરુણા એ જ આ હૃદયચિતાર પ્રદર્શન કરવાની પ્રેરણા કરે છે. ૐ શ્રી મહાવીર."** આ અંગત પત્રથી કૃપાળુદેવનો અંતર આત્મા જ જાણે ખુલ્લો પડી ગયો; કેવી અદ્‌ભુત દશામાં પોતે પણ ઝૂલતા હશે ! કેટલી આત્માની શુદ્ધતા અને સાથે વૈરાગ્ય અને અસીમ કરુણા ! એ જ દશાની વધતી વધતી શ્રેણીમાં પ્રભુશ્રીથી માત્ર ૧ ૧/૨ કલાકમાં ૧૪૨ ગાથામાં શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર રચાઈ ગયું. એ સુંદર, સરળ અને સત્‌માર્ગ બોધથી છલોછલ ભરેલી ૧૪૨ ગાથાઓ જો આપણે શાંત ચિત્તથી ભક્તિસભર અંતરથી અવલોકીએ તો કૃપાળુદેવની તે સમયની અંતરની અદ્‌ભુત વિશુદ્ધિનો ખ્યાલ આવી જ જાય, આવ્યા વિના ન જ રહે.

**"જેહ સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત."**

એમના સદ્‌ગુરુ ભગવંત એટલે શ્રી મહાવીરસ્વામી. શ્રી મહાવીર સર્વ દુઃખના અંત માટે જે બોધ, જે માર્ગ શ્રીમદ્‌જીને પૂર્વે આવ્યો હતો, તે જ આખેઆખો આ અદ્‌ભુત શાસ્ત્રમાં જગતના અનંત જીવોના કલ્યાણ અર્થે અંકિત થઈ ગયો ! આત્માનું સ્વરૂપ, મોક્ષમાર્ગનો બોધ, બધું જ આ શાસ્ત્રમાં સમાઈ ગયું છે.

**"અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર,**
**આ પામર પર પ્રભુ કર્યો અહો ! અહો ! ઉપકાર."**

અહીં આ શાસ્ત્ર તો શ્રીમદ્‌જીના અંતરપ્રવાહનો રત્નચિંતામણિ જડિત મુગુટ સમાન અત્યંત તેજસ્વિતા સહિત શોભી રહ્યો છે ! અંતરઆત્મની આવી વિશુદ્ધિનો જ્યારે આપણે વિચાર કરીએ તો શ્રીમદ્‌જી ભાવ અપેક્ષાએ છટ્ઠે-સાતમે ગુણસ્થાને જ હતા. એ આપણને નિઃસંશય જણાય અને એ અંતરંગ ઉત્કૃષ્ટત્તમ દશા હવે બાહ્ય પણ થાય, એવી જે એમની

તીવ્ર ભાવના 'અપૂર્વ અવસર' નામના પરમપદની પ્રાપ્તિની ભાવના રૂપ પદમાં છલકી રહી છે. અને એમની ખરી અંતરંગ સ્થિતિ માટે જે કોઈ જીવને અલ્પ પણ શંકા હોય તે આ પદના અવલોકનથી ભાંગી પડે ! ખરા મુનિ જેમને સમર્થ આચાર્યોએ 'હાલતા-ચાલતા સિદ્ધ'ની ઉપમા આપી છે, એવા મુનિપણાની આવી સ્પષ્ટ વિસ્તારપૂર્વકની કથની ક્યાંથી આવવી સંભવે ? જેમને ખરા મુનિપણાનું ઉત્તમ જ્ઞાન હોય, પ્રત્યક્ષ અનુભવ હોય, અંતરંગ એવી જ દશા હોય, તેમના જ અંતરમાંથી આવી અપૂર્વ ભાવના સંભવે !

**"સર્વભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,**
**માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો,**
**અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ,**
**દેહે પણ કિંચિત્ મૂર્ચ્છા નવ જોય જો,**
**અપૂર્ણ અવસર એવો ક્યારે આવશે ?**
**ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો,**
**સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,**
**વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો !"**

આટલો તીવ્ર વૈરાગ્ય, આવી અદ્‌ભુત અનુપમ ભાવના ! અહો વંદના વંદના શ્રી પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીને અનંતા વંદન !

**વ.પ. ૭૬૭ : " પરમ ભક્તિથી સ્તુતિ કરનાર પ્રત્યે પણ જેને રાગ થતો નથી, અને પરમ દ્વેષથી પરિષહ ઉપસર્ગ કરનાર પ્રત્યે પણ જેને દ્વેષ નથી, તે પુરુષરૂપ ભગવાનને વારંવાર નમસ્કાર."**

**વ.પ. ૯૫૧ : " ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો, ત્યાં વચ્ચે સહારાનું રણ સંપ્રાપ્ત થયું.**

**માથે ઘણો બોજો રહ્યો હતો, તે આત્મવીર્યે કરી જેમ અલ્પકાળે વેદી લેવાય, તેમ પ્રઘટના કરતાં, પગે નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો.**

**જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી. એ જ અદ્‌ભુત આશ્ચર્ય છે. અવ્યાબાધ સ્થિરતા છે. પ્રકૃતિ ઉદયાનુસાર કંઈક અશાતા મુખ્યત્વે વેદી શાતા પ્રત્યે..."**

## 3 શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રો દ્વારા પ્રગટ થતો આંતર ચેતના પ્રવાહ

ડૉ. કોકિલા એચ. શાહ
જૈનોલોજી ડિપાર્ટમેન્ટ, સોમૈયા કોલેજ અને પીએચ.ડી. ગાઇડ મુંબઈ યુનિવર્સિટીમાં સલાહકાર તરીકે સેવા બજાવી રહ્યા છે.

અસાધારણ જ્ઞાની, વિરલ વિભૂતિ, અધ્યાત્મ યુગપ્રવર્તક પરમપુરુષ શ્રીમદ્ રાજચંદ્રનું સાહિત્યસર્જન વિપુલ છે. વિષયવસ્તુ અને ભાષાશૈલી બાબતે વૈવિધ્ય ધરાવતું તેમનું સાહિત્ય ધર્મપ્રધાન હોવાથી વિશેષ પ્રિય રહ્યું છે. તેમના ઉત્કૃષ્ટ ગદ્યપદ્ય સાહિત્યમાં પત્રોનું વિશેષ મહત્ત્વ છે, જેમાં તેમણે સરળ ઉદાહરણો દ્વારા ગહન બાબતો સ્વાભાવિકતાથી કરી છે. વિદ્વત્તાપૂર્ણ તેમની કૃતિઓમાં તેમની વૃત્તિઓનું દર્શન થાય છે. તેમના સંસર્ગમાં આવનાર અનેક મુમુક્ષુઓ પૈકી મુખ્યત્વે અંબાલાલ મુનિ, લઘુરાજ સ્વામી, સૌભાગભાઈ, રાષ્ટ્રપિતા ગાંધીજી વગેરે હતા. જેમની સાથે તેમણે પત્રવ્યવહાર કર્યો હતો. આત્મ-જિજ્ઞાસા માટે મુનિશ્રી લઘુરાજ સ્વામી તથા ભક્ત શ્રી સૌભાગભાઈના પ્રશ્નોત્તરો દ્વારા આપણને અમૂલ્ય બોધામૃત પ્રાપ્ત થાય છે.

આત્મધર્મ પામવા માટે સાધકે સત્યમાર્ગ ધારણ કરવો જરૂરી છે. તેથી જ તેમના મત પ્રમાણે 'સર્વ કરતાં આત્મજ્ઞાન શ્રેષ્ઠ છે.' આ દૃષ્ટિએ આત્મા એક જ પરમાર્થ તત્ત્વ છે, એની ઓળખ કરવી એ જ રાજવાણીનું રહસ્ય છે અધ્યાત્મમાં આત્મજ્ઞાનની શ્રેષ્ઠતા છે. એ અવિનાશી આત્મપદની પ્રાપ્તિમાં નિર્ગ્રંથદર્શનનું મહત્ત્વ છે. આવું નિર્મળ, અનુપમ તત્ત્વો ધરાવતું જૈનદર્શનનું અદ્‌ભુત અનન્ય તત્ત્વજ્ઞાન શ્રીમદ્‌જીના પત્રોમાં વ્યક્ત થાય છે. હકીકતમાં તેમના પત્રોમાં સ્વદશાનું વર્ણન જોવા મળે છે. એમનું સમગ્ર જીવન રાગદ્વેષ અને મોહના સૂક્ષ્મતમ ભાવને નિર્મૂળ કરવા માટે કેવળ આત્મામાં અવ્યાબાધપણે અવસ્થિત થવા માટે હતું. 'કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા' એવા આત્મજ્ઞાનથી ભૂષિત જ્ઞાનીનાં વચનો એમની આંતરદશાની પ્રતીતિ કરાવે છે. પોતાનો અંતરંગ અનુભવ લખતા તેઓ **પત્રાંક ૬૮૦**માં કહે છે : "મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવાને માટે

અમે કલ્પવૃક્ષ જ છીએ. વધારે શું કહેવું ? આ વિષમકાળમાં પરમ-શાંતિના ધામરૂપ અમે બીજા શ્રીરામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમ કે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ.'' આ પત્ર દ્વારા તેમની આત્મસ્થ જ્ઞાનદશાનો અણસાર આવે છે. દેહાધ્યાસથી પર એવા આત્મતત્ત્વને તેમણે જાણ્યો હતો. તેથી તેઓ કહે છેઃ

**''જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિક તણી તેમ જ જીવ સ્વભાવ રે''**

**(પત્રાંક ૫૮૫)**

સૌભાગ્યભાઈને એક પત્રમાં તેઓ લખે છે - ''જે દેહ પૂર્ણ યુવાસ્થામાં અને સંપૂર્ણ આરોગ્યતામાં દેખાતા છતાં પણ ક્ષણભંગુર છે, તે દેહમાં પ્રીતિ કરીને શું કરીએ ?''

ગાંધીજીએ લખેલ (૨૭) પ્રશ્નોમાં છેલ્લો પ્રશ્ન છે : ''મને સર્પ કરડવા આવે ત્યારે મારે તેને કરડવા દેવો કે મારી નાખવો ?'' એના ઉત્તરમાં તેઓ ગાંધીજીને કહે છે કે - ''સર્પને તમારે કરડવા દેવો એવું કામ બતાવતા વિચારમાં પડાય તેવું છે. તથાપિ જો 'દેહ અનિત્ય છે' એમ જાણ્યું હોય તો પછી આ અસારભૂત દેહના રક્ષણાર્થે સર્પને તમારે મારવો કેમ યોગ્ય હોય !'' આ ઉત્તર પણ તેમની ઉત્કૃષ્ટ જ્ઞાનદશા સૂચક છે.

**પત્રાંક ૪૧૫**માં તેમની નિઃસ્પૃહતાના દર્શન થાય છે : ''સ્ત્રી, કુટુંબ કે વ્યાપારમાં ભાગીદાર એ સર્વ સાથે તેઓએ ફક્ત પૂર્વભવમાં કરેલું કરજ આપી નિવૃત્ત થવું છે. તનને અર્થે, ધનને અર્થે, ભોગને અર્થે, સુખને અર્થે, સ્વાર્થને અર્થે કે કોઈ જાતના આત્મિક બંધનથી અમે સંસારમાં રહ્યા નથી.''

**પત્રાંક ૨૫૫**માં તેમની વિદેહી દશાનો ખ્યાલ આવે છે : ''એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમ સંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી. અમને કોઈ પદાર્થમાં રુચિમાત્ર રહી નથી. દેહધારી છીએ કે કેમ તે સાંભરીએ ત્યારે માંડ જાણીએ છીએ.

જ્ઞાનદશાની સાથે સંબંધિત તેમની અપૂર્વ વીતરાગતા **પત્ર ૨૧૪**માં જોવા મળે છે - ''આ જગત સાવ સોનાનું થાય તો પણ અમને તૃણવત્

છે.'' ......... વૈરાગ્ય એવો છે કે ઘેર અને વનમાં ઘણું કરીને આત્માને ભેદ રહ્યો નથી.''

વળી **પત્ર ૯૪૦**માં કહે છે : ''શરીર પ્રત્યે અશાતા મુખ્યપણે ઉદયમાન વર્તે છે, તો પણ હાલ પ્રકૃતિ આરોગ્યતા પર જણાય છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ સંભારીએ છીએ.'' આત્મભાવની અપૂર્વતાનો લીધે તેઓ વેદનીય ઉદયને શાંતિ, સ્વસ્થતાથી સહન કરતાં શ્રી ઉજમશીભાઈને તેઓએ સ્પષ્ટ કહ્યું છે કે - ''હું કોઈ ગચ્છમાં નથી, પણ આત્મામાં છું.'' **(પત્રાંક ૪૮)** તેથી જ તેમનું આચરણ એટલે જ્ઞાનીપુરુષનું સનાતન આચરણ - જે જે કાળે, જે જે પ્રારબ્ધ ઉદય આવે તે તે વેદન કરવું, જે તેમની ભાવસમાધિ દશાનું સૂચન કરે છે.

અમારું જે ચિત્ત તે આત્મા સિવાય અન્ય સ્થળે પ્રતિબદ્ધતા પામતું નથી. ક્ષણ પણ અન્યભાવેને વિશે સ્થિર થતું નથી- સ્વરૂપને વિશે સ્થિર રહે છે.

તેમના પત્રોનો સંગ્રહ જૈન શાસનના શ્રુતજ્ઞાનના ભંડારમાં બહુમૂલ્ય ગ્રંથ બની રહે છે.

### સંદર્ભસૂચિ


૧ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસ, ૧૯૬૪
૨ આચારાંગ સૂત્ર
૩ અમૃતચંદ્ર સર્વાર્થસિદ્ધિ
૪ પંડિત સુખલાલ - દર્શન અને ચિંતન-૧
૫ આત્મસિદ્ધિશાસ્ત્ર - શ્રીમદ્ રાજચંદ્ર

# ૪ શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રો દ્વારા પ્રગટ થતો આંતર ચેતના પ્રવાહ

શ્રી યોગેશભાઈ બાવીસી

કેમિકલના વેપારી - મુંબઈ યુનિ. જૈનોલોજી સાથે સંકળાયેલ - અભ્યાસ બીએસ.સી. વક્તા - લેખક - સંઘાણી જૈન સંઘના યુવાન પ્રમુખ - સાધુ-સંતોનું વૈયાવચ્ચ કરતા - જૈન ધર્મમાં અપાર રુચિ - સેમિનારમાં, પરિસંવાદના આયોજનમાં સહયોગી

જે સત્પુરુષમાં જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ સાત વર્ષની વયે થયો અને તે દરમિયાન તેમને જાતિ-સ્મરણ જ્ઞાન થયું અને ત્યાર બાદ તેના દ્વારા ઘણું જ સાદી અને સરળ ભાષામાં સમજાય તેવું અલભ્ય સાહિત્યનું સર્જન થયું. જેમાં, અમૂલ્ય તત્ત્વ વિચાર, આત્મ સિદ્ધિ શાસ્ત્ર જેવી ઘણી જ અમૂલ્ય કૃતિનું સર્જન ઘણી જ નાની વયમાં તેમણે કરેલ અને તેમના દરેક સર્જનમાં મુખ્યત્વે કર્મનિર્જરા અને ફક્ત આત્માની જ ચર્ચાનું નિરૂપણ થતું હતું. એવા સત્પુરુષે અલગ અલગ સમયે ઘણા પત્રો દ્વારા આત્મિક માર્ગદર્શન આપ્યું; જેમાં સૌભાગ્યભાઈ, અંબાલાલભાઈ, પ્રભુશ્રી, જૂઠાભાઈ, ડુંગરશીભાઈ, ગાંધીજી મુખ્યત્વે હતા. જેમાંથી સૌભાગ્યભાઈ, અંબાલાલભાઈ, જૂઠાભાઈ અને પ્રભુશ્રીને સમકિત પ્રાપ્ત થયેલ હતું. આ બધા પત્રો એટલે કે કુલ **૯૫૫ પત્રો** વાંચતાં તેમ સમજાય છે કે જાણે એમણે આપણને સંબોધીને પત્રો લખ્યા હોય તેવો ભાસ થાય છે. અને દરેક પત્રોમાં આત્માને લક્ષમાં રાખીને તેના ગુણોની જ ચર્ચા મુખ્યત્વે રહેલી છે. જીવનમાં દરેકને ઘણા જ પ્રશ્નો ઉદ્ભવતા હોય છે, પરંતુ આવા દરેક સમયે' વચનામૃતને વંદન કરીને કોઈપણ પાનું ખોલતાં મૂંઝવતા દરેક પ્રશ્નોનો ઉકેલ સહેજે મળી જાય છે.

**(૧)** હવે આપણે શરૂઆત કરીએ **પત્ર ક્રમાંક ૩૦૧** થી.

"જગત આત્મરૂપ માનવામાં આવે, જે થાય તે યોગ્ય જ માનવામાં આવે, પરના દોષ જોવામાં ન આવે, પોતાના ગુણોનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે, તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે, બીજી રીતે નહિ."

ઓ હો હો ! કેવી ઉત્કૃષ્ટ આત્મચેતના ! જગતના પ્રાણીમાત્રના જીવને આપણામાં જેવો આત્મા છે તેવો જ આત્મા છે, તે રીતે જોવું. જે ઘટના જીવનમાં ઘટી રહી છે, તે કર્મબદ્ધ પર્યાય સ્વરૂપમાં જોઈને તેને યોગ્ય માનવી, તેમ જ બીજાના દોષ ઉપર દૃષ્ટિ ન ફેરવતા નિંદાથી દૂર રહેવા

જણાવ્યું અને તે દરમિયાન પોતાના આત્માના મૂળ સ્વભાવ સ્વરૂપ ઉત્કૃષ્ટ નામ-કર્મ ઉપાર્જિત થાય, તો તે બાબતમાં બિલકુલ અહંકાર કે અભિમાનમાં ન રાચવું. જાણે કે એક પત્રમાં શ્રાવકના ૨૧ ગુણોનું તાદૃશ દર્શન કૃપાળુદેવે કરાવ્યું.

આવે વખતે અચૂક તેમણે ૧૬ાા વર્ષની ઉંમરે લખેલા અમૂલ્ય તત્ત્વ વિચારની છેલ્લી કડી યાદ આવી જાય. અમૂલ્ય તત્ત્વ વિચાર આખું અહીંયા લઈ શકાય તેમ નથી, તે ઘણું જ ગહન છે.

**"હે આત્મા તારો, આત્મ તારો, શીઘ્ર એને ઓળખો,**
**સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો."**

**(૨) પત્ર ક્રમાંક ૩૩૯ :**

"કોઈનો દોષ નથી. અમે કર્મ બાંધ્યાં, માટે અમારો દોષ છે."

ઓ હો હો ! આ અમથા એક વાક્યમાં કર્મગ્રંથ ભાગ ૧-૪ નો જાણે સંપૂર્ણ નિચોડ આવી જાય છે.

**(૩) પત્ર ક્રમાંક ૬૩૯ :**

"કંઈપણ બને તો જ્યાં આત્માર્થ ચર્ચિત થતો હોય ત્યાં જવા, આવવા, શ્રવણાદિનો પ્રસંગ કરવા યોગ્ય છે ગમે તો જૈન સિવાય બીજા દર્શનતી વ્યાખ્યા થતી હોય, તે પણ વિચારાર્થ શ્રવણ કરવા યોગ્ય છે."

આ હા હા ! પ્રભુ મહાવીરનો અનેકાંતવાદ અને સમન્વયવાદનો સુંદર સમાગમ આ પત્રમાં કૃપાળુદેવે આલેખ્યો છે. કેવી સુંદર વાત ! ત્યાં જ જવું જ્યાં આત્માના ગુણોની ચર્ચા થતી હોય. આત્માની ચર્ચા થતી હોય. પરંતુ આજે દરેક જણ એમ કહે છે કે - 'અહીંયાં ન જવાય, ત્યાં ન જવાય. કેટલી દીર્ઘદૃષ્ટિ કૃપાળુદેવની અને આત્મા પ્રત્યે તેમનો અનુરાગ સમજવા જેવો છે. હું કોઈ ગચ્છમાં નથી, પરંતુ આત્મામાં છું. આત્માનો અનુભવ, તેની પ્રતીતિ અને તેની શુદ્ધતાનાં જાણે સાક્ષાત્ દર્શન કરાવવાની ખેવના આ પત્રમાં તાદૃશ થાય છે.

**(૪) પત્ર ક્રમાંક ૮૪૩ :**

"શ્રીમત્ વીતરાગ ભગવંતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ પરમ, હિતકારી, પરમ અદ્ભુત, સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર, પરમ અમૃત સ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્તો, ત્રિકાળ જયવંત વર્તો,"

નિશ્ચયનયથી વીતરાગ ભગવંતોએ આત્માના ધર્મની ગુણની સર્વોત્કૃષ્ટતા સાબિત કરે છે અને તે પંથ જયવંત વર્તો તેવી મનોભાવનામાં તેમનું દર્શન-ચારિત્ર કેટલું શુદ્ધ હતું તે અનુભવાય છે અને તે સ્થિતિ તેમના ગુણસ્થાનકની દશાનો ચિતાર આપે છે. સાથે સામાન્ય માનવી માટે કહે છે કે - "હું ધર્મ પામ્યો નથી, હું ધર્મ કેમ પામીશ ? એ આદિ ખેદ નહિ કરતા. વીતરાગ પુરુષોનો ધર્મ જે દેહાદિ સંબંધથી હર્ષ-વિષાદ વૃત્તિ દૂર કરી આત્મા અસંગ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, એવી વૃત્તિનો નિશ્ચય અને આશ્રય ગ્રહણ કરી તે જ વૃત્તિનું બળ રાખવું અને મંદવૃત્તિ થાય ત્યાં વીતરાગ પુરુષોની દશાનું સ્મરણ કરવું. તે અદ્‌ભુત ચારિત્ર પર દૃષ્ટિ પ્રેરીને, વૃત્તિને અપ્રમત્ત કરવી, એ સુગમ અને સર્વોત્કૃષ્ટ ઉપકારક તથા કલ્યાણસ્વરૂપ છે." આમ ચિંતવતા શ્રીમદ્‌જી સર્વ સંજ્ઞી પંચેન્દ્રિયમાં દર્શન-ચારિત્રમાં શુદ્ધતા લાવવાનો માર્ગ ચિંતવે છે.

**(૫) પત્ર ક્રમાંક ૧૦૫ :**

મહાવીરના બોધને પાત્ર કોણ ?

આ પત્રમાં ૧૦ સદ્‌ગુણોના વાહકને મહાવીરના બોધને પાત્ર ગણાવ્યા છે. આ સદ્‌ગુણો ધરાવનાર કોઈપણ પુરુષ મહાવીરના બોધને પાત્ર છે. સમ્યગ્‌દશાને પાત્ર છે. તે ગુણો હું અહીંયાં સંક્ષેપમાં કહું છું. અને આપણે આત્માથી તેને આલેખવાના છે તે નીચે પ્રમાણે છે :

(૧) સત્‌પુરુષના ચરણનો ઈચ્છુક (૨) સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી (૩) ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર (૪) બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન (૫) સ્વદોષને છેદવાનો ઉપયોગ રાખનાર (૬) ઉપયોગથી એક પળ પણ ભરનાર (૭) એકાંતવાસને વખાણનાર (૮) તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી (૯) આહાર, વિહાર અને નિહારનો નિયમી (૧૦) પોતાની ગુરુતા દબાવનાર.

ઉપરના દસે દસ નિયમોમાં પાંચ અણુવ્રત અને ૨૧ શ્રાવકના ગુણોની ઉપર કૃપાળુદેવે જબરદસ્ત દૃષ્ટિ કેળવી છે. બોધ સૂક્ષ્મ (micro) અને તેમાં એકાંતવાસનું ધ્યાન અને તે દરમિયાન સ્વદોષને છેદવાનો ઉપયોગ. કેટલી ઉત્કૃષ્ટ મનોદશા અહીંયાં આલેખી છે !

**(૬) પત્ર ક્રમાંક ૫૩૦ :**

આ પત્ર કૃપાળુદેવ અને આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી વચ્ચેનો છે. જેમાં કૃપાળુદેવે 'આત્મા શું છે ? તે શું કરે છે ? અને તેને કર્મ નડે છે કે નહિ ?' આ બધા પ્રશ્નોનો ખૂબ જ સાહજિક અને સરળ ઉપાય

રાષ્ટ્રપિતાને બતાવેલ. જેમાં આત્મા નિત્ય પદાર્થ છે અને તેના ઉપર આઠે કર્મોનું આવરણ કેવી રીતે આવેલ છે, તેનું યથાર્થ વર્ણન કરેલ છે. જેમાં ષડ્દર્શનની મહત્તા, ઈશ્વર અને જગતકર્તાનું વિવેચન પણ યોગ્ય રીતે કરીને રાષ્ટ્રપિતાને ધર્માન્તર કરતા રોક્યા હતા. આત્માની આઝાદી વિશે સમજાતા ગાંધીજી સંપૂર્ણ સાત્ત્વિક શાકાહારી બનીને, કૃપાળુદેવનો બોધ પામીને અહિંસક લડાઈ વડે આપણા ભારત રાષ્ટ્રને આઝાદ કરી શક્યા. કેવો અદ્ભુત બોધ !

**(૭) પત્ર ક્રમાંક ૪૭ :**

આ પત્રમાં કૃપાળુદેવ જણાવે છે કે - "જે ફરનાર છે તે બનનાર નથી અને જે બનનાર છે તે ફરનાર નથી."

અનિત્યભાવનાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ૬ દ્રવ્યનો અને જડ-ચેતનના ભેદનો જાણે ખુલાસો કરે છે આત્મા નિત્ય છે, બાકી બધું અનિત્ય છે આત્મા સિવાયનાં બધાં એટલે કે પાંચે દ્રવ્યો-કાળ, ભાવ, દ્રવ્ય, ક્ષેત્ર પ્રમાણે બદલાતાં રહે છે. આત્માની યાદ વગર જીવનમાં દરેક કાર્યો અધૂરાં રહેલાં છે.

**(૮) પત્ર ક્રમાંક ૬૮૦ :**

આ પત્રનો હું અહીંયાં ખાસ ઉલ્લેખ કરવા માંગું છું. "આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મા સ્વરૂપ થયા છીએ."

અહીંયાં કૃપાળુદેવ એમ કહેવા માંગે છે કે - "અમારા અને મહાવીરના આત્મજ્ઞાનની સમજણ સરખી છે. જડ અને ચેતનની સમજણ સરખી છે." માટે તે કહે છે કે - "અમે બીજા શ્રી મહાવીર છીએ, એટલે કે મહાવીરનો આત્મા અને અમારો આત્મા અત્યારે એક દશામાં છે." પરંતુ અહીંયાં દશા જ્ઞાનની લેવાની છે. પોતાના જ્ઞાનનો ઉપયોગ રાખીને કહે છે કે - "પ્રભુ મહાવીરના સમોસરણમાં સદેહે હાજર રહેનાર, પરંતુ ક્ષણમાત્રના પ્રમાદથી ભવાટવિમાં ભટકવું પડેલ છે, તે વખતે કહે છે કે - "મારા વીરને એટલે કે પ્રભુ મહાવીરને ભૂલશો નહિ. તેની વાણી ન સમજાય તો વીરને દોષ દેશો નહિ, પરંતુ આગળ અભ્યાસે તે સમજાશે. એક એક ક્ષણે ભાવ બદલાવીએ છીએ અને કર્મબંધન બાંધીએ છીએ, યાદ રાખવાનું છે કે હું આત્મા છું અને દરેક કાર્યો આત્મલક્ષી કરવાના છે. બાહ્ય લક્ષનો છેદ ઉડાડવાનો છે નામ એ માત્ર આ પુદ્ગલ દેહનું છે.

આત્મા વગરના દેહને તો નનામી જ કહેવાય છે. જ્યારે આત્મા સર્વે સરખા છે, તેના ગુણ અને સ્વભાવ માત્ર સરખા છે. જ્ઞાનીના વચનથી મિથ્યાત્વ ભાવ દૂર થઈ જાય છે. જેમ તાપ મળતા, દૂધમાંથી પાણી ઊડી જાય છે, તેમ સત્પુરુષોના તત્ત્વજ્ઞાનથી દેહ અને આત્માનો ભેદ પારખી શકાય છે. પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન ઉપર કાબૂ કરીને તેને જીવનારને જૈન કહેવાય. તેને જ આત્મજ્ઞાન લાધી શકે. આત્માને ઓળખવા માટે જાતિનો કે વેશનો ભેદ આવતો નથી.'' કેટલી ઊંચ કક્ષાની કરુણા દૃષ્ટિ તેના પત્રોમાં પ્રગટ થાય છે, જે મૈત્રીમાં પરિણમીને આત્માની સમાધિ સુધી લઈ જાય છે.

**(૯) પત્ર ક્રમાંક ૭૬ :**

''બીજું કંઈ શોધમાં માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા, પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.''

અહીંયાં કૃપાળુદેવે સંપૂર્ણ સમર્પણની વાત કરીને એક માર્ગ બતાવ્યો છે, જેમાં કોઈ જ્ઞાનીના અને ગુરુના સાંનિધ્યમાં આગળ વધીશું તો જરૂરથી મોક્ષ મળશે જ એવી તેમણે ગેરંટી આપી છે. પરંતુ અહીંયાં આપણે આપણી પાત્રતાની વાત કરવાની છે. સત્પુરુષ એટલે નિર્દોષ નર એટલે કે જ્ઞાની. પરંતુ સાથે તમારી પાત્રતા અને તમારામાં સમર્પણનો ભાવ નહિ આવે તો શક્યતા નહિ જેવી છે. આત્માનો અનુભવ એટલે કે જડ અને ચેતનના તફાવતનો અનુભવ નહિ કરો ત્યાં સુધી જ્ઞાનીનાં વચનો સમજાશે નહિ અને ઉત્કૃષ્ટ ભાવના ઉત્પન્ન થશે નહિ, જેમ ઘેટાના ટોળામાં સિંહનું બચ્ચું ફરતું હોય તો તે પોતાને ઘેટું જ સમજે, પરંતુ જ્યારે બીજો સિંહ આવીને પાણીમાં તેનું પ્રતિબિંબ દેખાડી અને ત્રાડ પાડતા શીખવે ત્યારે સિંહના બચ્ચાને સમજાય છે કે પોતે સિંહ છે, તેમ સત્પુરુષને ઓળખીને તેનામાં સમર્પણતા કરીએ ત્યારે સમજાય છે કે મારો આત્મા પણ સત્પુરુષના આત્મા જેવો જ છે. અને તે સમજાયા પછી જ આત્માના ગુણો ખીલે છે.

# ૫ શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રો દ્વારા પ્રગટ થતો આંતર ચેતના પ્રવાહ

ડૉ. કલાબહેન શાહ

ડો. કલાબહેન મુંબઈ યુનિવર્સિટીના જૈન ધર્મ અને ફિલોસોફી વિભાગ માટે નિયુક્ત ગાઇડ છે તેમના ધર્મ તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ વિષયક ઘણાં પુસ્તકો પ્રગટ થયાં છે. જૈન ધર્મ વિષયક લેખો લખે છે.

શ્રીમદ્‌ના **સં. ૧૯૪૩ થી ૧૯૫૭** સુધીનાં તેર વર્ષના ગાળામાં લગભગ ૮૦૦ થી વધારે પત્રો ઉપલબ્ધ થાય છે. તેમણે લખેલા પત્રોને નીચે પ્રમાણે વિભાજિત કરી શકાય :

(૧) ૨૫૦ જેટલા પત્રો શ્રીમદ્દે તેમના પરમ સખા શ્રી સૌભાગ્યભાઈને લખેલા છે. (૨) ૧૨૫ જેટલા પત્રો મંત્રી અંબાલાલભાઈ પર લખેલા છે (૩) ૧૦૦ જેટલા પત્રો મુનિ લલ્લુજી મહારાજને લખેલા છે. અને (૪) બાકીના ૩૨૫ પત્રો અન્ય વ્યક્તિઓ પર લખાયેલા પત્રો છે; જેમાં મહાત્મા ગાંધીજી, મનસુખરામ સૂર્યરામ, મનસુખલાલ કિરતચંદ તથા ખીમજી દેવજી વગેરે છે.

શ્રીમદે પત્રોમાં કરેલા સંબંધનો પણ તેમની આધ્યાત્મિક આંતરચેતનાની સાક્ષી પૂરે છે. પત્રોમાં શ્રીમદ્ કરેલા સંબોધન આ પ્રમાણે છે :

(૧) આત્મહિતાભિલાષી આજ્ઞાંકિત (૨) મુમુક્ષુ ભાઈઓ (૩) સત્‌જિજ્ઞાસુ માર્ગાનુસારી મતિ (૪) મહાભાગ્ય જીવનમુક્ત (૫) બોધસ્વરૂપ (૬) સત્‌પુરુષ વગેરે.

"હું કેવળ હૃદયત્યાગી છું, થોડી મુદતમાં કંઈ અદ્‌ભુત કરવાને તત્પર છું. સંસારથી કંટાળ્યો છું. હું બીજો મહાવીર છું એમ મને આત્મિકશક્તિ વડે જણાયું છે. વૈરાગ્યમાં ઝીલું છું... સત્ય સુખ અને સત્ય આનંદ તે આમાં નથી. તે સ્થાપન થવા એક ખરો ધર્મ ચલાવવા માટે આત્માએ ઝંપલાવ્યું છે જે ધર્મ પ્રવર્તાવીશ જ..."

આ પત્ર પરથી જણાય છે કે શ્રીમદ્ જૈનધર્મ પ્રવર્તાવવા ઇચ્છે છે અને તે માટે પ્રયત્નો શરૂ કરી દીધા છે.

શ્રીમદ્ બાહ્ય રીતે ગૃહસ્થાશ્રમ અને વ્યાપાર સ્વીકાર્યા હતા. તે છતાં આંતરિક રીતે તેઓ મોક્ષમાર્ગના યાત્રી બની ચૂક્યા હતા. પણ આંતર અને બાહ્ય પ્રવૃત્તિ વચ્ચેનો વિરોધ દુઃખદાયક બન્યો હતો. તે છતાં તેમને આત્માની

કોઈ એવી અનુભૂતિ થઈ હતી કે તેઓ દુઃખમાં પણ સમતા રાખી શકતા હતા, તેની પ્રતીતિ નીચેના પત્રમાં કરાવે છે :

"આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પર-વસ્તુના ત્યાગી થવું."

અનુભવસ્વરૂપ આત્મા પ્રગટ થયા પહેલાં આત્મા વિશેની દૃઢતા શ્રીમદ્‌ને આવી ગઈ હતી, તેની પ્રતીતિ નીચેના પત્ર પરથી થાય છે :

"તે પવિત્ર દર્શન થયા પછી ગમે તે વર્તન હો, પરંતુ તેને તીવ્ર બંધન નથી, અનંત સંસાર નથી, સોળ ભાવ નથી, અભ્યંતર દુઃખ નથી, શંકાનું નિમિત્ત નથી, અંતરંગ મોહિની નથી. સત્-સત્ નિરૂપમ, સર્વોત્તમ, શુક્લ, શીતળ, અમૃતમય દર્શનજ્ઞાન સમ્યક્‌જ્યોતિર્મય, ચિરકાળ આનંદપ્રાપ્તિ અદ્‌ભુત સત્‌સ્વરૂપ દર્શિતાની બલિહારી છે !"

સમકિત પ્રોકટ્યના પરિણામે સંસાર તરફની અરુચિ નીચેના પત્રમાં દેખાય છે :

"કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. ગમે તેટલી સુધારણા કરો તો પણ એકાંતથી જેટલો સંસાર ક્ષય થવાનો છે, તેનો સો મો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી."

"આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે, ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે. હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ આપણને પામવી બાકી છે, જે સુલભ છે... દૃઢ નિશ્ચય કર્યો છે કે એ દશાને પામી પછી પ્રગટ માર્ગ કહેવો - પરમાર્થ પ્રકાશવો....ત્યાં સુધી નહિ અને એ દશાને હવે કંઈ ઝાઝો વખત પણ નથી."

"આ જગત પ્રત્યે અમારો ઉદાસીન ભાવ વર્તે છે, તે સાવ સોનાનું થાય તો પણ અમને તૃણવત્ છે, અને પરમાત્માની વિભૂતિરૂપે અમારું ભક્તિધામ છે."

શ્રીમદ્ સર્વ સંગત્યાગ કરી શક્યા ન હતા, પણ તેમની અસંગતતા કેટલી આગળ વધી હતી તે નીચેના કથન પરથી પ્રતીત થાય છે :

"અમને જે નિર્વિકલ્પ નામની સમાધિ છે, તે તો આત્માની સ્વરૂપપરિણતિ વર્તતી હોવાને લીધે છે - વન અને ઘર બંને કોઈ પ્રકારે અમને સમાન છે, તથાપિ વનમાં પૂર્ણ વીતરાગ ભાવને અર્થે રહેવું વધુ રુચિકર લાગે છે, સુખની ઈચ્છા નથી, પણ વીતરાગપણાની છે."

શ્રીમદ્‌નું મન સંસારમાંથી ઊઠી ગયું હતું. એ ચિત્તમાં સત્સંગની તથા અસંગતાની ઇચ્છા પ્રબળ બનતી જતી હતી. ચિત્ત ઉદાસ હોય એટલે વ્યવહારમાં પ્રવર્તન કરી શકે નહિ. સર્વને શાંતિ ઊપજે એવું વર્તન કરવા જતાં પોતાના ચિત્તમાં ઉપાધિ વેદવાનો પ્રસંગ આવતો, જે શ્રીમદ્ શાંતિથી વેદતા હતા. આ બાબતે સૌભાગ્યભાઈને પત્રમાં તેમણે લખ્યું હતું :

"ઉપાધિને વેદવા માટે જોઈતું કઠિનપણું મારામાં નથી, એટલે ઉપાધિથી અત્યંત નિવૃત્તિની ઇચ્છા રહ્યા કરે છે, તથાપિ ઉદયરૂપ જાણી તે યથાશક્તિ સહન થાય છે."

આવી પરિસ્થિતિમાં શ્રીમદ્ આત્માની સમતા જાળવી રાખી હતી, દેહનું મમત્વ છૂટી ગયું હતું. દેહનો ઉપયોગ માત્ર આત્માર્થે જ જણાતો હતો. તેથી એક પત્રમાં તેમણે લખ્યું હતું કે -

"અમારો અભિપ્રાય કંઈ પણ દેહ પ્રત્યે હોય તો તે માત્ર એક આત્માર્થે જ છે, અન્ય અર્થે નહિ."

અનેક મુશ્કેલીઓ વચ્ચે શ્રીમદ્દે આત્મવિકાસ સાધ્યો હતો. શ્રીમદ્ લખે છે -

"જેવી દૃષ્ટિ આ આત્મા પ્રત્યે છે, તેવી દૃષ્ટિ જગતના સર્વ આત્માને વિશે છે. જેવો સ્નેહ આ આત્મા પ્રત્યે છે, તેવો સ્નેહ સર્વ આત્મા પ્રત્યે વર્તે છે. જેવી આ આત્માની સહજાનંદ સ્થિતિ ઇચ્છીએ છીએ, તેવી જ સર્વ આત્મા પ્રત્યે ઇચ્છીએ છીએ, જે જે આ આત્મા માટે ઇચ્છીએ છીએ, તે તે સર્વ આત્મા માટે ઇચ્છીએ છીએ, જેવો આ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ તેવો જ સર્વ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ."

તેઓ ત્યાગી થવાની ભાવના સાથે સંસારનિભાવ કરતા હતા. શ્રીમદ્‌ને જ્ઞાનદશા પ્રાપ્ત થઈ હતી, પણ ત્યાગદશાની ખામી હતી. વિ.સ. ૧૯૫૧માં તેમણે પોતાની આત્મદશા કેવી પ્રવર્તતી હતી તે વિશે સૌભાગ્યભાઈને પત્રમાં લખ્યું હતું -

"એક આત્મપરિણતિ સિવાયના બીજા જે વિષયો તેને વિશેચિત્ત અવ્યવસ્થિતપણે વર્તે છે, અને તેવું અવ્યવસ્થિતપણું લોકવ્યવહારથી પ્રતિકૂળ હોવાથી લોકવ્યવહાર ભજવો ગમતો નથી, એમ તજવો બનતો નથી. એ વેદના દિવસના આખા ભાગમાં વેદવામાં આવ્યા કરે છે."

આ રીતે શ્રીમદ્ આત્મપરિણામ સિવાય સર્વ બીજા પરિણામ વિશે ઉદાસીનપણે વર્તે છે. ભરપૂર પ્રવૃત્તિમાં પણ શ્રીમદ્ અસંગદશા પ્રાપ્ત કરી શક્યા હતા.

આ ત્રીજા તબક્કામાં શ્રીમદ્‌ને તેમના આત્માની ઉચ્ચ પ્રાપ્તિ થઈ હતી. વિ.સં. ૧૯૪૮ થી ૧૯૫૧ સુધીનાં ત્રણ વર્ષના ગાળામાં શ્રીમદ્દે પ્રવૃત્તિનો પ્રબળ ઉદય વેદ્યો, તે સમયે પોતાની આત્મર્થતા ચૂકી ન જવાય તેની સતત કાળજી તેમને રાખવી પડતી. શ્રીમદ્ આત્મસાધનાર્થે મુંબઈની બહાર નિવૃત્તિ-ક્ષેત્રમાં સામાન્ય નહિ પણ ત્યાગીનું જીવન જીવતા હતા. કુદરતી ઉપદ્રવોને શાંતિથી સહેતા. જંગલમાં જઈ ધ્યાનમાં બેસતા. સાદો ખોરાક લેતા. આ રીતે બાહ્ય રીતે સંયમી બનવાના દૃઢ પ્રયાસો આદર્યા. સર્વ સંસારત્યાગની પૂર્વ તૈયારી રૂપે કડક સંયમ પાળવાની શરૂઆત શ્રીમદ્દે ઈ.સ. ૧૯૫૨માં કરી હતી. આ તેમનું પરમાર્થમાર્ગ ભરેલું પગલું હતું અને આ તે સમયના તેમના પત્રોમાં ઠેકઠેકાણે દેખાય છે. આ પત્રોમાં જ્ઞાનચર્ચા વિશેષ જોવા મળે છે, વીતરાગમાર્ગમાં તેમને અનન્ય શ્રદ્ધા પ્રગટી હતી, તે નીચેના પત્ર દ્વારા પ્રતીત થાય છે. તેમણે -

"જૈનદર્શનની રીતિએ જોતાં સમ્યગ્દર્શન અને વેદાંતની રીતિએ જોતાં કેવળજ્ઞાન અમને સંભવે છે.....જૈન પ્રસંગમાં અમારો વધારે નિવાસ થયો છે. તો કોઈપણ પ્રકારે તે માર્ગનો ઉદ્ધાર અમ જેવાને દ્વારે વિશેષ કરીને થઈ શકે...

......સર્વ સંગ પરિત્યાગ થયે તે કાર્યની પ્રવૃત્તિ સહજ સ્વભાવે ઉદયમાં આવે તો કરવી એવી માત્ર કલ્પના છે.

શ્રીમદ્‌ના આ પત્ર દ્વારા તેઓ નિરાગી બન્યા હતા અને તેમને વીતરાગ-માર્ગ પ્રકાશવાની ઇચ્છા હતી, અને તે માટે પોતાની કેટલી યોગ્યતા હતી તેનું પૃથક્કરણ થયેલું જોવા મળે છે.

આ ગાળા પછીના પત્રોમાં તેમના તરફથી મુનિઓને સમજણ અપાઈ હતી. તેમનું જ્ઞાન કેટલું વિકાસ પામ્યું હતું તે શ્રીમદ્દે લલ્લુ મહાજને લખેલા પત્રના લખાણ પરથી થઈ શકાય છે.

" એક શ્લોક વાંચતા અમને હજારો શાસ્ત્રોનું ભાન થઈ જાય તેમાં ઉપયોગ ફરી વળે છે."

શ્રીમદ્‌નું વિપુલ પત્ર-સાહિત્ય તપાસતાં જણાય છે. પ્રારંભથી અંત સુધી શ્રીમદ્દે સતત આત્મા, આત્માની દશા, આત્માની શુદ્ધિ, ધર્મ, વૈરાગ્ય, મોક્ષમાર્ગ વગેરેને લગતી વિચારણાઓમાં તેમની સતત વહેતી આત્મ-ચેતનાનો પ્રવાહ વહેતો જણાય છે.

# ૬ શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રો દ્વારા પ્રગટ થતો આંતર ચેતના પ્રવાહ

સુધા પી. ઝવેરી

સુધાબહેન જૈનધર્મના અભ્યાસુ આકાશવાણીના માન્ય લેખક છે તેમની રચનાઓ વિવિધ સામયિકોમાં અવારનવાર પ્રગટ થાય છે. પરિસંવાદમાં ભાગ લે છે.

શ્રીમદ્જીને વંદન કરી એમના પત્રસંગ્રહનો ઉઘાડ કરીએ તો પહેલાં જ પત્રથી એમને આત્મસાક્ષાત્કાર થવાની વાત વાંચવા મળશે અને આત્મસાક્ષાત્કારની આ વાત સાવ સહજ વિધાન છે - એક statement છે, આત્મશ્લાઘા નહિ. શ્રીમદ્જી કહે છે : "સ્વરૂપ ચીતરતાં મનુષ્ય ખચકાઈ જાય છે, પરંતુ સ્વરૂપમાં જ્યારે આત્મસ્તુતિનો ભાવ ભળે ત્યારે, નહિ તો નહિ જ. જ્ઞાનીપુરુષ જો જ્ઞાનનું વિવરણ ન કરે તો લોકોને એનો બોધ કેવી રીતે થાય !" શ્રીમદ્જી આગળ સ્વરૂપ વિશે લખે છે : "નાની વયમાં જ જાતિ-સ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ આશ્ચર્યકારી એવી તીવ્ર સ્મરણ-શક્તિ શતાવધાનની એકાગ્રતા અને સાક્ષાત્ સરસ્વતીનું બિરુદ પામતી સહજ કાવ્ય-સ્ફુરણા આદિ પૂર્વજન્મની સાધના, પૂર્વ-સંસ્કારોનું જ પરિણામ હોઈ શકે. માટે જ શ્રીમદ્નો આ ભવ પૂર્વભવે અધૂરી રહેલી સાધનાની પૂર્તિ અર્થે જ છે, એવું નિઃસંશયપણે કળાય છે. 'આત્મા માટે દેહ, દેહ માટે આત્મા નહિ જ નહિ,' એમ સમજવાથી આત્મસાધના એ દેહ જ નહિ, દેહભાવ પણ ગાળી નાંખે છે.

- અને આત્માને આત્મા થકી ઓળખી ગયેલા શ્રીમદ્જીએ આત્મા વિશે લખે છે : "નિઃસંદેહપણે જ્ઞાનાવતાર છે અને વ્યવહારમાં બેઠા છતાં વીતરાગ છે. આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંદેહ છે ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. અવિષમયણે જ્યાં આત્માધ્યાન વર્તે છે, એવા શ્રી રાયચંદ પ્રત્યે ફરી ફરી નમસ્કાર કરીએ છીએ." અહીં ગુણને નમસ્કાર છે, વ્યક્તિને નહિ. દેહરૂપી રાયચંદજી અહીં આત્મરૂપી રાયચંદજીને નમસ્કાર કરે છે.' આત્મજ્ઞાનનો આ બોધ એમને કોઈના માર્ગાનુકરણથી નહિ, પૂર્વભવની સાધનાથી થયો છે એવું કહેતાં એ લખે છે : "અમારા વિશે માર્ગાનુચારી કહેવું ઘટતું નથી. અજ્ઞાન યોગપણું તો આ દેહ ધર્યો ત્યારથી જ નહિ હોય એમ જણાય છે. સમદષ્ટિપણું તો જરૂર સંભવે છે." અહીં સ્વપરિચય એ આત્મસ્તુતિ નથી, માત્ર સ્વાનુભૂતિના પ્રકાશમાં પોતાની

સાથે અન્યોને બોધવાનો નિર્ગ્રંથ સમો **'તિન્નાણં તારયણમ્ બુહાણં બોહિયાણં, મુત્તાણં મોયંગાણં** જેવો આ એક સહજ વ્યાયામ છે, એક અનાયાસ ચેલ્ય છે એમ કહી શકાય. ગીતામાં કૃષ્ણે અર્જુનને પોતાના વિરાટ સ્વરૂપની ઝાંખી કરાવી હતી કંઈક એવા જ શબ્દોમાં શ્રીમદ્ ફરી ફરીને લખે છે - "હું બીજો મહાવીર છું. મારા ગ્રહો દસ વિદ્વાનોએ મળીને પરમેશ્વર ગ્રહ ઠરાવ્યા છે. સત્ય કહું છું - સર્વ સમાન સ્થિતિમાં છું. વૈરાગ્યમાં ઝીલું છું." એમ લખીને લિખિતંગમાં પોતાને 'આશુપ્રજ્ઞ રાજચંદ તરીકે ઓળખાવ્યા છે પ્રજ્ઞતાની પ્રારંભિક અવસ્થામાં અને દેહની પણ બાલવયમાં એમને જૈન ધર્મનો પુનરુદ્ધાર કરવાની ઝંખના પણ જાગી છે. લખે છે : "વર્તમાનમાં જૈનદર્શન એટલું બધું અવ્યવસ્થિત અથવા વિપરીત સ્થિતિમાં જોવામાં આવે છે કે અંતમાર્ગનું ઘણું કરીને વિચ્છેદ જેવું થયું છે, તેથી ચિત્તમાં આવ્યા કરે છે કે જો તે માર્ગ પ્રચાર પામે તો તેમ કરવું જૈન ધર્મના જ વિવિધ સંપ્રદાયો અને ગચ્છો વચ્ચેના વિવાદ-વિખવાદની શ્રીમદ્ વ્યથિત બન્યા છે, તો વિવિધ ભારતીય દર્શનો વચ્ચેનો વાદવિવાદ પણ તેમને ગમતો નથી. બધાં જ દર્શનોના ઊંડા અધ્યયન બાદ એ અધિકારપૂર્વક પ્રતિષ્ઠા કરે છે કે - "જૈન કે વેદાંતનો આગ્રહ મોક્ષનું કારણ નથી, પણ જે પ્રકારે આત્મા આત્મભાવ પામે એ જ મોક્ષનું સાધન છે," જૈનોના આભ્યંતરિક વાડાઓની ઉપેક્ષા કરતાં એ કહે છે : "હું કોઈ ગચ્છમાં નથી પણ આત્મામાં છું એ ભૂલશો નહિ." સંપ્રદાયો વચ્ચેના મતભેદ અને રાગદ્વેષ મિટાવી એક સર્વમાન્ય ખરો ધર્મ પ્રવર્તાવવાની એમની ઈચ્છા છતાં પોતાની સંસારીદશાને કારણે પોતાની અશક્તિ જણાતાં એમ કરવું હાલ શક્ય નથી." એ સ્વીકારી લેતાં પણ તેઓ આસક્ત નથી તેમ છતાં જ્ઞાનની બાલવયે એ અંગે ખેદ રહ્યા કરતો, પરંતુ જ્ઞાનદશા આવતાં ક્રમે તે ઈચ્છા ઉપશમ જેવી થઈ ગઈ કારણ વીતરાગને કશી સ્પૃહા જ નથી હોતી - ન આત્મકલ્યાણની ન વિશ્વકલ્યાણની, માત્ર સહજપણે આ બધું અનાયાસ થઈ જતું હોય તો ભલે, કશું કરવાની તો વૃત્તિ જ પછી રહેતી નથી.

તેમ છતાં સંપૂર્ણ નિવૃત્તિના હામી એવા શ્રીમદ્‌ને સંસારધર્મ સ્વીકારવાની ને દેહધર્મ નિભાવવાની ફરજ પડે છે. 'સંસારથી કંટાળ્યો છું' એવું લખનાર તરુણને શ્રીમદ્‌ને ગૃહસ્થધર્મમાં પ્રવેશ કરતાં કેવી લાગણી થઈ હતી - એ ખેદ પામ્યા કે નિર્લેપ રહ્યા એ સ્પષ્ટ થતું નથી પરંતુ સંસારપ્રવેશ પછી પણ એ તરફ કોઈ વિશેષ આકર્ષણ નથી.

ભોગીને મન જે પરમ આનંદની વાત હોય એ સંસારભોગ શ્રીમદ્‌ને મન એ કર્મોની ઉદયાધીન દશા છે, તે તેના વિશે ખેદવું કે વેદવું એ યોગ્ય ન જણાતાં તેને સમભાવે સહી લેવાથી જ તેમાંથી મુક્તિ મળે એવી એમની વીતરાગદૃષ્ટિ છે.

તેમ છતાં બાંધેલાં કર્મો નિરૂપાયપણે લાંબો સમય સમભાવે ભોગવી લેવાની તત્પરતા છતાં અંતર-આત્મવૃત્તિની અસમાધિ એમને ક્ષણવાર પણ મંજૂર નથી. એટલું જ નહિ, જે દેહચારથી ધૂંધળી બને અને આત્માને અસમાધિ ઊપજે, તેમાં પ્રવર્તવા કરતાં દેહત્યાગ ઉચિત માને છે વિવેકદૃષ્ટિ એમના જ શબ્દોમાં "કોઈ કોઈ વાર સંગીઓ અને પ્રસંગીઓ તુચ્છ નિમિત્ત થઈ પડે છે. તે વેળા તે વિવેક પર કોઈ જાતનું આવરણ આવે છે ત્યારે આત્મા બહુ જ મૂંઝાય છે. પણ એવું લાંબો સમય રહેતું નથી. અને એમ જ્યારે રહેશે ત્યારે ખચિત દેહત્યાગ કરીશ પણ અસમાધિમાં નહિ પ્રવર્તુ." દેહ, નામ, સંબંધો, લક્ષ્મી, સત્તા, ઐશ્વર્ય, કીર્તિ એ બધાની લગીરે એષણા ન હોવા છતાં શ્રીમદ્‌ને એ બધું સહજપણે મળ્યું છે. પરંતુ નામ, પ્રશંસા, કીર્તિ એ પણ પરભાવ ઉપજાવનાર હોવાથી આત્મમાર્ગમાં બાધારૂપ બને છે, એટલે જ જ્યોતિષ, શતાવધાનના પ્રયોગો આદિ શ્રીમદ્‌ને સહજ હોવા છતાં તેમને તજતાં એ જરાય રંજ અનુભવતા નથી.

પરંતુ સંસારમાં રહેવું ને સંસારથી અલિપ્ત રહેવું એ બેધારી તલવાર પર ચાલવા જેવું શ્રીમદ્ જેવા જન્મજાત યોગીને પણ કવચિત્ લાગ્યું છે અને ત્યારે સદ્‌ગુરુનું રારણ અને સંતોનો સત્સંગ એ જ એમને તારક સમા લાગે છે, આત્માના અંતેવાસીને એક બાજુ સંસારનો સંગ 'યમથીય વિશેષ' દુઃખદ લાગે છે, તો તેમના જ શબ્દોમાં "અમે કે જેનું મન પ્રાયે ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, હાસ્યથી, રતિથી, અરતિથી, ભયથી, શોકથી, જુગુપ્સાથી કે શબ્દાદિક વિષયોથી અપ્રતિબંધ જેવું છે, તે મનને પણ સત્સંગ વિશે બંધન રાખવું બહુ બહુ રહ્યા કરે છે." કારણ તેમને લાગ્યું છે કે - "જીવ જે પરિચયમાં રહે છે તે પરિચયમાં પોતાને માને છે."

શ્રીમદ્ માત્ર જ્ઞાની નથી, એ વિજ્ઞાની પણ છે નિરંતર અન્વેષક છે. કાકાસાહેબ કાલેલકરે જેમને પ્રયોગવીર જેવું નામ આપ્યું છે. એવા શ્રીમદ્‌નું ચિંતન અને મનન સતત કસોટીની એરણે ચઢતું રહ્યું છે. એમનું જીવન ખરે જ એક પ્રયોગશાળા છે સત્યનાં નિતનવાં પાસાં અનેકાંતભાવે એમની દૃષ્ટિ સમક્ષ ઉજાગર થતાં રહે છે. એમનાં વિરોધભાસી લાગતાં કથનો કવચિત્ એકાંતવાદી દૃષ્ટિને ન પણ સમજાય. એટલે જ શરૂઆતમાં નાની

ઉંમરે થયેલી સ્વપ્રતીતિની સત્યતાને પ્રમાણિત કરવા એમણે જે આયાસ કર્યો છે, જ્ઞાનની પ્રૌઢાવસ્થામાં એમણે પોતાના વર્તનનો ખુલાસો કરવાનું પણ છોડી દીધું છે જ્યારે સહૃદય મિત્રો લોકોની શ્રીમદ્ વિશેષની વાતોથી ખેદ પામે છે ત્યારે શ્રીમદ્ એમને સમજાવે છે : "લોકો કંઈ કહે એ વિશે નિશ્ચિંત રહેશો. હવે સંસાર દશા જ નથી રહી અને સમય જતાં આત્મદશા તીવ્રથી તીવ્રતર થતી જાય છે ને પછી તો બાહ્યાચાર પણ ઘટતો જાય છે. અમુક સમયે તો પત્રો પણ ટૂંકા થતા જાય છે. માત્ર લખવું અનિવાર્ય બની જાય છે, ત્યારે જ લખે છે. સૌભાગ્યચંદ્રજીને ૧૯૪૧માં લખેલા એક પત્રમાં તેઓ લખે છે : "અમો હાલ જગત, ઈશ્વર અને અન્યભાવ એ સર્વ વિશે ઉદાસીનપણે વર્તીએ છીએ અમારું જે ચિત્ત તે આત્મા સિવાય અન્ય સ્થળે પ્રતિબદ્ધતા પામતું નથી." સ્વરૂપને વિશે સ્થિર રહે છે, અત્રે શ્રીમદ્‌ને આત્મા-પરમાત્માનો ભેદ પણ મટી ગયો અથવા તો એટલા આત્મસ્થ છે કે પરમાત્મા પણ એમને માટે પર છે અને પછી તે કેવા સ્વરૂપમાં રમે છે, તે આ માત્ર ત્રણ લીટીના પત્રમાં જુઓ :

"અત્ર સમાધિ છે - જે સમાધિ છે તે કેટલેક અંશે છે.

અને જે છે તે ભાવ-સમાધિ છે."

અને... આવા ઉત્કટ સમાધિભાવને પામ્યા પહેલાં કે પછી પણ શ્રીમદ્ ક્યારેય તર્ક-વિતર્કમાં, સંકલ્પ-વિકલ્પમાં અટવાયા નથી એવું નથી. ક્યારેક એમને પોતાના વિશે, પોતાના જ્ઞાન વિશે પણ રોષ જાગ્યો છે ત્યારે પત્રમાં એ નિર્ભયપણે પ્રકાશતાં લખ્યું છે : "ત્રણ વર્ષથી લગભગ એવું વરતાયા કરે છે કે પરમાર્થ સંબંધ કે વ્યવહાર સંબંધ કંઈ પણ લખતાં કંટાળો આવી જાય છે. અને લખતાં લખતાં કલ્પિત લાગવાથી વારંવાર અપૂર્ણ છોડી દેવાનું થાય છે. અને એ માટે આત્મવીર્ય મેદ થવારૂપ કર્મોદયને જ કારણરૂપ માની સંશયમાં કંઈ પણ કહેવા કરતાં મૌન વધુ પસંદ કરે છે. સતત આત્મતપાસ જારી રહે છે. સમાધિ અને અસમાધિ - બંને તરફ એ સતત જાગૃત છે. સમાધિમાં તો હજુય બેહોશી ચાલે અસમાધિ પ્રત્યે તો અસાવધતા જરાય ન જ ચાલે આંતર અને બાહ્ય બંનેની ગમે તેવી દશા વચ્ચે એટલે જ તેઓ કદી લક્ષ્યચ્યૂત થયા નથી. શ્રીમદ્‌નું લક્ષ્ય માત્ર સંકલ્પ-વિકલ્પ રહિત થવાનું જ છે, એ જણાવતાં તેઓ લખે છે : "જગતમાંથી જે પરમાણુને પૂર્વકર્મે ભેળા કર્યા છે તે હળવે હળવે તેને આપી દઈ ઋણમુક્ત થવું એ જ તેની સદા ઉપયોગી, વહાલી,

શ્રેષ્ઠ અને પરમ જિજ્ઞાસા છે.'' કર્મના આશ્રવને જાણી કર્મોની નિર્જરા દ્વારા મોક્ષપ્રાપ્તિ એ જ એમના જીવનનું લક્ષ્ય રહ્યું છે.

અને પછી તો આત્મપ્રાપ્તિની આ ઝંખના કેવી ઉત્તરોત્તર પ્રબળ થતી જાય છે એ આ કેટલાક પત્રોદ્‌ગારમાં જોઈ શકાય છે.

''કોઈપણ પ્રકારે આત્મદશા વગરનું, યથાયોગ્ય જીવનમુક્ત દશા વગરનું, યથાયોગ્ય નિર્ગ્રંથ દશા વગરનું ક્ષણ એકનું જીવન પણ ભાવવું જીવને સુલભ લાગતું નથી.''

ને આમ દેહ છતાં દેહભાવ છૂટી જવાની આવી વિરલ અનુભૂતિની ચરમસીમાએ જ 'છૂટે દેહાધ્યાસ તો નહિ કર્તા તું કર્મ' જેવું જ્ઞાન - ફિલસૂફી સહજ બને, અને ત્યારે જ કોઈ અધિકારપૂર્વક કહી શકે કે - દેહ છતાં મનુષ્ય પૂર્ણ વીતરાગ થઈ શકે એવો અમારો નિશ્ચય અનુભવ છે.' એટલે જ એક સમય એવો આવે છે કે જ્યારે સાધના પણ છૂટી જાય છે - સાધના, સાધન, સાધક ને સાધ્ય - એ સર્વનો ભેદ મટી જાય છે અને પછી આત્મવીણાના, તારમાંથી નીકળતો 'તુંહી તુંહી'નો અનહદ નાદ ક્યારે 'અર્હમ્ અર્હમ્‌માં પલટાઈ જાય છે, સમાધિસ્થ સ્ત્રી-પુરુષને એનું પણ ભાન રહેતું નથી અને ત્યારે દેહ અને સંસાર હોવા છતાં કશું રહેતું નથી. **દ્વૈત-અદ્વૈતમાં પરિણમે છે.**

શ્રીમદ્‌ની આત્મપ્રાપ્તિને શબ્દોમાં વર્ણવવી ખુદ શ્રીમદ્ માટે પણ મુશ્કેલ છે, કારણ એ એક શબ્દાતીત - ઈન્દ્રિયાતીત અનુભવ છે અને સામાન્ય માનવી માટે તો આમાંનું ઘણુંબધું સમજ બહારની વાત હોઈ શકે, તેમ છતાં આ જ્ઞાનસત્ર નિમિત્તે મને શ્રીમદ્‌જીના શબ્દ - દેહનો સત્સંગનો લાભ થયો એ માટે હું જ્ઞાનસત્રના આયોજકો અને આપ સૌની આભારી છું. જ્ઞાનીવચનોનો આસ્વાદ રોજ-બ-રોજના જીવનમાં નિરંતર પામવાનું સહજ નથી. આવા કોઈ અવસરે એ પ્રાપ્ત થાય જ્ઞાન-સત્સંગનો પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ પામવાનો 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?'

# ૭ અગમ પિયાલા પીઓ મતવાલા

**ડૉ. કુમારપાળ દેસાઈ**

જાણીતા સાહિત્યકાર જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ચિંતક, ગુજરાત, સમગ્રભારત અને વિદેશના અનેક ગૌરવવંતા પારિતોષક-એવોર્ડ જેમને પ્રાપ્ત થયાં છે. શિક્ષણ સાહિત્ય અને સંસ્કૃતિને અનુલક્ષીને કરેલ કાર્ય માટે ભારત સરકાર તરફથી ડૉ. કુમારપાળ દેસાઈને પદ્મશ્રીનો ખિતાબ એનાયત કરવામાં આવ્યો છે અને તેઓશ્રી જિનશાસનનું ગૌરવ વધારનાર તથા ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ છે.

મધ્યકાલીન સાહિત્યમાં યોગી આનંદઘનનાં પદો એની ભાવસૃષ્ટિ, આલેખનરીતિ અને હૃદયસ્પર્શિતાને કારણે આગવું સ્થાન ધરાવે છે. એમનાં પદોમાં આત્મસ્વરૂપના પ્રત્યક્ષ અનુભવની અવિચલ આનંદમય ઘડીનો અનુભવ પ્રગટ થયો છે. આ પદોમાં લાલિત્ય, વિષયપ્રભુત્વ અને વિશિષ્ટ શબ્દ-પસંદગીને કારણે ભાવકને અધ્યાત્મની ઘૂંટાયેલી અનુભૂતિ પ્રાપ્ત થાય છે.

આનંદઘનનાં ઘણાં પદોમાં આધ્યાત્મિકતાનો ગહન અનુભવ એક રૂપક દ્વારા પ્રગટ થયો છે. સુમતિ અર્થાત્ શુદ્ધચેતના પોતાના પ્રિય આતમરામને કુમતિ અર્થાત્ અશુદ્ધ ચેતનાને એનું ઘર છોડીને પોતાના સ્વ-ઘરે આવવા વિનંતી કરે છે. આ સુમતિની વિરહસભર વિપ્રલંભ શૃંગારમાં અભિવ્યક્ત થતી વેદનામાં કવિ આત્મતત્ત્વ પામવાની ઉત્કટ તાલાવેલી પ્રગટ કરે છે. સુમતિ પોતાના પ્રિયતમને સ્વ-સ્વભાવ સાથે જોડવા ઇચ્છે છે, ત્યારે કુમતિ આ પરિસ્થિતિમાં જાતજાતનાં વિઘ્નો સર્જીને એના પ્રિયત(આત્મા)ને ક્ષુદ્ર, સ્થૂળ, સાંસારિક ભાવોમાં નિમગ્ન રાખે છે. સુમતિ આત્માને જાગ્રત કરવાનો પ્રયત્ન કરે છે, પણ આત્માનું શુદ્ધ ચૈતન્ય સાથેનું અનુસંધાન માત્ર શાસ્ત્રજ્ઞાનથી જ સધાતું નથી. શાસ્ત્રજ્ઞાનના દીપકનો પ્રકાશ માર્ગદર્શક બને ખરો, પરંતુ આત્મજ્ઞાન તો શુદ્ધ આત્મ-તત્ત્વના સાક્ષાત્ અનુભવમાંથી જ સાંપડે છે. દેહ અને આત્માની ભિન્નતાનો અનુભવ થયા બાદ એ આત્માનુભવ વધુ ને વધુ ઘૂંટાય, તેમ સ્વ-સ્વભાવની પ્રાપ્તિ કરી શકે છે.

અધ્યાત્મયોગી આનંદઘન અશુદ્ધ ચેતનાની માયાસૃષ્ટિ સમાન કામનાની ચંચળતા, દેહની ક્ષણભંગુરતા અને સાંસારિક સ્નેહની સ્વાર્થમયતા દર્શાવે છે. એ મોહમલિનતાનો નાશ કરીને ચૈતન્યશક્તિ પ્રગટ કરવાના પુરુષાર્થની વાત કરે છે. સુમતિ પોતાના પ્રિયતમને મળવા માટે વિરહની

વેદના અનુભવે છે. કુમતિની માયામાં લપેટાયેલા આત્માને એમાંથી મુક્ત થયા બાદ આત્મસ્વરૂપના પ્રત્યક્ષ અનુભવની અવિચળ કલા પ્રાપ્ત થાય છે. મહાયોગી આનંદઘન આ આંતરિક આધ્યાત્મિક પ્રક્રિયાનું વર્ણન કરીને અંતે એનાથી સાંપડતા અનુપમ આનંદનું ગાન કરે છે.

આનંદઘનનાં સ્તવનોમાં આધ્યાત્મિક આરોહણનો ક્રમિક આલેખ મળે છે, તો એમનાં પદોમાં આધ્યાત્મિક ઊર્ધ્વતાની ભિન્ન ભિન્ન ભાવસ્થિતિ-ઓનું આલેખન પ્રાપ્ત થાય છે. આનંદઘન પાસેથી આધ્યાત્મિક, યોગલક્ષી અને વૈરાગ્યનાં પદો પ્રાપ્ત થાય છે, પરંતુ એના આલેખનમાં એમની આલંકારિક રૂપકશૈલી અને જુદાં જુદાં દૃષ્ટાંતો દ્વારા કથનની સચોટતા સાધવાની કળા પ્રગટ થાય છે. કુમતિના સંગમાં બેહોશ બનીને ડૂબેલો આત્મા કઈ રીતે ધીરે ધીરે ઊર્ધ્વારોહણ સાધી શકે, તેનો મનભર આલેખ આ પદોમાં છે. વિષયમાં આસક્ત જીવને વિષય ત્યજીને જાગવાનું ઉદ્‌બોધન કરતાં તેઓ કહે છે -

'क्या सोवे उठ जाग बाउरे,
अंजलि जल ज्युं आयु घटत है, पहोरियां घरिय घाउ रे.''[१]

પદના પ્રારંભે વિષય-કષાયની ગાઢ નિદ્રામાં રહેલી વ્યક્તિને 'ક્યા સોવે ઊઠ જાગ બાઉ રે' કહીને જાણે જગાડવા માગતા હોય તેવો ભાવ પ્રગટ થાય છે. કવિ નરસિંહ મહેતાની 'જાગને જાદવા'થી આરંભાતી પંક્તિનું સ્મરણ થાય છે. સતત ક્ષીણ થતા આયુષ્યને માટે કવિ કહે છે કે - "જેમ ખોબામાં રહેલું જળ આંગળીઓ વચ્ચેનાં છિદ્રોમાંથી નીકળીને સતત સરી જતું હોય છે, તેમ પ્રતિક્ષણ તારું આયુષ્ય ઘટતું જાય છે, તેથી આયુષ્યની પ્રત્યેક ક્ષણ તારે માટે અમૂલ્ય છે. પળનો પણ પ્રમાદ પોષાય તેમ નથી."

કવિ સુંદર કલ્પના કરતાં કહે છે કે - "કાળનો પહેરેગીર સતત ઘડિયાળના ડંકા મારે છે અને તારો આયુષ્યકાળ પ્રતિક્ષણ ઘટી રહ્યો છે. ઈન્દ્ર, ચંદ્ર, ધરણેન્દ્ર અને મોટા મોટા મુનિઓ ચાલ્યા ગયા, તો પછી ચક્રવર્તી રાજા કયા હિસાબમાં ? આવા સમર્થને કાળવશ થવું પડ્યું, ત્યારે તું કોણ માત્ર ? માટે તત્કાળ જાગ્રત થા."

આ જાગૃતિ તે બાહ્ય જાગરણ નથી, પણ આત્મજાગૃતિ છે. આ જાગૃતિ એટલે સ્થૂળમાંથી સૂક્ષ્મ તરફની ગતિ, અનિત્યમાંથી નિત્ય પ્રતિની સફર, ભંગુરમાંથી શાશ્વત તરફની યાત્રા. આને માટે વિષય-કષાયની વિભાવદશાની નિદ્રા તારે તજવી પડશે અને પ્રભુભક્તિરૂપી નૌકા દ્વારા

પ્રતિ ક્ષણ જીવનસાફલ્ય માટે ઝઝૂમવું પડશે. જીવન એ પ્રસંગ નથી, ઘટના નથી, જન્મ-મરણ વચ્ચેનો કાલખંડ નથી. જીવન એ તો આત્માને ગમતાનો ગુલાલ કરાવવાનો અવસર છે, ઉત્સવ છે. આવા અવસરને ઉજાળવા માટે આશાવરી રાગમાં આલેખાયેલા પદમાં કવિ કહે છે -

"बेहेर बेहेर नहीं आवे, अवसर बेहेर बेहेर नहीं आवे,
ज्युं जाणे त्युं कर ले भलाई, जनम जनम सुख पावे. १
तन धन जोबन सब ही जूठे, प्राण पलक में जावे. २
तन छूटे धन कौन काम को ? कायकुं कृपण कहावे ? ३
जाके दिल में साच बसत है, ताकुं जूठ न भावे. ४
'आनंदघन' प्रभु चलत पंथ में, समरी समरी गुण गावे. ५"[२]

મનુષ્યભવપ્રાપ્તિ અત્યંત દુર્લભ હોવાથી ભલાઈ કરીને જન્મોજન્મ સુખ પામવા પ્રયત્ન કરવો જોઈએ. શરીર, પૈસો અને યુવાની એ ક્ષણિક છે અને પ્રાણ તો પળવારમાં ઊડી જાય તેવા છે. તન છૂટ્યા પછી આ ધન શા કામનું ? માટે સત્ચારિત્ર્યવાળું જીવન એ જ સત્યમાર્ગ છે. આત્માનંદ પામવાનો આવો અવસર તને ક્યાં મળવાનો છે ? આનંદઘન કહે છે કે - "એ અવસરને બરાબર ઓળખીને, આનંદપુંજ એવા પ્રભુને સ્મરીને તારો આંતરવિકાસ સાધતો રહે."

આત્માનંદની અનુભૂતિના અવસર સમા જીવનને પામવા માટે, કેટલાક અવરોધો પાર કરવા માટે અધ્યાત્મ-પુરુષાર્થ આવશ્યક છે. આનંદઘને એમનાં પદોમાં કુમતિની કપટલીલા દર્શાવીને આ અવરોધ બતાવ્યો છે. કુમતિને કારણે અનાદિકાળના અજ્ઞાનની નિદ્રા ભોગવતા માનવીની દુર્દશા દર્શાવતાં આનંદઘન કહે છે -

"सुपन को राज साच की माचत, राहत छांह गगन बदरीरी,
आई अचानक काल तोपची, गहेगी ज्युं नाहर बकरीरी. जीय. २"[३]

"સ્વપ્નમાં રાજ્યને સાચું માને છે અને આકાશના વાદળની છાંયડીમાં આનંદે બેસે છે. (પણ) ઓચિંતો કાળ-તોપચી આવીને જેમ નાહર બકરીને પકડે છે તેમ તને પકડી લેશે."

કવિ મોહગ્રસ્ત માનવીના જીવનમાં સહસા મૃત્યુથી સર્જાતી દશાનું હૃદયભેદક ચિત્રણ કરે છે. સ્વપ્નમાં રાજવૈભવ ભોગવનારની સ્વપ્ન ઊડી જતાં કેવી દશા થાય ? આકાશમાં એકાદ વાદળી આવતાં થોડીવાર થોડો

છાંયડો લાગે, પરંતુ એ વાદળી થોડા સમયમાં ચાલી જતાં બળબળતા તાપમાં શેકાવાનું રહે છે. બકરીનું પેટ ફાડીને એનો શિકાર કરતા નાહર પશુની જેમ કાળ તારો ક્ષણ વારમાં કોળિયો કરી જશે. પુદ્ગલ-ભાવમાં ડૂબેલા માનવીને આનંદઘન વારંવાર ચેતવે છે કે - 'पुदगल का क्या विसवासा'[4] માનવજીવન તો 'पानी तेरा बुंद बुंदा, देखत ही छीप जायेगा' (પાણીના પરપોટા જેવું, થોડી વારમાં ફૂટી જનારું) છે. આવો માનવી હીરાને છોડી દઈ માયારૂપ કાંકરા પર મોહ પામે છે. એ હારિલ પક્ષી જેવો છે. આ હારિલ પક્ષી પાંજરામાં હોય ત્યારે નીમની લાકડીને પકડી રાખે છે, પછી પગ આડાઅવળા ચાલતા લાકડી નમી જાય છે અને પક્ષી ઊંધે માથે લટકી પડે છે ત્યારે ચીસાચીસ કરી મૂકે છે, પણ લાકડીને છોડતો નથી.

જો માનવી પુદ્ગલભાવથી પારાવાર હાનિ અનુભવતો હોવા છતાં એને છોડી શકે નહિ, તેની સ્થિતિ હારિલ પક્ષી જેવી છે. આત્મા કે ચૈતન્યને મળવા માટે અતિ આતુર સુમતિ(શુદ્ધ ચેતના)ની વિરહવેદના દ્વારા કવિ વિષય-કષાયયુક્ત પુદ્ગલભાવમાં ડૂબેલા માનવીનું ચિત્રણ આપે છે. પોતાનો પ્રિયતમ આતમરામ અશુદ્ધ ચેતના(કુમતિ)માં એવો ડૂબ્યો છે કે એ ચેતનને ભૂલીને જડ બની ગયો છે. સ્વભાવને ભૂલીને વિભાવમાં ડૂબી ગયો છે. આત્મસુખને બદલે દેહસુખમાં ગરકાવ થઈ ગયો છે. સુમતિની આ વિરહદશા કવિ આનંદઘન ક્યારેક સંવાદરૂપે આલેખે છે. સુમતિના વિરહને જુદી જુદી ભાવછટા સાથે પ્રગટ કરીને આનંદઘન અભિવ્યક્તિનું વૈવિધ્ય સાધે છે.

ગોડી રાગમાં લખાયેલા એક પદમાં કવિ કહે છે કે - ''આ વિરહિણી પતિવિયોગ સહી શકતી નથી. વિરહને કારણે આખી રાત ઊંઘ વેરી બને છે. એ પતિ પર શુદ્ધ પ્રેમ રાખે છે. એણે સર્વત્ર સમર્પણ કર્યું છે, છતાં દીર્ઘ વિયોગથી એ અત્યંત પીડિત અને દુ:ખી છે. સઘળી શુધબુધ ખોઈને જીવી રહી છે. આકાશના તારા જાણે અંધારી ઘનઘોર રાત્રે એને દાંત દેખાડીને એના વિરહની હાંસી ઉડાવતા હોય તેમ લાગે છે. આ આંસુની ધારાને કારણે 'ભાદુ કાદુ'[5] (ભાદરવો કાદવવાળો) બન્યો છે. અબળા સ્ત્રી પર આટલો જુલમ સારો નહિ. પતિ વગરના અન્ય સહુ સંબંધો એ તો રણમાં પોક મૂકવા જેવા વ્યર્થ લાગે છે. આશાવરી રાગમાં વિરહિણી કહે છે -

**'મીઠો લાગે કંતડો ને, ખાટો લાગે લોક,**
**કંત વિહુણી ગોઠડી તે, તે રણમાંહિ પોક.'[6]**

નિરાધાર મૂકીને ચાલ્યા ગયેલા પતિની સુમતિ નિશદિન રાહ જુએ છે.

**'નિશદિન જોઉં (તારી) વાટડી, ઘરે આવોને ઢોલા,**
**મુજ સરિખી તુજ લાખ હૈ, મૈરે તૂહી મમોલા.''[૭]**

રાત-દિવસ નાથની રાહ જોતી સુમતિ એને પરભાવ છોડીને સ્વ-ભાવ-(સ્વ-ઘર)માં આવવા વિનવે છે. વિભાવદશામાં હોય ત્યારે માયા, મમતા, કુબુદ્ધિ જેવી અનેક સ્ત્રીઓ વળગી પડે છે, પણ તમે તો મારા માટે અમૂલ્ય છો, કારણ કે તમને નિવૃત્તિ નગરીમાં લઈ જઈ શકે, તેવી હું જ છું, તેથી તમે નિજ નિવાસમાં પધારો.

આનંદઘનનાં પદોની એ વિશેષતા છે કે એના બાહ્ય, સપાટી પરના ભાવને ભેદીને એની ભીતરમાં જઈએ તો આધ્યાત્મિક રહસ્યો પ્રગટ થતાં હોય છે. પદમાં તાણાવાણાની પેઠે દર્શન ગૂંથાયેલું હોય છે. વિરહિણી સુમતિ કહે છે કે - ''એ પ્રિયતમની રાહમાં પતિવિરહના દુઃખ-મંદિરના ઝરૂખે નજર માંડીને ઝૂકી ઝૂકીને જોઈ રહી છે. સામાન્ય સ્ત્રીઓ એના વિરહને જોઈને મજાક કરે છે, પરંતુ એનું શરીર અને મન સઘળું વિરહથી ઘેરાઈ ગયું છે, તેથી તે શું કરે ? એના જીવનાધાર વિના પોતાના પ્રાણ શી રીતે ટકાવી શકે ?'' આવી સુમતિ (શુદ્ધ ચેતના) કહે છે -

'फागुण चाचर एक निसा, होरी सीरगानी हो,
मेरें मन सब दिन जरै, तनखाख उडानी हो.'[૮]

હોળી ખેલનારાઓની ટોળી ફાગણ માસમાં એક રાત્રે હોળી સળગાવે છે, પણ મારા મનમાં તો દરરોજ હોળી સળગ્યા કરે છે અને તે શરીરની રાખ કરીને ઉડાવે છે.

સુમતિના મનમાં સવાલ જાગે છે કે - 'મને ક્યારે મારા મનનો મેળાપી મળશે. મનના મેળાપી વગરની રમત એ તો કોઈ મૂર્ખ રેતીના કોળિયા વાળે તેના જેવી છે.' આ ભાવ પ્રગટ કરતા કવિ કહે છે -

'मुने मारो कब मिलशे मनमेलु. मुने...
मनमेलु विण केलि न कलीए, वाले कवल कोई वेलू.'[૯]

કેટલાંક પદમાં સુમતિ કુમતિની બૂરી સોબત વર્ણવે છે, તો કેટલાંકમાં સુમતિ પોતાનો અને કુમતિનો ભેદ દર્શાવે છે. આ કુમતિમાં તો લુચ્ચાઈ, અભિમાન અને માયા છે, જ્યારે પોતાનાં સગાં-સંબંધી તો સરળ અને કોમળ છે. આ કુમતિમાં આશા, તૃષ્ણા, લોભ અને ક્રોધ છે, જ્યારે એ

પોતે શાંતિ, દમન અને સંતોષથી શોભાયમાન છે. આ કુમતિમાં આત્માની મૂળ કલાને કલંકરૂપ એવું પાપ છે, જ્યારે પોતાના મંદિરિયે તો આનંદઘન નિત્ય ઓચ્છવ કરી રહ્યા છે.[10] આથી આવી કુમતિ છોડીને મારી પાસે આવો.

ચેતનને જાગ્રત કરતાં સુમતિ એને એના સાચા ઘરનો ખ્યાલ આપતાં કહે છે -

'चेतन, शुद्धातमकुं ध्यावो,
पर परचे धामधूम सदाई, निज परचे सुख पावो,
चेतन । शुद्धातमकुं ध्यावो. १'[११]

આ ચેતન એટલે કે આત્મા કેવો છે ? જેમ અભિનેતા અભિનય કરતો હોય ત્યારે પોતે એમાં તદ્રૂપ હોવાથી ભ્રમણામાં પડી જાય છે અને એ ભ્રમણા દૂર થાય ત્યારે એ પોતાની જાતને સમજી શકે છે. આમ કુમતિને કારણે ચેતનને માનસિક ભ્રમણા થાય છે. બાજી એ માંડે છે અને બાજીગર પણ એ છે. ખટરાગ કરનાર અને છોડાવનાર પણ એ જ છે. જૈન-દર્શન કહે છે કે - ''આત્મા જ તારો મિત્ર છે અને આત્મા જ તારો શત્રુ છે.'' દુનિયાની જાળમાં ફસાયેલો આત્મા કુમતિ સાથે વસે છે, પરંતુ નિજસ્વરૂપની ઓળખ પ્રાપ્ત થતાં તે આનંદસ્વરૂપ આત્માને ઓળખે છે. આનંદઘન કહે છે -

'देखो एक अपूरव खेला,
आप ही बाजी, आप ही बाजीगर, आप गुरु आप चेला.'[१२]

શુદ્ધ ચેતનની જાગૃતિ સમયે કેવો ભાવાનુભવ થાય ! એ અનુભવનું આલેખન કરતા પદમાં કવિ આનંદઘનના ભાવઉછાળનો અનુભવ થાય છે. ચોતરફ ફેલાયેલું ભ્રમરૂપ અંધકારનું સામ્રાજ્ય અળગું થઈ જાય છે. પ્રકાશ ફેલાય છે. નિર્મળ હૃદયકમળ ખીલે છે અને આત્મભૂમિ પર વિષયરૂપ ચંદ્રની કાંતિ નિસ્તેજ થઈ જાય છે. એને માત્ર આનંદઘન જ પોતાના વલ્લભ લાગે છે. આ જ્ઞાનભાનુનો ઉદય થતાં એક સમયે અત્યંત મોહક અને આકર્ષક લાગતા જગતના રાગ રસહીન લાગે છે. શુદ્ધ ચેતનાનો વિરહકાળ પૂર્ણ થતાં આત્મવિભૂતિના પ્રાગટ્યને કવિ વધાવે છે -

'मेरे घट ज्ञान भानु भयो भोर,
चेतन चकवा चेतना चकवी, भागो विरह को सोर.'[१३]

અનાદિકાળથી અજ્ઞાનની જે નિદ્રા આવી હતી, તે આપોઆપ દૂર થઈ ગઈ અને હૃદયમંદિરમાં અનુભવજ્ઞાનનો પ્રકાશ થવાથી 'સહજ સુજ્યોતિ સ્વરૂપ' અનુભવજ્ઞાન પ્રગટ થયું છે.

કવિ સુહાગણને પોતાના હૃદયમાં જાગેલી અનુભવની પ્રીતની વાત કરે છે. આ અકથ કહાનીને વર્ણવતાં આનંદઘન કહે છે -

'सुहागण जागी अनुभव प्रीत.
निन्द अनादि अग्यान की, मिट गई निज रीत.
घट मंदिर दीपक कियो, सहज सुज्योति सरूप,
आप पराई आप ही, ठानत वस्तु अनूप.
कहां दीखावुं औरकुं, कहां समजाउं भोर,
तीर अचूक है प्रेम का, लागे सो रहे ठोर.
नादविलुब्धो प्राणकुं, गिने न तृण मृग लोय,
आनंदघन प्रभु प्रेम की, अकथ कहानी कोय.'[१४]

એક અન્ય સ્થળે આનંદઘન કહે છે -

'तुम ज्ञान विभो फूली वसंत, मनमधुकर ही सुखसों वसंत.'[१५]

હું પ્રભુ ! તમારી જ્ઞાનરૂપ વસંતઋતુ પૂરબહારમાં ખીલી છે અને તેથી તેમાં મનરૂપ ભ્રમર સુખે વસે છે. વૈરાગ્યરૂપી દિવસ મોટો થતો જાય છે અને દુર્ગતિરૂપ રાત્રિ ઘટતાં જતાં ધીરે ધીરે નાની થતી જાય છે. સુરુચિની વેલ વૃદ્ધિ પામીને ફળવતી બની છે. વસંતઋતુમાં કોયલનો સૂર અતિમધુર હોય, તે રીતે ભાષા મનમધુર રૂપ ધારણ કરે છે અને સમગ્ર સૃષ્ટિ આનંદસ્વરૂપ બની છે.

આનંદઘનનાં પદોમાં આધ્યાત્મિક યાત્રાનું આલેખન છે અને તે વિરહ અને મિલનના ભાવરૂપે વ્યક્ત કર્યું છે. અધ્યાત્મના શિખરે પદ્માસન લગાવીને બેઠેલા આનંદઘને એમનાં પદોમાં યોગની પરિભાષાનો પ્રયોગ કર્યો છે. એમણે યોગસાધનાથી દેહને દેવળ બનાવવાની વાત કરી છે. યોગવિષયક પદોમાં એમણે યોગ દ્વારા આત્મભાવ અને સમાધિની પ્રાપ્તિનો માર્ગ ચીંધ્યો છે. જૈન દૃષ્ટિએ યોગની વ્યાખ્યા છે - 'युज्यते इति योगः' સાધ્ય સાથે ચેતનને જોડી દે તે યોગ. આચાર્ય હરિભદ્રસૂરિ અયોગને યોગોમાં ઉત્કૃષ્ટ મોક્ષ સાથે જોડી દેનાર સર્વસંન્યાસ તરીકે ઓળખાવે છે. યોગમાર્ગના આરાધકના રાગ-દ્વેષ મંદ થતા જાય છે અને

સ્વદેહ પ્રત્યેનો રાગ અને અન્ય આત્મા પ્રત્યેનો દ્વેષ ઓછો કરવાનો છે અને આત્મામાં સ્થિર કરવાનો છે. એનું લક્ષ્ય તો આત્માને દેહમાંથી અલગ કરીને આત્મભાવનામાં સ્થિર કરવાનું છે. રેચક, પૂરક, કુંભક આદિ ક્રિયાઓ દ્વારા મનઈન્દ્રિયનો જય કરીને આત્મતત્ત્વનો પ્રાથમિક અનુભવ પામવાનો છે અને પછી તેમાં સ્થિરતાં કરવાની છે. આનંદઘનનાં પદોમાં તન મઠમાં સૂતેલા આત્માને જાગ્રત કરવાની વાત છે. એમને છઠ્ઠા પદમાં તો સમગ્ર યોગપ્રક્રિયાનું નિરૂપણ કર્યું છે. જ્યારે અન્યત્ર તેઓ કહે છે -

'अवधू क्या सोवे तन मठ में, जाग विलोकन घट में,
तन मठ की परतीत न कीजें, ढहि परे एक पल में,
हलचल मेटि खबर ले घट की, चिह्ने रमतां जल में.'[१६]

આનંદઘનજીની આવી જ યોગમસ્ત દશાનું વર્ણન એમના 'અવધૂ સો જોગી ગુરુ મેરા' પદમાં થાય છે. અહીં એ વૃક્ષની વાત કરે છે. આ એક એવું વૃક્ષ છે કે જેને મૂળ કે છાયા નથી, ડાળી કે પાંદડાં નથી, વગર ફૂલે એના પર ફળ બેઠાં છે અને એનું અમરફળ આકાશને લાગીને રહેલું છે. આનો અર્થ એ કે આ વૃક્ષ એ ચેતન છે, એ અનાદિ છે. એ મૂળિયામાંથી પ્રગટેલું વૃક્ષ નથી. એ તો પોતે જાતે સ્વયં ખીલેલું છે. વધુમાં કવિ કહે છે કે - "એ વૃક્ષ પર બે પંખી બેઠાં છે. એક છે ગુરુ અને બીજો છે ચેલો. ચેલો દુનિયા આખીને વીણી વીણીને ખાય છે અને ગુરુ આખો વખત ખેલ ખેલી રહ્યા છે." આત્મરાજ નામના તરુવર પર સુમતિ અને કુમતિ બે પંખીઓ બેઠાં છે. સુમતિ આત્મહિત થાય તેવા માર્ગે પ્રવૃત્તિ કરે છે અને ગુરુસ્થાને રહી અંતરના ખેલ ખેલ્યા કરે છે, જ્યારે શિષ્ય કુમતિ સંસારરસિક છે અને તે જગતના ભાવોને ચણી ચણીને ખાય છે. કલ્પનાવૈભવની પરાકાષ્ઠા તો કવિની આ વિરહ કલ્પનામાં છે. એ કહે છે -

'गगन मंडल में गउआ विहानी, धरती दूध जमाया,
माखन था सो विरला पाया, छो जग भरमाया.'[१८]

આકાશમંડળની વચ્ચે ગાય વિયાણી છે, એનું દૂધ પૃથ્વી પર જમાવવામાં આવ્યું છે. એ દૂધનું માખણ થોડાકને પ્રાપ્ત થયું, બાકી જગતનો મોટો ભાગ તો છાશથી છેતરાઈ રહ્યો અને તેમાં રાજી રાજી થઈ ગયો. જગતના મોટા ભાગના લોકો તો વિષય-કષાયના ભોગમાં જ આનંદ સમજતા હોય છે.

યોગી આનંદઘને જૈન સાહિત્યમાં પ્રયોજાતા હરિયાળી સ્વરૂપનો પદમાં પ્રયોગ કર્યો છે. આ હરિયાળીમાં દેખીતી દૃષ્ટિએ વિરુદ્ધ લાગતી વાતનો મેળ મેળવવામાં આવ્યો હોય છે. અન્યોક્તિ કે વ્યાજસ્તુતિથી આ હરિયાળી જુદા પ્રકારની હોય છે. અન્યોક્તિમાં કોઈને કહીને અન્યને સંભળાવવાનું હોય છે. વ્યાજસ્તુતિમાં એવી રીતે વખાણ કરવામાં આવ્યા હોય છે કે જેમાં ટીકા કે નિંદા હોય. હરિયાળી આ બંનેથી ભિન્ન છે. આ પ્રકારનાં બે પદો[૧૯] આનંદઘન પાસેથી મળે છે.

કેટલાંક પદોનો પ્રારંભ 'અવધૂ', 'સાધો ભાઈ !', 'સુહાગણ', 'ચેતન', 'પ્યારે પ્રાણજીવન !' જેવી સંબોધનશૈલીથી થાય છે. આશાવરી રાગમાં અવધૂને ઉદ્દેશીને લખાયેલાં સાત પદ મળે છે. આ પદોમાં કવિ આનંદઘનની આનંદમસ્તીનાં ભિન્ન ભિન્ન રૂપ દૃષ્ટિગોચર થાય છે. ક્યારેક અવધૂને ઉદ્દેશીને સ્યાદ્વાદની વાત કરે છે, તો ક્યારેક અવધૂને ઉદ્દેશીને એ સચ્ચિદાનંદ સ્વરૂપની ઓળખ આપે છે અને કહે છે કે - "અમારો કોઈ વર્ણ નથી, ઘાટ નથી, જાતિ નથી, પાંતી નથી. હળવા કે ભારે નથી, ગરમ કે ઠંડા નથી, અમે કોઈના પિતા કે પુત્ર નથી, અમે નથી મન કે નથી શબ્દ. અમે ક્રિયા કરનાર પણ નથી કે ક્રિયારૂપ પણ નથી. અમે તો આનંદના સમૂહરૂપ ચૈતન્યમય મૂર્તિ છીએ. સત્-ચિત્ અને આનંદમય એવું અમારું ત્રિકાળ અબાધિત એવું સ્વરૂપ છે અને એવા અમને સ્થાપે છે તે પરમ મહારસ ચાખે છે.'[૨૦]

ક્યારેક અવધૂને ઉદ્દેશીને કવિ આનંદઘન વ્યાપક ધર્મની વાત કરે છે. તેઓ કહે છે કે - "જગતના લોકો મુખેથી રામનામનું રટણ કર્યા કરે છે, પરંતુ એના અલક્ષ સ્વરૂપને ઓળખનાર કોઈ ભાગ્યશાળી જ હોય છે. જગતમાં તો ભિન્ન ભિન્ન મતવાળા પોતાના મતમાં મસ્ત છે. મઠધારીઓ મઠમાં અને પાટધારીઓ પાટમાં આસક્ત છે. જટાધારીઓ જટામાં અને છત્રધારીઓ છત્રમાં પડેલા છે. ચારેબાજુ બહિરાત્મભાવની બોલબાલા છે અને પરમાત્મભાવનું ધ્યાન ધરે તેવા વિરલા છે. પરમાત્મભાવની સાચી શોધ આકાશ કે દરિયામાં નહિ, પણ હૃદયકમળમાં કરવી જોઈએ અને એમ કરનાર આનંદરસ પામે છે."

'અવધૂ'ની સ્થિતિ દર્શાવતાં આનંદઘન કહે છે કે - " આનંદરાશિમાં પોતાની જ્યોતિને ખરેખર સમાવે તે અલખ કહેવાય. અવધૂને ઉદ્દેશીને કવિ આનંદઘને સુરદાસની યાદ આપે તેવી ભક્તની લઘુતા દાખવતું પદ આપ્યું છે. આમાં કવિ પોતાની ગુણહીનતા બતાવે છે અને પોતે શું માગે

એવો પ્રશ્ન સ્વયંને પૂછે છે, પરંતુ લક્ષ્યાર્થથી પરમાત્મપદની પ્રાપ્તિ માટેની એમની ઝંખના આમાં પ્રગટ થઈ છે. પ્રારંભે કવિ કહે છે -

'अवधू क्या मागुं गुनहीना, वे गुनगनन प्रवीना.
गाय न जानु बजाय न जानुं, न जानु सुरभेवा,
रीझ न जानुं रीझाय न जानुं, न जानुं पदसेवा. १
वेद न जानुं किताब न जानुं, जाणुं न लक्षण छंदा,
तरकवाद विवाद न जानुं, न जानुं कविफंदा. २'[२१]

આનંદઘનના જીવનની ઘટનાઓ સાથે એમના કેટલાંક પદોનો મેળ બેસાડવામાં આવ્યો છે. જોકે આનું કોઈ વિશ્વસનીય પ્રમાણ મળતું નથી. આવું આનંદઘનરચિત એક પદ તે 'આશા ઓરન કી ક્યા કીજે' છે. આ સંદર્ભમાં એવી કિંવદંતી પ્રવર્તે છે કે લાભાનંદ (આનંદઘનનું મૂળ નામ) મહારાજ એક શહેરમાં ચાતુર્માસ માટે રહ્યા હતા. અહીંના ઉપાશ્રયના શેઠ એમની ખૂબ વૈયાવચ્ચ (સેવા) કરતા હતા. આગ્રહપૂર્વક આહાર વહોરાવવા લઈ જતા હતા. જરૂરી કપડાં પણ વહોરાવતા હતા અને દિવસનો ઘણો સમય એમની સેવામાં વ્યતીત કરતા હતા. આ ઉપાશ્રયના શેઠને એક દિવસ પર્યુષણ પર્વ દરમિયાન પૂજામાં વધુ સમય રોકાઈ જતાં વ્યાખ્યાનમાં સમયસર આવવામાં વિલંબ થયો. એ સમયે આનંદઘનજીને કોઈએ કહ્યું કે - "હજી શેઠ પૂજા કરતા હોવાથી વાર થશે, માટે થોડી વાર પછી વ્યાખ્યાનનો પ્રારંભ કરો." પણ આનંદઘનજીએ નિશ્ચિત સમયે પોતાના વ્યાખ્યાનનો પ્રારંભ કર્યો. શેઠ પા કલાક મોડા આવ્યા. પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો અખંડ સાંભળવાની ઇચ્છા હોવાથી એમના ચિત્તમાં ગ્લાનિ થઈ.

વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ આનંદઘનને શેઠે કહ્યું : "સેવક પર જરા દયા કરીને થોડો સમય વ્યાખ્યાન થોભાવવું હતું ને !" આનંદઘનજીએ કશો ઉત્તર આપ્યો નહિ. શેઠે પુનઃ એ વાત કરતાં કહ્યું : "સાહેબ, હું કપડાં વહોરાવું છું, આહાર વહોરાવું છું, આટઆટલી વૈયાવચ્ચ કરું છું, એ તો ધ્યાનમાં રાખવું હતું ને ! થોડું થોભવામાં શું જાય ?"

મસ્તયોગી આનંદઘનજીએ કહ્યું : "ભાઈ, આહાર તો ખાઈ ગયા અને લે આ તારાં કપડાં." એમ કહી કપડાં ઉતારી નાખી જંગલમાં ચાલ્યા ગયા. તે શેઠનો ઉપાશ્રય છોડી દીધો અને ત્યાં આ પદની રચના કરી. પદના પ્રારંભે

'પારકી આશા એ મોટું દુ:ખ છે અને નિ:સ્પૃહીપણું એ મોટું સુખ છે' એમ કવિ કહે છે -

'आशा ओरन की क्या कीजे ? ग्यान सुधारस पीजे.
भटके द्वार द्वार लोकनके, कूकर आशाधारी,
आतम अनुभव रस के रसीया, उतरे न कबहू खुमारी. १'[२२]

પારકાની આશા કરવાને બદલે જ્ઞાનામૃત રસનું પાન કરવું. આશાવશ શ્વાન લોકોને બારણે બારણે ભટકે છે, જ્યારે આત્માનુભવના રસમાં રત જીવોનો કેફ કદી ઊતરતો જ નથી. હકીકતમાં પ્રચલિત કિંવદંતી સાથે આ પદ સંબંધ ધરાવતું નથી. અહીં ભૌતિક સુખ કરતાં બ્રહ્માનંદના અક્ષય-રસના આચમનનું આલેખન કર્યું છે. આનંદઘનની આત્મમસ્તી તો જુઓ -

'मनसा प्याला प्रेम मसाला, ब्रह्म अग्नि परजाली,
तन भाठी अक्टाई पीए कस, जागे अनुभव लाली. ३'[२३]

શરીરરૂપી ભઠ્ઠીમાં શુદ્ધસ્વરૂપ અગ્નિ પ્રજ્વલિત કરીને અનુભવ-રસમાં પ્રેમરૂપ મસાલો નાખી તેને મનરૂપ પ્યાલામાં ઉકાળીને તેનું સત્ત્વ પીએ છે ત્યારે અનુભવની લાલી પ્રગટ થાય છે.

આવી અનુભવલાલી પ્રગટ થાય ત્યારે આત્મરમણમાં પરાકાષ્ઠા પામતો આનંદ છલકાઈ ઊઠે છે. ચોતરફ આનંદની રેલમછેલનો અનુભવ થાય છે. કર્મમળથી રહિત થયેલી સિદ્ધ આત્મદશા એ આ અનંદની પરાકાષ્ઠા છે. 'આનંદઘન' ઉપનામ જ એમના જીવનનું સાધ્ય દર્શાવે છે. એવું સાધ્ય સાંપડે ત્યારે કેવો અનુભવ થાય ? કવિ કહે છે -

'मेरे प्रान आनंदघन, तान आनंदघन,
मात आनंदघन, तात आनंदघन,
गात आनंदघन, जात आनंदघन. मेरे... १
राज आनंदघन, काज आनंदघन,
साज आनंदघन, लाज आनंदघन. मेरे... २
आभ आनंदघन, गाभ आनंदघन,
नाम आनंदघन, लाभ आनंदघन. मेरे... ३[२४]

આનંદઘન સ્તવનોમાં પ્રારંભે જૈન તીર્થંકરોનો નામોલ્લેખ કરે છે, પરંતુ એ પછીનું એમનું નિરૂપણ અધ્યાત્મ-અનુભવની પ્રક્રિયાનો આલેખ

બની રહે છે. સાંપ્રદાયિક સીમાઓને ઓળંગીને આનંદઘને જૈન પરંપરામાં આગવી ભાત ઉપસાવી છે અને તેથી જ એમના જૈન ધર્મના ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ કે તે પછી જૈન તીર્થંકર વિશે જે પદો મળે છે, તેમાં પણ એમની એ જ વ્યાપક દૃષ્ટિ પ્રતીત થાય છે. તેઓ પાર્શ્વનાથની એ મહત્તા આંકે છે કે જેમણે કામદેવને ક્ષણવારમાં જીતી લીધો હતો તેમ જ દુનિયા અને દેવોને ગૂંચવી નાખનાર કામદેવ પર વિજય પ્રાપ્ત કરનારી અલૌકિક હિંમત બતાવી હતી.[૨૫]

આનંદઘનની વ્યાપકતાનો માર્મિક અનુભવ તો એમના અત્યંત પ્રખ્યાત 'રામ કહો, રહેમાન કહો' પદમાં પ્રતીત થાય છે. આ પદમાં કવિની એક વિશિષ્ટ દૃષ્ટિનો પરિચય થાય છે. ઈશ્વરના નામને બદલે એ સહુમાં રહેલા સર્વવ્યાપક તત્ત્વ પર એમની નજર રહેલી છે. વાસણ જુદાં જુદાં હોય, પણ માટી એક હોય છે. કવિ કહે છે -

'राम कहो रहेमान कहो, कोउ कहान कहो महादेव री,
पारसनाथ कहो कोउ ब्रह्मा, सफल ब्रह्म स्वयमेव री.'[२६]

આનો અર્થ એ કે આપણે પરમાત્મસ્વરૂપ છીએ, બ્રહ્મસ્વરૂપ છીએ, અનંત ગુણશક્તિ ધરાવનાર છીએ. એ સત્ય આપણને પ્રાપ્ત થાય તો પછી ઈશ્વરના નામની તકરાર કરવાનો કોઈ અર્થ નથી. જે નિજસ્વરૂપમાં રમણ કરે તે રામ, બીજા પર રહમ કરે તે રહેમાન, કર્મોને ખેંચી કાઢે તે કહાન (શ્રીકૃષ્ણ) અને મહાદેવ એટલે સાક્ષાત્ નિર્વાણ. આ નિર્વાણ એટલે શુદ્ધ દશાનો સાક્ષાત્કાર. પરભાવ રમણતાનો સર્વથા ત્યાગ અને અનંત આનંદમાં લીનતા, એ જ રીતે જે પોતાના સ્વરૂપને સ્પર્શે એટલે કે જુએ તે પારસનાથ (પાર્શ્વનાથ) અને નિજ શુદ્ધ સ્વરૂપને જુએ છે તે બ્રહ્મા. અધ્યાત્મ પુરુષાર્થ કરી સ્વભાવ શુદ્ધ કરો તો આત્મા પોતે જ આનંદઘન છે. એ જ ચૈતન્યસ્વરૂપ છે અને એ જ કર્મની મલિનતાથી રહિત છે.

આ પ્રસંગે સોમનાથ પાટણના મંદિરમાં પ્રવેશ સમયે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે કરેલી સોમેશ્વરની સ્તુતિનું સ્મરણ થાય છે. તેમણે એમ કહ્યું હતું કે -

'भवबीजांकुरजनना, रागाद्यां क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥'

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર જેના ક્ષય થઈ ગયા છે, તેવા પછી બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, શિવ હોય કે જિન (તીર્થંકર) હોય, તેમને હું નમસ્કાર કરું છું.

આની પાછળ સત્ય-સંશોધનનો આશય છે. સત્ય અને સમતા એ વ્યાપકતા અને શાંતિ સર્જે છે અને એમાંથી ઉદ્ભવે છે આનંદ. આત્મા એના ચૈતન્ય-સ્વરૂપને જાગ્રત કરે ત્યારે એણે નિરંજન નિરાકાર સ્વરૂપે પ્રાપ્ત કરવાના શુદ્ધ આશયવાળી વ્યક્તિ અંતરાત્મસ્વરૂપની ખોજ કરે છે અને એ ખોજ જ એને માટે સત્ચિત્આનંદની પ્રાપ્તિ લાવે છે.

આનંદઘનની હસ્તપ્રતોના સંશોધન દરમિયાન આનંદઘનનાં પદોની કેટલીક અપ્રગટ રચનાઓ મળી, તેમાંની એક અપ્રગટ રચના શ્રી લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિરના સંગ્રહ(ક્રમાંક ૧૩૪૮૨)માં મળે છે. મલ્હાર રાગમાં લખાયેલું પદ આ પ્રમાણે છે -

**તું લગ જા રે મનવા મેરા,**
**પ્રભુ ચરણકા મેં ચોરી.**
**વિષયાકી સંગત હોય મત ડોલો,**
**ઈણસું હોય ભટ ભેલા. તું... ૧**
**ભવ ભવમેં કુછ ચેન ન પાયો,**
**ભવ જલ હૈ ઠઠનેરા. હો... ૨**
**આનંદઘન કહૈ પાસ જિનેસર,**
**તમ હો સાયબ મેરા. તું... ૩**
**ઈતિ પદમ્[૨૭]**

આનંદઘનજીની અનુભવલાલીની મસ્તીનો છલકાતો આતમ-પિયાલો એમના એક અનુપમ પદમાં લાક્ષણિક રીતે પ્રગટ થાય છે. આમાં આત્માનંદની ભાવાવસ્થા પ્રગટ થાય છે. કેવી હશે એ મસ્તી કે કવિ કહે છે કે - "અમે અમર બની ગયા છીએ. આ અમરત્વનું કારણ એ કે જીવનમાંથી રાગ અને દ્વેષ નાશ પામ્યા છે. મિથ્યાત્વ ત્યજી દીધું. સ્થૂળ રૂપને બદલે સૂક્ષ્મ સ્વરૂપનો વાસી બન્યો છું અને આત્મા અને મોક્ષ એ બે અક્ષરનું અમે સતત સ્મરણ કરી રહ્યા છીએ." આનંદઘન તો ત્યાં સુધી કહે છે કે - "વ્યક્તિ જો આ પ્રમાણે જીવવાનો નિશ્ચય કરે તો એ અમર થઈ જાય છે." મહાત્મા ગાંધીજીને પ્રિય એવી આ પ્રાર્થના 'આશ્રમ ભજનાવલિ'માં સ્થાન પામી હતી. આ પદનું ભાવલાલિત્ય અને

એની મર્મસ્પર્શિતા કંઈક ઓર છે. એમાં પ્રગટતી સાધકની મસ્તીભરી ખુમારી જોઈએ -

'अब हम अमर भये न मरेंगे,
या कारण निथ्यात दीयो तजं, क्युं कर देह धरेंगे ?... १
राग दोस जग बंध करत है, ईनको नास करेंगे,
मर्यो अनंत कालतें प्राणी, सी हम काल रहेंगे... २
देह विनाशी हुं अविनाशी, अपनी गति पकरेंगे,
नासी जासी हम थीरवासी, चोखें व्हैं निखरेंगे... ३
मर्यो अनंत बार बिन समज्यो, अब सुख दुःख विसरेंगे
'आनंदघन' निपट निकट अक्षर दो, नहि समरे सो मरेंगे... ४'[२८]

મધ્યકાલીન સાહિત્યમાં આનંદઘનજીનાં પદોની વિશેષતા જોઈએ. તેઓ છટાદાર રીતે વિષયવસ્તુનો પ્રારંભ કરે છે. પ્રથમ પંક્તિના પ્રારંભના શબ્દો જ ભાવકના ચિત્ત પર આત્માનંદની અનુભવલાલીનું વાતાવરણ સર્જે છે, પરંતુ આ પદનો પ્રવાહ જેમ જેમ આગળ વહે છે, તેમ તેમ પદમાં ગૂંથાયેલું રહસ્ય પ્રગટ થાય છે. ઘણી વાર પદની છેલ્લી પંક્તિઓ એવું રહસ્ય ખોલી આપે છે કે જેનાથી પદ પર જુદો જ અનુભવ-પ્રકાશ પથરાઈ જાય છે. પરિણામે આનંદઘનજીનાં પદો એના મધુર રાગોને કારણે કંઠમાં રમી રહે તેવાં તો છે જ, પરંતુ એથીય વધુ પદની અંતિમ પંક્તિઓની ચમત્કૃતિને કારણે ભાવક કે સાધક પુનઃ પુનઃ એનું આસ્વાદન કરવા પ્રેરાય છે. સંગીતશાસ્ત્રને અનુરૂપ એવાં આ પદોમાં ભાગ્યે જ યતિભંગ જોવા મળે છે. અત્યંત સરળતાથી એ ગાઈ શકાય છે. મનોહર રાગ-રાગિણી ધરાવતાં આ પદોમાં રાગ અને તાલનો ઉલ્લેખ કરે છે.

પદોમાં કવિ ક્યારેક આલંકારિક રૂપકશૈલી પ્રયોજે છે, તો ક્યારેક ચાતક, મૃગ, સાપણ, હારિલ પક્ષી, ખંજન, ગજરાજ, ગર્દભ જેવાં પક્ષી - પ્રાણીઓની ખાસિયતોનાં દૃષ્ટાંતો દ્વારા કે પછી સૂર્ય, વસંત જેવાં પ્રાકૃતિક તત્ત્વોની વાત દ્વારા કે ચોપાટ અથવા ગંજીફાની રમતના ઉદાહરણ દ્વારા પોતાની વાતને સહજતાથી પ્રગટ કરે છે. આ પદોની સાખીઓ એટલી જ માર્મિક છે. આત્મસાક્ષાત્કારનો મહિમા એ જ સાધકને માટે સર્વસ્વ હોય છે. જેમ કે ૭૦મા પદની સાખીમાં ધર્મઔદાર્ય અને વિશાળ દૃષ્ટિ બંને જોવા મળે છે. કવિ કહે છે -

'आतमअनुभव रसकथा, प्याला पिया न जाय,
मतवाला तो ढहि परे, निमता परे पचाय.'[२१]

આત્માનુભવની કથાનો પ્યાલો પીતાં પીતાં મતાગ્રહી લોકો તો ઢળી પડે છે. મતાગ્રહ વગરના નિર્મમત્વી જ એને પચાવી શકે છે.

આવી સાખીઓ આનંદઘનનાં પદોની વિશેષતા બની ગઈ છે. આનંદઘનની આ પદસૃષ્ટિમાં માનસ-વિહાર કરતાં એક વિશિષ્ટ આધ્યાત્મિક અનુભવ થાય છે. અધ્યાત્મવાણીનું ગાંભીર્ય અને ઊંડાણ, ગહનતા, અવળ વાણીનું વૈચિત્ર્ય અને તેમાં તત્ત્વનિરૂપણ તથા હૃદયને ઢંઢોળતી સ્પર્શિતા એમનાં પદોમાં જોવા મળે છે. એને પામવા માટે જૈન પરિભાષાનું જ્ઞાન, આત્મસાધનાનો અનુભવ, યોગનો અભ્યાસ અને જીવનની સમભાવશીલતા મહત્ત્વની બની રહે છે. આત્મસાધક યોગીને પોતાની સાધનાના બળે અમૃતત્વની પ્રાપ્તિની પ્રતીતિ થઈ હોય તેવા એમના શબ્દોમાં આત્મવિશ્વાસ, સ્વાભિમાન, પુરુષાર્થ અને મસ્તી જોવા મળે છે.

એમનાં સ્તવનોમાં એમણે આધ્યાત્મિક વિકાસ માટેની ક્રમિક પ્રક્રિયા દર્શાવી છે, જ્યારે એમનાં પદોમાં ભિન્ન ભિન્ન સમયે ભીતરમાં થયેલા અનુભવોને એમણે કાવ્યસ્થ કર્યા છે. કવિના પદના સહજ પ્રવાહનું કારણ એ છે કે જે હૃદયસ્થ છે, એ જ પદસ્થ બને છે. ક્યાંય કોઈ વાદ, કોઈ વિચાર કે કોઈ સંપ્રદાયની ટેકણ-લાકડીનો ઉપયોગ કરતા નથી. અમુક દર્શનની સર્વોપરિતાનો આગ્રહ સેવતા નથી અને તેથી અધ્યાત્મના સમગ્ર આકાશને જોનારા આનંદઘન પાસેથી આત્મઓળખ, આત્માનુભવ અને આત્મસાક્ષાત્કાર માટેની પદસરિતા મળે છે. કશાય વળગણ વિનાની આ કવિતાનો આધાર છે સ્વાનુભૂતિ અને એનું અંતિમ છે સ્વાનુભૂતિનું પ્રગટીકરણ. આથી આ વાણીમાં આત્માનુભવનો તેજસ્વી રણકાર છે. જાતઅનુભવે પ્રાપ્ત કરેલી ખુમારી છે, યોગસાધનાને અંતે પ્રાપ્ત થયેલો આનંદ છે અને આત્મસ્પર્શી સંયમસાધનાને કારણે આ અધ્યાત્મસભર પદો ભાવકને એક ભિન્ન લોકનો અનુભવ કરાવે છે. લોકકંઠે જીવતાં આ પદોએ કેટલાય માનવીઓને મોહ-કષાયની નિદ્રામાંથી ડંકાની ચોટ સાથે જગાડીને અને સાચો માર્ગ બતાવી અનુભવલાલીના આશક બનાવ્યા છે. આનંદઘન આત્મવિચારણા કરીને આત્માનુભવનું રસપાન પામી, આત્માનંદની અવિચળ કળા પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ આલેખે છે.

આનંદઘનનાં પદોમાં ઊર્મિનો કવિત્વમય ઉછાળ, ભાવને લાડથી રમાડતી વાણી અને વીજળીની માફક અંતરમાંથી પ્રગટેલી, ઉલ્લાસથી રસેલી અનુભૂતિ મળે છે. પદોમાં એ કહે છે -

**'વેદ ન જાણું કતેબ ન જાણું, જાણું ન લક્ષણ છન્દા,**
**તરકવાદ વિવાદ ન જાણું, ન જાણું કવિ ફંદા.'**[30]

પદોની ભાવવાહી વાણીમાં ભક્તિ અને વૈરાગ્યના ઉલ્લાસની છોળો ઊછળે છે. પદોમાં કવિની વાણી છે અને પરમતત્ત્વ સાથેના અનુસંધાનનું ઊછળતું આનંદસંવેદન છે. આ પદોમાં પ્રેમલક્ષણા ભક્તિનો ઉદ્‌ગાર સંભળાય છે. સ્તવનમાં જૈન શાસ્ત્રની દૃષ્ટિએ આલેખાયેલા આત્મજ્ઞાન-વિષયક વિચારો છે, જ્યારે પદોમાં શાસ્ત્ર કે સિદ્ધાંતના વર્તુળને ઘણુંખરું દૂર રાખી હૃદયમાંથી નીકળતા સહજ આનંદાનુભવના ઉદ્‌ગારો ઝિલાય છે. સ્તવનમાં ઠરેલ જ્ઞાનીની સ્વસ્થતા છે, તો પદમાં મરમી સંતના હૃદયની વેદના છે; જોકે ગહન અનુભૂતિનો સ્પર્શ તો બંનેમાં છે.

રસિકતા અને ચોટદાર આલેખનની દૃષ્ટિએ આનંદઘનનાં પદો સ્તવનોના મુકાબલે ઊંચું સ્થાન ધરાવે છે. આનંદઘનનાં સ્તવનો જૈન પરંપરામાં ગૌરવભર્યા સ્થાને બિરાજે છે, તો આનંદઘનનાં પદો કબીર, નરસિંહ અને મીરાંનાં પદોની હારમાં બેસે તેવાં છે. આનંદઘનનાં સ્તવનો પર ગુજરાતી ભાષાનો ઢોળ ચડાવેલો દેખાય છે, જ્યારે પદોનું કાઠું અને છટા મુખ્યત્વે રાજસ્થાની ભાષાનાં દેખાય છે.

પદો અને સ્તવનો વસ્તુ, ભાવ, વિચાર અને આલેખનની આ ભિન્નતાને કારણે સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થાય કે આનંદઘનજીએ પહેલાં સ્તવનો રચ્યાં હશે કે પદો ? આ અંગે આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી, મુનિ જિન-વિજયજી અને શ્રી અગરચંદજી નાહટાનો મત એવો છે કે - "આનંદઘનજીએ પહેલાં સ્તવનો અને પછી પદો રચ્યાં હશે," જ્યારે શ્રી મોતીચંદ કાપડિયાને મતે - "પહેલાં પદો રચાયેલાં અને પછી સ્તવનો." આનંદઘનજીએ પહેલાં સ્તવનો રચ્યાં એવા પોતાના મંતવ્યના આધારરૂપ શ્રીમદ્ બુદ્ધિસાગર-સૂરીશ્વરજી કહે છે - "શ્રીમદ્‌ની રચેલી ચોવીશી અને પદો છે, તેમાં જે આદ્ય ઠરે તેના અનુમાને જન્મદેશના નિર્ણય ઉપર આવી શકાય. શ્રીમદે પહેલી ચોવીશી રચી એમ કેટલાંક અનુમાનોથી સંભાવના કરી શકાય છે. તે સમયમાં ચાલતી એવી ગુજરાતી ભાષાનાં શબ્દોમાં તેમણે ચોવીશી રચેલી છે. તે સમયના ગુર્જર ભાષાના સાક્ષરોએ જે ગુજરાતી ભાષાના શબ્દો

વાપર્યા છે તે શબ્દો, શ્રીમદ્‌ના હૃદયની સ્ફુરણા સાથે પરિણત થયા છે... અનુમાન પર આવીએ તો ગુર્જર દેશના હોવાથી તેમણે પહેલી ગુર્જર ભાષામાં ચોવીશી રચી અને પશ્ચાત્ હિન્દુસ્તાન, મારવાડ વગેરે દેશના લોકોના ઉપયોગાર્થે તેમનાથી વ્રજ ભાષામાં આત્મા અને સુમતિ વગેરે પાત્રના ઉદ્‌ગારોમય પદો બન્યાં હોય. ગુર્જર દેશમાંથી મારવાડ અને મેવાડ તરફ તેમનો વિહાર થતાં એ તરફના વિદ્વાનોની પેઠે હિન્દુસ્થાની-મિશ્રિત ભાષામાં, પદોના ઉદ્‌ગારો કાઢ્યા હોય એવું અનુમાન કરી શકાય છે. જો કે આ અનુમાન આનંદઘન ગુજરાતના વતની હતા, એ અનુમાન પર આધારિત હોવાથી કેટલું વિશ્વાસપાત્ર ગણાય તે પ્રશ્ન છે."

મુનિશ્રી જિનવિજયજીએ એક પ્રત્યક્ષ મુલાકાતમાં આ અંગે કહ્યું હતું કે - "આનંદઘન બાવીસીમાં જૈન યતિની શરૂઆતની દૃષ્ટિ દેખાય છે. એમાં એમની ધર્મનિષ્ઠા પ્રગટ થાય છે, પરંતુ એ પછી એમની દૃષ્ટિ વ્યાપક બની તેનું પ્રતિબિંબ પદોમાં પડે છે. પદો અને સ્તવનોનું વક્તવ્ય તપાસતાં આ મંતવ્ય સતર્ક લાગે છે, પરંતુ તેના સમર્થનમાં કોઈ નક્કર પ્રમાણ મળતું નથી."

શ્રી અગરચંદજી નાહટા પણ માને છે કે - "સ્તવનો એમના અધ્યાત્મ-અનુભવની પ્રાથમિક દશામાં રચાયેલાં અને પદો પકવ વયે ઉત્તરકાળમાં રચાયેલાં પ્રતીત થાય છે. પદોમાં તેઓ સાંપ્રદાયિકતાથી ઘણા ઉપર ગયેલા પ્રતીત થાય છે, જે સ્તવનોમાં નથી. આનંદઘન સગુણ ભક્તિમાંથી નિર્ગુણ ભક્તિ તરફ વળ્યા એમ દર્શાવવા માટે કેટલાંક સ્તવનોને પહેલાં અને પદોને પછી મૂકે છે. હકીકતમાં આનંદઘનજીનાં પદોમાં પણ ઋષભ જિનેશ્વર, અરિહંત અને જિનચરણે ચિત્ત લાવવાની વાત આવે છે. એમાં પ્રભુપ્રીતિનો એક પ્રકારનો તલસાટ અનુભવાય છે, પરંતુ એવાં પદો રચવાની પરંપરા જૈન રચયિતાઓમાં જોવા મળે છે. આથી સગુણ ભક્તિમાંથી નિર્ગુણ ભક્તિનો ક્રમિક વિકાસ દર્શાવી શકાય એટલો સ્પષ્ટ ભેદ બે વચ્ચે બતાવી શક્યા તેમ નથી. તે મત ભાગ્યે જ સ્વીકાર્ય ઠરે તેમ છે."

શ્રી મોતીચંદ કાપડિયા માને છે કે - "આનંદઘનજીએ પહેલાં પદો રચ્યાં હતાં અને પછી સ્તવનોની રચના કરી હતી." પોતાના આ અભિપ્રાયને તેઓ ત્રણ પ્રમાણોથી સમર્થિત કરે છે - "સ્તવનોની ભાષા, સ્તવનોની વિચારપ્રૌઢિ અને અધૂરાં રહેલાં સ્તવનોને તેઓ લક્ષમાં લેવાનું કહે છે. તેમના માનવા પ્રમાણે આનંદઘનજીની મૂળ ભાષા રાજસ્થાની હતી. આથી એ ભાષામાં પદોની રચના ભાષાદૃષ્ટિએ ઘણી વેધક બની છે, જ્યારે પાછળથી રચાયેલાં

સ્તવનોમાં ગુજરાતી ભાષાનો વધુ સ્પર્શ છે, પરંતુ પદો જેવું ભાષાસામર્થ્ય તેમાં જોવા મળતું નથી.''

આનંદઘનજીનાં પદોમાં કોઈ અનુક્રમ જોવા મળતો નથી. દરેક પ્રતિમાં પદો જુદો જુદો ક્રમ ધરાવે છે. શ્રી મોતીચંદ કાપડિયા પદોની ક્રમબદ્ધતાના અભાવને પણ એક પ્રમાણ તરીકે ટાંકે છે. પરંતુ તે બહુ બંધબેસતું નથી, કારણ કે આનંદઘનના હાથે લખાયેલી પદની કોઈ પ્રતિ હજી સુધી ઉપલબ્ધ થઈ નથી. આથી પછીના સમયમાં જે રીતે જેને જેટલાં પદ કંઠે રહ્યાં એટલાં લખ્યાં. વળી પદસંગ્રહની વિવિધ હસ્ત-પ્રતોમાં તો અન્ય પદરચનાકારોની રચનાની સાથોસાથ આનંદઘનની થોડીક રચનાઓ પણ જોવા મળે છે. આથી વિશેષ પ્રચલિત અથવા તો થોડાંક ચૂંટેલાં પદો જ બીજાં પદોની સાથે સામેલ કર્યા હોય તેમ પણ બન્યું છે. વળી આ પદોમાં અન્ય કર્તાઓનાં પદો પણ આનંદઘનને નામે ચઢી જતાં એની કોઈ ક્રમબદ્ધતા રહી નથી, પ્રત્યેક તીર્થંકરના નામોલ્લેખ સાથે રચાયેલાં સ્તવનોમાં આવી ક્રમબદ્ધતા જળવાઈ હોય તે સ્વાભાવિક છે.

ભાષાદૃષ્ટિએ વિચારીએ તો આનંદઘનનો જન્મપ્રદેશ રાજસ્થાન છે. પોતાની માતૃભાષા પર સાહજિક રીતે જ વ્યક્તિ પ્રભુત્વ ધરાવતી હોય છે. જ્યારે અન્ય ભાષાસ્વરૂપમાં પોતાની રચના કરવાનો પ્રયત્ન કરે છે, ત્યારે એની માતૃભાષા એમાં ડોકિયાં કર્યા વિના રહેતી નથી. આનંદઘનનાં પદો રાજસ્થાની ભાષામાં લખેલાં છે, પણ એમનાં સ્તવનો ગુજરાતી ભાષાનો વિશેષ સ્પર્શ ધરાવે છે. આ સ્તવનોની ભાષામાં પાયારૂપ ભાષા તો રાજસ્થાની રહેલી છે, એ તો લિંગવ્યત્યય, 'ણ'કાર અને 'ડ'કારનો ઉપયોગ તેમ જ 'ઓ'કારના પ્રયોગથી દેખાઈ આવે છે. આનંદઘને પોતાની માતૃભાષામાં કાવ્યરચના કરવાનો પ્રારંભ કર્યો હોય અને એ રીતે પ્રથમ પદો રચાયાં હોય એ સંભવિત છે. એ પછી એમણે ગુજરાત-સૌરાષ્ટ્રમાં વિહાર કર્યો, એને પરિણામે એમની ભાષામાં ગુજરાતીનો પાસ બેઠો હોય તેમ અનુમાન થઈ શકે.

યોગી આનંદઘનનાં મોટા ભાગનાં પદો જીવનના પૂર્વકાળમાં રચાયેલાં હોય અને સ્તવનો ઉત્તરકાળમાં રચાયેલાં હોય એમ માનવામાં બાધ આવતો નથી. પદો પૂરેપૂરાં લખ્યાં તે પછી જ સ્તવનો રચ્યાં હશે એમ આત્યંતિક વિધાન પણ ન કરી શકાય, ક્યારેક સ્તવનો લખતાં વચ્ચે કોઈ અનુભૂતિનો ઉછાળ આવી જતાં કોઈક નાનકડું પદ પણ રચાઈ ગયું હોય. આનંદઘનની સ્તવનો અને પદોમાં પ્રગટતી પ્રતિભાને સાવ નોખી પાડવી શક્ય નથી.

એમનાં પદોમાં પણ જિનભક્તિનો પ્રવાહ વહે છે અને એમનાં સ્તવનોમાં પણ પદોનો ઊર્મિઉછાળ છે. પ્રણયની પરિભાષા તો આપણે બાવીસમા શ્રી નેમિનાથ જિનસ્તવનમાં પણ જોઈ શકીએ છીએ. આ ઉપરથી આપણે એટલું જ તારણ કાઢી શકીએ કે મુખ્યત્વે એમનાં મોટા ભાગનાં પદો એમના પૂર્વજીવનમાં અને સ્તવનો ઉત્તરકાળમાં રચાયાં હશે.

આનંદઘનજીનાં પદો 'આનંદઘન બહોંતરી' તરીકે જાણીતાં છે. આ નામ પરથી એમ લાગે છે કે આનંદઘનજીએ ૭૨ પદ લખ્યાં હશે. પરંતુ જેમ આનંદઘનજીએ બાવીસ સ્તવનો લખ્યાં છે, છતાં એ 'આનંદઘન ચોવીસી' તરીકે ઓળખાય છે, એ જ રીતે 'આનંદઘન બહોંતરી' નામ પણ પાછળથી આપવામાં આવ્યું હોય એ બનવાજોગ છે. હસ્તપ્રતોમાં મળતાં પદો જુદી જુદી સંખ્યા ધરાવે છે, પરંતુ આ પદોમાં અન્ય કવિઓનાં પદો અને કોઈ અજ્ઞાત કવિએ આનંદઘનને નામે ચડાવી દીધેલાં પદો પણ મળે છે.

આનંદઘનને નામે લગભગ ૧૨૧ પદો જોવા મળે છે. આમાં ક્યું પદ કોનું છે તેને માટે પ્રાચીન હસ્તપ્રતોનું સંશોધન કરીને નક્કી કરવાનું કાર્ય થયું નથી. 'આનંદઘન ગ્રંથાવલી'માં ઉમરાવચંદ જરગડ અને મહતાબચંદ ખારૈડે આવાં પદો જુદાં તારવવા પ્રયાસ કર્યો છે. એમણે આનંદઘનનાં હોય તેવાં તોંતેર પદ જુદાં તારવ્યાં છે; જોકે પ્રાચીન હસ્તપ્રતોને આધારે એનું સંશોધન કરવાનું કામ તેઓએ કર્યું નથી. આમ, બીજા મધ્યકાલીન કવિઓની માફક આનંદઘનનાં પદોમાં પણ અન્ય કવિઓની રચનાઓનું મિશ્રણ થયેલું છે. ખરું જોતાં એ જમાનાના બધા જ લોકપ્રિય કવિઓની કૃતિઓનું આમ બન્યું છે. પરંતુ સ્તવનોના મુકાબલે પદોમાં કવિત્વશક્તિ, રસિકતા અને દૃષ્ટિની વ્યાપકતા જોવા મળે છે.

## સંદર્ભ ગ્રંથો


૧. શ્રી આનંદઘનજીનાં પદો : લે. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

૨. શ્રી આનંદઘન એક અધ્યયન : લે. ડૉ. કુમારપાળ દેસાઈ

# ૮ અવધૂત યોગી આનંદઘનજીનાં પદો : આત્મ સાધનાની પ્રક્રિયા

**ડૉ. અભય ઇન્દ્રચંદ્ર દોશી**

ડૉ. અભય દોશી મીઠીબાઈ કોલેજમાં ગુજરાતી વિષયના પ્રોફેસર છે. અને મુંબઈ યુનિવર્સિટીના પીએચ.ડી.ના ગાઈડ છે. કવિ છે. પ્રાચીન ગ્રંથોના સંશોધન કાર્યમાં રસ ધરાવે છે.

કવિ આનંદઘનજી એટલે સત્તરમી સદીમાં પ્રગટેલી એક અનુપમ જ્ઞાનજ્યોતિ - અનુભવજ્યોતિ. તેમની અમૂલ્ય અનુભવવાણીમાંથી કાળપટ પર આજે 'ચોવીશી' અને 'પદબહોંતેરી' એ બે રચનાઓ જ મુખ્યરૂપે ઉપલબ્ધ થાય છે.

આનંદઘનજીએ ચોવીશીના એક સ્તવનમાં કહ્યું છે -

**"પક્ષપાત સૌ છંડી કરી, આતમતત્ત્વ શું રઢ મંડો રે."**

યોગી આનંદઘનજીનું જીવન એટલે વિવિધ ગચ્છો - પક્ષો આદિની મતાગ્રહીતાથી દૂર શુદ્ધ - આત્મસાધનાના માર્ગની ખોજ, દ્રવ્ય અધ્યાત્મ, નામ અધ્યાત્મ છોડી વાસ્તવિક ભાવ અધ્યાત્મ પ્રતિની યાત્રા.

આનંદઘનજીનાં પદો વ્રજ - રાજસ્થાનીમાં રચાયાં છે. અનુપમ માધુર્ય અને ઉચ્ચ કક્ષાની આધ્યાત્મિક અભિવ્યક્તિને લીધે આ પદો સમગ્ર મધ્યકાલીન સાહિત્યમાં વિશિષ્ટ સ્થાનના અધિકારી બન્યા છે.

કવિનાં આ પદોમાં સુમતિ (શુદ્ધ ચેતના) પોતાના પ્રિયતમ આતમરામને અશુદ્ધ ચેતના(કુમતિ)નું ઘર છોડી પોતાના સ્વઘરે આવવા વિનવે છે. શુદ્ધ ચેતનાની આ વિરહસભર - વિપ્રલંભ શૃંગારભરી ઉક્તિઓ કવિની આત્મતત્ત્વ માટેની ગહન ખોજ દર્શાવે છે.

સુમતિ એક પદમાં વિનંતી કરતા રહે છે -

**"મિલાપી આન મિલાઓ રે મેરે અનુભવ મીઠડે મીત."**

મારા મીઠા અનુભવ મિત્ર ! મેળાપ કરી જાણનારા ! મારા પતિને -આત્માને લાવીને મેળવી આપો. ચાતક પક્ષી 'પીઉ પીઉ' કરે છે, પરંતુ તે પ્રિયતમ સાથે મિલાપ કરાવી શકતા નથી. શાસ્ત્ર, ગ્રંથ આદિ પણ 'પિઉ પિઉ' ની જેમ પરમતત્ત્વનું ઉચ્ચારણ કર્યા કરે છે, પરંતુ તેને મેળવી શકતા નથી. મેળવી શકવાનું સામર્થ્ય કેવળ અનુભવ-મિત્રમાં જ છે. આથી જ અનુભવ-મિત્રને વિનંતી કરતા કહે છે -

**"ચાતક પિઉ પિઉ રટે રે, પિઉ મિલાવે ન આન,**
**જીવ જીવન પીઉ પીઉ કરે પ્યારે, જીઉ નીઉ આન એ આન."**

(પદ-૩૩)

મારો જીવ જીવન સમાન પ્રિયતમને 'પીઉ પીઉ' કરી પોકારે છે. હે અનુભવ મિત્ર ! તું મને મારા પ્રિયતમ પાસે લઈ જા.

સુમતિના ઉદ્‌ગારમાં 'પ્રીતમ કબ હી મીલેંગે'ની તીવ્ર ધૂન અનુભવાય છે.

શુદ્ધ ચેતના (આધુનિક માનસશાસ્ત્રની પરિભાષામાં **Super Ego**) આત્માને સ્વ-સ્વભાવ સાથે, શુદ્ધ ચૈતન્ય સાથે જોડવા ઈચ્છે છે, ત્યારે કુમતિ આ પરિસ્થિતિમાં વિઘ્ન કરી આત્માને સંસારમાં રખડાવવા ઈચ્છે છે.

સુમતિ - બરાબર જાણે છે કે, શુદ્ધ ચૈતન્ય સાથેનું અનુસંધાન અનુભવ દ્વારા જ શક્ય છે. જીવ અનાદિકાળથી અજ્ઞાનમાં ડૂબેલો છે. તેને શાસ્ત્રજ્ઞાન દીપકની જેમ સહાયક બની શકે, પરંતુ તેની ઊંઘ તો અનુભવજ્ઞાનથી જ દૂર થઈ શકે.

આ અનુભવ જ્ઞાન એટલે શું ? એ આપણે વ્યાવહારિક ઉદાહરણથી સમજીએ. તરવા વિશેનું ઘણું જ્ઞાન ધરાવવા છતાં વાસ્તવિક તરવાની **practise** ન ધરાવતી વ્યક્તિ સફળતાપૂર્વક તરી શકતી નથી. એમ અનેક પ્રકારનાં શાસ્ત્રોનું જ્ઞાન ધરાવનારી વ્યક્તિ પણ 'અનુભવજ્ઞાન' વિના તરી શકતી નથી. જે 'વસ્તુ' આત્મતત્ત્વ વિચારતા, ધ્યાન કરતા મન વિશ્રામ પામે, રસ, આસ્વાદ અને સુખ ઊપજે એનું નામ અનુભવ.

આનંદઘનજી એક પદમાં આત્મ-અનુભવનો ઉપાય દર્શાવતા કહે છે -

**પદ - ૬ (સાખી)**

આતમ અનુભવ રસિક કો, અજબ સુન્યો વિરતંત
નિર્વેદી વેદન કરે, વેદન કરે અનંત.

**રાગ રામગ્રી**

**માહરો બાલુડો સંન્યાસી, દેહ દેવલ મઠવાસી;**
**ઈડા પિંગલા મારગ તજી, જોગી, સુષમના ઘરવાસી;**
**બ્રહ્મરંધ્ર મધી આસન પૂરી બાબુ, અનહદ તાન બજાસી. માહરો... ૧**
**યમ નિયમ આસન જયકારી, પ્રાણાયામ અભ્યાસી;**
**પ્રત્યાહાર ધારણા ધારી, ધ્યાન સમાધિ સમાસી. માહરો... ૨**

**મૂલ ઉત્તર ગુણ મુદ્રા ધારી, પર્યંકાસન ચારી;**
**રેચક પૂરક કુંભક સારી, મન ઈંદ્રી જયકારી. માહરો... ૩**
**થિરતા જોગજુગતિ અનુકારી, આપોઆપ વિમાસી;**
**આતમ પરમાતમ અનુસારી, સીઝે કાજ સમાસી. માહરો... ૪**

કવિએ અહીં યોગની પરિભાષા પ્રયોજી આત્મ-સાધનામાર્ગનું રહસ્ય દર્શાવ્યું છે. આત્મ-અનુભવ રસિકજનોનો અજબ રહસ્યમય વૃત્તાંત છે, જે નિર્વેદી - કેવળજ્ઞાની કે સિદ્ધનો અનુભવ છે, તે એ આત્મા સંવેદી શકે છે, અને આ વેદન-સંવેદન અનંત છે.

આ આશ્ચર્યકારક ઘટના સાધકના જીવનમાં કઈ રીતે શક્ય બની ? તો કહે છે - મારો આત્મા બાળસંન્યાસી છે, અને દેહમાં રહેનાર શરીરધારી છે, પરંતુ યોગ-સાધનાના બળે દેહને 'દેવળ' સમાન કર્યું છે."

તેને ઈડા અને પિંગલા (ઉપલક્ષણથી રાગ-દ્વેષ) છોડી મધ્યસ્થભાવ - સુષમણા દશાને પ્રાપ્ત કરી છે. સ્વદેહ પ્રત્યેનો રાગ અને બીજા આત્મા પ્રત્યેનો દ્વેષ આત્માને સંસારમાં સતત રખડવાનારું તત્ત્વ છે. આ રાગ-દ્વેષની મંદતા થવાથી આત્મા સ્થિરાસને બેસી શકે, સ્થિરભાવે સાધનામાં આગળ વધી શકે.

આ પછી કવિ યોગનાં આઠ અંગોનો નિર્દેશ કરે છે. વિભિન્ન સાધના-માર્ગોમાં આ યોગનાં આઠ અંગો ગૂંથાયાં છે કવિ આ યોગનાં આઠ અંગો દ્વારા આત્માને દેહભાવથી છૂટો પાડી આત્મભાવમાં સ્થિર કરવાની સાધના તરીકે નિર્દેશે છે.

યમ પંચમહાવ્રતરૂપ છે, તો નિયમ શૌચ, સંતોષ અને ઈશ્વર પ્રણિધાન સ્મરણ દ્વારા સધાય છે આસનથી ધ્યાન માટેની એકાગ્રતા સધાય છે. પ્રાણાયામ દ્વારા આત્મજાગૃતિના દ્વારા ઊઘડે છે. પ્રત્યાહાર વડે ઈન્દ્રિયો બાહ્ય વિષય છોડી આત્માભિમુખ થાય છે. આ પાંચ યોગનાં બાહ્ય અંગો છે, પરંતુ ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગનાં આંતરિક અને વધુ મહત્ત્વનાં અંગો છે. ધારણામાં એક પદાર્થ કે વસ્તુને ચિત્તમાં ધારણ કરવાની હોય છે. બાહ્ય વસ્તુમાં મૂર્તિ કે આરાધ્યદેવતાની છબીને હૃદયમાં સ્થાપિત કરે તે ધારણા અને આંતરિક વસ્તુમાં હૃદયમળ, નાભિકમળ, સહસ્રાર આદિનું ચિંતન કરવું તે ધારણા કહેવાય. ધારણા પછી તે વસ્તુ પર એકાગ્ર

ચિત્તે ચિંતન મનન આદિ ધ્યાન અને ધ્યાનની ઉચ્ચતર ભૂમિકાએ આવતી તન્મયતા તે સમાધિ.

આ સાધક સાધનામાર્ગના મૂળ અને ઉત્તર ગુણોને ધારણ કરતો સમતારસમય મુદ્રાને ધારણ કરી.

શુદ્ધ સ્વભાવરૂપ પદ્માસન પર આનંદપૂર્વક ક્રીડા કરે છે. રેચક, પૂરક, કુંભક આદિ ક્રિયાઓ વડે મન-ઇન્દ્રિયનો જય કરી આ સાધક યોગયુક્તિ વડે આત્મતત્ત્વના પ્રાથમિક અનુભવથી આગળ વધી સ્થિરતા પ્રાપ્ત કરે છે. આ ભૂમિકાએ આપોઆપ વિચાર કરતા આત્મા - પરમાત્માને અનુસરી શુદ્ધ આત્મતત્ત્વને પામે છે, અને તેનાં સર્વ કાર્યો સિદ્ધ થાય છે.

આમાં, આનંદઘનજી યોગમાર્ગ દ્વારા આત્મતત્ત્વ અનુભવ અને આત્મતત્ત્વ પ્રાપ્તિનો માર્ગ ચીંધે છે. અન્ય ભક્તિ આદિ માર્ગમાં પણ યોગનાં પ્રથમ પાંચ અંગ પ્રગટ રીતે હોય કે ન હોય, પરંતુ પરમાત્માની હૃદયકમળમાં ધારણા, તેનું ધ્યાન અને તેમાં તન્મયતારૂપ સમાધિ આ ત્રણ અંગો તો અવશ્ય પ્રગટરૂપે હોય છે.

# ૯ અવધૂત યોગી આનંદઘનજીનાં પદો : આત્મસાધનાની પ્રક્રિયા

**રશ્મિબહેન ભેદા**

બી.એસ.સી.; એમ.એ. ડિપ્લોમા જૈનોલોજી; એડવાન્સ ડિપ્લોમા જૈનોલોજી, પીએચ.ડી. સંશોધનકાર્ય 'જૈનયોગ" પર કરી રહ્યાં છે.

આનંદઘનજીએ જે પદોની રચના કરી છે તે એટલી ગહન ગંભીર છે કે એનું રહસ્ય, એનો પરમાર્થ પામવાનું સામાન્ય માણસ માટે અઘરું છે. એ પદોને સમજવા માટે તત્ત્વનું જ્ઞાન, આત્મસાધનાની ભાવના અને ચિત્તની એકાગ્રતાની અપેક્ષા રહે છે. એમનાં પદોનો સાર એક જ છે કે - 'કોઈપણ ભોગે મોહ-માયા-મમતાના કુરાજ્યમાંથી મુક્તિ મેળવી શ્રદ્ધા સુમતિ-સમતાના સુરાજ્યમાં આત્માને સ્થાપન કરો.' આપણો આત્મા મમતારૂપી પુદ્‌ગલ વસ્તુઓમાં રાચી-માચી રહ્યો છે. જેમ રખડુ મનુષ્ય પરસ્ત્રીના મોહમાં ફસાઈ પોતાનું જીવન બરબાદ કરે છે, તેમ આપણા આત્માએ અનંત જન્મ બરબાદ કર્યા છે. મમતારૂપી સ્ત્રીએ તેને એવો મોહનીથી બાંધ્યો છે કે પોતે બંધાયો છે એનું એને ભાન જ નથી. એટલે પહેલા જ પદમાં આનંદઘનજી જગતના જીવોને જીવનની ક્ષણભંગુરતા બતાવી આત્મજાગૃતિ કરાવતા કહે છે -

"क्या सोवत है उठ जाग बाउ रे ।<br>
अंजलि जल ज्युं आयु घटत है ।<br>
देत पहोरिया धरि थाउ रे ।"

હે અજ્ઞાની મૂર્ખ જીવ, મનુષ્યભવ જેવો દુર્લભ ભવ મળવા છતાં તું મોહનિદ્રામાં કેમ સૂતો છે ! આ મનુષ્યભવ હથેળીમાં રાખેલ પાણીની જેમ ઓછો થતો જાય છે. તું પોતે જ પરમાત્મસ્વરૂપ છે, તો એ શ્રદ્ધા રાખી આનંદઘનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ શુદ્ધ આત્મપ્રભુનું ધ્યાન કરવાનું કહે છે.

મમતા એ સંસારનો અને સમતા એ મોક્ષનો માર્ગ છે, જે આત્માઓએ પરમાત્માને ધારણ કર્યા છે. તેઓ કોઈપણ સંજોગોને પોતાના માનતા નથી. જ્યાં સુધી આપણા અંતરમાં કુમતિ છે ત્યાં સુધી મોહની નિદ્રા છે, એટલે જ્યારે સુમતિ જાગીને પુરુષાર્થ કરે, આ મોહના ફુર્ચા ઉડાવે, સંયોગો ઉપરથી મન ઊઠે ત્યારે ચેતનની (એટલે કે આત્મા) ચેતના સમ્યગ્‌દર્શન સન્મુખ થાય, શુદ્ધાત્માનો અનુભવ થાય.

આત્મા બાહ્યદૃષ્ટિ ત્યાગી જેમ જેમ આંતરદૃષ્ટિ કરે તેમ તેમ કર્મોનો રસ ઘટે છે. કર્મોનો ક્ષયોપશમ થાય છે. કર્મો શાંત - ઉપશાંત થાય છે. અને જેવું અરિહંતોનું સ્વરૂપ છે તેવું આત્મસ્વરૂપ ચિંતવે ત્યારે ઉપયોગ અરિહંતાદિમય બને છે. આવી સાધના કરતા જીવ જ્યારે આત્મતત્ત્વને પામે છે ત્યારે પરમ આનંદની અનુભૂતિ થાય છે. પરંતુ આ આનંદ પણ ચિરસ્થાયી નથી. કારણ કર્મો હજુ મૂળમાંથી ગયાં નથી. માટે ઉપયોગને મમતાના ભાવમાં ન જવા દેવા માટે પાછો જીવને અજાગ્રત દશા ન આવે તે માટે એકાંત - મૌન - ધ્યાન-સ્થિરાસન દ્વારા અસંગ દશાને કેળવવાનું કહે છે.

પૂ. આનંદઘનજી મહારાજ જ્ઞાન અને અજ્ઞાનના ભેદ સમજાવે છે "રાત્રે અંધકાર હોય છે. પ્રભાતમાં સૂર્યનાં કિરણો આવતાં એ અંધકાર દૂર થઈ પ્રકાશ પ્રગટે છે, એવી જ રીતે આત્માની મોહાંધતારૂપ અજ્ઞાનદશા દૂર થતા જ્ઞાનદશા પ્રગટે છે અને આત્માનું સ્વરૂપ સમજાય છે.

मेरे घर ग्यान भानु भयो भोर ।
मेरे चेतन चकवा चकवी भागो विरह को सोर.....॥

આત્માનું અજ્ઞાન દૂર થઈ જ્ઞાનપ્રકાશ થતા પ્રતીતિ થાય છે કે હું નામરૂપ અને દેહદારી નહિ પણ ત્રિકાલ શુદ્ધ પરમાત્મરૂપ છું. અધ્યાત્મનો પહેલો પાયો હું પરમાત્મા છું તેનો નિર્ણય કરી અનુભવ કરો અને જીવમાત્રને પરમાત્મા તરીકે જુઓ. જેવા ભાવો પ્રભુ પ્રત્યે કરો, બધા જીવો પ્રત્યે તેવું બહુમાન, અહોભાવ અને સન્માનની લાગણી કેળવો. દરેક જીવમાં પરમાત્મપણું અપ્રગટ રીતે રહેલું છે, તેથી જ જીવ શિવ કહેવાય છે. એટલે જ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવમાત્રમાં મૌલિક તત્ત્વ પરમાત્મપણું જુઓ. તેનાથી કોઈ પ્રત્યે દુર્ભાવ ન આવે અને સમતા સિદ્ધ થાય. અશુભ ભાવો નીકળી જાય અને શુભ ભાવો સહજ બને. જીવનનું ક્રમિક ઉત્થાન એટલે અશુભમાંથી શુભમાં આવવું અને શુભમાંથી શુદ્ધ ભાવમાં આવવું, કારણ આત્મભાવ એ શુદ્ધ ભાવ છે.

પૂ. આનંદઘનજી મહારાજ કહે છે : "સંસારમાં પ્રાણીઓ બહિરાત્મભાવમાં મૂંઝાયા છે. આત્માની વિષયકષાય પ્રત્યેની રાગદશા એ બહિરાત્મભાવ છે. સંસારનાં સુખોમાં સુખબુદ્ધિ અને મોહમાયામાં ફસાયેલું વિશ્વ બહિરાત્મા દશા છે અને મોહવશ જીવો અજ્ઞાનવશ વર્તી ધર્મને પણ સંસારનું કારણ બનાવે છે. ધર્મ આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટાવવા માટે છે. બહિરાત્મ દશામાં વર્તતાં પ્રાણીઓ પરમાત્માને બહાર શોધવા પ્રયત્ન કરે છે; પણ પરમાત્માની પ્રાપ્તિ ધ્યાનમાં છે. તેમાં ઉપયોગ સૂક્ષ્મ કરી અંદર વાળવાનો

છે. જે આત્માઓ પોતાના હૃદયકમળમાં પરમાત્માને શોધે છે, તેઓ જ આત્માના શુદ્ધ સ્વરૂપને પામી શકે છે. જે ધર્મ પામ્યા પછી મિથ્યાત્વ જાય. દેહ અને આત્મામાંથી 'હું'પણું જાય એ ધર્મ. વીતરાગતા ગ્રહણ કરો તો દેહભાવ ઓગળે. મિથ્યાત્વની ગ્રંથિ પીગળે એ અધ્યાત્મની શરૂઆત છે. અધ્યાત્મ એટલે ભેદજ્ઞાનનો પ્રયોગ. દેહ, ઈન્દ્રિય, શુભાશુભ ભાવો આ બધાથી જુદો મારો આત્મા છે. તે જોનારો અને જાણનારો છે, આવું જુદાપણું વર્તાય, આટલી જાગૃતિ આવે તો મનુષ્યભવ સફળ થાય. આવી જાગૃતિ દ્વારા અંતરંગ પરિણતિ નિર્મળ થાય. આ જાગૃતિ એ મોક્ષમાર્ગ છે. પ્રત્યેક પળે આપણી સાધના વીતરાગતા, વીતરાગ ભાવ માટે હોવી જોઈએ. એમાં આત્મા જેટલો સ્થિર બને, નિર્લેપ બને એટલું પરમાત્મપદ પ્રાપ્ત કરવું સહેલું થાય જેનો અંદર આત્મા જેટલું સ્થૈર્ય ભાવ કેળવે કે આખા જગતનું શીર્ષાસન થાય તો પણ એમાં એ દ્રવ્ય ભાવ કેળવી રાખે, ત્યારે પૂ. આનંદઘનજી કહે છે -

"આત્માને ઓળખવો હોય તો અન્વય અને વ્યતિરેકથી આત્માને ઓળખી શકાય છે. આત્મા દેહથી તદ્દન ભિન્ન છે. બેઉના ગુણધર્મ ભિન્ન છે. જ્ઞાન અને આનંદ આત્માની મૌલિકતા છે, જે આત્મા છોડીને બીજે ક્યાંય નહિ મળે. જે દેહનો ધર્મ નથી આ શ્રદ્ધા જો દૃઢ બને તો અનાદિકાળથી જે વિનાશી પદાર્થો પ્રત્યેની પ્રાપ્તિ માટે દોટ મૂકી છે તેનો અંત આવે. આ શ્રદ્ધાના અભાવે જીવ પરમાંથી સુખ શોધે છે અજ્ઞાન જેવું બીજું કોઈ પાપ નથી. જ્યાં અજ્ઞાન હોય ત્યાં **મિથ્યાત્વનો ઉદય હોય, તૃષ્ણા હોય** મિથ્યાત્વની બુદ્ધિ ભ્રમિત થતા જ્ઞાનને ખંડિત કર્યું, જેનાથી આખું જ્ઞાન તત્ત્વ ખંડિત થયું.

આવી રીતે જ્ઞાનમાર્ગના સાધક અને આત્મભાવમાં રમણ કરનારા પૂ. આનંદઘનજીઓ સાધનાના ક્ષેત્રમાં જે અનુભવ્યું તે પોતાનાં પદો અને સ્તવનોમાં વ્યક્ત કર્યું છે. એમણે પોતાની અપ્રમત્ત અને ઉત્કટ સાધના દ્વારા પૌદ્ગલિક વૃત્તિઓથી સાચા અર્થમાં મુખ મોડીને આત્મભાવ સાથે ખરેખરી પ્રીતિ જોડી હતી. પોતાના પદોમાં આત્માને જગાડે અને સાધનાનો સાચો રાહ બતાવે એવા કેટલાયે ભાવો સહજ રીતે સમાવી દીધા છે. આવી વાણી એ માત્ર વાક્યોનો સંગ્રહ કે શબ્દોનાં જોડકણાં નથી, પણ પૂ. આનંદઘનજીના જીવન અને સાધનાની એકરૂપતાએ પ્રગટાયેલું, જીવનને અમરતા આપતું સંજીવની રસાયણ છે. જે આત્મસાધક યોગીને પોતાના સાધનાને બળે આવા અમૃતત્વ પ્રાપ્તિની પ્રતીતિ થઈ હોય એના અંતરમાંથી જ આ પદ નીકળે,

अब हम अमर भये, न मरेंगे ।

# ૧૦ અવધૂત યોગી આનંદઘનજીનાં પદો : આત્મસાધનાની પ્રક્રિયા

**ડૉ. છાયાબહેન શાહ**

જૈનધર્મના અભ્યાસુ છાયાબહેન અવાર-નવાર જૈનસાહિત્ય સમારોહ અને પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રવચનો આપે છે. જૈનધર્મના વિષય પર પીએચ.ડી. થયા છે.

પહેલા 'આનંદઘન ચોવીશી'નું વિશ્લેષણ કરીએ તો એક પછી એક આત્મસાધનાની પ્રગતિનાં સોપાન તેમણે બતાવ્યા છે :

(૧) સન્માર્ગે જવા ઈચ્છાવાળા જીવને પહેલા ઋષભ સ્તવન દ્વારા સંસારનો પ્રીતિયોગ છોડી ધર્મ - ધર્મમાર્ગ, પરમાત્મતત્ત્વ, મોક્ષ તરફ પ્રીતિયોગ જોડવાની વાત કરે છે. પારમાર્થિક પ્રીતિ કરવા લલચાવે છે.

(૨) બીજા સ્તવનમાં પરમાત્મા તરફ પ્રીતિ જાગી, હવે પરમાભાવ પામવાના માર્ગને શોધવા જીવને સૂચન કરે છે. ગીતાર્થ ગુરુ તેને માર્ગ ચીંધે છે.

(૩) ત્રીજા સ્તવનમાં ગમે તે માર્ગે પ્રભુ પ્રાપ્ત થતા નથી, આ સ્તવનમાં આનંદઘનજી માર્ગના નકશાનો ખ્યાલ આપે છે.

(૪) ચોથા સ્તવનમાં પ્રભુનાં દર્શનની તૃષા ઉત્પન્ન થઈ છે. તેને ગમે તે રસ્તે બૂઝવવાની નથી. પરમાત્માનું દર્શન અત્યંત દુર્લભ છે. તે સુલભ થાય તે માટે કૃપાના પાત્ર થવાના પ્રયત્નો ચાલુ રાખે છે.

(૫) આત્માની ત્રણ પ્રકારની અવસ્થાનો ખ્યાલ અપાયો છે.

(૬) એક જ આત્માની ત્રણ અવસ્થાઓનાં કારણો સમજવાની સ્વ-પર ભેદનું જ્ઞાન થાય છે.

(૭) જુદાં જુદાં નામે પરમાત્મા તરફ આકર્ષણ વધે છે.

(૮) છેવટે પરમાત્મા પ્રત્યેનો સમર્પણભાવ જાગે છે, સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે.

(૯) પૂજાની ઈચ્છા અને પરમાત્માની પૂજા કરવામાં આવે છે.

(૧૦) તત્ત્વજ્ઞાનની ગહન સમજ - સ્યાદ્વાદ તરફ લક્ષ્ય.

(૧૧) અધ્યાત્મભાવની પ્રાપ્તિની લગન.

(૧૨) વિશિષ્ટ આત્મજ્ઞાન.

(૧૩) ભક્તિભરી ઊર્મિઓ.

(૧૪) વચનાનુષ્ઠાનની પ્રાપ્તિ અને સ્થિરતા.

(૧૫) અપ્રમત્ત ભાવ : મુનિધર્મ : પરમનિધાનનું દર્શન.

(૧૬) સામર્થ્ય યોગ : સમભાવની પ્રાપ્તિ.

(૧૭) ઉપશમ ભાવની પરાકાષ્ઠા.

(૧૮) આત્માનો સાક્ષાત્ અનુભવ.

(૧૯) અઢાર દોષરહિતપણે કેવળજ્ઞાનની પ્રાપ્તિ.

(૨૦) મુક્તિની શક્યતા.

(૨૧) તીર્થ શાસનની સ્થાપના.

(૨૨) પરમાત્મભાવની પ્રાપ્તિ.

(૨૩) સર્વજ્ઞતા.

(૨૪) શૈલશીપણું.

એ પ્રમાણે ક્રમે ક્રમે આત્મા મોક્ષ પ્રાપ્ત કરી શકે છે, તે રહસ્ય આ ચોવીશી દ્વારા સમજાવવામાં આવેલું છે. દરેક અવસ્થામાં આત્મા કેવા ભાવો અનુભવે છે ? તેનું બાહ્ય સ્વરૂપ કેવું હોય છે ? વગેરેનો ખ્યાલ આ સ્તવનોના અભ્યાસથી આવી શકે છે.

આનંદઘનજીએ એકસોથી અધિક પદો લખ્યાં છે. 'બેર બેર નહીં આવે અવસર, 'અબ હમ અમર ભયે ન મરેંગેં' 'ક્યા સોવે ઉઠ જાગ બાઉ રે', 'આશા ઓરનકી ક્યા કીજે', 'રામ કહો રહેમાન કહો'... 'યા પુદ્ગલ કા ક્યા વિસવાસા', 'સાધો સમતા રંગ રમીજે', 'અવધૂ ક્યાં માંગુ ગુન હીના', 'અબ ચલો સંગ હમારે.'

આ બધાં પદોમાં માર્મિક ચર્ચાઓ કરી છે, જે આત્મ-સાધનાની પ્રક્રિયામાં ઘણી સહાયરૂપ છે. તેમાં ગુરુકૃપા, સાધુ સંગતિ, આત્મજ્ઞાન, સુધારસનો અનુભવ, સમતાની આરાધના, મમતાનો ત્યાગ ઈત્યાદિ પર બહુ ભાર મૂક્યો છે.

પદોમાં પણ વિવિધ રીતે આત્મસાધનાની પ્રક્રિયાની રીતો બનાવી છે. 'ક્યા સોવે' પદમાં પહેલા આત્માને મૂર્ચ્છામાંથી જગાડે છે. 'જીવ જાને

મેરી સફૂલ ધરીરી' આ પદમાં પણ આત્માને જગાડવાના પ્રયત્નો બતાવ્યા છે. મોહના આવરણથી સંસારમાં રચ્યોપચ્યો આત્મા ગર્ભની વેદના ભૂલી ગયો છે, તેને જાગ્રત કરે છે. 'આતમ અનુભવ રસિક્કો' આ પદમાં કવિએ ચેતનને અનુભવ-રસિક કહ્યો છે. સર્વ પદોમાં મુગટ સમાન આ પદમાં આનંદ-ઘનજીએ સાધકને સાધનાનો ઉત્તમ માર્ગ બતાવ્યો છે. કેટલી ઓછી પંક્તિઓમાં એમણે અધ્યાત્મ-માર્ગરૂપ ચાવી આપી દીધી છે. સ્વાનુભવ વિના આવી પંક્તિઓ લખી શકાય નહિ. આ ઉપરાંત વિવિધ પદોમાં આત્માની ઉત્તમ શક્તિનું દર્શન કરાવે છે. સદ્‌ગુરુના યોગનું મહત્ત્વ બનાવી સમ્યક્ત્વ પામવાનો રસ્તો બતાવે છે. આત્માને ઢંઢોળ્યો છે. આત્માને તેની વાસ્ત-વિક્તાનું દર્શન કરાવે છે. સ્વ-પર પરિણતિનું ભેદજ્ઞાન કરાવે છે. આત્માની જ્ઞાનદશા પ્રગટ થાય ત્યારે કેવો અનુભવ થાય, તેનું નિરૂપણ કર્યું છે. વિભાવદશામાંથી સ્વભાવમાં પાછા ફરેલા જીવનો કેવો આનંદ હોય તેનું લૌકિક ભાષામાં વર્ણન છે. ક્યાંક આત્માની વ્યાકુળતા પ્રદર્શિત કરી છે, કયાંક આત્માના મૂળ સ્વરૂપની વાત કરી છે. એક વાર આત્મસ્વરૂપની ઓળખ થાય, પછી તે પામવા માટે કેવો તલસાટ જાગે, તે વાતને કવિએ સુંદર રીતે સમજાવી છે. પ્રભુભક્તિ માટે નમ્રતાનું કેટલું મહત્ત્વ છે. 'ક્યા માંગુ ગૂન હીના' આ પદ દ્વારા સમજાવ્યું છે. 'આશા ઔરનકી ક્યા કીજે' આ પદમાં કવિએ ભૌતિક સુખ કરતાં બ્રહ્મરસના પાનનું કેટલું મહત્ત્વ છે તે સમજાવ્યું છે.

આમ વિવિધ પદો દ્વારા આનંદઘનજીએ આત્માને ઢંઢોળીને જાગૃત કર્યો છે. પછી તેનું મૂળ સ્વરૂપ સમજાવ્યું છે. પછી તેને પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવ્યો છે. પ્રાપ્ત કર્યા પછીના આનંદનું નિરૂપણ કર્યું છે ને આત્મા-સાધનાની પરાકાષ્ઠા પામ્યા પછી બીજું બધું અત્યંત તુચ્છ લાગે છે, તે વાતને ગંભીરતાથી સમજાવી છે.

# ૧૧ અવધૂત યોગી આનંદઘનજીનાં પદો : આત્મસાધનાની પ્રક્રિયા

ડૉ. રેણુકાબહેન પોરવાલ

બી.એસ.સી., એલ.એલ.બી, પીએચ.ડી. યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ એક અધ્યયન વિષય પર પીએચ.ડી. કરેલ છે. ડિપ્લોમા ઈન જૈનોલોજી કરી રહ્યા છે. જૈનજગત સામાયિકના હિન્દી વિભાગના સંપાદિકા છે.

અલગારી અવધૂત મહાન યોગી આનંદઘનજીએ ૧૦૮ જેટલાં પદો અને ચોવીસીની રચના કરી, જે અતિ ગહન તત્ત્વજ્ઞાન તથા આધ્યાત્મિક જ્ઞાનથી છલોછલ છે. એમની દરેક કૃતિ વિભિન્ન રાગ-રાગિણી, છંદ, અલંકાર, પ્રાસ-અનુપ્રાસ આદિ વડે સુબદ્ધ-સુગેય હોવાથી જનસમુદાયમાં ઘણી પ્રચલિત થઈ. તેમની રચનાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોમાં વૈરાગ્યનાં બીજ વાવી અનાસક્ત ભાવની વૃદ્ધિ કરવાનો હતો. અનાસક્તભાવ આત્મ-જાગૃતિની પ્રારંભિક અવસ્થા છે. તેમના તળપદી ભાષાવાળા અલંકારિક રૂપક શૈલીથી અભિભૂત લયબદ્ધ પદોમાં કાયા-જીવ સંવાદ, સુમતિ-કુમતિ સખીની વાર્તા, મિત્ર વિવેકનાં બોધપ્રદ વચનો વગેરેથી તેમની જૈનદર્શનની ઊંડી સમજ અને શ્રદ્ધાનાં દર્શન થાય છે. તેઓ જડ-ચેતનની વાતચીત દ્વારા સંસારની ક્ષણભંગુરતાનો ચિતાર મનઃચક્ષુ આગળ ખડો કરે છે.

સાધક જ્યારે સુંદર મનમોહક રાગ-રાગિણીવાળાં પદોનું શ્રવણ-મનન કરે છે ત્યારે એના આત્મામાં સ્પંદનો જાગ્રત થાય છે. એ દેહની મમતા ભૂલી સંસારની મોહજાળથી અલિપ્ત થઈ પોતાની સર્વ પ્રવૃત્તિ આત્મકેન્દ્રિત કરે છે. એકવાર આત્માને સમ્યક્દર્શન લાધે પછી એ ઉત્તરોત્તર સિદ્ધિનાં ઉચ્ચ સોપાન સર કરતો ૧૪મા ગુણસ્થાનક પહોંચે છે. આત્મ-સાધનાની પ્રક્રિયા અતિ દુષ્કર છે. એનો વિકાસ શનૈઃ શનૈઃ થાય છે. જેમાં શ્રી આનંદઘનજીનાં હૃદયનાં ઊંડાણમાંથી રેલાતો ભાવવાહી પ્રભુભક્તિની વિરાટ ઊંચાઈવાળાં પદો કારણભૂત બને છે. તેમનું પ્રભુભક્તિનું એક ભજનપદ ઘણું સુંદર, સરળ અને હૃદયંગમ છે - ૧૦૩મા પદમાં કવિ દાન, પુણ્ય અને પ્રભુભક્તિ કરવા સાધકને વિનંતી કરે છે.

''प्रभु भज ले प्रभु भज ले मेरा दिल राजी - रे...
आठ पहोर की साठज (चौसठ) घडीयाँ, दो घडीयाँ जिन साजी - रे...
दान पुण्य कछु धर्म कर ले, मोह मायाकुं त्याजी रे...
आनंदघन कहे समज समज ले, आखर खोवेगा बाजी रे...''

કવિ આનંદઘનજી અંતમાં ગુરુના વચન પર શ્રદ્ધા રાખી આત્મિક ગુણો ખીલવવાનો સંદેશ આપે છે.

પ્રારંભિક પદોમાં આત્માને મોહરૂપી માયાજાળમાંથી બહાર નીકળવાનો બોધ છે. માનવીનું આયુષ્ય પળે પળે ક્ષીણ થાય છે, જેની તુલના તેઓ અંજલિમાં ભરેલ જળ સાથે કરે છે.

**(પ્રથમ પદ)**

''क्या सोवे उठ जाग बाउ रे...
अंजलि जल ज्युं आयु घटत है...''

પ્રથમ પદમાં કવિ પ્રભુ મહાવીરે ગૌતમ પ્રભુને આપેલ ઉપદેશ આપે છે કે - ''समयं मा पमाइये गोयमा'' અર્થાત્ એક ક્ષણનો પણ પ્રમાદ ન કર. કારણ કે માનવ જિંદગી તો 'पानी केरा बुदबुदा देखत ही छिप जायेगा, ज्युं तारा परभात' પાણીના પરપોટાની જેમ ક્ષીણ થાય છે, માટે એક ઘડીનો પણ વિલંબ કર્યા વિના પ્રભુનું ધ્યાન ધર. કવિ પ્રહર બદલાતા ઘડિયાળના ટકોરા દ્વારા મળતી ચેતવણી પર ધ્યાન આપવા કહે છે -

''देत पहोरियां धरिय धाउ रे...
आनंदघन चेतनमय मूरति
शुद्धनिरंजन देव ध्याउ रे...''

શુદ્ધ નિરંજન પરમાત્માનું ધ્યાન ધરવા મનુષ્યે એક ઘડીનો પણ વિલંબ ન કરવા પ્રબોધે છે.

તેમની રચનામાં અધ્યાત્મ જ્ઞાનરૂપ અમૃત નજરે પડે છે, જે તેમને જીવનમાં થયેલ અનુભવોનો નિચોડ છે.

એકવાર તેઓ અઠ્ઠમને પારણે ગોચરી વહોરવા ગયા. નગરમાં ગૃહસ્થોને ઘરે ફરતાં ફરતાં પણ તેમને આહાર પ્રાપ્ત ન થયો. સ્વસ્થાને આવી ફક્ત પાણી વાપરી આશામાં લપેટાતા જીવને ઉદ્દેશીને એક પદ રચ્યું. આ પદમાં તેઓ માનવીને સરળ શબ્દોમાં કહે છે કે - ''આશા અને એની ઉપલબ્ધિ નિરાશા જ હોય છે, ઠગારી નીવડે છે.'' જ્યારે આત્માના સહજ

સુખનો અનુભવ થાય તો એની ખુમારી કદી ઊતરતી નથી. ૨૮મા પદનો પ્રારંભ અત્યંત હૃદયસ્પર્શી છે.

### પદ ૨૮

"आशा औरन की क्या कीजे...
ज्ञान सुधारस पीजे....।
भरके द्वार द्वार लोकन के, कूकर आश धारी,
आतम अनुभव रस के रसिया, उतरे न कबहु खुमारी... ॥"

તેઓ આત્મોન્નતિ માટે સુસાધુની સંગતને પણ મહત્ત્વ આપે છે. શુદ્ધ ચારિત્રધારી સાધુઓ પાપીઓને પણ સન્માર્ગે વાળે છે. તેઓ ૬૮મા પદમાં સાધુઓ જનહિતાર્થે પોતાનું સર્વસ્વ અર્પણ કરે છે એમ જણાવે છે.

### પદ ૬૮

"साधु संगति बिन कैसे पैये परम महारस धाम रे...
देव असुर इन्द्रपद चाहु न, राज न काज समाज री,
संगति साधु निरंतर पावुं आनंदघन महाराज री..."

અહીં કવિ સાધુ - ભક્તિનો મહિમા ગાય છે સાધુઓના દર્શનથી અનેક પ્રકારના દોષો ટળે છે, માટે જ શાસ્ત્રોમાં લખ્યું છે કે -

साधुनां दर्शनं पुण्यं, तीर्थ भूताहि साधवः ।
तीर्थः फलति कालेन, सघः साधु समागमः ॥१॥

સાધુઓ સાક્ષાત્ તીર્થ જ છે. શરીરની બીમારી જેમ મોટા ડૉક્ટર કે વૈદ્ય મટાડે છે, તેમ કષાય અને કર્મમાં જકડાયેલ આત્મા સાધુથી સુધરે છે, કારણ કે તેમણે સ્વ-પરના કલ્યાણ અર્થે સંસારત્યાગ કર્યો છે. તેઓ નિર્મોહી, નિઃસ્વાર્થી અને ધર્મરક્ષણમાં તત્પર હોવાથી લોકોને સત્યમાર્ગ ચીંધે છે.

શ્રીમદ્ યોગીરાજ જીવને સંસારથી અલિપ્ત રાખી કર્મ નિર્જરા અને કષાયમુક્ત થવાનો ઉપદેશ આપ્યા પછી એનું ચારિત્ર દૃઢ થાય, એવાં પદોની રચના સુમતિ અને વિવેક મિત્રના રૂપક દ્વારા કરી છે. જીવ ઉચ્ચ ચારિત્રના બળે ચતુર્થ ગુણસ્થાનક સુધી પહોંચે છે. ૧ થી ૧૪ ગુણસ્થાનકો

આત્માની ઉચ્ચ મનોદશા, સમતાભાવ અને ચારિત્રના વિકાસના દ્યોતક છે. પ્રથમ ગુણસ્થાનક 'મિથ્યાત્વ'માં જીવ અનાદિકાળથી મોહનીય કર્મના સકંજામાં જકડાયેલો છે, જ્યારે આત્મામાં સમ્યક્ત્વ અર્થાત્ સમ્યગ્દર્શન પ્રગટે છે, ત્યારે આત્મિક ગુણોનો વિકાસ ઉત્તરોત્તર કરે છે અને 'અવિરતિ સમ્યક્દષ્ટિ' નામક ચોથા ગુણસ્થાનકે પહોંચે છે. અહીં આત્મવિકાસના વિવેકચક્ષુ ખૂલે છે.

## પદ ૧૬

"निशदिन जोउं तारी वाटडी घेरे आवो रे ढोला,
मुझ सरिखा तुझे लाखो है मेरे तुही अमोला..."

આ પદમાં સમતા કહે છે કે - "આત્મા સિવાય, આત્મા સમાન આનંદનું કોઈ ધામ નથી. એમાં અખંડ આનંદ સમાયો છે. અનંત ગુણરૂપી આત્મા અણમોલ છે. સમતારૂપી સ્ત્રીના હૃદયમાં આત્મસ્વરૂપ સ્વામી રહેતા હોવાથી ત્યાં વચ્ચે અંતર નથી."

ચોથા ગુણસ્થાનકમાં આવ્યા પછી અવિરતિના સંગથી ફરી પહેલાં ગુણસ્થાનકમાં પહોંચી ગયેલા આત્મપતિને ફરી બોલાવવા વિવેકને કહે છે. ધનાશ્રી રાગમાં તળપદી શબ્દો અને રૂપક અલંકારથી સુસજ્જ પદ સાધકનું મન મોહી લે છે અને તે આત્મલક્ષી બને છે.

## પદ - ૫૬ (રાગઃ ધનાશ્રી)

"बालुडी अबला जोर किश्युं करे, पीउडो पर घर जाय ।
पूरबदिशि पश्चिम दिशि रातडो रवि अस्तंगत थाय... ॥१॥
बन्धु विवेके पीउडो बुजव्यो, वार्यो पर घर संग ।
आनंदघन समता घर आणे, वाधे नवनव रंग.... ॥२॥"

કવિ આ પદમાં અબળા નારી જ્યારે પતિ અન્ય પાસે જાય છે ત્યારે ખૂબ વ્યાકુળ જાય થઈ જાય છે. સમતા સ્ત્રી વિવેક બંધુને આત્મપતિને સમજાવીને સ્વઘરે લઈ આવવા વિનંતી કરે છે. વિવેકમાં સત્ય-અસત્યને અલગ તરાવીને સત્ય ગ્રહણ કરવાની - કરાવવાની અપૂર્વ શક્તિ છે. કોઈપણ વસ્તુ કે બાબત જ્ઞેય ઉપાદેય કે હેય છે, તે વિવેકબુદ્ધિ દ્વારા જ જાણી શકાય છે. આત્માને ક્રોધ, માન, માયા અને લોભ આદિ કષાયોથી

છોડાવનાર વિવેક મોક્ષમાર્ગની પ્રવૃત્તિ પણ કરાવે છે. વિવેકદષ્ટિથી આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ પિછાને છે. અહીં આ પદમાં વિવેક આત્માને કહે છે - "હે આત્મન્ ! તારી સાચી સ્ત્રી સમતા છે, માટે (કુમતિ) અવિરતિની સંગત છોડી દે." વિવેકદષ્ટિના બોધપ્રદ વચનથી ચેતને ફરી સમતા ધારણ કરી અને અશુભ વિચારોને દૂર કર્યા તથા તે શાશ્વત સુખનો ભોક્તા બન્યો.

શ્રીમદ્જી ગચ્છના ભેદ કે સંપ્રદાયના ભેદથી દૂર રહેતા અને લોકોને પણ બોધ આપતા. ૬૭મા પદમાં તેઓ રામ-રહેમાન, બ્રહ્મા આદિ સર્વ દેવને જૈન ધર્મની હેય-ઉપાદેયની સમજ આવે છે. જિનેશ્વરનાં વચનોમાં શ્રદ્ધા જાગે છે. ચોથા ગુણસ્થાનકથી વિવેક ચૂકેલો આત્મા ફરી પ્રથમ ગુણસ્થાનકે પહોંચે છે.

સંસારીજનોને બોધ આપવા શ્રી આનંદઘનજીએ ચોથા ગુણસ્થાનક સ્થિત સમ્યક્ત્વદષ્ટિને સુમતિસ્ત્રીનું અને વિવેકગુણને વિવેકમિત્રનું રૂપક આપ્યું. સુમતિ વિવેકને આત્મપતિ વિશે પૂછે છે એમ સુંદર અર્થસભર પદની રચનાઓ તેમણે કરી છે.

**પદ ૮૬ (રાગ : ધમાલ)**

"सलूणे साहेब आवेंगे मेरे, आलीरी वीर विवेक कहो साच ।
मोसुं साच कहो मेरीशुं, सुख पायो के नाहिं ।
कहानी कहा कहुं उहांकी, हिंडोरे चतुरगतिमांहि ॥"

પદ ૮૬મા સમ્યક્ત્વધારી સ્ત્રી અને વીર મિત્ર વિવેકનો સંવાદ દ્વારા જીવ કેવી રીતે ચોથા ગુણસ્થાનકે પહોંચ્યા પછી ફરી મિથ્યાત્વમાં જાય છે અને ત્યાં વિવેકદષ્ટિ રાખી કેવી રીતે પાછો આત્મોન્નતિ કરે છે તે દર્શાવ્યું છે. સમ્યક્ત્વ સ્ત્રી મિત્ર વિવેકને પૂછે છે કે - "તેનો આત્મપતિ ફરી ઘરે આવશે કે નહિ ? શું તે અહીં સુખી હતો ને ? જો ન આવશે તો વળી ચતુર્ગતિમાં સંસારભ્રમણમાં ચાલ્યો જશે." વિરહમાં ઝૂરતી સમતા સખીનું સુંદર વર્ણન આ પદમાં જોવા મળે છે.

**પદ ૯૪ (રાગ : સોરઠ)**

"निराधार केम मूकी, श्याम मने निराधार केम मूकी
कोई नहीं हुं कोणशं बोलु, सहु आलंबन चूकी ।
घटें घटें छो अंतरजामी, मुजमां का नवि देखु
जे देखुं ते नजर न आवे, गुणकर वस्तु विशेखुं ॥"

કવિ અહીં અધ્યાત્મદષ્ટિ ખીલવીને બાહ્યાભ્યંતર ચારિત્રની વૃદ્ધિ કરવાનો ઉપદેશ મનુષ્યને આપે છે. સંસારમાં જલકમલવત્ રહી સ્વ-આત્મામાં અંતરજામી નીરખી નિરંતર સાધના તપશ્ચર્યા કરતાં બારમા અને તેરમા ગુણસ્થાનકે પહોંચી શકાય છે.

શ્રીમદ્જી સમતારૂપી સ્ત્રી અને તેના પ્યારા આત્મસ્વરૂપ પતિનું રૂપક આપી સ્ત્રી, પતિને નિરંતર ઝંખે છે અને પતિને સ્વઆત્મામાં રમણ કરવા કથે છે. સાપેક્ષ દષ્ટિ વડે નીરખે છે.

**પદ - ૬૭**

"राम कहो, रहेमान कहो कोउ, कान कहो महादेव री ।
पारसनाथ कहो कोउ ब्रह्मा, सकल ब्रह्म स्वयमेव री ॥"

શ્રીમદ્જી અનુસાર જગતના લોકો પરમાત્માને જુદાં જુદાં નામોથી બોલાવે છે, તેના ભિન્ન ભિન્ન અર્થ કલ્પે છે અને ઝઘડે છે પરંતુ જે આગમ શાસ્ત્રોને જાણે છે. સાત નય વડે જે પરમાત્માના નામોનો સમ્યક્ અર્થ કરે, તેના મનમાં જ સાપેક્ષ બુદ્ધિ પ્રગટે છે અને સ્વ-પરનું કલ્યાણ સાધી શકે છે.

આનંદઘનજીનો નિર્મળ આનંદિત સમતાધારી સ્વભાવના ગુણગાન કવિ ઉપાધ્યાય સુજશવિજયજી (યશોવિજયજી) કરે છે. તેમની તુલના તેઓ ગંગા નદી અને તરંગ સાથે કરે છે. જ્યાં તેમનો સમતાભાવી સ્વભાવ અને સદ્બુદ્ધિ નદી અને લહેરની જેમ ઓતપ્રોત છે.

શ્રીમદ્ યોગીરાજ આનંદઘનજી ઉપાધ્યાયજીને ધર્મરક્ષક ગીતાર્થ નિઃસ્પૃહી તરીકે પિછાનતા હતા. બંનેના મિલન સમયે તેમણે એક યાદગાર પદની રચના કરી, જે અતિ અણમોલ છે.

**પદ**

"निरंजन यार मोहे कैसे मिलेंगे,
दूर देसुं मैं दरियाडुंगर, उचीवादर नीचे जमीयु तले ।
धरती में घडुतो न पिछानुं, अग्नि सहुं तो मेरी देही जले
आनंदघन कहे जस सुनों बातां येही मिले तो मारो फेरो टले ॥"

શ્રીમદ્જી યશોવિજયજી મિત્રને શોધે છે અને તેમને નિરંજન કહે છે. અર્થાત્ તેઓ પ્રભુને શોધે છે. એવા પ્રભુ જે કર્મરૂપ અંજનથી રહિત છે. સંસારમાં પ્રમાદનાં ઘણાં સ્થાનિકો છે. આત્મારૂપ નિરંજન નિરાકાર પરમાત્માની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. ન તો એ ઊંચે પર્વત પર કે નીચે ધરતીમાં શોધતા પણ મળતા નથી. અહીં શ્રીમદ્જી ધરતીમાં દટાઈને શક્તિ પ્રદર્શન કરતા હઠયોગી પંચાગ્નિ તપથી તપતાં અને સળગતી ચુલ પર ચાલતાં યોગીઓ પ્રભુને પામી શક્તા નથી. વળી તેનાથી કર્મો ભસ્મીભૂત પણ થતાં નથી. જો પ્રભુજી મળે તો જ જન્મોજન્મના ફેરા ટળે એમ જશવિજયને કહે છે.

શ્રીમદ્જી ગૃહસ્થાવાસમાં સંગીતજ્ઞાની સાથે સ્પર્ધા કરતા હતા. તેમના હૃદયમાંથી પ્રભુભક્તિના ઉદ્ગાર શબ્દો દ્વારા વહેતા ત્યારે ભક્ત લોકો એને તરત જ કંઠસ્થ અને ગ્રંથસ્થ કર્યા હોય અને ત્યારબાદ તેમના પરિચાર્થી ભોજકોએ તે પદો, સ્તવનો આદિ કૃતિઓને એકઠી કરી લોકભોગ્ય બનાવી હોય એવું અનુમાન થઈ શકે. તેઓ સમતાભાવી, શાંત, વિનમ્ર, વિરલા હતા, જેને કારણે લોકોમાં અતિપ્રિય બન્યા અને તેમની કૃતિ લોકહૃદય સુધી પહોંચી શકી. તેમની રગેરગમાં અધ્યાત્મનો રંગ હતો. ધ્યાન યોગમાં પારંગત હતા. લોકો જેને ચમત્કાર કહે છે, તેવાં કાર્યો વચનસિદ્ધિના બળે સહજમાં થઈ જતાં.

શ્રીમદ્જીના જીવન અને કવન વિશે આચાર્ય બુદ્ધિસાગરજી લખે છે -

**"નાભિ થકી જે ઊઠતો તે શબ્દનો મહિમા ઘણો,**
**એ દેવશક્તિ દાખવે, લાગે હૃદય રળિયામણો,**
**ગંભીર તારી વાણીમાં ભાવાર્થ બહુ ઊંડા છતાં,**
**જે દિલ તારું જાણતાં તે ભાવ તારો ખેંચતાં."**

# ૧૨ સમકિત શું છે ?

પં. ગુણસુંદરવિજયજી ગણિ

પૂ. આચાર્ય વિજય ભુવનભાનુસૂરિના

શિષ્ય, સેવાભાવી વિદ્વાન, ભદ્ર પરિણામી લેખક

- સમકિતથી જ જૈનશાસનમાં રીતસર પ્રવેશ કરી શકાય છે
- સમકિતથી જ જગતનાં તમામ દ્રવ્યો - તત્ત્વોમાં રહસ્ય સમજી શકાય છે.
- સમકિતથી જ તીર્થંકર પરમાત્માઓનો ઉપદેશ અમલમાં મૂકવાનું સામર્થ્ય પ્રગટ થાય છે.
- સમકિતથી જ તે ઉપદેશનો બરાબર સફળ અમલ થાય છે.
- શું છે આ સમકિત = સમ્યગ્દર્શન ? જૈન શાસ્ત્ર જવાબ આપે છે

**અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો,**
**જિણ પન્નત્તં તત્તં ઈઅ સમ્મતં મએ ગહિએ.**

- અરિહંત મારા દેવ છે, સુસાધુઓ મારા ગુરુ છે, જિનેશ્વર ભગવંતે બતાવેલ ધર્મ એ તત્ત્વ છે. આ પ્રમાણે જાવજ્જીવ માટે મેં સમ્યગ્-દર્શનને સ્વીકારેલ છે. આપણે એ દેવ-ગુરુ-ધર્મ તત્ત્વને જોઈએ.

જૈન ધર્મ એ કોઈ નિયત વ્યક્તિને પરમેશ્વર - ભગવાન તરીકે માનતો નથી. અનાદિકાળથી ચાર ગતિરૂપ સંસારમાં રખડતો જીવ સમ્યક્ દર્શન - જ્ઞાન - ચારિત્રની સંપૂર્ણ આરાધના દ્વારા કષાયથી મુક્ત બને છે, ઘાતિ કર્મથી મુક્ત બને છે, વીતરાગપણું મેળવે છે. સર્વજ્ઞપણું - સર્વદર્શીપણું મેળવે છે, જિન - વીતરાગ - સર્વજ્ઞ બને છે અને એ જ આત્મા જ્યારે સંપૂર્ણ કર્મરહિત બને છે, દેહ - મન - વચન - પુદ્‌ગલથી કાયમી ધોરણે મુક્ત બને છે ત્યારે સિદ્ધ પરમાત્મા બને છે.

આઠ મહાપ્રાતિહાર્યની શોભાવાળા, જ્ઞાનાદિ ચાર અતિશયવાળા અર્થાત્ ૧૨ ગુણોવાળા વિચરતા જિનને તીર્થંકર અરિહંત પરમાત્મા કહેવાય છે. આવા અનંત અરિહંતો - અનંતા સિદ્ધ ભગવંતો ભૂતકાળમાં થયા છે. વર્તમાનમાં વિદ્યમાન છે અને ભવિષ્યમાં અનંતાનંત થવાના છે.

અરિહંત ધર્મશાસનની (તીર્થની) સ્થાપના કરે છે, તેથી તેઓ તીર્થંકર છે. એમાં એ જગતને યથાર્થ તત્ત્વનું જ્ઞાનઅને મોક્ષમાર્ગ આપે છે.

તથા સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકા સ્વરૂપ ચતુર્વિધ સંઘ સ્થાપે છે. ક્રમશઃ આયુષ્ય સમાપ્ત થતાં બાકીના વેદનીય આદિ અઘાતીકર્મનો ક્ષય કરી મોક્ષે પધારે છે, ત્યારે એ સિદ્ધ બને છે. અરિહંતમાં ૪ ઘાતીકર્મના ક્ષયથી ૪ ગુણ અને સિદ્ધમાં ૪ ઘાતી + ૪ અઘાતી = ૮ કર્મના ક્ષયથી ૮ ગુણ હોય છે;

છતાં અરિહંત પ્રથમ પદે અને સિદ્ધ બીજે પદે એટલા માટે છે કે શ્રી અરિહંતના ઉપદેશથી જ બીજા પણ ભવ્ય જીવો મોક્ષમાર્ગની આરાધના કરી સર્વકર્મ ક્ષય કરીને સિદ્ધ થાય છે. આથી સૌથી મોટા ઉપકારી હોવાથી તેઓ પંચ પરમેષ્ઠિ પદમાં પ્રથમ પદે બિરાજિત થયા છે.

ગુરુતત્ત્વ એટલે જેઓ જિનાજ્ઞાપ્રતિબદ્ધ હોય, પાંચ મહાવ્રતધારી હોય, કંચનકામિનીના ત્યાગી હોય, રાત્રિભોજનથી વિરામ પામેલા હોય, જેમણે સાધુ દીક્ષા લીધી હોય, જેઓ ભવ્ય જીવોને તત્ત્વ = સત્યસ્વરૂપ પદાર્થોનો ઉપદેશ આપે, તે ગુરુ તત્ત્વ, તેઓ ખુદ કર્મથી-કષાયથી મુક્તિ પામવા માટે સાધના કરતા હોય છે અને લાયક જીવોને આવા મુક્તિના ઉપાયો બતાવતા હોય છે, તેઓ વીતરાગ, સર્વજ્ઞદેવના માર્ગને અનુસરી મુનિજીવનની આચરણા કરતા હોય છે.

**ધર્મ :** વિશ્વના પ્રાથમિક પ્રારંભિક યોગ્યતાવાળા જીવોથી માંડીને ક્રમશઃ સર્વોચ્ચ કક્ષા સુધી પહોંચેલા તમામ જીવોનું હિત થાય એવી અને પાલનમાં ઊતારી શકાય તેવી વિવિધ કક્ષાની સાધના બતાવનાર; વિશ્વનું યથાસ્થિત સ્વરૂપ બતાવનાર, સમસ્ત વિશ્વને ગ્રાહ્ય એવા સર્વવ્યાપી નિયમો ફરમાવનાર, વીતરાગતા - સર્વજ્ઞતા - સત્યવાદિતા આદિ વિશેષ ગુણવાન પરમાત્માથી પ્રરૂપિત, સમસ્ત વિશ્વના યુક્તિ સિદ્ધ અને ખરેખર વિદ્યમાન તત્ત્વો પર સત્ય પ્રકાશ પાડનારો, વિશ્વની દુઃખદ સમસ્યાનો ઉકેલ લાવી શકાય તેવા સ્યાદ્વાદ = અનેકાંતવાદ આદિ સિદ્ધાંત અને અહિંસા - અપરિગ્રહાદિ આચાર મર્યાદાઓ બતાવનાર જૈન ધર્મ.

આ રીતના દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વને સ્વીકારનાર = માનનારમાં સમકિત = સમ્યગ્દર્શન હોય. સમકિત એટલે મોક્ષ તરફનો સાચો માર્ગ, સાચો આદર્શ, સાચું લક્ષ્ય, સાચો વિશ્વાસ, સાચી શ્રદ્ધા, સાચી રુચિ, સાચી સમજ, સાચી ઇચ્છા.

કાળ, સ્વભાવ, ભવિતવ્યતા પૂર્વકર્મનો ઉદય અને પુરુષાર્થ પાંચ કારણો ભેગાં થાય ત્યારે કાર્ય થાય છે આવું માનનારમાં સમકિત હોય. આવું ન માને અને કોઈ એક - બે - ત્રણ - ચારથી કામ થાય એવું માને એમાં સમકિત ન હોય.

આ સમકિત એ પરમાર્થનો બોધ કરાવનાર છે

આ સમકિત એ સમ્યક્ ચારિત્ર ધર્મનું મૂળ છે

એ ધર્મ નગરનું પ્રવેશદ્વાર છે, ધર્મમંદિરનો પાયો છે, ધર્મનો ભંડાર છે, ધર્મનો આધાર છે, ધર્મને રાખવાનું સુંદર પાત્ર છે. આ સમકિતની હાજરીમાં જ દાન - શીલ - તપ આદિની ક્રિયાનો મોક્ષ- પ્રાપક બની શકે છે.

જીવને સંસારમાં રખડાવનાર આઠ કર્મો છે.

એમાં પણ સૌથી પ્રબળ મોહનીય કર્મ છે. એના બે વિભાગ પૈકી એક વિભાગ છે દર્શન મોહનીય કર્મ અને બીજો વિભાગ છે ચારિત્ર મોહનીય કર્મ. આ દર્શન મોહનીયના ક્ષયથી ક્ષયોપશમથી, ઉપરામથી આત્મામાં ઉત્પન્ન થતો એક સર્વજ્ઞપ્રણીત તથ્યો પરનું શ્રદ્ધા વિષયક પરિણામ, એનું નામ છે **સમ્યગ્દર્શન.**

આ સમકિતનાં છ સ્થાનકો ખાસ જાણવા જેવા, શ્રદ્ધા કરવા જેવાં છે. સમકિત જેમાં સ્થિર થાય તેનું નામ સ્થાનક. તે આ પ્રમાણે - (૧) આત્મા છે, (૨) આત્મા નિત્ય છે, (૩) આત્મા કર્મોનો કર્તા છે, (૪) આત્મા ભોક્તા છે, (૫) આત્માનો મોક્ષ છે, (૬) મોક્ષ મેળવવાના ઉપાયો છે. આને થોડા વિસ્તારથી સમજીએ.

(૧) દેહ - મન - વચન - પુદ્ગલથી તદન જુદો જ્ઞાન - દર્શનની સ્ફુરણાવાળો, ચેતના લક્ષણવાળો આત્મા હોય છે. દૂધ અને પાણીની જેમ, અગ્નિ અને લોખંડથી જેમ એ ભલે પુદ્ગલની સાથે ભળી ગયેલો દેખાવ, છતાં એ એનાથી જુદો જે છે. (૨) એ આત્મા નિત્ય - કાયમી છે. એ નવો બનાવી શકાતો નથી અને એનો સર્વદા નાશ પણ થઈ શકતો નથી. વર્તમાનના જાતિસ્મરણ જ્ઞાનના (પૂર્વજન્મના સ્મરણના) અનેકાનેક દેશ-વિદેશના કિસ્સાઓ આત્માની નિત્યતાના દ્યોતક છે. તાજા જન્મેલા બાળકની સ્તનપાનની ઈચ્છા-પ્રક્રિયા, આત્માની નિત્યતાની સાબિતીરૂપ છે. અકબરને પૂર્વના સંન્યાસીના ભવનું સ્મરણ થયું હતું, એ વાત બહુ જ પ્રચલિત છે.

આત્માને મન-વચન-કાયાના યોગો દ્વારા કર્મ સાથે સંબંધ થાય છે એથી આત્મા કર્મનો કર્તા છે. (૪) બંધાયેલાં કર્મો શુભ અથવા અશુભ ફળ આપતાં હોય છે, એટલે એ કર્મોનો ભોકતા પણ આત્મા જ છે. ના કોઈ બીજાએ ઉપાર્જન કરેલાં શુભાશુભ કર્મો, બીજી વ્યક્તિને ફળ આપી શકતાં નથી. 'ખાય ભીમ અને ટટ્ટી જાય મામો શકુનિ' એવું કર્મોની બાબતમાં ના બની શકે. (૫) જ્યાં આધિરૂપ મનનાં દુઃખો, વ્યાધિરૂપ શરીરનાં દુઃખો અને બહારની ઉપાધિનું નામનિશાન નથી અને એકલો આત્મિક આનંદનો મહાસાગર છે, એવું કર્મ કષાયમુક્તિનું સ્થાન = મોક્ષ છે અને (૬) આવો મોક્ષ મેળવવાના ઉપાયો = સમ્યક્ દર્શન - જ્ઞાન - ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગ પણ છે જ.

વળી સમ્યગ્દર્શન સ્યાદ્વાદ - અનેકાંત સિદ્ધાંતને સ્વીકારે છે અને એટલે જ જ્ઞાનનયની સાથે જ ક્રિયાનયને પણ સ્વીકારે છે, ઉત્સર્ગમાર્ગની જેમ અપવાદ માર્ગને પણ માન્ય કરે છે, નિશ્ચયનયની જેમ વ્યવહારનયને પણ પોતપોતાના સ્થાને અગત્યના સમજે છે. જ્ઞાન વગરની ક્રિયા અશક્ત આંધળા જેવી છે અને ક્રિયા વગરનું જ્ઞાન આંખવાળા પાંગળા જેવું છે. બંનેના સમન્વયથી સળગતા સંસાર (= ભવ) વનમાંથી બહાર નીકળી શકાય છે. ઉત્સર્ગ માર્ગથી સાધુને કાચા ટીપાને અડી પણ શકાતું નથી. એ જ સાધુ સંયમની સાધનાના લક્ષથી = રાગ-દ્વેષની પરિણતિ ઘટાડવાના લક્ષથી અવસરે પાણીથી ભરેલી નદીને પણ ઓળંગી જાય છે, અરે ! અવસરે નાવમાં પણ બેસે છે. રાજમાર્ગનો પુલ તૂટી ગયો હોય ત્યારે ડ્રાઈવરઝન દ્વારા પણ ઈચ્છિત સ્થળે પહોંચાય છે જ ને ? એ જ રીતે -

**નિશ્ચયદષ્ટિ મન ધરી પાળે જે વ્યવહાર;**
**પુણ્યવંત તે પામશે, ભવસમુદ્રનો પાર.**

નિશ્ચયને ગૌણ કરે તો તત્ત્વ વ્યવસ્થા ન રહે, વ્યવહારને ગૌણ કરે તો પ્રભુએ સ્થાપેલા મોક્ષમાર્ગસ્વરૂપ શાસનનો ઉચ્છેદ થઈ જાય. દરેક નય પોતપોતાના સ્થાને મહત્ત્વના છે જ. એમાંના એકની પણ ઉપેક્ષા ચાલે જ શી રીતે ?

મોક્ષમાર્ગ સ્વરૂપ ધર્મવૃક્ષનું મૂળ સદૈવ લીલુંછમ રાખવા માટે જરૂરી બને છે, વિનયધર્મ એમ સમ્યગ્દર્શનવંત ભવ્ય જીવ સારી રીતે સમજે છે. વિનયમાં પાંચ વાતો જરૂરી બને છે : (૧) બહારની સેવાસ્વરૂપ **ભક્તિ.** (૨) હૃદયનો પ્રેમ તે **બહુમાન.** (૩) ગુણોની સ્તુતિ કરવી. (૪) અવગુણોને ઢાંકવા. (૫) આશાતના ન કરવી. આ પાંચ પ્રકારનો વિનય શ્રી જૈનશાસનની અતિ મહત્ત્વની દશ વસ્તુઓ વિષયક સમજવો તે આ

પ્રમાણે - (૧) **અરિહંત** - વિચરતા દેવ (૨) કર્મના ક્ષયથી મોક્ષને પામેલા તે **સિદ્ધ** ભગવંતો (૩) **ચૈત્ય** એટલે શ્રી જિનેશ્વર દેવની પ્રતિમાઓ (૪) જૈન આગમો તે **સૂત્ર.** (૫) ક્ષમા-નમ્રતા વગેરે દશ પ્રકારે યતિધર્મ તે **ધર્મ.** (૬) તે યતિધર્મના પાળનારા તે **સાધુ.** (૭) પંચાચારના પાલક અને પલાવનહાર અને માર્ગદર્શક નાયક તે **આચાર્ય.** (૮) શિષ્યોને સૂત્રો ભણાવે તે **ઉપાધ્યાય.** (૯) શ્રાવક-શ્રાવિકા - સાધુ-સાધ્વી સ્વરૂપ જૈન સંઘ તે **પ્રવચન.** (૧૦) સમકિતગુણ તે **દર્શન.**

આ સમકિતના ત્રણ લિંગ(= સમકિત હોવાની પાકી નિશાની) બતાવાયા છે : (૧) શ્રુત-શાસ્ત્ર સાંભળવાની તીવ્ર ઇચ્છા. યુવાન-ચતુર-સંગીતજ્ઞ સુખીને દિવ્ય સંગીત સાંભળતાં જે આનંદ આવે, એના કરતાં અધિક આનંદ પ્રભુના ઉપદેશેલા ધર્મશાસ્ત્રને સાંભળવામાં હોય. (૨) ભૂખ્યો, અટવી પસાર કરેલો બ્રાહ્મણ હોય અને એને સુંદર ઘેબર ખાવાની જે ઇચ્છા હોય, એના કરતાં અધિક ઇચ્છાધર્મ = ચારિત્રધર્મ = સાધુધર્મ મેળવવાની હોય. (૩) વિદ્યાનો સાધક આળસ વગર જેમ વિદ્યાની સાધના કરે, તેની જેમ સુદેવ - સુગુરુની સેવા કરવાનો હાર્દિક નિયમ હોય.

આ સમકિત ગુણરત્નની ત્રણ શુદ્ધિ પણ આહ્‌લાદક છે. એ છે (૧) મનશુદ્ધિ (૨) વચનશુદ્ધિ (૩) કાયાશુદ્ધિ.

**મનશુદ્ધિ :** નિર્દોષ ચારિત્રવાળા અને જગતના મોટામાં મોટા ઉપકારી વીતરાગતા- સર્વજ્ઞતા ગુણવાળા પરમાત્મા અને એમણે બતાવેલો જગતના તમામે તમામ જીવોની રક્ષા-જયણાવાળો ધર્મ એ જ સાર છે - બાકીનું બધું જ અસાર છે. આવી માનસિક વિચારધારા, એનું નામ મનશુદ્ધિ.

**વચનશુદ્ધિ :** સારા - ઊંચા પ્રકારનાં કાર્યોમાં વિઘ્નો-મુસીબતો આવે એવું બની શકે છે, "જિનેશ્વર દેવની સેવા-ભક્તિ-વચન-આરાધનાથી પણ આ વિઘ્નો જો દૂર ન થઈ શકે તો દુનિયાની એવી બીજી કોઈ તાકાત નથી કે એને દૂર કરી શકે." આવો જે વચનોચ્ચાર એ સમકિતની બીજી વચનશુદ્ધિ છે.

**કાયાશુદ્ધિ :** ઘાયલ થયેલો હોય, કપાઈ ગયો હોય, અને અનેક કષ્ટો સહન કરવાનાં પોતાના માથે આવી પડેલાં હોય, તો પણ વીતરાગતા-સર્વજ્ઞતાવાળા દેવ સિવાયના રાગી-દ્વેષી-મોહી દેવને નમસ્કાર ન જ કરવા એ કાયાશુદ્ધિ છે. (આમાં અનેક પ્રકારના આગાર અને જયણા હોય છે.)

આ સમકિતી સ્યાદ્‌વાદ સિદ્ધાંતને વરેલો હોય છે, અને એટલે જ અષ્ટ મહા પ્રાતિહાર્યાદિ ગુણસમૃદ્ધિને સાક્ષાત્ અનુભવતા સમોવસરણ ઉપર

બિરાજી ધર્મદેશના આપતા ભાવ અરિહંતો તો એ સમકિતીને પોતાની પવિત્રતાકારક, આત્મગુણવૃદ્ધિકૃત, રાગાદિદોષ નાશક લાગે છે જ, પણ સાથે જ ઋષભ-શાંતિ-પાર્શ્વ-નેમિ-વર્ધમાન આદિ **નામ અરિહંતો** એમની શાશ્વતી-અશાશ્વતી **સ્થાપના સ્વરૂપ પ્રતિમાઓ** અરિહંતના ભૂત-ભાવિ પર્યાયસ્વરૂપ **દ્રવ્ય અરિહંતના આત્માઓ** પણ આ સમકિતીને ભાવ અરિહંત તુલ્ય ફળદાયક જણાય છે. સમકિતીને પ્રભુ પ્રતિમા પ્રકૃષ્ટ શુદ્ધ અધ્યવસાયની સામગ્રીસ્વરૂપ લાગે છે. એને એમાં સાક્ષાત્ ભગવાન જેટલી જ ઉપકારકતા જણાય છે. માટી અને સોનું ભલે પુદ્ગલ સ્વરૂપે એક જ જાતિના કહેવાય, બંને ભલે પૃથ્વીકાયના કલેવરરૂપે સમાન હોય, પણ વિવેકીને મન માટી અને સોનાનો ભેદ સ્પષ્ટ હોય છે, જ્ઞાન અને ધ્યાન બંને મોક્ષમાર્ગ સ્વરૂપ છે. જ્ઞાન માટે જો જિનાગમનું આલંબન - આધાર જરૂરી છે, તો ધ્યાન માટે જિનપ્રતિમા પણ એટલી જ જરૂરી છે એવું સમકિતીનું મન કબૂલતું હોય છે.

સમકિતી જયણાવંત પણ હોય જ છે. ખૂબી તો એ છે કે ખુદ જિનપ્રતિમા હોય, જૈન સાધુ હોય, જૈન પર્વો હોય, જૈન શાસ્ત્રો હોય, અરે જૈન તીર્થો હોય, પણ જો એ જૈનેતરોના કબજામાં હોય, બીજા એનો પોતાની રીતે યોગ-ઉપયોગ કરતા હોય, જૈનશાસનની રીતિ-નીતિ પ્રમાણે તેનો ઉપયોગ થઈ શકે એમ ન હોય, તો સમકિતી તેને પણ વંદન-નમન-દાન-અનુપ્રદાન આદિ ન કરવાની જયણાવાળો હોય છે. સમકિતનો આલાવો એને જયણા શીખવતો હોય છે. તે આ પ્રમાણે -

**- નો મેં કપ્પઈ અજ્જપ્પભિઈ.........**
**અન્ન ઉત્થિય દેવયાઈવા અન્ન ઉત્થિય**
**પરિગ્ગહિ આણિ વા અરિહંત ચેઈયાણિ**
**વંદિત્તએ વા ......... ઈત્યાદિ.**

યાદ રહે પરમાત્માના ચારે નિક્ષેપાનો યોગ ભવ્યત્વની નિશ્ચિતતાનો બોધક બને છે. સમકિત ગુણરત્નની પ્રાપ્તિ ભવ્ય જીવોને જ થાય છે, જેમ કે -

- ❑ તીર્થંકરદેવના હસ્તે દીક્ષિત વ્યક્તિ ભવ્ય હોય છે.
- ❑ તીર્થંકરદેવના સાંવત્સરિક દાનને ગ્રહણ કરનારો ભવ્ય હોય છે.
- ❑ અરિહંતદેવ અને એમના પ્રતિમાજીની પૂજામાં વપરાતાં જળ-ચંદન-ધૂપ-દીપ-ફળ આદિમાં જીવરૂપે રહેલા એકેન્દ્રિય જીવોમાં ભવ્યત્વ હોય છે.
- ❑ તીર્થંકરોને પ્રવ્રજ્યા સ્વીકારની વિનંતી કરવાનો જેમનો શાશ્વત આચાર છે, તે લોકાન્તિક દેવોમાં ભવ્યત્વ હોય છે.

- અરિહંતદેવની ભાવથી-ભક્તિથી-શ્રદ્ધાથી સેવા કરનાર જીવમાં ભવ્યત્વ હોય છે.

હવે ટૂંકમાં, સમ્યક્ત્વને ઓળખી એના મહત્ત્વને જાણીએ :

- જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, બંધ-નિર્જરા અને મોક્ષ આ નવ પદાર્થો જ સારભૂત કહેવાયેલા છે, તેથી તે તે પ્રકારે ભાવપૂર્વક શ્રદ્ધા અને પ્રરૂપણા કરનારમાં સમકિત હોય છે.
- સમકિત વગરના જીવોમાં સમ્યગ્જ્ઞાન ન હોય, સમ્યક્ચારિત્ર ન હોય, એમનો મોક્ષ કદાપિ ન થાય. (દ્રવ્ય) ચારિત્ર વિના જીવો સિદ્ધ થઈ શકે છે, પણ સમ્યગ્દર્શન વિનાના તો નહિ જ. સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયેલાને ભ્રષ્ટ કહેવાય છે. સમ્યક્ત્વ પામીને ભવ્ય જીવો પરમાનંદસ્વરૂપ મોક્ષને અવશ્ય મેળવે છે. નિર્મળ સમ્યક્ત્વવાળા આત્માઓ વિરતિ વગરના હોય તો પણ તીર્થંકર નામ-કર્મ ઉપાર્જન કરી શકે છે. જેમ કે - શ્રેણિક મહારાજા, કૃષ્ણ મહારાજા, સુલસા, રાવણ વગેરે સમકિત જીવ કદાચ કાંઈક પાપ આચરે તો પણ તેને કર્મનો બંધ થોડોક જ થાય છે, કારણ કે આવો આત્મા પાપકાર્ય નિર્દયપણે કરતો નથી.
- જેના ઘરના આંગણે સાધર્મિક આવે અને જો તેના ઉપર સ્નેહ - લાગણી ન થાય તો તે લાગણીહીન પ્રાણીમાં સમકિતનો સંદેહ સમજવો. જે પ્રાણી સમ્યગ્દર્શનવાળા સાધર્મિકને ક્રોધથી પ્રહાર કરે છે તે કૃપારહિત પ્રાણી ત્રિભુવનભાનુ - ત્રણ લોકના બંધુ અરિહંત ભગવંતની આશાતનાનું પાપ ઉપાર્જન કરે છે.
- આ સમકિત રત્ન નાશ પામે છે : (૧) દેવ દ્રવ્યનો નાશ કરવાથી, (૨) સાધુ-મુનિની હત્યા કરવાથી, (૩) સાધુ-સાધ્વીના બ્રહ્મચર્યવ્રતનો ભંગ કરવાથી, (૪) જિનશાસનની અવહેલના થાય તેવાં કાર્યોથી.
- માયા-છળ-પ્રપંચ-કપટ એ મૃત્યુના સ્થાન સમાન દુર્ગતિપ્રદ છે અને સરળતા શિવસુખનું કારણે છે. સાચામાં સમકિત છે, માયામાં મિથ્યાત્વ છે. જિન આગમ વિરુદ્ધ બોલનારને, જિનાગમતા મનઘડંત અર્થો કરનારને ઉત્સૂત્રભાષી કહેવાય. એમનામાં સમ્યગ્દર્શન હોય નહિ, આવેલું હોય તો ટકે નહિ = ચાલ્યું જાય. (સંપૂર્ણ) (આ રીતે પંચાંગી આગમ અને સંવિગ્ન-ગીતાર્થ આચાર્યોના વિવેચનમાંથી સમકિતની વાતો અહીં જણાવી છે. આમાં સ્ખલના થઈ હોય તેનું મિચ્છામિ દુક્કડં

# ૧૩ 'SAMKITT' ACCORDING TO JAINISM

**Shivkumar Jain - Mumbai**

Jain philosophy can be said, to be based, on ' Fixed merits' and who ever qualifies, can occupy the position warrented by those merits. Even in case of soul salvation, whichever soul attains the norm, is acheiving the Salvation. Thus Jainism can be said to be 'Gunna-pujak' and caste-less philosophy.

'Samkitt' means the 'right belief.' If the jain-way is chosen, the soul's journey for salvation can begin with the knowledge of basic principles and production of necessary will, to proceed on the jain - way. The soul is said to be acquiring 'Samkit', - when it contemplates Jain-way soul - salvation procedure as a Jain 'Shraavaka'. So it becomes necessary to get enlightened about the basics of the belief. It is belived that a 'Paapa Karma' may have been cammited at a particular time but the resultant suffering takes time, before resulting, in suffering, which may extend to next few births. Soul salvation culminates into exausting of all good and bad-deed effects, gathered by soul. No other philosophy is known to me, which prescribes the elimination of good deeds also, before salvation.

## I. One aspect :

*(1) 'Aahinsaa :* (Non-violence). Stretched to every living being in the heavenly, hell-based, human-animal, vegetation, fire, water, air et, al. Down to the smallest of living bodies, non-visible to human eye. However

no human existence is possible without some kind of 'Suxma Hinssa' - (Violence of the smallest living being). Therefore in the violence towards smallest living-being, Jain-soul is distressed. This is the virtue, which staunchest environmentalist can think of. This ideal is persued very vigourously by ascetics following Jain-way 'Pancha Mahaavratta' and less vigourously by lay-men following Jain-way itinary. This less vigourous-practice is also much above the level of common human practice. This makes Jain-way, the most environment-conscious way. Here what I state, is the ideal before eyes. To what extent, it can be practised depends on the circumstances of individual, and the time of existance.

*(2) 'Sanyam :* Self-restraint.

*(3) 'Ttapasyaa' :* Penance. To cut down the reaction burden of minor bad-deeds, before they are due for maturing of resultants suffering. Keeping the belly partially empty by will, is known as 'Unnodari' peneance.

*(4) 'Aaparigraha' :* Non-possessiveness is a vow recommended by Jain-way. The Jain description of salvation insists on removal of the remnants of good-deeds also. This can be said to be, the last frontier of 'Aaparigraha'. The ideal is before the eyes. But asetics and laymen can practice this virtue, to the extent possible, looking to own circum stances. A reference to 'Paapa' and 'Punnya' gathered by 'Aaattmaa' - the soul, is made, as the general Jain belief.

*(5) 'Brahamacharya'* i.e. celibacy, is the ideal but in broad terms, ascetics have a stringent code to be observed. Laymen have to maintain a family life, but Jain code for the laymen, is to be followed

by a 'Samkiti' regidly. Every Jain is supposed to have the knowledge of leymen code, but the various circumstances, do not allow to practice it fully and therefore there are practices to varying degrees, depending on the surrounding social circumstances, area of residence, et. al. In general Jain-way suggests twelve laymen codes to be followed and by doing so, the staunch follower is likely to be a good voyager towards salvation-path, a conscious environmentalist, a good vegetarian, a faithful marriage partner, a good parent, a good progeny, a good friend, a good citizen et. al.

## II Another aspect : is knowledge about

(a) 'Eeshwar'.

(b) The deed - Philosophy.

(c) The system governing the conduct of soul-journey of each 'Aaattmaa' and

(d) Universal make up. All these in the light of Jain belief.

### *II (a) 'Eeshwar'*

In other faiths, probably Bud-dhists are nearer Jain belief. Jain-way does not accept the thinking of an all-powerful 'Eeshwara'. Jain-way describes each 'Aaattmaa' in the truely cleanest form as 'Parama-Aaattmaa' and believes that no 'Aaattmaa' escapes the 'Karma-Sattaa's - deed - judgement. Jain belief is that this universe is beginning-less and end-less. No single 'Aaattmaa' or a small group of 'Aatmaa'-s have propounded the philosophy. Whatever the name given to the belief, philosophy remains the same. Before 'Mahaaveera' philosophy was described as 'Nirgranttha'-way. At present it is famous as 'Jain'. In new 'Kaalchakra' it may be differently named.

*II (b) Deed Philosophy.*

In Jain vocabulary good-deed is 'Punnya' and bad-deed is 'Paapa'. Each 'Aaattmaa' has own balance-sheet like record showing the burden of good-deeds and bad-deeds. Even when 'Aattmaa' attains any new body fo[mE 'Aatmaa' has its past deed-records. Normally good-deed is giving comforts proportionate to the acquired collection. Bad-deed is giving discomfort proportionate to the acquired collection. When a good-deed or a bad-deed is performed, resultant comfort or discomfort may result after a short time or after a time-lag of several incarnations. For the mild bad-deeds the time lag before resultant discomfort allows the 'Aaattmaa' to make amends by 'Nirjaraa'. which can cut down the extent of bad-deed result. 'Nirjaraa' can be done by (i) Ttapashyaa' - penance, (ii) 'Kshamaa-Yaachanaa' - asking pardon from one's bottom of heart, at. al. Thus for 'Aaghaathi-Karma', the removal of discomfort-load by two methods is possible. (i) By seeking pardon during time-lag or (ii) by undergoing resultant discomfort. Here there is possibility that (i) 'Aaattmaa' can undergo resultant discomfort with no 'Aaartta-roauddra Ddhyaan' i.e., strong animocity towards the vsible agent, causing the discomfort and with the understanding that the discomfort was result of own bad action, and the agent causing dis-comfort is a friend helping 'Aaattmaa' to lighten the burden. This can do entire wipe-out or a partial wipe-out, resulting in no discomfort or milder discomfort This effect can be obtained in the time-lag before maturing of resultant discom-fort. Such 'Paapa-Karma' is known as 'Aaghaatti-Karma'. (ii) 'Ghatti-Karma' which is severe in nature and results in the severe discomfort, when maturing suffering results, giving no chance to

nullify the past bad-deed result. (iii) By mental termoil and the suffering may accompany animosity towards the visible agent causing the discomfort, Thus new bad-deeds will result for 'Aaattmaa' to face further future discomfort. This sort of action can be avoided by an approach that discomfort causing agent is a friend helping sufferer to desrease 'Paap'-burden.

'Punnya' results in camfort, and if 'Aaattmaa' enjoys the comfort with pride, (the negative virtue), causing potential future discomfort instead of contemplating that because of the good-deed commited, the result is an opportunity to be utilised for advancing in the march towards soul's journey towards salvation.

Here, no other 'Aaattmaa' can give credit or debit of deeds, as a gift or borrowing. Aim of 'Samkiti' 'Aaattmaa' is to progressively decrease the burden of good and bad-deeds.

*(c) The system governing the conduct of soul-journey of each 'Aaattmaa'.*

Once 'Samkiti' 'Aaattmaa' has the will to attain the salvation, the 'Aaattmaa' is cansidered to be on the fourth rung of the ladder having fourteen rungs. Each rung is known in Jain terminology as 'Gunnesthaannaa'. The 'Aaattmaa', tries to achieve lessening burden by stopping as many as possible, new additions to 'Karma' burden as also, 'Nirjaraa' i.e., ways to decrease the 'Karma' burden. Because of the progressive journey', 'Aaattmaa' attains the 'Siddha-padda' and ends the birth-death cycle.

*(d) Universal make-up :*

One full cycle of chain of periods, consisting of two 'Aarddha Kalchakra'-s

where-in process is similar to monthly journey of the moon, one half of the month (Paxa) is progrssively increasing 'Chandra Kalaa' followed by decreasing 'Chandra Kalaa'. The Jain terminology describes the two 'Aarddha Kaalchakra'-s as 'Uttsarpinni' and 'Aaosarpinni'. At present we are in 'Aaosarpinni-Aarddha-Kaalchakra'. In this period, as in others, 63- 'Shalaakaa Purusha'-s have been designated as 'exceptional humans. We are not alone in the 'Lokaalaka' and are part of the 'Aadhi-dvipa' i.e., Two and half 'Dvipa'-s. Each 'Dvipa' is a group of 'Xettra-'s and, we are located in 'Daxinna-Bharatta Xettra'. The 'Aarddha-Kaalchakra' always has six 'Aaaraa's. We are in the fifth 'Aaaraa'. It is said, that fifth 'Aaaraa' end will see collapse of the Jain Philosophical 'Shaasana', which is to reappear in the next 'Aarddha-Kaalchakra', which will see a new Aarddha-Kaalchakra, and a new, 'Chovisi' of 'Ttirthhankar'-s. It can be presumed that the sixth 'Aaaraa' conditions will be so severe that Jain and Non-Jain philosophy can not survive. I have not come across any other philosophy which admits that the philosophy is likely to collapse, even for a gap of some thousan years. The various forms of 'Aaattmaa' include 'Nigodda', 'Naraka', 'loka' where 'Manushya'-s do not exist but other forms do exits, 'Manushya-loka', 'Svarga-loka' and 'Sid-ddhashilaa' are housing the 'Aaattmaa'-s. In short, the basis are presented for the essential knowledge of a 'Samkiti'. The vast literature is available, which is also named as 'Aaagam Suttra'-s to cunsult for further details. Here I am inclined to state that no two individuals are exactly similar. Probably no two 'Aaattmaa'-s have the perfectly identical score of 'Paapa' and 'Punnya', except the liberated ones, who have exausted the

'Paapa' and 'Punnya' burden in totality. No two individuals probably think and act exactly similar, as their intelligence-level differs, their circumstances deffer et. al. As such it serves best to show the path and norms to be achieved, but not compare the practice and criticize the one which is little different from one's own. An often-repeated and misunderstood word 'Sarva-Ddharma Sambhaao' does not mean treating all the philosophies worth the same value but tolerating the other-view without animosity in light of little knowledge about the other philosophy or the phase. 'Aaneka-antta' is the key to understand a particular thing, philosophy or practice. Striving for the right of life not of humans only but the entire unliberated 'Aaattmaa' Kingdom. (ii) 'Ddeva' Differentiate between 'Svarga based Ddeva' as mortal 'Ddeva' and liberated 'Sid-ddha-Aaattmaa' as 'immortal 'Ddeva', who can be described 'Sid-ddhashilaa' based 'Param-Aaattamaa', who has liberation and unliberated 'Aaattmaa'-s would like to be like 'Param-Aaattmaa' for which a way has been shown. i feel like sounding a voice of caution against living only in the past. The time has its own challenges and try is requires not to allow undue gilt-consciousness and shutting of door to all the modern happenings.

# ૧૪ જૈન અનુયાયીઓનું પરદેશમાં દેશાંતર અને જૈન ધર્મનો પરદેશમાં પ્રચાર - પ્રસાર

જૈન વિદ્યામાં M.A. M.Phil ગૂજરાત વિદ્યાપીઠ - અમદાવાદમાં કરેલ છે - વીરચંદ રાઘવજી ગાંધીપર સંશોધન કાર્ય કરેલ છે.

પ્રીતિબહેન શાહ

અર્વાચીન સમયમાં હાલ વિશ્વના લગભગ મોટા ભાગના દેશોમાં જૈનો સ્થાયી થયા છે. આ કારણે વિદેશમાં જૈન ધર્મની પ્રવૃત્તિઓનો વ્યાપ વધ્યો છે.

**આફ્રિકામાં જૈન ધર્મની પ્રવૃત્તિ :**

ઈ.સ. ૧૮૮૬માં સોનાની શોધ થતા જ્હોનિસબર્ગ અને ટ્રાન્સવાલમાં ભારતીય વ્યાપારીના દેશાંતરનો પ્રવાહ ચાલુ થયો. આ પશ્ચિમ આફ્રિકાના કેન્યા, તાન્ઝાનિયા, યુગાન્ડા, મોઝામ્બિક, ઝાંઝીબાર, પૂર્વ આફ્રિકાનાં દરિયાઈ શહેરો તેમ જ ઝામ્બિયા, ઝીમ્બાબવે, માલાવી વગેરેનો સમાવેશ થાય છે.

ઝાંઝીબાર ઈ.સ. ૧૮૦૦માં સ્થાયી થનાર જૈન કુટુંબોમાં સકરચંદ પાનાચંદનું નામ અગ્રગણ્ય છે ઈ.સ. ૧૮૯૦માં સ્થાયી થનાર જૈન કુટુંબોમાં ડૉ. મોહનલાલ મહેતાના પિતાશ્રી પ્રભાશંકર મહેતા હતા. ડૉ. મોહનલાલ મહેતા ૩૨ વર્ષની વયે આઠ યતિઓ પાસેથી જૈન સિદ્ધાંતોનું જ્ઞાન મેળવ્યું હતું, ત્યાર પછી ડૉ. મોહનલાલ મહેતા કેનેડાના ટોરેન્ટોમાં વસ્યા હતા અને જૈન ધર્મની પ્રવૃત્તિઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા હતા.

કેનિયા અને મોમ્બાસામાં લગભગ ૨૦,૦૦૦ જૈન વસે છે. નૈરોબીમાં ૨ જૈન મંદિરો છે. નૈરોબી જૈન સંઘની સ્થાપના ઈ.સ. ૧૯૨૭માં ૩૪ જૈન કુટુંબો સાથે થયેલી, જે હાલ ૧૫૦ જૈન કુટુંબો છે.

તાજેતરમાં કેનિયા-નૈરોબી જૈન સંઘ અને વીરાયતન ઈન્ટરનેશનલના ઉપક્રમે ભગવાન મહાવીરનાં મૂલ્યો વિશે એક સેમિનાર યોજાઈ ગયો, જેમાં ભારત, અમેરિકા તથા બીજા દેશોથી ઘણા જૈન પ્રતિનિધિઓએ હાજરી આપેલ.

**બર્મામાં જૈન ધર્મની પ્રવૃત્તિ :**

ઈ.સ. ૧૮૮૫માં રંગુનમાં સ્થાયી થયેલા જયપુરના શેઠ કિશનચંદ ફુંગાલિયા તેમની સાથે રૂપાની પાર્શ્વનાથની મૂર્તિ સાથે લઈ ગયા હતા. તેમણે ઈ.સ. ૧૯૦૧માં ઘર-દેરાસર પણ બાંધેલ.

**પૂર્વ એશિયાઈ દેશોમાં જૈન ધર્મની પ્રવૃત્તિ :**

મલેશિયાના કુઆલાલુમ્પુરમાં જૈન મંદિર છે.

થાઈલેન્ડ અને બેંગકોકમાં રાજસ્થાનથી ગયેલ લગભગ ૧૦૦ જૈન કુટુંબો છે.

સિંગાપોરમાં લગભગ ઈ.સ. ૧૯૭૨થી ભારતમાંથી દેશાંતર ચાલુ થયેલ. હાલ લગભગ ૧૨૦ જૈન કુટુંબો છે. ત્યાં જૈન સમાજ પણ સ્થપાયેલ છે. સિંગાપોરમાં થતા સ્વામીવાત્સલ્યની વિશેષતા એ છે કે રસોઈ તૈયાર કરવામાં તેઓ રસોઈયો ન રાખતા સ્ત્રીઓ જાતે રસોઈ તૈયાર કરે છે.

હોંગકોંગમાં પણ લગભગ ૧૦૦ જૈન કુટુંબો છે.

**પશ્ચિમ એશિયાઈ દેશોમાં જૈન ધર્મની પ્રવૃત્તિ :**

સાઉદી અરેબિયા, ઓમન, મસ્કત, દુબઈ, અબુધાબી, શારજાહ, બહેરીન, કુવૈત વગેરે ઈસ્લામિક દેશોમાં સ્થાયી થનાર જૈન કુટુંબની સંખ્યા ૫૦૦-૬૦૦ જેટલી છે.

આ બધા દેશોમાં ભલે જૈન સમાજ નાનો હોય, પણ પાયાના સંસ્કારોથી જૈન ધર્મની પ્રવૃત્તિઓ જીવંત રાખે છે. ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ઉત્સાહપૂર્વક ઉજવે છે.

ઈ.સ. ૧૯૭૩માં લેસ્ટરમાં જૈન સમાજની સ્થાપના થઈ. જે હાલ જૈન સમાજ, યુરોપને નામે ઓળખાય છે. ડૉ. નટુભાઈ શાહ નામના ગૃહસ્થનું આ સેન્ટર ખાતે મોટું પ્રદાન છે. લેસ્ટરનું દેરાસર ઈ.સ. ૧૯૮૩માં બંધાયું. જે યુ. કે.નું પ્રથમ જૈન દેરાસર છે, જે યુ. કે.ના જૈન સમાજની કલાભાવના અને ભક્તિભાવનાનું પ્રતીક છે.

તાજેતરમાં યુ. કે.ના સૌથી મોટા મંદિરની પ્રતિષ્ઠા પોર્ટ્સબારના વિસ્તારમાં થઈ. ૮૦ એકર હરિયાળી જમીન પર ઓશવાલ એસોસિયેશન દ્વારા આ મંદિરની પ્રતિષ્ઠાવિધિ નિમિત્તે બહુ ભક્તિભાવપૂર્વક ૧૦ દિવસ ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમો બહુ ઉત્સાહપૂર્વક ઉજવાઈ ગયા.

લંડનમાં ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલૉજી દ્વારા જૈન ફિલૉસૉફીનું રીસર્ચ લેવલે કાર્ય થાય છે. 'અહિંસા' નામનું મેગેઝિન પ્રકાશિત કરે છે. જૈન એકેડેમી સંસ્થા લેસ્ટરમાં યુનિ. કક્ષાએ જૈન સીલેબસ દાખલ કરવામાં સફળ થયા છે.

'જૈન સ્પિરિટ', 'કીડ સ્પિરિટ' નામના મેગેઝિન દ્વારા ત્યાંના જૈન સમાજ અને યંગ જૈન્સ ઑફ યુ. કે.ની વિવિધ પ્રવૃત્તિઓના સમાચાર મળી રહે છે.

આચાર્ય શ્રી મહાપ્રજ્ઞજીના નેતૃત્વ હેઠળ જૈન વિશ્વ ભારતી લંડન દ્વારા પ્રેક્ષાધ્યાન, યોગ, જૈન શિક્ષણ, સ્વાસ્થ્યને લગતા કાર્યક્રમો શ્રમણ - શ્રમણીજીઓ દ્વારા યોજાય છે.

આચાર્ય ચંદનાજીની વીરાયતન ઇન્ટરનેશનલ પણ જૈન શિક્ષણ, સ્વાસ્થ્ય, માનવસેવાનાં કાર્યમાં જોડાયેલ છે.

બૃહદ્ લંડનમાં બ્રેન્ટ અને હેરો વિસ્તારની શાળામાં મોર્ડન ટેકનિકનું ઓડિયા વીઝ્યુલ સીસ્ટમથી જૈન શિક્ષણને દાખલ કરવાની શરૂઆત થઈ, જેનું પ્રતિનિધિત્વ ડૉ. વિનોદભાઈ કપાસીએ કરેલ છે.

આ ઉપરાંત યુરોપના બીજા દેશો જેવા કે જર્મની, ફ્રાન્સ, બેલ્જિયમ, ઇટાલી, રશિયા, સ્વીટ્ઝરલેન્ડ, જાપાનમાં જૈન કુટુંબો વસે છે. પાલનપુરના ઘણા હીરાના વેપારીઓ એન્ટવર્પમાં વસ્યા છે.

જાપાનના કોબેમાં મહાવીર જૈન મંદિરનું નિર્માણ ઈ.સ. ૧૯૮૫માં થયું. ભગવાન મહાવીરની પ્રતિમા મુંબઈથી લઈ જવામાં આવેલી.

**અમેરિકા - કેનેડામાં જૈન ધર્મની પ્રવૃત્તિઓ :**

લગભગ બધાં જ સેન્ટરોમાં નવપદ ઓળી, મહાવીર જન્મદિવસ, દીપોત્સવી પર્વ, ભાઈબીજ, જ્ઞાનપંચમી, કારતક પૂર્ણિમા, પર્યુષણ પર્વ વગેરે પર્વો તપ, ત્યાગ, સંયમ, તપ, જાપ આદિની પ્રધાનતા સાથે ઉજવવામાં આવે છે. દરેક સેન્ટર પોતાની અનુકૂળતા પ્રમાણે વિવિધ ધાર્મિક ક્રિયાઓ-પર્વોની ઉજવણી કરે છે.

ઉત્તર અમેરિકાની ધર્મપિપાસુ પ્રજાએ વિવિધ સંસ્થાઓ દ્વારા પોતાના ધાર્મિક તેમ જ માનવીય મૂલ્યોને જીવંત રાખ્યાં છે.

'જૈના'ની છત્રછાયા હેઠળ યંગ જૈન્સ ઑફ અમેરિકા(YJA)ની સ્થાપના ઈ.સ. ૧૯૯૧માં થઈ. જૈન યુવક-યુવતીઓમાં મૈત્રીની ભાવના વિકસે

જૈન યુવકો દરેક ક્ષેત્રમાં કઈ રીતે અગ્રેસર બને તેમ જ જૈન વારસાને કઈ રીતે જીવંત રાખી શકાય તેવા કાર્યક્રમો YJA દ્વારા યોજાય છે.

'જૈના' અને YJA દ્વારા દર વર્ષે અધિવેશન યોજાય છે, જેમાં ૩ દિવસ ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમોથી પરદેશની ધરતી પર ભારતીય સંસ્કૃતિનું અનેરું દર્શન થાય છે.

જૈન વિશ્વ ભારતી, અમેરિકા દ્વારા જૈન ધર્મનાં મૂલ્યોને વૈશ્વિક ઓળખ મળે તે ધ્યેયથી પ્રેક્ષાધ્યાન, જૈન શિક્ષણ, આરોગ્ય વગેરેને લગતા કાર્યક્રમો શ્રમણીજીઓની નિશ્રામાં યોજાય છે.

શ્રી મહાવીર જૈન એલ્યુમનિ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને પરદેશમાં તેમ જ ભારતમાં ઉચ્ચ શિક્ષણ માટે સ્કોલરશિપ આપવામાં આવે છે.

આ ઉપરાંત બ્રાહ્મી જૈન સોસાયટી, કચ્છી જૈન ગુર્જર સમાજ, જૈન આધ્યાત્મિક મંડળ, જૈન એકેડમિક ફાઉન્ડેશન ઑફ નોર્થ અમેરિકા વગેરે સંસ્થાઓ પણ કાર્યરત છે.

અમેરિકાની જૈન પ્રવૃત્તિઓ સૌથી પ્રશંસનીય ગણી શકાય. તે જૈન શિક્ષણની પ્રવૃત્તિ છે. ડૉ. પ્રવીણભાઈ કે. શાહ જૈન શિક્ષણને માટે ભગીરથ પ્રયત્નો કરી રહ્યા છે. પરદેશમાં વિદેશી ધર્મની પ્રાધાન્યતા વચ્ચે ઉછરતું જૈન બાળક ધર્મ માટે શૂન્યાવકાશ ન અનુભવે, તે માટે તેઓએ પ્રાથમિકથી લઈને કૉલેજ કક્ષા સુધીનાં બાળકો માટે જૈન શિક્ષણને લગતાં પુસ્તકો તૈયાર કર્યાં છે. શ્રી પ્રેમચંદ ગાડા, શ્રીમતી પલ્લવી ગાડા તેમજ શ્રી મહેન્દ્રભાઈ શાહનું પણ આ કાર્યમાં અમૂલ્ય પ્રદાન છે, તેવું શ્રી પ્રવીણભાઈ જણાવે છે. દર ત્રણ વર્ષે પાઠશાળાના શિક્ષકોનું અધિવેશન યોજાય છે અને જૈન શિક્ષણની પ્રવૃત્તિઓ માટે, તેના વ્યાપ માટે વિચારોનું આદાન-પ્રદાન તથા શિક્ષકોને માર્ગદર્શન આપવાના કાર્યક્રમો થાય છે.

**વિદેશમાં જૈન ધર્મની વિશેષ નોંધપાત્ર ઘટનાઓ, પ્રવૃત્તિઓ અને ફલશ્રુતિ :**

- ❑ કેલિફોર્નિયાની પોલીટેક્નિક સ્ટેટ યુનિવર્સિટીમાં ડૉ. તારા શેઠિયાના સંચાલન હેઠળ તા. ૧૬ જૂન, ૨૦૦૪ના રોજ 'અહિંસા સેન્ટર'ની સ્થાપના થઈ. 'જૈના' અને જૈન એજ્યુ. દ્વારા 'આચાર અને વિચારમાં અહિંસાના ધ્યેય'થી શરૂ કરાયેલ આ સેન્ટર શાળાનાં વિવિધ સ્તરે વર્કશોપનું આયોજન કરશે.
- ❑ હોનોલુલુની હવાઈ યુનિવર્સિટીના ધાર્મિક વિભાગના ચેરમેન ડૉ. ક્રોમવેલ ક્રોફર્ડે વિવિધ ધર્મોનો અભ્યાસ કર્યો છે અને જૈન ધર્મના

સિદ્ધાંતોનું આચરણ કરે છે. તેઓ 'જૈન સ્પિરિટ', 'અહિંસા ટાઇમ્સ' તથા 'જૈના વેબ પોર્ટલ' સાથે સંકળાયેલા છે અને શુદ્ધ શાકાહારી છે.

- ઉત્તર અમેરિકાની યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક સ્તરે જૈન ફિલૉસૉફી એક વિષય તરીકે શીખવી શકાય તે માટે તેઓ રસ દાખવી રહ્યા છે. માનવીય જીવનનાં મૂલ્યો વિકસાવવામાં તેમ જ આજના વિશ્વની સમસ્યાનું નિરાકરણ લાવવામાં જૈન સિદ્ધાંતો કેટલા પ્રસ્તુત છે, તે ડૉ. કોફર્ડે આ અંગેના સેમિનારમાં જણાવ્યું.
- ડૉ. સુલેખ જૈન, હ્યુસ્ટન અને ડૉ. શુગન જૈન, દિલ્હી દ્વારા 'ઇન્ટરનેશનલ સમર સ્કૂલ ફૉર જૈન સ્ટડીઝ' શીર્ષક હેઠળ અમેરિકન યુનિ.માં જૈન એજ્યુકેશન દાખલ કરવા એક પ્રોગ્રામનું આયોજન થયું. જેમાં યુરોપ અને અમેરિકાની યુનિવર્સિટીમાંથી ૨૦ પ્રોફેસરો - વિદ્યાર્થીઓને ભારતમાં મોકલવામાં આવ્યા. જેઓ ભારતનાં જૈન કુટુંબોને, જૈન ધર્મક્રિયાઓને, જૈન સિદ્ધાંતોને નજીકથી સ્પર્શી શકે તેવા કાર્યક્રમનું આયોજન થયું.
- તા. ૭ થી ૧૩ જુલાઈ, ૨૦૦૪ દરમિયાન સ્પેનના બાર્સેલોના ખાતે વર્લ્ડ રિલીજીયસ કોન્ફરન્સ યોજાઈ, જેમાં 'જૈના' તરફથી ૧૩ યુ.એસ.એ.ના, ૫ યુ. કે.ના અને ૧૨ ભારતનાં પ્રતિનિધિઓએ હાજરી આપી.
- વર્લ્ડ કોમ્યુનિટી સર્વિસના ચેરમેન અને જૈનરત્ન ઍવોર્ડ પ્રાપ્ત કરનાર ડૉ. ધીરજ શાહ તેમની કર્મભૂમિ - જન્મભૂમિ બિદડા, કચ્છમાં જૈનાને બિદડા સર્વોદય ટ્રસ્ટ સાથે સાંકળીને દર વર્ષે મેડિકલ કેમ્પનું આયોજન કરે છે. આ ૨૦ દિવસ ચાલતા કેમ્પમાં ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને યુ. અસ.એ., યુ. કે. અને ભારતના નિષ્ણાત તબીબો તથા સ્વયંસેવકોની સેવા મળે છે.
- શ્રી ચિત્રભાનુજી દ્વારા સ્થાપિત 'જૈન ઇન્ટરનેશનલ મેડિટેશન સેન્ટર' દ્વારા ઘણી વિદેશી પ્રજા શાકાહાર તરફ વળી છે. શ્રીમતી પ્રમોદાબહેન ચિત્રભાનુ જીવદયા કમિટી દ્વારા પશુ-પક્ષીઓ પ્રત્યેના કરુણાભાવની હિમાયત કરે છે. અમેરિકામાં ગાય પ્રત્યેના અત્યાચારને લીધે દૂધ અને દૂધની બનાવટો, બેકરી પ્રોડક્ટ વગેરેનો ત્યાગ કરી શુદ્ધ શાકાહારની હિમાયત કરતી તેમ જ પશુ-પક્ષીને કઈ રીતે રક્ષણ આપી શકાય તેનું પ્રાયોગિક અને સૈદ્ધાંતિક જ્ઞાન આપતી 'વિગન સોસાયટી' સાથે પણ સંકળાયેલ છે.

- પૂ. આચાર્ય સુશીલકુમારજીનાં વિદેશી શિષ્યા પેટ બ્રુનો વિદેશમાં જૈન ધર્મનાં સિદ્ધાંતોનું આચરણ કરે છે. જૈન યોગના વર્ગો સિદ્ધાચલમ ખાતે ચલાવે છે.
- ગુજરાતમાં આવેલ ધરતીકંપ દરમિયાન 'જૈના'એ ૬,૫૦,૦૦૦ ડૉલરનું, લાતુરના ધરતીકંપ વખતે ૧ લાખ ડૉલરનું અને સુનામી માટે ૨,૦૦,૦૦૦ ડૉલરનું ફંડ મોકલેલ છે.
- યુનિ. ઑફ હેઈડનબર્ગ, જર્મનીના રીસર્ચ એસોસિયેશને કર્ણાટકમાં જૈન ધર્મના પ્રોજેક્ટ વિશે મંજૂરી આપેલ છે. જેનો ધ્યેય ૫ થી ૧૨મી સદીમાં કર્ણાટકમાંથી જૈન ધર્મ લુપ્ત થયો તેનાં સંશોધનો અર્થેનો છે.

વિદેશમાં જૈન ધર્મની પ્રવૃત્તિઓનો વ્યાપ એટલો બધો છે કે તેને ટૂંકાણમાં સમાવવો શક્ય નથી. આ વ્યાપ જોતાં કવિ નર્મદની પંક્તિ 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદા કાળ ગુજરાત' યાદ આવી જાય છે. વિશ્વના ગમે તે ખૂણામાં જૈન સમાજ નાનો હોય કે મોટો પણ એક 'જૈન વિશ્વ' રચી દે છે.

### સંદર્ભ


**Web site :**

**www. jaina.org**

**www. jainworld.com.**

**www. jainsamaj.com.**

**www. jvbna.org.**

**YJA. org.**

**Magazines and other resources :**

**- Jain Digest**

**- Ahimsa world.**

**- Major Jain events of North America, Jain Timeline, article.**

**- Article by Mr. Satishkumar jain.**

- પરદેશમાં જૈન ધર્મ ડૉ. વિનોદ કપાસી.

# ૧૫ વિદેશમાં જૈન ધર્મની પ્રવૃત્તિ

ઈલાબહેન શાહ

જૈન ધર્મનાં અભ્યાસુ ઇલાબહેન જૈનોલોજી મુંબઈ યુનિ. તથા વર્લ્ડ જૈન કોન્ફડરેશન સાથે સંકળાયેલ છે.

પરદેશની ભૂમિ ઉપર જ જેમણે શ્વાસોચ્છ્વાસ લીધો છે અને ત્યાંના જ વાતાવરણ અને વ્યવહારથી રંગાયેલી અત્યારની પેઢીનાં બાળકોને ધર્માભિમુખ કેવી રીતે બનાવવા ! અમેરિકા, લંડન, આફ્રિકામાં જૈનોની મોટી વસ્તી છે. ૧૫૦ વર્ષ પહેલાં ઠરીઠામ થયેલાં જૈનોની અત્યારે ચોથી પેઢી ચાલે છે, જે સંપૂર્ણપણે ત્યાંના વાતાવરણમાં ઉછરીને ત્યાંના જ રીતરિવાજ અને સંસ્કૃતિથી અભિભૂત છે. અભ્યાસ, બોલી, રીતરિવાજ અને પહેરવેશ સાથે ત્યાંના તહેવારો પણ નવી પેઢી ધામધૂમથી ઉજવે છે. નવાં રીતરિવાજો, પહેરવેશ અને ખાનપાન જો કુટુંબ, સમાજ અને સ્વાસ્થ્યને હાનિકારક ન હોય તો અપનાવવામાં છોછ ન રાખવો જોઈએ, પણ પોતાના સંસ્કારોના ભોગે તો નહિ જ. અને એટલે જ આપણા વડીલો સતત જાગૃત છે કે આ **આધુનિક પેઢીને** ધર્મથી પરિચિત કેમ કરવા.

પૂર્વ આફ્રિકામાં વીરાયતન ઈન્ટરનેશનલ દ્વારા **'Living Tirthankar Mahavir's values'** ઉપર પાંચ દિવસની પરિષદમાં જવાનું આમંત્રણ મળ્યું. ૨૮ એપ્રિલ-૦૫'ના અમે કેન્યાના નૈરોબી શહેરમાં પહોંચ્યા. ત્યાં ઓશવાલ સેન્ટરના નામથી ભવ્ય સંકુલ જૈનો દ્વારા ઊભું કરવામાં આવ્યું છે, જે સતત પ્રવૃત્તિઓથી ગાજતું રહે છે. ઓશવાલ સેન્ટરમાં પહોંચતાં જ કેસર-ચંદનના તિલક સાથે સંઘપૂજન કરવામાં આવ્યું. મારી નજર સમક્ષ ભારતીય ઉપાશ્રયનું જાણે દૃશ્ય તરવરવા લાગ્યું. જૈનોની ગરિમા સમો કેવા આતિથ્ય ભાવ. વિશાળ હૉલના ત્રીજે માળે લગભગ ૪૦ બહેનોએ એક મહિનાની મહેનત કરીને ૨૦×૧૦ ફૂટના વિસ્તારમાં સમોવસરણની અદ્‌ભુત રંગોળી કાઢી હતી. આ બહેનો કેન્યામાં જ જન્મીને ઉછરી હતી. સાંજના આફ્રિકન કલાકારોના મુખેથી નવકારમંત્રના ગુંજારવ સાથે પરિષદનું ઉદ્‌ઘાટન થયું. બીજા દિવસે એક પ્રદર્શન યોજાયું હતું - જ્ઞાન,

દર્શન અને ચારિત્ર ઉપર. પાંચથી પચાસ વર્ષની ઉંમરના કલાકારોએ પોતાની આગવી રજૂઆતથી દ્રવ્ય, નવતત્ત્વો, ગુણસ્થાનક, ભાવનાઓ ઇત્યાદિને જીવંત બનાવ્યા હતા, એટલું જ નહિ દરેક દૃશ્ય આગળ એક વ્યક્તિ એને વિસ્તારપૂર્વક એને સમજાવતા હતા. વડીલોનો પોતાના બાળકો માટે કેવો શુભ પ્રયાસ. પાંચ દિવસની કોન્ફરન્સમાં સૌથી વધુ કોઈએ પ્રભાવિત કર્યા હોય તો તે હતા પાઠશાળાના ૭૦૦ વિદ્યાર્થીઓ. નૈરોબીમાં જૈનોની ખૂબ મોટી વસ્તી છે, તેથી પાઠશાળા પણ ધમધમે છે. બાળ સુલભ કંટાળો પાઠશાળા જવાનો એ અહીં પણ છે. પણ માવિત્રો ખૂબ જ જાગ્રત છે, તેથી બાળકોની સાથે માતાપિતા અને ખાસ કરીને માતાઓ પણ પાઠશાળામાં પહેલાં ભણવા અને ભણાવવા જાય છે. Of course ભાષા અંગ્રેજી હોય છે અને બધાં સૂત્રોને વિસ્તારથી અંગ્રેજી ભાષામાં તેમ જ પડદા ઉપર દૃશ્ય અને શ્રાવ્યના માધ્યમથી વધુ રોચક બનાવવામાં આવે છે.

ત્રણ જૈન મંદિર તેમ જ ગૃહમંદિરો પણ છે. જેમાં સવાર - સાંજ પૂજન, અર્ચન, આરતી વગેરે થાય છે. પર્યુષણ, મહાવીર જયંતી આદિ પર્વોની ઉજવણી પણ ખૂબ ઉમંગપૂર્વક થાય છે. મને વિચાર આવ્યો કે ભારતના જૈનોમાં અને ખાસ કરીને યુવાનોમાં આ ઉત્સાહ ખરો ! ના. કારણ ? કારણ અમસ્તુ મળી ગયું છે. જે પરાપૂર્વથી ચાલ્યું આવે તેનો કોઈ થનગનાટ ન હોય, ઝાઝો વિકાસ ને વિસ્તાર ન હોય. કેન્યામાં પરિભ્રમણ કરતાં અનેક જૈન ધર્મસ્થાનકોની મુલાકાત લીધી. જેમાં નુકુરૂની દાદાવાડી મુખ્ય છે. વિશાળ પ્રાંગણમાં ભવ્ય જિનમંદિર, પૂજાનાં ફૂલો માટે વિવિધ ફૂલોથી મઘમઘતી ફૂલવાડી, નાહવાની વ્યવસ્થા, કેસર-ચંદનની સુવિધા. પહેલા માળ ઉપર ચડીને નગરદર્શન કર્યું. મન અત્યંત પુલકિત થઈ ગયું અને ભારતમાં જ હોવાનો ભાસ થયો. ભગવાન મહાવીરનું જયવંતુ શાસન ૨૬૦૦૦ વર્ષ ચાલશે જ.

આજકાલ પર્યુષણ પર્વ માટે જૈન વિદ્વાનોને ભારતમાંથી આમંત્રિત કરવાનો ટ્રેન્ડ બહુ જ પ્રચલિત છે. આવા વિદ્વાનો ૩ થી ૪ પ્રકારના હોય છે. એક પ્રકાર છે ત્યાં જઈને વિધિ-વિધાન, સ્નાત્રાદિ ભક્તિ ભાવના કરાવવાવાળાઓનો ત્યાં ઉજવાતા વિવિધ મોટાં પૂજનોના પણ તેઓ નિષ્ણાત હોય છે. બીજો સમાજ છે જે ફક્ત વિદ્વાનોને આમંત્રીને ધર્મ-ગ્રંથોની સમજણ સરળ ભાષામાં મેળવવાનો પ્રયત્ન કરે છે. થોડાં ઘણાં વિધિવિધાનો આવો વર્ગ પણ કરતો હોય છે. આચાર્ય મહાપ્રજ્ઞ દ્વારા પ્રેરિત

શ્રમણ, શ્રમણીઓનો મોટો વર્ગ આજકાલ અમેરિકા, લંડન વગેરે જગ્યાએ જઈને ધર્મનો ફેલાવો કરી રહ્યો છે. ગૃહસ્થ છતાં સાધુની સમાચારી પાળતાં આ શ્રમણ, શ્રમણીઓ વિદેશમાં પ્રેક્ષાધ્યાનનો પ્રચાર મોટા પાયા પર કરી રહ્યાં છે. અમેરિકામાં શ્વેતાંબરો ૮૦%, શ્રીમદ-સ્થાનકવાળા લગભગ ૧૫%, ૮% દિગંબર અને બેએક ટકા જેટલા તેરાપંથીઓ વસી રહ્યા છે; જે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા જૈન ધર્મને પોતાના અને બાળકો માટે ટકાવી રહ્યા છે.

વર્લ્ડ જૈન કોન્ફેડરેશન અને લંડનની જૈન ઈન્સ્ટિટ્યૂટ દ્વારા હાઉસ ઑફ લોર્ડ્ઝમાં અહિંસા દિવસની ઉજવણી ભગવાન મહાવીરના જન્મ દિવસે કરવામાં આવી. ત્યાં પધારેલા અનેક મહાનુભાવોને જૈન ધર્મનાં ચુનંદા પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં. જેના પ્રત્યાઘાત રૂપે એક જ ઈ-મેઈલ મળ્યો કે - 'જગતમાં આવી ફિલૉસૉફી પણ અસ્તિત્વ ધરાવે છે એની મને ખબર જ નહોતી. જો આ પુસ્તકો મને ન મળત તો આવા જ્ઞાનથી હું વંચિત રહી જાત.' વરસો પહેલાં જર્મન સ્કોલર હર્મન જેકોબીએ તો જૈન ધર્મનો ઊંડો અભ્યાસ કર્યો છે. દુનિયાની આઠમી અજાયબી એવા વયોવૃદ્ધ પ. પૂ. જંબૂવિજયજી મહારાજ સાહેબ પાસે તો જાપાન, અમેરિકા, લંડનથી અનેક વિદ્વાનો જૈન ધર્મનો અભ્યાસ કરવા આવે છે. આવા જ એક તિબેટી અને અમેરિકને સાથે મળીને લખેલા એક ગ્રંથને પૂ. જંબૂવિજયજીને અર્પણ કર્યો છે. આ છે જૈન ધર્મનો વિદેશમાં પ્રભાવ.

# ૧૯ વિદેશમાં જૈન ધર્મની પ્રવૃત્તિ

**કિશોર બાટવિયા**

વડોદરા-સ્થિત કિશોરભાઈ પત્રકાર તથા લેખક છે, અને જૈન સેમિનારમાં ભાગ લે છે.

કેન્યામાં નૈરોબી-મોમ્બાસા-દારેસલામ-નકુરૂ-કીસુમુ-શીક્કામાં જૈન ધર્મની વિવિધ પ્રવૃત્તિઓ થાય છે. આશરે ૧0000 જૈનસમાજની વસતી છે. નૈરોબી-મોમ્બાસા-કીસુમુ-એલડોરેટ અને શીક્કામાં સુંદર આલીશાન શિલ્પી બનાવટના દેરાસર છે તથા સ્થાનકવાસી દિગંબર-શ્વેતાંબર અને રાજચંદ્રજી ધર્મનાં ધર્માલય-દેરાસરોમાં વિવિધ ભગવાનની મૂર્તિઓ છે. ત્યાં દરેક દેરાસરમાં પૂજા-પ્રાર્થના, આયંબિલ-મહાવીર જયંતી ઉજવવવામાં આવે છે. જૈન ધર્મના આધ્યાત્મિક પ્રવચનો સાંભળવાં તથા અંગ્રેજી મીડિયમમાં નવી પેઢીને જૈન ધર્મ દુનિયામાં કેટલો મહાન, સંત-મુનિનાં તપ વગેરે જાણવા ભારત તથા અન્ય દેશોમાંથી જ્ઞાની-પંડિતજી પૂ. સુશીલમુનિજી-ચિત્રભાનુજી-આચાર્ય ચંદનાજી-સાધ્વીજી અને ડૉ. કુમારપાળ દેસાઈ, નવકાર આરાધક શશીકાન્ત મહેતા વગેરે પરદેશ જઈ જૈન ધર્મનાં પ્રવચન કરે છે અને પ્રશ્નોતરી, ચર્ચા-વિચારણા કરવામાં આવે છે. પર્યુષણ પર્વમાં અદ્ભુત કાર્યક્રમો યોજવામાં આવે છે. દર વર્ષે વિવિધ પ્રકારનાં પ્રદર્શનો જેમાં ફોટા-પુસ્તકો, મહાવીર સ્વામી ભક્તામરના અર્થ સાથે ફોટાઓ શ્રીમદ્ રાજચંદ્રના ફોટા-પુસ્તક વગેરે પર્યુષણમાં વિવિધ પ્રદર્શનો ધમધમતા હોય છે. બાળકો માટે પાઠશાળા દર શનિ-રવિ ચાલે છે, અને સૂત્ર-સામાયિક શિખવાડવામાં આવે છે. દર બુધવારે બહેનો માટેની પાઠશાળા જેમાં સૂત્ર તથા વિધિ શિખવાડવામાં આવે છે. માતાપિતા, યુવાન-યુવતી, બાળકો એકસાથે એક જ હૉલમાં ધર્મ-ચર્ચા પ્રવચન સાંભળે છે. નૈરોબી અને મોમ્બાસામાં ઓસવાલ જૈન સ્કૂલ ચાલે છે, અને જૈન ધર્મનું જ્ઞાન પૂજાસૂત્ર વગેરે શિખવાડવામાં આવે છે. ચંદ્રશેખર મહારાજ તપોવનમાં સંપૂર્ણ જૈનજ્ઞાન સાથે પ્રવચન-પૂજા-પ્રતિક્રમણનું જ્ઞાન આપવા પરદેશમાં અને ભારતમાં વિવિધ સ્થળોએ મોકલે છે. સવંત્સરીના દિવસે સમસ્ત જૈન પરિવાર રજા રાખે છે. ઉપવાસ પણ સારા પ્રમાણમાં થાય છે. પ્રભાવના

પણ સારી થાય છે. મોમ્બાસામાં - નૈરોબીમાં નવનાત તરફથી સુંદર લાઇબ્રેરી બનાવેલ છે, તેમાં દરેક પ્રકારના સેક્શન સાથે પુસ્તકો રાખવામાં આવેલ છે. સર્વ પ્રકારનાં મેગેઝિન, દરેક પ્રકારનાં પુસ્તકો ભારત તથા અન્ય દેશોમાંથી આવે છે.

જૈન આર્ટિસ્ટ ધંધાકીય નૈરોબી-મોમ્બાસામાં કલા-કારીગરીવાળા છે. તેઓ આપણે માની ન શકાય - કલ્પી ન શકાય તેવી રંગોળી, પિક્ચર જેવા કે ચંદનબાલા - નવકારમંત્ર, ભગવાન મહાવીર, અષ્ટમંગલ વગેરે આબેહૂબ બનાવે છે. આ રંગોળી બનાવવા ૮ થી ૧૦ દિવસનો સમય લાગે છે. બધા સાથે ટીમ બનાવી તે બનાવે છે અને દરેક પ્રજાજન આ રંગોળી જોવા આવે છે. ન્યૂઝ પેપર - ટીવીમાં ખાસ વખાણ થાય છે. દરેક સંસ્થાનાં જૈન ભવન બનાવવામાં આવેલ છે, તેમાં ધાર્મિક-સામાજિક-આરોગ્યના કેમ્પો - જ્ઞાતિના સભ્યોના શુભ-અશુભ પ્રસંગોમાં વાપરવા માટે ઉપયોગી થાય છે. સ્થાનકવાસીનું જૈન ભવન આલીશાન બનાવવામાં આવેલ છે. ફંડ-ફાળા માટે ચેરિટી શો - નવરાત્રિ - નાટકો થાય છે, અને લાખો શિલિંગનો ફાળો થાય છે. પ્રમુખસ્વામીના મંદિરના ઉદ્‌ઘાટનમાં જૈન ભવન વાપરવા આપેલ અને પ્રશંસા કરેલ. દર માસે આધ્યાત્મિક સંઘ-સ્વામીવાત્સલ્ય ભોજન થાય છે. આ સંઘજમણમાં લાખોપતિ સંપૂર્ણ વાડી સાફ કરવામાં પુણ્ય ગણે છે અને રાત્રે રસોઈની તૈયારી દરેક કુટુંબની બહેનો તથા ભાઈઓ બનાવી પ્રસાદ લે છે. આ ભોજનમાં દરેક જૈન આવે છે.

યુવક મંડળની પ્રવૃત્તિમાં ૧૨ થી ૨૪ કલાક નવકાર મહામંત્રના જાપનું આયોજન કરે છે અને આઠ દિવસ સારો આવકાર મળે છે. હવે ભક્તામર - ઉવ્વસગ્ગહરંના જાપ પણ કરવામાં આવે છે. શ્રી રામચંદ્રજીનું ગ્રુપ પણ બહુ જ પ્રવૃત્તિશીલ છે. તેઓ સત્સંગ શિબિર-પ્રદર્શન બહુ જ નિયમિત કરે છે. દિગંબર જૈન ધર્મ(સોનગઢ)નું મોટું દેરાસર છે. કાનજી સ્વામીના હસ્તે ઉદ્‌ઘાટન થયેલ મૂર્તિઓ ભારતથી બનાવી મોકલાવેલ. (**Air India** એ **Free Service** આપેલ) દર વર્ષે છેલ્લાં ૭ વર્ષથી પંડિતજીને પ્રવચન માટે બોલાવવામાં આવેલ છે. યુવાન-યુવતીઓ માટે ચંદના વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી છે. તેમાં વીરાયતનમાં ૪૦૦ બાળકો જૈન ધર્મ-સૂત્ર-અંગ્રેજીમાં-સંસ્કૃતમાં આ વિદ્યાપીઠમાં જ્ઞાન મેળવે છે. દર મંગળવારે રાત્રિના ૧૮ વર્ષથી ઉપરનાં ભાઈ-બહેનોના ક્લાસ ચલાવવામાં અને ૨૫૦ ધર્મપ્રેમીઓ જૈન ધર્મ, તત્ત્વ, સૂત્ર વગેરે અને ધાર્મિક કાર્યક્રમો ઉજવવામાં આવે છે. ૪૦ ઑનરરી શિક્ષકોની ટીમ કામ કરે છે. વોલીન્ટરી સેવા આપે

છે. વર્ષમાં બે વાર સાધ્વીજી વીરાયતનમાંથી સંપૂર્ણ જૈન જ્ઞાનવાળા અધ્યાપકો ખાસ આવે છે. વર્ષમાં એક વખત ધાર્મિક કૉન્ફરન્સ રાખવામાં આવે છે. તેમાં પરદેશથી ઘણા ધર્મપ્રેમીઓ ભાગ લઈ ચર્ચા કરે છે. આ વિદ્યાપીઠનું ધ્યેય સેવા અને સ્વાધ્યાયનો છે. આ વિદ્યાપીઠમાં કોઈપણ સંપ્રદાયના ભેદભાવ વિના દરેકને આવકારવામાં આવે છે અને જૈન ધર્મનું જ્ઞાન આપવામાં આવે છે. તેમનો મુખ્ય ધ્યેય આપણા જીવનમાં દરરોજ ધર્મ પ્રમાણે કેમ વર્તવું એ જ છે. અહીં પુષ્કળ સેમિનાર, વર્કશોપ, સ્તવન, ભક્તિ ક્લાસીસ અને ભાવનાની ટીનેજર અને યુવાનો સાથે સ્પર્ધા થાય છે. જ્યારે સંપૂર્ણ જૈન ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થયા બાદ વીરાયતન તરફથી વર્લ્ડવાઈડ **Recognised** સર્ટિફિકેટ આપવામાં આવે છે. નાનાં બાળકોને જ્ઞાન આપવામાં માતા-પિતાને આતુરતા હોય છે. દર અઠવાડિયે ૧૫ થી ૨૦ વિદ્યાર્થી ભારતની સંતભૂમિમાં આવે છે. (ડિસેમ્બર) અને વીરાયતનમાં ધાર્મિક શિક્ષણ લઈ પરત થાય છે.

ખોરાકમાં નોન વેજિટેરિયનમાંથી પ્યોર વેજિટેરિયન બનાવ્યા. નવકાર યંત્ર-વિશ્વભરમાં વખણાયેલ સ્તવન 'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું' દરેક જૈન પરિવારમાં ગવાય છે. દરવર્ષે ચિત્રભાનુ અમેરિકન ભાઈ-બહેનને ભારતનાં જૈન સ્થળો : પાલિતાણા-સમેતશિખર-શંખેશ્વર-પાવાપુરી વગેરે સ્થળોનો ઈતિહાસ સમજાવી મુલાકાત માટે ડિસેમ્બરમાં લાવે છે. છેલ્લાં ૨૫ વર્ષથી જૈન સંસ્થા ફેડરેશન ઑફ જૈન એસોસિયેશન નોર્થ અમેરિકામાં સ્થાપવામાં આવેલ છે. કેનેડા પણ આ જ સંસ્થાના સભ્ય છે. દર વર્ષે અથવા ઑલ્ટરનેટ જૈન સંસ્થા દર જુલાઈમાં ૧ થી ૩ તારીખ એમ ત્રણ દિવસ જુદી જુદી જગ્યાએ કન્વેનશન યોજવામાં આવે છે અને વિવિધ જૈન વિષય ઉપર પરિસંવાદ-પ્રવચનો રાખવામાં આવે છે. આ વર્ષે ૨૦૦૬ ૧લી જુલાઈના જૈન સેન્ટર ઑફ નોર્થન કેલિફોર્નિયાના ઉપક્રમે સાન ફ્રાન્સિસ્કોમાં સાન હાઉસ ખાતે જૈન કૉન્ફરન્સનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. અહીં ૫ વર્ષ પહેલાં એક ભવ્ય દેરાસરમાં ઘણા જ જુદા જુદા બ્લોક બનાવવામાં આવેલ છે. તેમાં સર્વ જૈન પરિવારો ભાગ લે છે. જેવા કે દેરાવાસી, સ્થાનકવાસી, મારવાડી, જૈન, રાજચંદ્ર પંથ વગેરે. આ દેરાસરમાં ઘણા જ જુદા જુદા બ્લોક બનાવવામાં આવેલ છે, તેમાં જૈન પરિવાર, સ્થાનકવાસી, પ્રતિક્રમણ-દેરાવાસી પ્રતિક્રમણ, રાજચંદ્રજી સત્સંગ, દિગંબર પ્રાર્થના કરે છે અને આયંબેલ ભવનમાં કોઈપણ વ્યક્તિને આયંબિલ માટેની સંઘ તરફથી વ્યવસ્થા છે. બાળકો-યુવાન-યુવતી તથા મોટા મુમુક્ષુ માટે ઉંમર પ્રમાણે

પાઠશાળામાં જૈન ધર્મના હાઈલી ક્વોલીફાઈડ શિક્ષક-પ્રોફેસર રાખવામાં આવેલ છે. ગુજરાતમાંથી દર વર્ષે ડૉ. કુમારપાળ દેસાઈ પર્યુષણમાં અમેરિકા-કેનેડા જાય છે અને જૈન ધર્મ ઉપર પ્રવચન-પ્રશ્નોતરી-પુસ્તક પ્રકાશનની પ્રવૃત્તિ કરવામાં આવે છે. વીરાયતનના ચંદનાજી-સુભદ્રાજી-શિલાપીજી તેમના વિવિધ કાર્યક્રમો કરી તથા યુ. કે., યુ. એસ. એ. યુનિવર્સિટીમાં પીએચ.ડી. કરાવી અનેક નવી-જૂની પેઢીના જૈન કુટુંબમાં જૈન ધર્મનું જ્ઞાન આપે છે. મુંબઈના રાકેશભાઈ આધ્યાત્મિક પ્રવચન આપવા માટે રાજચંદ્રજીનું સંપૂર્ણ જ્ઞાન અમેરિકામાં આપે છે. ધ્યાન-શિબિર-રાત્રિભોજનનો ત્યાગ, સાધના વગેરે કરવા પ્રવચન આપે છે.

ન્યુ જર્સીમાં ભવ્ય દેરાસરનું ઉદ્‌ઘાટન ઑગસ્ટ-૨૦૦૬માં છે. સર્વ જૈન કુટુંબને ઉપસ્થિત રહેવા ફોર્મ મોકલવા-મેળવી લેવા જાહેરાત થયેલ છે અને રહેવા-જમવાની વ્યવસ્થા સંઘ કરશે. ગ્રુપ ટિકિટ વગેરે માટે માહિતી આપેલ છે. કોબાથી ડૉ. સોનેજી અવારનવાર આવે છે.

૨૨-૮-૦૪ હુસ્ટનમાં યુવાનોની શિબિરનું આયોજન કરવામાં આવેલ, તેમાં સૂત્રો આપવામાં આવેલ. તેમાં માતા-પિતાને નમસ્કાર અને ગુરુના ફોટાને પ્રણામ કરવા, દરરોજ ખોરાકમાં કાંદા-લસણ-માંસાહારી બનાવેલ ખાદ્યપદાર્થ ખાવા નહિ, આલ્કોહોલ-ચોરી, શિકાર-ફિશિંગ કરવા નહિ. ધાર્મિક પુસ્તક જેવા કે બાયોગ્રાફી વાંચવા. દરરોજ ૧૦ મિનિટ પ્રાર્થના કરવી. મંદિર અથવા પૂજારૂમ - બે વર્ષે ભારતની મુલાકાત લઈ અને ધાર્મિક ઐતિહાસિક તીર્થયાત્રા કરવી. સમેતશિખર-પાલિતાણા-તારંગા-દેલવાડા-ગૌતમેશ્વર-કોબાની યાત્રા તમારા પૉકેટ ખર્ચા ઓછા કરો. ટી.વી. જોવામાં ખોટો સમય ન બગાડો-મ્યુઝિક શીખવું, તેમાં સ્વતંત્ર ગીતો-તબલા-હારમોનિયમ વગેરે વાજિંત્રો શીખવા. અભ્યાસમાં હોમવર્ક કરી લેવું. ન્યૂયોર્ક શહેરના ક્વીન્સ નામના ઉપનગરમાં જ્યાં પહેલાં નાનું દેરાસર હતું, તે જ જગ્યાએ કુલ પાંચ માળની ભવ્ય પ્રતિષ્ઠા થઈ. તે સૌ માટે આનંદ-મંગળનો દિવસ હતો. જૈન સમાજની દરેક પરંપરાને આવરી લેતું આ પ્રથમ દેરાસર કહી શકાય. શ્વેતાંબર પરંપરાના મંદિરના મૂળ નાયક ભગવાન શ્રી મહાવીર સ્વામી છે અને બંને બાજુ શ્રી નેમિનાથ ભગવાન અને શ્રી સંભવનાથ ભગવાન છે. દિગંબર પરંપરાના મંદિરમાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાન છે તથા બાજુમાં શ્રી પદ્મપ્રભુ તથા શ્રી ચંદ્રપ્રભુ ભગવાન બિરાજમાન છે. બે ખડગાસન પ્રતિમાઓમાં શ્રી પાર્શ્વનાથ અને બાહુબલી સ્વામી છે. મૂર્તિઓ ખૂબ જ સુંદર અને ભવ્ય છે. જે સર્વ ભક્તોના ચિત્તને પુલકિત કરે છે.

ત્રીજે માળે શ્રી દિગંબર મંદિરની સામે શ્રીમદ્ રાજચંદ્ર હૉલ તથા લાઈબ્રેરી આવેલ છે. પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રના ચિત્રપટની ખૂબ ભાવપૂર્વક શ્રી આત્મસધિશાસ્ત્રનું પારાયણ કરાવ્યું હતું.

પૂ. આત્માનંદજી, પૂ. ભાઈ નલિનભાઈ-વિક્રમભાઈ આવ્યા હતા અને ભાવવાહી ભક્તિપ્રધાન સ્વાધ્યાય થયા હતા. શ્રી ધરમપુર આશ્રમથી પૂ. રાકેશભાઈ ઝવેરી સાથે મુમુક્ષુવૃંદ સાથે હાજરી આપેલ, તેમના ત્રણ મુખ્ય સ્વાધ્યાય થયા હતા. જેમાં 'ધર્મ એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે.' તે વિષય મુખ્ય હતો. પદ્મશ્રી કુમારપાળ દેસાઈએ જૈન ધર્મના ઈતિહાસની ખૂબ જ મહત્ત્વપૂર્ણ વિસ્તૃત માહિતી આપી હતી તથા આ ઉત્સવને ન્યૂયોર્કની એકતાના પ્રતીક તરીકે બિરદાવ્યો હતો.

જૈન સમાજના દરેક ફિરકાના મળી લગભગ ૨૦ સંતો, વિદ્વાનો અને મહાનુભાવો પધાર્યા હતા, તેથી જનસમૂહમાં વિશેષ આનંદ વર્તાતો હતો. જેમાં મુખ્ય હતા પૂજ્ય શ્રી ચિત્રભાનુજી મહારાજ, પૂજ્ય શ્રી જિનચંદ્રજી મહારાજ, પૂ. આચાર્ય શ્રી ચંદાનાજી, પૂ.શ્રી અમરેન્દ્ર વિજયજી, પૂ. શ્રી રૂપચંદજી મહારાજ, પૂ. શ્રી જનકમુનિજી, પૂ. શ્રી દેવેન્દ્રકીર્તિ ભટ્ટારકજી મહારાજ, શ્રી ધીરુભાઈ પંડિત, આચાર્યશ્રી શાંતિભાઈ કોઠારી, ડૉ. શેખરચંદ જૈન, શ્રી નરેન્દ્રભાઈ નંદુ તથા સંકુલ નિર્માણ ડૉ. રજનીભાઈએ કરેલ.

કેનિયા તથા ટાન્ઝાનિયાથી ૧૯૭૨માં એશિયન લોકોને દેશ છોડવાની ફરજ પડેલી ત્યારે અમેરિકા તથા કૅનેડામાં ઘણાં વર્ષોથી જૈન ભાઈઓનો સારો વસવાટ છે અને નવા દેશમાં ડેવલપમેન્ટ માટે જરૂરિયાત માટે આવકાર્યા તેમાં હિન્દી લોકો સાથે ગુજરાતી જૈન લોકોની વસતી સારા પ્રમાણમાં, મારવાડી જૈનની વસતી સારા પ્રમાણમાં થઈ જતા અન્ય ધર્મ સાથે જૈન ધર્મનો પણ પ્રચાર થવા માંડ્યો. વડીલોને નવી પેઢીની ધર્મના સંસ્કાર અને ઘડતર રહે તે માટે વડીલો ચિંચિત હતા જ. સાધુ-સાધ્વી - સાધુ જે હિંમત કરી ક્રાંતિકારી પગલું ભરી દેશમાં સફર કરવાથી જૈન ધર્મની લાગણી વધતી આવી. પૂ. ચિત્રભાનુ આચાર્ય, સુશીલકુમારજી ચંદનાજી, અન્ય દેશોની યુનિવર્સિટીમાં સેમિનારમાં પ્રવચન આપવા જવા માંડ્યા. ઈસ્ટ આફ્રિકા, ઈંગ્લૅન્ડ, અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા જૈન ધર્મના પ્રચારાર્થે નિયમિત પર્યુષણ ઉપર આમંત્રણ મળતા જૈન ધર્મના પ્રચારને વેગ મળ્યો અને યુવક/યુવતીઓને ધર્મ પ્રત્યે જિજ્ઞાસા વધવા માંડી. પદ્મશ્રી કુમારપાળને ૨૦૦૮ સુધી પરદેશ જવાનું ચાતુર્માસ નક્કી છે.

અમેરિકામાં છેલ્લાં ૨૫ વર્ષથી ફેડરેશન ઑફ એસોસિયેશન ઈન નોર્થ અમેરિકા 'જૈના'ના નામથી ઓળખાય છે. તેની સ્થાપના થયેલ છે, જેનું ૧૩મું અધિવેશન જુદાં જુદાં શહેરોમાં યોજવામાં આવે છે. તાજેતરમાં જુલાઈ, ૨૦૦૫માં કેલિફોર્નિયામાં સેનહોઝ ખાતે જૈન સેન્ટર ઑફ નોર્થન કેલિફોર્નિયાએ હોસ્ટ કરેલ હતું, જેમાં ૩ થી ૪ હજાર જૈન ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં ભારતથી પ્રખર વક્તા શ્રી રાકેશભાઈ ઝવેરી, અન્ય વક્તા વિવિધ કાર્યક્રમોમાં ધાર્મિક-સાંસ્કૃતિક વગેરે યોજવામાં આવેલ. સેનહોઝમાં પાંચ વર્ષ પહેલાં ભવ્ય દેરાસર થયેલ છે. લોસ એન્જલિસમાં પણ દેરાસર છે. જૈનોની વસતી વધતા મોટું દેરાસર થયેલ છે. કૅનેડા-ટોરેન્ટોમાં પણ દેરાસર છે, ત્યાં ધાર્મિક પ્રવૃત્તિ ચાલે છે. ત્યાં સંપ્રદાયોને ભૂલી સર્વ જૈન પર્યુષણ દરમિયાન સેનહોઝમાં વિવિધ હૉલમાં દેરાવાસી (ઓસવાલ), તેરાપંથી-સ્થાનકવાસી-દેરાવાસી-દિગંબર રાજચંદ્રના સત્સંગીઓ મારવાડી વગેરે તેમની પદ્ધતિ પ્રમાણે એક સાથે પ્રતિક્રમણ કરતા હોય છે. રાજચંદ્રજીના સત્સંગી મળતા હોય છે, તેથી ધાર્મિક તહેવારો એક જ દિવસે સાથે પ્રારંભ થાય છે. બધા સાથે મળીને પ્રવૃત્તિ કરે છે. ચૈત્ર માસની આસો માસની આયંબિલની ઓળી કરવાની વ્યવસ્થા હોય છે. યુવાનોને જૈન ધર્મનું જ્ઞાન મળે તે માટે અંગ્રેજીમાં જૈન પાઠશાળાઓ આફ્રિકા-કૅનેડા-ઈંગ્લૅન્ડ-અમેરિકા વગેરે અંગ્રેજીમાં ચાલે છે. ટ્રેઈન્ડ ધાર્મિક શિક્ષક બાળકોની ઉંમર પ્રમાણે જુદા જુદા ક્લાસ મહિનામાં બે રવિવાર ચાલે છે. અંગ્રેજીમાં પદ્ધતિસર સીલેબસ તૈયાર કરવામાં આવે છે, તેમાં આપણાં સાધુ-સાધ્વી-આચાર્યજીનો ફાળો મહત્ત્વનો છે.

આચાર્ય પૂ. સ્વ. સુશીલમુનિજીએ અમેરિકામાં ન્યુ જર્સી પાસે ૧૦૮ એકર જમીન પર સિદ્ધાચલમની સ્થાપના કરી છે. સિદ્ધાચલમ એ યુ. એસ. એ., કૅનેડા અને યુરોપમાં વસેલા જૈનો માટે શ્રદ્ધાનું કેન્દ્ર બની ચૂકેલી જગ્યા છે. અસંખ્ય શ્વેત નાગરિકો સિદ્ધાચલમની મુલાકાત લઈને જૈન ધર્મના મહાન સિદ્ધાંતોને સમજમાં ઉતારે છે. સિદ્ધાચલમની વિશિષ્ટતા એ છે કે અત્રે જૈન સંપ્રદાયના તમામ ફિરકાઓ જેમ કે સ્થાનક, દેરાસર, દિગંબર, તેરાપંથ વગેરેનું સુભગ સંયોજન છે. સિદ્ધાચલમમાં ઉજવાતા જૈનોના ઉત્સવોમાં અગણિત શ્વેત ભાવિકો ઉમંગથી હાજરી આપે છે.

પૂ. આ. સુશીલમુનિના સંપર્કમાં રહીને જૈન અગ્રણીઓના પ્રોત્સાહનથી 'જૈના' નામથી જાણીતી સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. જૈના

(JAINA) એટલે જૈન ઈન્સ્ટિટ્યુશન ઑફ નોર્થ અમેરિકા. આ સંસ્થા અમેરિકા અને કેનેડામાં વસતા જૈનોને સદસ્ય બનાવે છે. તેની નિયમિત બેઠકો યોજાય છે. વહીવટદારોની ચૂંટણી થાય છે. ગત મહિને જૈના દ્વારા સાનફ્રાન્સિસ્કો ખાતે આંતરરાષ્ટ્રીય જૈન કૉન્ફરન્સનું આયોજન કરાયું હતું. લોસ એન્જલસમાં પણ જૈન મંદિરો છે અને અત્રે આચાર્ય ચંદનાજીની શિષ્યાઓ સતત ઉપસ્થિત રહે છે. આચાર્ય ચંદનાજીના શિષ્યો ઘણા એજ્યુકેટેડ હોવાથી આધુનિક પદ્ધતિથી જૈન પાઠશાળા શરૂ કરી શક્યા છે. કારણ પરદેશનાં બાળકો સમજ્યા વિના આંધળી વિધિમાં માનતા નથી. દરેક સવાલના જવાબ વૈજ્ઞાનિક કારણ - જવાબ સંતોષકારક મળે તો જ ધાર્મિક વિધિ કે અભ્યાસમાં જોડાય છે. આયંબિલ-પર્યુષણ દરમિયાન ઉપવાસ શા માટે કરવા ? શા માટે શાકાહારી જ રહેવું, ઈંડા, બટેટા, કાંદા, લસણ, દારૂનો ત્યાગના ફાયદા વૈજ્ઞાનિક કારણથી સમજાવવામાં આવે અને ગુજરાતી વાંચતાં, લખતાં, બોલતાં ન હોવાથી અંગ્રેજીમાં સરસ રીતે સમજાવી જ્ઞાન આપતા પરદેશમાં જૈન ધર્મની લાગણી વધતી જાય છે. અને દરેક પ્રશ્નોનું નિરાકરણ થાય છે. ધાર્મિક સાથે સાંસ્કૃતિક સામાજિક-ચેરિટી વગેરે કાર્યક્રમો થતા હોવાથી જૈન સમુદાય સાથે થઈ શકે, જેનો જશ ભારતના સાધુ-સાધ્વી ભણેલા-જૈન ધર્મનો પ્રચાર માટે સફરને આભારી છે. 'જૈના' સંસ્થા ધાર્મિક વગેરેની વેબ સાઈડથી દરેકને માહિતી મળે છે.

ઑસ્ટ્રેલિયામાં મેલબોર્ન - સીડનીમાં હજુ જૈન ધર્મની પ્રવૃત્તિ નથી થતી, કારણમાં કોઈ જૂની પેઢીની વ્યક્તિએ પહેલ નથી કરી. શનિ-રવિમાં સમય મેળવતા નથી. ફક્ત પર્વમાં જ જૈન પ્રવૃત્તિ શનિ-રવિ ચાલે છે. ઉવસગ્ગહર ભક્તિ ગ્રુપની સ્થાપનાના પ્રયત્નો ચાલુ છે. દરેક સ્થળે નાના દેરાસરની સ્થાપના થયેલ છે અને પર્વમાં સંવત્સરી પ્રતિક્રમણ દર વર્ષે થાય છે અને તેમાં ૭૦ થી ૧૦૦ ભાઈઓ-બહેનોની હાજરી હોય છે. ધીમે ધીમે જૈન પુસ્તકો તથા મેગેઝિનો મંગાવે છે અને કદાચ કેનિયાના જૈનો ત્યાં નૈરોબી જેવું દેરાસર ઉપાશ્રય બનાવશે.

દુબઈ, મસ્તક, અબુધાબી, ડોરા વગેરે આરબ કન્ટ્રીમાં જૈન દેરાસર, જૈન ભવનની સ્થાપના કરવામાં આવી છે, અને પર્યુષણમાં પ્રવચનમાળા, પૂજા, પ્રતિક્રમણ, સ્વપનાનો પ્રોગ્રામ તથા શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે અને દરરોજ પ્રભાવનામાં ઉપયોગી વસ્તુઓ આપવામાં આવે છે, અને દર વર્ષે જૈન કુટુંબની ડીરેક્ટરી બનાવવામાં આવે છે.

સ્વીટ્ઝરલેન્ડ, હોલેન્ડ, ફ્રાન્સ, ઈટાલી, બેલ્જિયમ, જર્મની અને લીસ્ટેરટેઈન વગેરે દેશોમાં નાના બ્લોક તથા બંગલામાં ઘર-દેરાસરની સ્થાપના કરી ધર્માલય બનાવી નવકારમંત્રના જાપ તથા અન્ય પ્રવૃત્તિ કરવામાં આવે છે.

પાલનપુરથી આવેલા તમામ ગુજરાતના યુવાન એવા હીરાના વેપારી કે જેઓ મુખ્યત્વે જૈન છે, બેલ્જિયમના બ્રુસેલ્સમાં સારી રીતે સ્થાયી થઈ ચૂક્યા છે, તેઓએ બેલ્જિયમમાં જૈન ધર્મની સારી પ્રતિષ્ઠા ઊભી કરી છે અને સતત શાકાહારનો પ્રચાર કરી રહ્યા છે.

જર્મનો હંમેશાં જૈનવાદમાં ઊંડો રસ લેતા આવ્યા છે, કારણ કે તેમને શ્રદ્ધા બેઠી છે કે જૈનવાદ પાસે પર્યાવરણ જીવન, વ્યક્તિગત આરોગ્ય અને પૂર્ણસ્થિરતા તથા જીવનને લગતો શિસ્તબદ્ધ, વૈજ્ઞાનિક અભિગમ છે. જર્મનોએ ઘણા પરિસંવાદો અને પરિષદોમાં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ પરિવર્તન પામતા સમય સાથે અનુકૂળ થાય તેવી શ્રદ્ધા પૂરી પાડવાનું સરેઆમ જાહેર કરીને જૈન ધર્મના વિકાસને રક્ષણ પૂરું પાડ્યું છે.

લંડનમાં જૈન ધર્મની પ્રવૃત્તિમાં લેસ્ટરમાં ત્રીજા વરસથી ભવ્ય દેરાસરની સ્થાપના થયેલ છે. વેમ્બલીમાં રવિવારે જૈન પ્રવૃત્તિ થાય છે. પર્યુષણમાં પ્રવચન, પૂજા, સ્તવન વગેરે મહાવીર સ્વામીના સ્વપના ઉછાણીથી ઘરે લઈ જવાની અને દરેક સમાજના જૈનોને આમંત્રણ આપવામાં આવે છે. દરેક શહેરમાં નવાં નવાં દેરાસરો બનાવવાથી નજીકના વિસ્તારવાળા દરરોજ બાળકો-યુવાન-યુવતીઓ પ્રાર્થના-પૂજા-ધ્યાન જેવી પ્રવૃત્તિ કરે છે અને સ્વામી-વાત્સલ્યનું આયોજન થાય છે.

અહીં તપશ્ચર્યા, પારણા, ઉત્સવો યોજાય છે. પર્યુષણ, મહાવીર જયંતી વગેરે પર્વો ઉજવાય છે. 'પ્રેરણાદીપ' અને 'જૈન સ્પિરિટ' (U.K.) જેવા મેગેઝિનો પ્રગટ થાય છે. વિદેશમાં તેરાપંથી શ્રમણીજીઓ પણ જૈન ધર્મનો પ્રચાર-પ્રસાર કરે છે.

१७

# कर्म-सिद्धांत के अनुसार वैश्विक व्यवस्था

डॉ. उत्पला मोदी - मुंबई

एम.ए., पीएच.डी. तत्त्वज्ञान के प्राध्यापक, विश्व धर्म के अभ्यासी, जैनोलोजी के प्राध्यापक, अनेक परिसंवादमें हिस्सा लिया है ।

कर्म का सामान्य अर्थ क्रिया/प्रवृत्ति है । कर्म अर्थात् कुछ करना । मन, वचन एवं शरीर के द्वारा की जाने वाली सम्पूर्ण क्रिया/प्रवृत्ति को कर्म कहा जा सकता है ।

पुद्‌गल की तेईस प्रकार की वर्गणाओं में एक कार्मण वर्गणा है । कार्मण वर्गणा आत्मा की अच्छी-बूरी प्रवृत्ति के निमित्त से आकृष्ट होकर आत्मा के साथ सम्पृक्त हो जाती है । आत्मा से सम्बद्ध इन्हीं वर्गणाओं को कर्म कहते है । ये कर्म आत्मा की क्षमताओं पर आवरण ड़ालते है, उन्हें अवरुद्ध करते है तथा आत्मा को परतन्त्र बनाकर छोटे दुःखों का पात्र बनाते हैं ।

जो संसारी हो और कर्मग्रस्त न हो ऐसा एक भी जीव नहीं है, और न ही हो सकता है । संसारी होना यही सिद्ध करता है कि किसी न किसी प्रकार के कर्मों से बंधनग्रस्त है ही । जिस दिन संसार से मुक्त हो जायेगा, संसार का बंधन ही नहीं रहेगा, बस उसी दिन जीव कर्म-जंजीर से भी सदा के लिए मुक्त हो जायेगा । जिस दिन कर्म-बंधन से मुक्त होगा उस दिन संसार के बंधन से मुक्त होगा । क्योंकि संसार का आधार कर्मों पर ही है । कर्मजन्य संसार और पुनः संसारजन्य कर्म, इस तरह दोनों ही एक-दूसरे के कार्यकारण बनकर जन्यजनक होते है ! कर्म से संसार बनता है । संसार में पुनः कर्म बंधते ही जाते है । फिर संसार बढ़ता ही जाता है और फिर कर्मों का बंधन भी बंधता ही जाता है । उसी तरह कर्म द्वारा संसार और फिर संसार द्वारा कर्म, यह क्रम अनन्त काल तक चलता ही रहता है । प्रश्न यह है कि क्या हमे कर्मचक्र से छुटकारा मिल सकता है ? जरूर नये कर्म बाँधने ही बंध कर दिये जाय और साथ ही भूतकाल

के समस्त पूराने कर्मों का क्षय निर्जरा कर दी जाय तो यह जीव कर्मबंधन से सर्वथा मुक्त हो जायेगा ।

मुक्त और संसारी यह दो मूलभूत अवस्था जीवों की है । मुक्त जीव सभी सर्वथा सर्व कर्म रहित होते है, और संसारी जीव कर्म से बंधे है । संसार का कारण कर्म है और कर्म के कारण ही संसार चल रहा है । अतः मूलभूत कारण स्वरूप कर्मों का क्षय होने से संसार मे मुक्ति मिलती है । यानी यही मोक्ष है ।

मेरे कर्मों का कर्ता मैं स्वयं हूँ, न कोई अन्य । मैंने ही राग-द्वेषादि द्वारा जो पापप्रवृत्ति की है इसी पाप के बने हुए पिण्ड को कर्म कहते है । मैंने ही कर्मों को बनाया है । मेरे ही बनाये हुए है ।

*न सा जाई, न तत् जीणी, न तत् कुलं न तत् ठाणं ।*
*जत्थ जीणो अणतसो, न जन्मा ने मुआ ।।*

ऐसी कोई जाति नहीं है, ऐसी कोई योनि नहीं है, ऐसा कोई कुल नहीं है, ऐसा कोई स्थान (क्षेत्र) नहीं है, जहाँ पर जीव अनंतबार न जन्मा हो और न मरा हो, अर्थात् समस्त बह्माण्ड़ की एकेन्द्रिय से पंचेन्द्रिय तक की सभी जातियों में, ८४ लाख जीव योनियों में, सभी कुल में, सभी स्थानों (क्षेत्रों) में यह जीव अनंतबार जन्म-मरण धारण कर चुका है ।

जैन परम्परा में संसारी की प्रत्येक क्रिया अथवा प्रवृत्ति कर्म कहलाती है । जैन परिभाषा में इसको भावकर्म कहते है । इसी भावकर्म अर्थात् जीव की शरीर, वाणी एवं मन की क्रिया के द्वारा जो पुद्गल आकर आत्मा को चिपक जाते है, उनके जैनदर्शन में द्रव्यकर्म कहा जाता है ।

'जैन-सिद्धांत दीपिका' में 'कहा गया' -

***"आत्मप्रवृत्या कृष्टास्तत्प्रायोग्य पुद्गलाः कर्म ।"*** आत्मा की प्रवृत्ति के द्वारा आकृष्ट एवं कर्म रूपी में परिणत होने योग्य पुद्गलों को कर्म कहते है । 'जैनदर्शन' में सृष्टिकर्ता के रूप में ईश्वर को स्वीकार नहीं करते है । उनके अनुसार जगत् की विविधता कर्मकृत है । कर्म का कर्ता प्राणी है । वह कर्म का बंधन करता है । फिर कर्म उसे अपना फल देते है, इस प्रकार यह क्रम चलता रहता है ।

जैनदर्शन में मन, वचन एवं काया की प्रवृत्ति को योग कहते है। इससे कर्म का आकर्षण होता है। उसे द्रव्यकर्म कहा जाता है। द्रव्यकर्म के ज्ञानावरणीय आदि अनेक भेद-प्रभेद है।

चार गति रूप यह संसार है जिसमें जीवों का परिभ्रमण सतत होता रहता है। संसारी जीव अपने कर्म के अनुसार चारों गति में घूमता *रहता है। अतः संसारी जीव का लक्षण करते हुए पू. हरिभद्रसूरि* महाराज ने 'शास्त्रवार्ता समुच्चय' ग्रंथ मे कहा कि -

*यः कर्ता कर्मभेदानां भोक्ता कर्म बलस्य च।*
*संसर्ता परिनिर्वाण सावात्मा नान्यलक्षणः ।।*

जो कर्म का कर्ता है और किये हुए कर्म के फल को भोगनेवाला है, संसार में सतत जो घूमता रहता है, वह जीव है। यही आत्मा का लक्षण है, 'सृ'-गति धातु से संसार शब्द निष्पन्न हुआ है, अर्थात् सतत गतिशील जो है वह संसार है। जन्म-मरण के चक्र से छूटना ही मोक्ष है।

समस्त संसार का स्वरूप सेंकडों प्रकार की विचित्रताओं, विविध-ताओं एवं विषमताओं से भरा पड़ा है। इसका कारण कर्म है। यदि कर्म न होता तो यह दिखाइ पड़ती विचित्रता भी नहीं होती। आप देखेंगे कि संसार में कोई सुखी है तो कोई दुःखी, कोई राजा है तो कोई रंक, कोई अमीर है तो कोई गरीब, कोई बुद्धिमान चतुर है तो कोई बुद्धु-मूर्ख है। कोई साक्षर-विद्वान है तो कोई निरक्षर, कोई रोगी है तो कोई नीरोगी आदि बहुत विचित्रता देखने को मिलती है, वह सभी अपने अपने कर्मबंध का नतीजा है। यह संसार की कैसी विचित्रता है!

जैनदर्शन के अनुसार कृत कर्मों का फल भोग किसी-न-किसी रूप में अवश्य प्राप्त होता है। *'कडाण कम्माण णत्थि मोक्खो'।* जो कर्म किये है उनका फल भोगे बिना छुटकारा नहीं मिल सकता। किन्तु कर्म की अवस्थाओं में समय, शक्ति, रस आदि के विपाक को कम, अधिक एवं परिवर्तन भी किया जा सकता है। जैन के अनुसार कुछ कर्म नियत विपाकी होते है, कुछ अनियत विपाकी

होते हैं । जिनका विपाक नियत है उनमें किसी भी प्रकार से हेराफेरी नहीं की जा सकती । वे कर्म जैन परिभाषा में निकाचित कर्म कहलाते है । जिन कर्मों का बंध तीव्र कषाय के द्वारा हुआ है वे प्रगाढ़ कर्म है, उनका विपाक नियत होता है । इसके विपरीत जीन कर्मों को बंधन के समय कषाय की अल्पता होती है वे अनियत - विपाकी कर्म है अर्थात् उनके फल एवं समय में परिवर्तन किया जा सकता है । जैन-कर्म-सिद्धांत की संक्रमण, उदवर्तना, अपवर्तना, उदीरणा एवं उपशमन की अवस्थाएँ कर्मों को अनियत विपाक की और संकेत करती है ।

कर्म-सिद्धांत के संदर्भ में एक विचारणीय प्रश्न है कि क्या व्यक्ति अपने किये हुए शुभ-अशुभ कर्मों का फल दूसरे व्यक्ति को दे सकता है अथवा नहीं दे सकता ?

जैनदर्शन के अनुसार प्राणी के शुभ-अशुभ कर्मों के प्रतिफल में कोई भागीदार नहीं बन सकता । जो कर्म करता है उसको उसका फल भोगना पड़ता है । 'उत्तराध्ययन सूत्र' में स्पष्ट उल्लेख मिलता है कि - ''उसके दुःख को न ज्ञातिजन बांट सकते है और न मित्र, पुत्र. बंधुजन, वह स्वयं अकेला ही प्राप्त दुःखों को भोगता है, क्योंकि कर्म कर्ता के पीछे चलता है ।'' 'भगवती सूत्र' में भगवान महावीर ने स्पष्ट रूप से कहा है कि - ''प्राणी स्वकृत सुख-दुःख का भोग करते है, परकृत सुख-दुःख का भोग नहीं करते है ।''

**कर्म की अवस्था :** जैनदर्शन में कर्म की बंध आदि दश अवस्थाएँ मानी गयी है । जैन परम्परानुसार आत्मा बंधन स्वतः नहीं होता है, अतः इसका कोई निमित्त कारण अवश्य होना चाहिए । जैन कर्म-सिद्धांत नियतिवादी नहीं है और स्वच्छन्दतावादी भी नहीं है । जीव के प्रत्येक कर्म के द्वारा किसी न किसी प्रकार की शक्ति उत्पन्न होती है, जो अपना कुछ न कुछ प्रभाव दिखाए बिना नहीं रहती । कर्म बंध के प्रश्चात् उसके फल भोग तक कर्मों की दशाओं में बहुत कुछ परिवर्तन संभव है । यह सब जीव की आन्तरिक पवित्रता और पुरुषार्थ पर निर्भर है । जीव के शुभ-अशुभ भावों के आश्रय से उत्पन्न होनेवाली कर्मों की इन दशाओं/अवस्थाओं को जैन आगम में

'करण' शब्द से जाना जाता है । करण दस होते है, जो कर्मों के विभिन्न अवस्थाओं का चित्रण करते हैं ।

(१) बन्ध, (२) सत्ता, (३) उदय, (४) उदीरणा, (५) उत्कर्षण, (६) अपकर्षण, (७) संक्रमण, (८) उपशम, (९) निधत्त, (१०) निकाचित ।

**(१) बन्ध :** यह आत्मा और कर्म की एकीभूत अवस्था है । कर्म के परमाणुओं का आत्मा के साथ एकमेक हो जाना ही बन्ध है ।

**(२) सत्ता :** कर्मबंधन के बाद और फल देने से पूर्व बीच की स्थिति को सत्ता कहते है । सत्ताकाल में कर्म अस्तित्व में तो रहता है, पर सक्रिय नहीं होता ।

**(३) उदय :** जब कर्म अपना फल देना प्रारम्भ कर देते है, उसे उदय कहते हैं । फल देने के पश्चात् कर्म की निर्जरा हो जाती है । उदय दो प्रकार का होता है - प्रदेशोदय और फलोदय ।

कर्म का अपना अपने चेतन अनुभूति कराये बिना ही, निर्जरित होना प्रदेशोदय कहलाता है । जेसे - अचेतन अवस्था में शल्यक्रिया की वेदना की अनुभूति नहीं होती, यद्यपि वेदना की घटना घटित होती है, इसी प्रकार बिना अपनी फलानूभूति करवाये जो कर्म परमाणु आत्म से निर्जरित हो जाते है उनका उदय 'प्रदेशोदय' कहलाता है । तथा कर्म का अपनी फलानुभूति कराते हुए निर्जरित होना फलोदय कहलाता है ।

**(४) उदीरणा :** अपने नियत काल से पूर्व ही पूर्वबद्ध कर्मों का प्रयासपूर्वक उदय में लाकर उनके फलों को भोगना उदीरणा कहलाती है ।

**(५) उत्कर्षण :** पूर्वबद्ध कर्मों की स्थिति और अनुभाग के बढ़ने को उत्कर्षण कहते है । नवीन बंध करते समय आत्मा पूर्व-बद्ध कर्मों की काल-मर्यादा और तीव्रता को बढ़ा भी सकता है । कालमर्यादा और तीव्रता को बढ़ाने की यह प्रक्रिया उत्कर्षण कहलाती है ।

**(६) अपकर्षण :** पूर्वबद्ध कर्मों के स्थिति और अनुभाग के घटने को अपकर्षण कहते हैं । इस प्रक्रिया से कर्मों की काल-मर्यादा और तीव्रता को कम किया जा सकता है ।

कर्मबंधन के बाद बंधे हुए कर्मों में ये दोनों ही क्रियाएँ होती हैं । अशुभ कर्मों का बंध करनेवाला जीव यदि शुभभाव करता है तो पूर्वबद्ध कर्मों की स्थिति और अनुभाग अर्थात् समयमर्यादा और फल की तीव्रता उसके प्रभाव से कम हो जाती है । यदि अशुभ कर्म का बंध करने के बाद और भी अधिक कलुषित परिणाम होते है तो उस अशुभ-भाव के प्रभाव से उनके स्थिति और अनुभाग में वृद्धि भी हो जाती है । इस प्रकार इस उत्कर्षण और अपकर्षण के कारण कोई कर्म शीघ्र फल देते हैं तथा कुछ विलम्ब से । किसीका कर्मफल तीव्र होता है तथा किसीका मंद ।

**(७) संक्रमण :** संक्रमण का अर्थ है परिवर्तन । एक कर्म के अनेक अवान्तर/उपभेद होते हैं । जैन कर्म-सिद्धांत के अनुसार कर्म का एक भेद अपने सजातीय दूसरे भेद में बदल सकता है, अवान्तर प्रकृतियोंका यह अदल-बदल संक्रमण कहलाता है । संक्रमण में आत्मा नवीन बंध करते समय पूर्वबद्ध कर्मो का रूपान्तरण करता है ।

**(८) उपशम :** उदय में आ रहे कर्मों के फल देने की शक्ति को कुछ समय के लिए दबा देना, अथवा कालविशेष के लिए उन्हें फल देने से अक्षम बना देना उपशम है । उपशमन में कर्म की सत्ता समाप्त नहीं होती, मात्र उसे कालविशेष के लिए फल देने से अक्षम बना दिया जाता है । इस अवस्था में कर्म, राख से दबी अग्नि की तरह निष्क्रिय होकर सत्ता में बने रहते हैं ।

**(९) निधत्त :** कर्म की वह अवस्था निधत्त है, जिसमें कर्म न तो अवान्तर भेदों में संक्रमित या रूपान्तरित हो सकते हैं और न ही असमय में अपना फल प्रदान कर सकते है, लेकिन कर्मों की स्थिति और अनुभाग को कम-अधिक किया जा सकता है । अर्थात् इस अवस्था में कर्मों का उत्कर्षण और अपकर्षण तो संभव है, पर उदीरणा और संक्रमण नहीं ।

**(१०) निकाचित :** कर्म-बंधन की प्रगाढ़ अवस्था निकाचित है। कर्म की इस अवस्था में न तो उसके स्थिति और अनुभाग को हीनाधिक किया जा सकता है, ने समय से पूर्व उसका उपभोग किया जा सकता है तथा न ही कर्म अपने अवान्तर भेदों में रूपान्तरित हो सकता है। इस दशा में कर्म का जिस रूप में बंधन होता है, उसे उसी रूप में भोगना पड़ता है, क्योंकि इसमें उत्कर्षण-अपकर्षण, उदीरणा और संक्रमण चारों का अभाव रहता है।

इस प्रकार जैन कर्म-सिद्धांत में कर्म में फलविपाक की नियतता और अनियतता को सम्यक् प्रकार से समन्वित किया गया है तथा यह बताया गया है कि जैसे जैसे आत्मा कषायों से मुक्त होकर आध्यात्मिक विकास की दिशा में बढ़ती है, वह कर्म फल-विषयक नियतता को समाप्त करने में सक्षम होता जाता है। कर्म कितना बलवान होगा यह बात केवल कर्म के बल पर निर्भर नहीं है, अपितु आत्मा की पवित्रता पर भी निर्भर है। इन अवस्थाओं का चित्रण यह भी बताता है कि कर्मों का विपाक या उदय होना एक अलग स्थिति है तथा उससे नवीन कर्मों का बंध होना न होना एक अलग स्थिति है। कषाययुक्त आत्मा कर्मों के उदय में नवीन कर्मों का बंध करता है। इसके विपरीत कषायमुक्त आत्मा कर्मों के उदय में नवीन बंध नहीं करता, मात्र पूर्वबंध कर्मों की निर्जरा करता है।

**कर्मों की स्थिति :** बंधे हुए कर्म जब तक अपना फल देने की स्थिति में रहते हैं, तब तक की काल-मर्यादा ही कर्मों की स्थिति है। जैन कर्म-सिद्धांत के अनुसार प्रत्येक कर्म आत्मा के साथ एक निश्चित अवधि तक बंधा रहता है। तदुपरान्त वह पेड़ में पके फल की तरह अपना फल देकर जीव से अलग हो जाता है। जब तक कर्म अपना फल देने की सामर्थ्य रखते हैं तब तक ही कालमर्यादा ही उनकी स्थिति कहलाती है। जैन कर्मग्रंथो में विभिन्न कर्मों की पृथक्-पृथक् स्थितियाँ उदय में आने योग्यकाल बताई गई हैं।

**घाती-अघातीकर्म :** आत्मा के साथ चिपकनेवाले कर्म पुद्गलों को दो भागों में बांटा गया है - घातीकर्म और अघातीकर्म।

**(क) घातीकर्म :** जो कर्म-पुद्‌गल आत्मा से चिपककर आत्मा के मुख्य या स्वाभाविक गुणों की घात करते हैं - उनका हनन करते हैं, उनको घातीकर्म कहते हैं । इन कर्मों का मूलोच्छेद होने से ही आत्मा सर्वज्ञ या स्वदर्शी बन सकती है । ज्ञानावरणीय, दर्शनावरणीय, मोहनीय और अंतराय ये चार घातीकर्म कहलाते हैं ।

**(ख) अघातीकर्म :** जो कर्म आत्मा के मुख्य गुणों का घात नहीं करते, उनको हानि नहीं पहुँचाते, वे अघातीकर्म कहलाते हैं । घातीकर्मों के अभाव में ये कर्म पनपते नहीं, उसी जन्म में शेष हो जाते है । वेदनीय, आयुष्य, नाम और गोत्र - ये चार अघातीकर्म हैं । घातीकर्म चार और अघातीकर्म चार मिल के मुख्य आठ प्रकार के कर्म है ।

कर्म-सिद्धांत यह मानकर चलता है कि जीव द्वारा किये हुए कर्मों का अपने फलों से घनिष्ठ सम्बन्ध होता है । प्रत्येक कर्म काल क्रम में अपना फल अवश्य देता है । इसकी दूसरी मान्यता यह है कि पूर्वकृत कर्मों के फल का भोक्ता कर्म करनेवाला व्यक्ति ही होता है अर्थात् पूर्ववर्ती कर्मों का कर्ता ही उसके भावि परिणामों का भोक्ता होता है । जैन कर्म-सिद्धांत यह भी मानकर चलता है कि यदि जीव अपने किये हुए कर्मों के फल का भोग वर्तमान जीवन में नहीं कर पाता है तो उसे अपने कर्मों के फलभोग हेतु भावी जन्म ग्रहण करना पड़ता है । इस प्रकार जैन कर्म-सिद्धांत के साथ पुनर्जन्म की अवधारणा भी जुड़ी हुई है ।

कर्म-सिद्धांत की उपर्युक्त मान्यताओं के उल्लेख आचारांग, सूत्र कृतांग, उत्तराध्ययन, स्थानांग, भगवती, प्रज्ञापना आदि में उपलब्ध है । आचारंग में स्पष्ट उल्लेख है कि - ''कामभोगों में आसक्त जन कर्मों का संचय करते रहते हैं और इन कर्मों के फलस्वरूप वे पुनः पुनः जन्म धारण करते रहते है ।''

सूत्रकृतांग में कर्म और उसके फल के पारस्परिक सम्बन्ध को अभिव्यक्त करते हुए कहा गया है कि - ''जो व्यक्ति जैसा कर्म करता हैं उसके अनुसार ही उसे उस जन्म या भावी जन्म में फल मिलता है ।''

'स्थानांग सूत्र' के एक उल्लेख से भी कर्म-पुनर्जन्म की मान्यता का विकास परिलक्षित होता है, जहाँ स्पष्ट कहा गया है कि - इस लोक में किये हुए सुचीर्ण कर्मों के सुखदायी फल इस लोक में मिल सकते है, इस लोक में नहीं मिलते हैं, तो परलोक में सुखदायी फल मिलते हैं । इसी प्रकार दुश्चीर्ण कर्म का दुःखफल भी इहलोक अथवा परलोक में मिलता है ।

'भगवती सूत्र' में भगवान् महावीर स्वयं स्पष्ट रूप में कहते हैं कि - "मनुष्य स्वकृत क्रिया, दुःख और वेदना का भोग करता है, परकृत का नहीं ।" कर्मों का कर्ता ही उसके फलों का भोक्ता है । जो कर्म है उनका निपहारा दो प्रकार से ही संभव है - या तो इन्हें भोगा (वेदा) जाये या इनको तपस्या के द्वारा क्षय किया जाये ।

## जैन कर्म-सिद्धांत की महत्त्वपूर्ण विशेषताएँ :

(१) कर्म एक सार्वभौम नियम है, जो सभी संसारी जीवों को प्रभावित करता है ।

(२) यह अपने आप में एक ऐसा पौद्‌गलिक (भौतिक) फल है, जो आत्मा के द्वारा विशेष प्रकार के पारमाणविक समुदय (स्कन्धों) को ग्रहण कर, उनमें अपनी आध्यात्मिक दशानुसार (जिस में कषायिक दशा एवं प्रवृत्यात्मक दशा - दोनों का समावेश होता है ।) फल शक्ति का उत्पादन कर भोगा जाता है ।

(३) प्रत्येक संसारी आत्मा के साथ कर्म का सम्बन्ध प्रवाह रूप से अनादिकाल से है ।

(४) कर्म के बंधन के बाद उसमें परिवर्तन की गुंजाइश होती है ।

(५) कर्म के कर्ता एवं भोक्ता आत्मा स्वयं है ।

(६) कर्म-फल-दान आत्मा को स्वतः मिलता है - किसी ईश्वर आदि बाह्य माध्यम से नहीं ।

(७) आत्मा ही अपने पुरुषार्थ द्वारा अनादिकालीन बद्ध-अवस्था से मुक्त हो सकती है ।

(८) आध्यात्मिक साधना का सारा मार्ग नये कर्म के बंधन को रोकने तथा बद्ध कर्मों के प्रभाव से मुक्त होकर उन्हें आत्मा से दूर करने की प्रक्रिया के रूप में ही है ।

(९) समग्र कर्मों का क्षय मोक्ष है ।

हम अपने विचारों और कार्य के अनुसार भाग्य-निर्माण करते है । आज हम जो कुछ है वह हमारे ही पूर्वजन्मों का फल है । हमारी वर्तमान अवस्था के लिए हम ही जिम्मेदार है । कोई हमारा कुछ अच्छा या बुरा नहीं कर सकता । हम जैसा कर्म करेगें वैसा ही फल हम पायेंगे । ऐसा कभी संभव नहीं है कि - "करे कोई और भरे कोई ।" हमारे कर्म का फल, या दूसरे के किये हुए कर्म का फल कोई दूसरा भोगते या हम भोगते, ऐसा कभी होई नहीं सकता । हम कर्म के फल से भाग भी नहीं सकते । कर्म करने के लिए हम स्वतन्त्र है, लेकिन उसके फल भुगतने में स्वतन्त्र नहीं है, कर्म की सत्ता ही सर्वोपरी है । हमारे कर्म अनुसार ही हमें फल की प्राप्ति होती है ।

- यदि हम इस तथ्य को, आत्मा के इस गुप्त रहस्य को - अच्छी तरह समझ ले तो अपने भविष्य का ऐसा सुन्दर निर्माण कर सकते हैं कि हमारा पतन तो रूक जायेगा और क्रमशः ऊँचे-ऊँचे उठते जायेगें (आध्यात्मिक दृष्टि से) जब तक कि जीवन के लक्ष्य को प्राप्त न कर ले ।" आध्यात्मिक विकास के सर्वोच्च शिखर पर पहुँचकर हम परमात्मस्वरूप को भी प्राप्त कर सकते है । प्रत्येक आत्मा जीनमें अखूट अनंत ज्ञान, शक्ति, वीर्य आदि है, वह प्रयत्न विशेष से परमात्मा बन सकता है ।

कर्म-सिद्धांत को समजना, पहचानना, बस फिर इनसे बचना, और क्षय करके मुक्त बननेकी कोशिश करे, बस यही शुभ कामना के साथ विराम पामती हूँ । सब लोग कर्म-सिद्धांत का सही स्वरूप समझकर कर्मक्षय की दिशा में अग्रसर होकर अन्तिम-धाम मुक्ति को यथा शिघ्र प्राप्त करे, इसी शुभेच्छा के साथ...

*॥ सर्वे कर्मरहिताः भवन्तु ॥*

# १८ कर्म-सिद्धांत के अनुसार वैश्विक व्यवस्था

डॉ. गीता मेहता

एम.ए., पीएच.डी. सोमैया कोलेज
घाटकोपरमें जैन अध्ययन विभाग के उपरी है ।

भौतिक दृष्टि से कर्म-सिद्धांत एक कारण ही है, यह सभी वैज्ञानिक प्रयोगशालाओं में विदित हो चुका है कि क्रिया और प्रतिक्रिया दोनों समसमान होती है । आध्यात्मिक दृष्टि से कर्म एक नैतिक प्रतिक्रिया का नियम है, जिससे न सिर्फ प्रत्येक कर्म का विपाक होता है बल्कि जो कारण को कर्म रूपांतरित करता है, वह उससे प्रभावित भी होता है ।

डॉ. राधाकृष्णान् इसे 'नैतिक शक्ति के संग्रह का नियम (**Law of Conservation of Moral Energy**)' कहते है । 'कारण' भूतकाल की अवस्था में से उत्पन्न होता है । इसके कारण जादू की कल्पना और ईश्वर-इच्छा पर छोड़ देने की मानसिक वृत्ति कम हो जाती है ।

## कर्म-सिद्धांत :

विश्व के कारण कार्य-सिद्धांत में कर्म-सिद्धांत निहित है । विश्व में सभी कार्यों के कारण होते है कारण के बिना कोई भी कार्य संपन्न नहीं होता । उसी तरह जो भी कर्म हम करते हैं उसका परिणाम होता ही है । कर्म का परिणाम व्यक्तिगत, सामाजिक या वैश्विक असर भी छोड़ता है ।

कर्म-सिद्धांत एक साथ कारण भी है और परिणाम भी है, क्योंकि प्रत्येक कर्म से एक प्रकार की शक्ति उत्पन्न होती होती है, जो उसी प्रकार हमारी ओर आती है । यदि हमें हमारे जीवन में सुख चाहिए तो हमें सुख के ही बीज बोना सीखना चाहिए।

हमारे जीवन के प्रत्येक क्षण में हमारे सामने चुनने का मौका आता है । कर्म-सिद्धांत को ठीक से समझने के लिए और ज्यादा से ज्यादा उसका उपयोग करने के लिए हमें जागरूकता से चुनाव

करना होगा । हरेक क्षण हम अपनी दिशा चुनते हैं और कर्म-सिद्धांत उसीके मुताबिक न्याय देता है । कई बार सच और झूठ के बीच में चुनाव मुश्किल होता है लेकिन जब दो सच के बीच में चुनाव करना हो तो और भी मुश्किल है ।

कर्म-सिद्धांत कहता है कि - "जगत् में कोई भी ऋण बिना चुकाये नहीं बनता ।" कर्म जगत की एक पूर्ण हिसाब (Accounting system) व्यवस्था है और सब चीजें हमेशा शक्ति के स्त्रोत इधर से उधर बहने में दृश्य होती है ।

'लाइट आफ एशिया' पुस्तक में कर्म-सिद्धांत की भव्यता बताई है :

- जैसा बोओ वैसा पाओ, देखिए आपके खेल
- तिल से तिल और मका से मका
- यह शांति और अंधकार को पता
- कि मनुष्य का भावि वैसे ही जन्म लेता ।

कर्म-सिद्धांत एक नियम है जो सभी प्राकृतिक नियमों को, गुरुत्वाकर्षण से लेकर समांतर मध्यांक तक के नियमों को अपने वर्चस्व में रखता है । लेकिन वह कोई अंधनियम नहीं है । विश्व के अन्य नियमों की भांति वह एक जीवंत और बुद्धिवान नियम है । जैसे दुनिया में कोई मृत या अंध पदार्थ नहीं है, अंध या सुषुप्त नियम नहीं है । वैसे ही जगत को अंदर से ही मार्गदर्शन मिलता है ।

## वैश्विक व्यवस्था :

पूरा विश्व एक संगठित तंत्र (Integrated system) है । एक शरीर की भांति विश्व भी समग्र है । यदि अंगुली में कील लग जाये तो पूरे शरीर में दर्द होता है, उसी तरह जगत के सब तत्त्व एक दूसरे से संगठित है । हालांकि हम उससे अनभिज्ञ है, अदृश्य आंतर शृंखला बनी ही है । कर्म-सिद्धांत समझने के लिए विश्व को भी एक समग्र दृष्टि से देखना होगा, क्योंकि विश्व (Cosmos) व्यवस्था है, (Chaos) अव्यवस्था नहीं । शरीर की तरह विश्व भी अंग-उपांगों से बनी हुई जटिल व्यवस्था है जिसमें धमनी, नसें, कोष वगैरह समाविष्ट है और हरेक कोष का अपना व्यक्तिगत व्यवहार भी है, जो उच्च केन्द्र के काबू में है ।

मनुष्य विश्व का एक उपांग है, अतः उसके कर्मों की प्रतिक्रिया जगत् पर होती है, जिसके कारण व्यवस्था या अव्यवस्था उत्पन्न होती है ।

## प्रकृति के विविध आयाम (Approaches) :

प्रकृति के अंतर्गत नियम का मनुष्य अनुसरण करना चाहता है । प्रकृति को अचेतन कहकर बिठाया (dubbed) नहीं जा सकता । भारतीय तत्त्वज्ञान में उसे ब्रह्म कहा गया है, जो बृहद् है और विकसित होता है । सर्वेश्वरवादी स्पिनोझा, लाईब्नीझ, बेडले वगैरह ने यह भूमिका अपनायी थी । प्रकृति की ओर वैज्ञानिक दृष्टि बहुत ही महत्त्व की है, लेकिन वह बोधात्मक (Cognitive), व्यावहारिक (Empirical), विश्वलेषणात्मक (Analytical) और वैचारिक (Conceptual) है । यह तर्क ग्राह्य दृष्टि है लेकिन यही सब कुछ नहीं है । प्रकृति को नैतिक, धार्मिक, कलात्मक और रहस्यात्मक दृष्टि से भी देखना चाहिए । वैज्ञानिक दृष्टि जैसे ही ये दृष्टिकोण महत्त्व के हैं, क्योंकि ये मूल्यात्मक दृष्टिकोण हैं ।

## प्रकृति कर्म-सिद्धांत के आधार पर :

प्रकृति कर्म-सिद्धांत के आधार पर काम करती है और कर्म-सिद्धांत का मुख्य ध्येय है समत्व बनाये रखना/आदि मानव-प्रकृति का उपयोग समत्व रखकर ही करता था । लेकिन न्यूटन के जमाने से मनुष्य ने प्रकृति को मशीन के रूप में देखा तब से समस्या का आरंभ हुआ । मनुष्य और प्रकृति का सम्बन्ध सहअस्तित्व का था, लेकिन शहरी सभ्यता के उपभोक्तावाद और आबादी उत्तरोत्तर बढ़ने से सहअस्तित्व में विसंवादिता उत्पन्न हुई है । वातावरण प्रदूषित हुआ है और उसका असर भौतिक, शारीरिक, सामाजिक, सांस्कृतिक और वैश्विक पहलुओं पर भी पड़ता है ।

विनोबाजी कहतै है - ''मेरे कर्म का फल मुझे अवश्य मिलेगा, अभी नहीं तो दूसरे जन्म में ।'' किन्तु मेरे कर्म का फल मुझे ही मिलेगा, आपको नहीं और आपके कर्म का फल आपको ही मिलेगा, मुझे नहीं, ऐसा नहीं है । कुछ कर्म मिले-जुले होते है, तो कुछ व्यक्तिगत । घर के किसी एक व्यक्ति ने गलत काम किया तो उसका परिणाम सारे परिवार को भोगना पड़ता है ।

कोई सिगरेट पीकर फेंक देता है, उससे मेरा घर जल जाता है। अब मैं ऐसा कहूँ कि - 'पिछले जन्म में मैंने कुछ पाप किया होगा, इसलिए मेरा घर जला' तो बहुत दूर अन्वय लगाना होगा, जो उचित नहीं कहा जायेगा । सामूहिक जिम्मेदारी भी उसके अंतर्गत है । सारे गाँव का भी एक सम्मिलित कर्म होता है, अकेले की ही जिम्मेदारी है, ऐसा नहीं ।

भौतिक जगत् दूषित होता है और पदार्थ के गुणधर्म विकारी हो रहे हैं । पृथ्वी के पंच तत्त्वों का भी संतुलन रखना जरूरी है। ओझोन पटल फटने से पृथ्वी ज्यादा ही गरम हो रही है, जिसके कारण बर्फ पिघल कर कभी समुद्र अपनी मर्यादा छोड़ने की आशंका है । प्रदूषण के कारण नये-नये रोग तो फैल ही रहे है।

शारीरिक तौर पर हम कमजोर हो रहे है, कई व्याधियों के शिकार हो रहे हैं - ये सब हमारे व्यक्तिगत या समष्टिगत कर्मों का ही तो परिणाम है । व्यक्तिगत असंयम हो या सामाजिक प्रदूषणा हो, सभी कर्मों का परिणाम भुगतना ही पड़ता है ।

सामाजिक तौर पर हमारे कर्म के परिणाम ही हम भुगत रहे हैं । जंतुनाशक दवाईयाँ और रासायनिक खाद का इस्तेमाल करके हम पौधे और जंतु तो मार ही रहे है, साथ-साथ हमारे शरीर में भी विष डालकर खुद का विनाश कर रहे है । इस तरह वातावरण का संतुलन नष्ट करके हमारे कर्म हम भुगत रहे हैं । समाज-व्यवस्था भी क्षीण हो रही है ।

सांस्कृतिक तौर पर हमारे भोगवाद और लोभ का परिणाम पाकर संस्कृति नष्ट कर रहे हैं । मानव संस्कृति मृतःप्राय हो चुकी है । मनुष्यजीवन की कोई कीमत ही नहीं रही । संपत्ति ही मानव का सब कुछ बन चुकी है ।

वैश्विक तौर पर हम जैसे कि प्रलय की ओर जा रहे है । 1992 के नवम्बर में 1575 वैज्ञानिकों ने जिनमें सौ नोबल प्राईज विजेता थे, उन्होंने 'डूम्स डे अलर्ट' जाहिर किया था । उन्होंने चेतावनी दी थी कि यदि जनसंख्या पर काबू न पाया जाये और विश्व का वातावरण समुद्र और मछली, पानी के स्रोत, जमीन, जंगल और जीवंत जंतुओं का शोषण न रोका जाये और विश्वसेवकत्व के बारे में न सोचा जाय जो 2030 तक विश्व का वातावरण सुधार न सके वैसा बिगड़ गया होगा और अपने कर्मों के कारण

हम सर्वनाश की ओर जायेंगे । अभी के अनुभवों से हम सीखना चाहे तो प्रकृति ने तो अपना पंजा फैलाकर हमारा ध्यान उस ओर खींचा है, तभी तो सुनामी, भूकंप, विनाशक बाढ़, दावानल, कातरिना और रीटा के तूफान से हम भयभीत और अनिश्चित बन चुके हैं ।

**समस्या का समाधान :**

हमें विश्व की ओर समग्र दृष्टि से देखना और बरतना होगा। इससे हमें हमारी जिम्मेदारी का भान होगा और महात्मा गांधी का वाक्य - **"The earth provides enough to satisfy everybody's need, but not for anybody's greed."** हम याद रखेंगे । प्रकृति ने तो अपना क्रम बना रखा है, हम उस चक्र को तोड़ते हैं, इसलिए विश्व की समस्या खड़ी होती है । यदि उस प्रकृति-चक्र को याद रखकर हम उसकी पूर्ति करते चले जायें तो और कोई समस्या खड़ी नहीं होगी । समस्या तब खडी होती है जब हम प्रकृति-चक्र में बाधा ड़ालते है । इस प्रश्न को सुलझाने के लिए हमें अपने स्तर पर, अपनी भूमिका से ही सोचना होगा । अपना स्वधर्म ठीक से निभाना होगा । **Think globally but act locally.** विश्व की समस्या को ध्यान में रखते हुए हम उस समस्या को सुलझाने में किस तरह मदद कर सकते है, सोचना होगा और वैसा करना होगा । जैसे के प्लास्टिक की थैली या टुकड़े धरती पर पानी झरपने के लिए, वृक्ष के मूल फैलने के लिए, पानी बहने के लिए बाधारूप होते हैं, यह एक वैश्विक समस्या है । इस समस्या का हल हम अपने स्तर पर प्लास्टिक की थैली इत्यादि इस्तेमाल न करके ला सकते है । अपने कर्म से हमने जैसे विश्व की समस्या खड़ी की है, वैसे ही सोच-समझकर हम ये समस्या सुलझा भी सकते हैं ।

(१) विज्ञान का उपयोग तो मानव ही करते हैं तो मानव जाति के भक्षण के लिए नहीं अपितु रक्षण के लिए विज्ञान का उपयोग होना चाहिए । भविष्य की घटनाओं पर काबू पाने के लिए उसका उपयोग होना चाहिए ।

(२) वैश्विक समस्याएँ सुलझाने के लिए मर्यादित साधन-सामग्री को संभालकर इस्तेमाल करें । किसी भी वस्तु का दुरुपयोग या

नाश न करें और साधन-सामग्री के संचय के बजाय वह बहती रहे उसका ख्याल रखें । संस्कृत में उसे द्रव्य कहा जाता हैं, द्रव्य वह है जो द्रवित होता हैं, बहता रहता हैं । *'द्रवति इति द्रव्यः ।'*

(३) जनसंख्या हम कम रखें और मनुष्यमात्र की गुणवत्ता **(Quality)** बनाये रखें । मानव वही हैं जो मनन करता है, अन्यथा हम सब पशु हैं, *'पश्यति इति पशुः'* - जो सिर्फ नजदीक का देखता है, आगे का, भविष्य का सोचता ही नहीं ।

(४) विज्ञान से आर्थिक विकास इतना हो जिसमें मनुष्य को आराम मिल सके, लेकिन साथ-साथ हमें ख्याल रखना होगा कि वातावरण और प्रकृति के मूल स्त्रोतों का संरक्षण हो, भविष्य का समाज अपनी आवश्यकताओं की पूर्ति कर सके, यह ख्याल में रखकर वर्तमान की आवश्यकताओं की पूर्ति की जाये, वैश्विक व्यवस्था को प्रकृति के नियमों के अधीन रखा जाये, सौंदर्य दृष्टि रखकर ही विज्ञान और तंत्रज्ञान मानवीय कल्याण और समृद्धि के लिए प्रोत्साहित किया जाये ।

ये चारों बातें ख्याल में रखेंगे तो हमारे कर्म भी उसी प्रकार के होंगे. जिससे वैश्विक व्यवस्था विचलित नहीं होगी । सृष्टि अनादि अनंत है, यदि ऐसा न मानें तो कई समस्याएँ खड़ी होगी । पहले और आगे की बातें अगर नहीं मानते तो कर्म और कर्म-फल का नियम टूट जाता हैं ।

जैसे-जैसे कार्य-कारण परंपरा खुलती जाती है, वैसे-वैसे चित्त निर्मल होता जाता है । पुरानी-पुरानी चीजें याद आती हैं । ज्ञानेश्वर ने लिखा हैं कि - "मैं पुराने जमाने में राजा था ।" एनी बेसेन्ट ने भी अपनी कुछ कहानियाँ लिख रखी हैं । महावीर और गौतम बुद्ध के बारे में भी ऐसी कहानियाँ कही जाती हैं ।

## संदर्भ-सूचि

(१) 'ध लाइट ओफ एशिया,' एडविन आर्नोल्डः लंडनः केगन पाल ट्रेन्ध, टूबनर एन्ड कं. लि. 1938, पृ. 111.

(२) 'विनोबा चिन्तन नं. 7'। वाराणसी : सर्व सेवा संघ प्रकाशन, 1966, पृ. 19-20.

(३) 'हरिजन' 31-3-1946, पृ. 63.

# ૧૯ દાર્શનિક કર્મ-વિજ્ઞાનના સંદર્ભે વિશ્વવ્યાપી સ્વયંસંચાલિત અદ્‌ભુત ન્યાયતંત્ર

**શ્રી ગુણવંત બરવાળિયા**

**અખિલ ભારતીય શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સના મંત્રી, વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘના ટ્રસ્ટી, 'કાઠિયાવાડી જૈન', 'જૈન પ્રકાશ', 'વિશ્વવાત્સલ્ય' વ.ના સંપાદનકાર્ય સાથે જોડાયેલા, પ્રાણગુરુ જૈન રીસર્ચ સેન્ટરના માનદ્ સંયોજક છે. લેખન - સંપાદન દ્વારા તેમનાં ૪૦ જેટલાં પુસ્તકો પ્રગટ થયાં છે.**

સત્‌યુગ-કર્મયુગના શૈશવકાળની વાત છે. યુગલિક યુગના અસ્તાચળના સમયે યુગલમનુષ્યો સુખરૂપ જીવન પસાર કરતા હતા. માનવજીવનમાં અપરાધભાવનો ઉદય થયો ન હતો. ઈર્ષા, નિંદા, ચોરી, હિંસા, લડાઈ, ઝઘડા ન હતા.

કાળચક્ર વીતતા કલ્પવૃક્ષની શક્તિ ક્ષીણ થવા લાગી. પરિવર્તન, કુદરતનો નિયમ છે. સંક્રાંતિકાળ પછી કુલકર વ્યવસ્થાનો વિકાસ થયો. કુળના રૂપમાં સંગઠિત સમૂહના નેતાને કુલકર કહેતા. આ વ્યવસ્થામાં ત્રણ પ્રકારની દંડનીતિ પ્રચલિત હતી.

કુલકર વિમલવાહનના સમયમાં 'હકાર' નીતિનો પ્રયોગ થતો હતો. એ સમયે માનવ ઊંચ નીતિમત્તાવાળો અને લજ્જાળુ હતો. 'તેં આમ કર્યું?' બસ આટલું કહેવું તે જ ઉચ્ચ પ્રકારનોં દંડ હતો. આટલું સાંભળવું પડે તે પરિસ્થિતિ જ માનવ માટે અસહ્ય હતી. માનવી આવા ઋજુ હૃદયનો હતો.

યશસ્વી અને મોટા અભિચંદ્રકુલકરના સમયમાં નાના અપરાધ માટે 'હાકાર' અને મોટા અપરાધ માટે 'માકાર' એટલે 'આવું ન કરો' એટલું કહેવું તે જ દંડ હતો.

પ્રસેનજિત, મરુદેવ અને નાભિ કુલકરના સમયમાં ધિક્કાર નીતિ ચાલી. નાના અપરાધ માટે હાકાર, મધ્યમ અપરાધ માટે માકાર, અને મોટા અપરાધ માટે ધિક્કાર નીતિનો પ્રયોગ થતો હતો. એ સમયનો માનવી, સમાજ અને રાજ્યના નિયમોમાં રહેનારો, મર્યાદાપ્રિય અને ઋજુ હતો. બે શબ્દો દ્વારા તેમણે કરેલા અયોગ્યકાર્યનું દુ:ખ પ્રદર્શન કે ધિક્કાર તેને માટે મૃત્યુદંડ સમાન હતું.

જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ જ્યારે રાજ્ય સંભાળતા હતા ત્યારે સમાજજીવન, રાજ્યવ્યવસ્થા અને સુરક્ષાવ્યવસ્થામાં ક્રાંતિકારી પરિવર્તનો કર્યાં. એ સમયમાં અપરાધીને ઠપકો આપવો, નજરકેદ કરવો, એટલે નક્કી

ક્ષેત્રની બહાર જવા પર પ્રતિબંધ અને બંધન તથા દંડો ઉગામવા સુધીની દંડનીતિનો વિસ્તાર થયો હતો.

સમાજજીવન સુચારુ રીતે ચાલે અને રાજ્યકારભાર વ્યવસ્થિત ચાલે, ગુનાઓનું સામ્રાજ્ય ન છવાઈ જાય માટે માનવીઓએ કાયદા ઘડ્યા. દરેક વ્યક્તિને ન્યાય મળે અને ગુનેગારોને સજા મળે, તેથી ન્યાયાધીશ અને ન્યાયાલય દ્વારા ન્યાયતંત્રની રચના કરી.

કાયદાની કલમ દ્વારા અપરાધીને ગુનેગાર ઠરાવી સજા કરાવી શકાય. આ સજા થવાના અને સમાજમાંથી પ્રતિષ્ઠા જવાના ડરે કેટલીક વ્યક્તિઓ ગુના આચરતી અટકી જાય છે. એવા ઉમદા હેતુથી ન્યાયતંત્રની પ્રતિષ્ઠા કરવામાં આવે છે.

પ્રાચીન ભારતમાં ન્યાયતંત્ર પર લોકોને પૂર્ણ વિશ્વાસ હતો. કાઝી, રાજાઓ તે રાજાઓએ નીમેલા ન્યાયાધીશો ઝડપી અને યોગ્ય ન્યાય પ્રજાને આપતા. કેટલાક ન્યાયપ્રિય રાજાઓએ ગુનેગાર જણાતા પોતાના પુત્ર કે પરિવારજનોને પણ આકરી સજાઓ કરી અને પ્રજાને ન્યાય આપ્યો છે, તેવા અસંખ્ય પ્રસંગો ભારતના ઈતિહાસમાંથી આપણને મળશે.

સાંપ્રત સમાજજીવન સંકુલ અને વિષમ બની ગયું છે. અપરાધ અને આતંકની દુનિયાનો બેહૂદો વિસ્તાર થયો છે. ગુનાખોરીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે.

કાયદા એટલા બધા વધી ગયા છે કે દરેક પવૃત્તિ અને સમગ્ર જીવનનું જાણે કાયદા દ્વારા નિયમન કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

નીચલી અદાલતથી માંડીને સર્વોચ્ચ અદાલત અને આંતરરાષ્ટ્રીય ન્યાયાલયો સુધી વિશ્વમાં ન્યાયતંત્રનો વિસ્તાર થયો છે. કોર્ટ, વકીલ અને કાયદાની કલમોના જંગલમાં અથડાતા-કુટાતા માનવી માટે ન્યાય મેળવવો ખર્ચાળ અને વિલંબિત બની ગયો છે.

જૈનદર્શનના કર્મવિજ્ઞાનના સંદર્ભે દંડનીતિ સમજવી માનવજીવન માટે કલ્યાણકારક છે. દાર્શનિક કર્મવિજ્ઞાનના મતે, સમાજ અને રાજ્યના સ્તરે કાઝી, મુખી, ન્યાયનું પંચ, લોકઅદાલત કે સરકારનું ન્યાયતંત્ર લોકોને ન્યાય અપાવવા કાર્યરત છે. તેમ એક વિશ્વવ્યાપી અદ્‌ભુત સ્વયંસંચાલિત કર્મની કોર્ટ છે. આપણી તમામ કોર્ટમાં હજી કૉમ્પ્યુટર આવ્યા નથી, પરંતુ કર્મની કોર્ટ ક્ષતિરહિત સુપર કૉમ્પ્યુટરથી સ્વયં સંચાલિત, વાયરસ કે સદી પરિવર્તનના ભય વિના અનાદિથી ચાલી રહી છે અને અનંત ચાલશે.

સંસારની કોર્ટમાં તો જે ગુનેગાર પ્રત્યક્ષ દેખાતો હોય, ગુનો દેખનાર સાક્ષી મળે, પ્રત્યક્ષ કે સાંયોગિક પુરાવા ઉપલબ્ધ હોય તો જ ગુનેગારોને સજા થઈ શકે છે.

સાંયોગિક પુરાવાને કારણે નિર્દોષને દંડાઈ જવાનો પણ ભય રહે છે. ખોટા સાક્ષી, કપટ કે ષડયંત્રના ભોગે નિર્દોષને પણ દોષી ઠેરવી શકાય છે.

એક શ્રીમંત યુવાન ખૂનના કેસમાં સપડાઈ ગયો. એણે ઊંચી ફી આપીને બાહોશ વકીલ રાખ્યો. કેસ ચાલ્યો. સામાપક્ષના ધારાશાસ્ત્રીએ બધી દલીલો કરી. ન્યાયાધીશે પેલા વકીલને કહ્યું કે - "હવે તમે દલીલ કરો." પણ આશ્ચર્ય ! એણે કોઈ દલીલ જ ન કરી. છેવટે ન્યાયાધીશે ચુકાદો આપ્યો કે - "હેન્ગ હીમ" પેલા વકીલે મલકાઈને પોતાના અસીલના કાનમાં કહી દીધું કે - "ચિંતા ન કરીશ, તને બચાવી લઈશ." ફાંસીનો માંચડો તૈયાર થયો. યુવાનના ગળામાં દોરડું ભરાવાયું અને સહેજ જ પાટિયું ખસ્યું કે તરત જ દોરડું ખેંચનારને અટકાવી દઈને વકીલ બોલ્યો : "સજામાં માત્ર 'હેન્ગ હીમ.' આજ આદેશ છે. મારો અસીલ એ સજા અત્યારે પૂરી કરી ચૂક્યો ગણાય, માટે એને છોડી મૂકો. કાયદા મુજબ એક જ સજાનો અમલ બીજી વાર કરી ન શકાય !" ત્યાર પછી ન્યાયતંત્રના કાયદાઓમાં સુધારો કરવો પડ્યો કે 'હેન્ગ હીમ ટીલ ડેથ' મૃત્યુ થાય ત્યાં સુધી લટકાવી રાખો. આમ બુદ્ધિના આટાપાટાથી દોષી પણ છૂટી ગયાના દાખલા છે.

કાયદાની આંટી-ઘૂંટી, લાંચરુશ્વત કે બુદ્ધિના વ્યભિચારથી ગુનેગારો પણ આબાદ બચી જતા હોય છે.

એકાંતમાં, ગુપ્ત રીતે ગુનો કરનારને કર્મની કોર્ટ તો સજા આપી દે છે. જાણે કર્મની કોર્ટને કરોડો આંખો ન હોય ?

અહીં બાહોશ વકીલ, પૈસાનું જોર કે લાગવગ કામ કરતા નથી, અહીં શંકાના લાભે છૂટી જવાતું નથી. કર્મના કાનૂનથી ચાલતા ન્યાયતંત્રનો વહીવટ સ્વચ્છ, સ્પષ્ટ, પારદર્શક અને સમયાનુચિત છે.

કર્મની કોર્ટમાં સજા માટે એક ક્ષણનો પણ વિલંબ નથી. જેવો ગુનો આચર્યો તેવી તે જ ક્ષણે સજા એ કર્મનો કાનૂન છે. કર્મ કરનારનો સાક્ષી તો તેનો પોતાનો આત્મા સદાકાળ તેની સાથે જ છે. અહીં ગુનો પુરવાર કરવા માટે કોઈ સાક્ષી કે પુરાવાની જરૂર નથી. બીજા શબ્દોમાં કહીએ તો - 'કર્મબંધ એ જ સજા છે.' માનવી મન, વચન કે કાયા વડે કોઈપણ

ગુનો કરે તો તેને તે પ્રમાણે કર્મબંધ થાય છે. કર્મના કર્તાએ કર્મ ભોગવવું જ પડે છે.

સંસારનાં ન્યાયાલયોમાં ગુના થયા બાદ ચોક્કસ કાનૂની પ્રક્રિયા બાદ ગુનો સાબિત થયા બાદ સજા થાય છે. આરોપી ઉચ્ચ ન્યાયાલયમાં અરજી કરે તો સજા મોકૂફ રહે અને ઉચ્ચ ન્યાયાલય એ સજાને માન્ય રાખે ત્યારે સજાનો અમલ થાય છે.

પરંતુ કર્મની કોર્ટમાં ગુનો સાબિત કરવાનો પ્રશ્ન જ નથી. મનથી હત્યાનો ક્રૂર વિચાર કર્યો - 'હું તને મારી નાંખીશ, છોડીશ નહિ' એવા ક્રૂર રીતે ક્રોધપૂર્ણ વચનો કહ્યાં હોય. આત્માની પરિણામ ધારા અને ભાવ પ્રમાણે કર્મના કાનૂનમાં એને ગુનો ગણી લેવામાં આવે છે અને તે પ્રમાણે કર્મબંધ થાય છે આ કર્મબંધ તે જ સજા છે. હા, સત્તામાં પડેલાં કર્મો ઉદયમાં ન આવે, તે કાળને દાર્શનિક પરિભાષામાં અબાધાકાલ કહેવાય છે.

સજા ભોગવવાનો કર્મોદય તત્કાળ પણ હોઈ શકે. આ જન્મમાં હોય કે જન્માન્તરે પણ હોઈ શકે છે. સંસારના ન્યાયતંત્રમાં વીસ વર્ષની સજા પામેલી વ્યક્તિ એક બે વર્ષમાં જ મૃત્યુ પામે તો બાકીની સજા તેને ભોગવવાની રહેતી નથી. કર્મના કાનૂનમાં આ સજા, પછીના ભવે પણ ભોગવવી પડે છે.

સેંકડો માણસની હત્યા કરનાર વ્યક્તિને સંસારની કોર્ટ એક જ મૃત્યુદંડ દઈ શકે તે તેની મર્યાદા છે. જ્યારે કર્મનો કાયદો તે જીવને નારકીની દુઃખકારક યોનિમાં હજારો વાર મૃત્યુની વેદના આપી શકે અને હજારો વર્ષ સુધીનું ત્યાંનું આયુષ્ય આપી શકે છે. સારી વર્તણૂકને કારણે રાજ્યના ન્યાયતંત્ર દ્વારા સજા ઘટી શકે છે કે સજા હળવી બની શકે છે.

કર્મસત્તાના ન્યાયતંત્રની કરામતને એક પ્રસંગ દ્વારા સમજીએ. જિલ્લા કોર્ટના એક ન્યાયાધીશ તે જિલ્લાથી ૨૫-૩૦ કિલોમીટરને અંતરે આવેલા પોતાના મૂળ ગામમાં વેકેશન ગાળવા આવ્યા. પોતાના વતનના આ નાનકડા ગામમાં રોજ સવારે તે નદી કિનારે ફરવા જાય. નદી તટનાં વૃક્ષોનાં ઝૂંડ પાછળ શૌચક્રિયાનું કામ પણ પતાવી લે.

એક દિવસ એણે શૌચક્રિયા દરમિયાન જોયું કે - 'એક માણસે ખંજરથી બીજા માણસની હત્યા કરી.' હત્યારો ભાગી છૂટ્યો. જજસાહેબે ખૂનીને આંખો આંખ બરાબર જોયો હતો.

આ અંગેનો કેસ એમની જ અદાલતમાં આવતા આરોપી હાથમાં ન આવતા, પોલીસે ભળતા માણસને આરોપી તરીકે ઊભો કરી દીધો ! ન્યાયાધીશે તેનો ચહેરો જોઈને જ નક્કી કરી લીધું કે હત્યારો તો આ નથી, પરંતુ પોલીસે પોતાની ઈજ્જત બચાવવા માટે ભળતા માણસને મારી-પીટીને ખૂની તરીકેની કબૂલાત કરાવીને પાંજરામાં ઊભો કરી દીધો છે.

વળી, વકીલ પણ એવો બાહોશ નીકળ્યો કે તેણે પોતાનું બધું જ બુદ્ધિકૌશલ વાપરીને તે માણસને ખૂની તરીકે સાબિત કરી દીધો.

જજ તો સ્તબ્ધ થઈ ગયા. આંખો ના પાડે છે કે - 'આ વ્યક્તિ હત્યારો નથી,' કાયદો કહે છે - 'તે હત્યારો જ છે.' નિર્દોષ ઉપર સજાનું જજમેન્ટ લખતા જજ ત્રાસી ગયા. પરંતુ ન્યાયાધીશને ધર્મમાં શ્રદ્ધા હતી, તે જાણતા હતા કે મનુષ્ય ભૂલ કરે, પરંતુ કર્મસત્તાનું સુપર કૉમ્પ્યુટર કદી ભૂલ ન કરે.

તેઓ પેલા આરોપીને ચેંબરમાં લઈ ગયા. સાચી હકીકત જણાવવાનું કહેતાં તે રડી પડ્યો. પોતાની નિર્દોષતા અને પોલીસના દમનનું વર્ણન કર્યું. જજે પૂછ્યું : "આ પૂર્વે તે કોઈનું ખૂન કરેલ ?" આરોપીએ કહ્યું : "હા, મેં બે ખૂન કરેલાં, પરંતુ હોશિયાર વકીલને કારણે હું નિર્દોષ છૂટી ગયો." આ સાંભળી જજના મનને શાંતિ થઈ. સાથે વિશ્વના અદૃશ્ય અદ્ભુતકર્મના સ્વયંસંચાલિત ન્યાયતંત્ર પરત્વે શ્રદ્ધા દૃઢ બની.

રાજ્ય અને સમાજ દ્વારા ચાલતાં ન્યાયાલયો જરૂરી છે જ, પણ જ્યારે તેમાં ન્યાય ન મળે ત્યારે એ ચિંતન કરવાનું કે સર્વોપરી અદાલતો કર્મના કાનૂનની છે. આ વિચારધારા નિમિત્તને દોષ ન દેતા કર્મોદયને દોષી ગણશે. તેથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી બચી શકશે. સંયોગોથી સ્વભાવ પર દૃષ્ટિ જશે, તેથી મનને શાંતિ મળશે.

ભાલનળકાંઠા વિસ્તારમાં એક રાજકીય આગેવાન સમાજસેવીની હત્યા થઈ. તે વખતે સાંપ્રત દંડનીતિ પરત્વે મુનિશ્રી સંતબાલજીએ વ્યથા કરી હતી કે - "ખૂનીઓને કોર્ટ પૂરેપૂરી તહોમતદાર ઠરાવે તો શારીરિક સજા સિવાય કોર્ટ બીજું શું કરવાની છે ? એ થાય તોય અમારા જેવાને તો રોવાનું છે, કારણ કે શારીરિક સજાથી ગુનેગાર સુધરતો નથી અને હિંસા થાય છે. જો શંકાનો લાભ આપી છોડી મૂકે તો સમાજમાં એ પ્રત્યાઘાત પડવાનો છે કે - 'આવા મોટા માણસનું ધોળે દહાડે ખૂન કરનાર પણ છૂટી જઈ શકે છે. આમાં પ્રથમ કરતાં બીજામાં વધુ ભયંકર હિંસા છે, કારણ કે તેમાં ખૂની સ્થૂળ રીતે સજા નથી ભોગવતો, પણ અભિમાની અને સમાજઘાતક દિશામાં

આગળ ધપવાનું વધવાનું એને કારણ મળે છે, તેથી મહાન હિંસા બને છે. સમાજમાં ઘણાં અનિષ્ટો એમાંથી પાંગરે છે.''

આચાર્ય મહાપ્રજ્ઞજી આ સંદર્ભે હૃદય-પરિવર્તન પર ભાર મૂકે છે. અનુશાસન કેવળ દંડશક્તિ દ્વારા વ્યવસ્થાપરિવર્તનની વાત કરે છે. આ દંડશક્તિ એક સીમા સુધી આવશ્યક હોઈ શકે છે, પરંતુ જો હૃદય-પરિવર્તન ન થાય તો દંડશક્તિ દ્વારા કરવામાં આવી રહેલું આ વ્યવસ્થાનું પરિવર્તન અંતે સફળતામાં પરિણમશે નહિ કે સ્થાયી પણ બની શકે નહિ. એક સીમા સુધી દંડશક્તિ અને તેની સાથે સાથે હૃદય-પરિવર્તનનું લક્ષણ બંને સાથે સાથે ચાલે ત્યારે વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન થઈ શકશે. વ્યવસ્થા બદલવાની સાથે વ્યક્તિનું હૃદય બદલવાની ક્રિયા સંયુક્ત રીતે ચાલે ત્યારે પરિવર્તનની ભાવના સાકાર થઈ શકે.

અધ્યાત્મયોગિની, પૂ. લલિતાબાઈ મહાસતીજીએ 'પ્રાયશ્ચિત્તના ભાવો' સમજાવતા કહ્યું છે કે - ''ગુરુ કે પરમાત્માની સાક્ષીએ દોષદર્શન, પાપનું પ્રક્ષાલન, ગુના અને કર્મોની કબુલાત અને તે પાપોનું પુનરાવર્તન ન થાય તેના નિર્મળ હૃદયથી પ્રત્યાખ્યાન પ્રતિજ્ઞા માનવીને પ્રાયશ્ચિત્તની પુનિતગંગામાં સ્નાન કરાવી પાવન કરે તે જ, સાચું ભાવ પ્રતિક્રમણ છે. જે રાજ્ય, દંડ, ભય અને લાલચથી ન થઈ શકતું હોય તે અંતઃકરણના અનુશાસનને અનુસરવાથી સહજ બને છે.''

સ્વવિકાસ માટે અનુશાસન જરૂરી છે. ગિરિ પ્રવચનમાં ઈસુએ દસ આજ્ઞાઓ કરી...'જો કોઈ એક તમાચો તારા ગાલ ઉપર મારે તો બીજો ગાલ તું ધરજે...!' એનો અર્થ એ કે જનસમાજમાં મોટે ભાગે એવા માનવીઓ હતા કે એક તમાચો મારવા જેટલી જ ભૂલ કરી શકે, પેલી વ્યક્તિ સજા માટે ગાલ ધરે, પરંતુ સામેવાળો બીજો તમાચો મારવા જેટલી હિંમત ન કરે. આ હતી એ સમયના માનવીના હૃદયની ઋજુતા.

કોઈપણ ગુનાહિત કૃત્ય આચરતાં પહેલાં જાગૃતિ રહે કે કર્મબંધ એ જ સજા છે. એક વિશ્વવ્યાપી, સ્વયંસંચાલિત અદ્‌ભુત કાયદાનું ન્યાયતંત્ર અસ્તિત્વમાં છે, તેનું સ્મરણ રહે તો જીવનમાં નિર્મળતા વધે અને કર્મના અટલ કાયદામાં શ્રદ્ધા જાગે તો આપણા હૃદયમાં કરુણાના ભાવ પ્રગટાવશે અને સહજ બનશે.

# ૨૦ સાંપ્રત પ્રવાહમાં બાળકો અને યુવાનો માટે ધાર્મિક જૈનશિક્ષણની રૂપરેખા

પૂજ્ય શ્રી નમ્રમુનિજીનાં આજ્ઞાનુવર્તી **પૂ. ડૉ. ડોલરબાઈ સ્વામી**

પૂ. ડોલરબાઈ સ્વામી, ગોં.સં.નાં મુક્ત લીલમ પરિવારના શિષ્યા તથા સુંદર વક્તા છે.

આજના આ સાંપ્રત પ્રવાહમાં આપણે સૌ કોઈ જાણીએ છીએ કે જગતના ધર્મોમાં જૈન ધર્મ અત્યંત પ્રાચીન અને વિશ્વધર્મ બનવાની ક્ષમતા ધરાવનાર ધર્મ હોવા છતાં જૈન ધર્મને જ જન્મથી પામેલાં બાળકો અને યુવાનો ધર્મથી દૂર થતાં જાય છે, તો ક્યાંક વિમુખ થતાં જાય છે, તેનાં ઘણાં બધાં કારણો છે. જો આ કારણોને પહેલાં જોઈશું તો આપોઆપ તેના નિવારણનો વિચાર સામૂહિક ભાવોથી લાવવા સક્ષમ બનીશું તો જરૂર જૈનત્વની જ્યોતને ભાવિ પેઢીના દિલમાં ઝળહળતી રાખવા સફળ થઈશું.

આપણે જાણીએ છીએ કે આજનાં બાળકો અને યુવાનો માટે અનેક પ્રલોભનો ટી.વી., વીડિયો, ઓડિયો, વેબસાઈટ, ડીઝીટલ કૅમેરાનાં અનેકવિધ આકર્ષણો, ફિલ્મો, ગેમ્સ, મનોરંજનનાં અનેક સાધનો, કૉમ્પ્યુટર, ઈન્ટરનેટ અને આ બધાથી વિશેષ જીવન સાથે નહિ પણ શ્વાસ સાથે જોડાયેલ કહીશ તો અતિશયોક્તિ નહિ લાગે, તેવા મોબાઈલોના ઉપયોગથી વિશ્વ નાનું બન્યું છે. અંગ્રેજી ભાષાનો ઉપયોગ વધ્યો છે. તે સાથે ઈન્ટરનેટનાં માધ્યમો સાથે સ્ટડી કરવાનો, યુવાનોને મળતું સ્કૂલ અને કૉલેજોનું મુક્ત વાતાવરણ, નાનાં બાળકોને બધા જ પ્રકારની એક્ટિવિટીઝ કરાવવામાં પણ આડોશી-પડોશીઓની હરીફાઈ, મમ્મીઓની હરીફાઈ, દેખાદેખી - આ બધા વચ્ચે આજનું યુવાધન રોળાઈ રહ્યું છે અને બાળમાનસ યંત્રવત્ બની જતું જોવા મળે છે. આ સમયે તેઓને ધર્મના માર્ગે વાળવા, ધાર્મિક શિક્ષણથી શિક્ષિત કરવા અત્યંત જરૂરી છે પણ તે માટેનો પ્રયત્ન તો ઘરથી જ કરવો પડશે.

* ૧. સૌ પ્રથમ માતાપિતાએ ધાર્મિક બનવું પડશે. કહેવત છે - 'કૂવામાં હોય, તો હવાડામાં આવે.' બાળક જેવું જોશે તેવું જ ગ્રહણ કરશે. ઘરમાં જ જો રોજ પ્રાર્થના થતી હોય, સત્સંગની વાતો થતી હોય તો બાળક એ શીખશે, ગ્રહણ કરશે. માતા-પિતા ઉપાશ્રયે આવવા ખાતર જ નહિ, શ્રદ્ધા-

ભક્તિથી ગુરુદર્શને આવતાં હોય, બાળકોને સાથે લાવે તો જરૂર તેના જીવનમાં સંસ્કારોના બીજારોપણ થાય છે.

આજકાલનાં મા-બાપોને પોતાનું બાળક કરાંટેમાં, ડાન્સિંગ ક્લાસીસમાં, ડિસ્કો કરવામાં, ડ્રોઈંગમાં, સંગીતમાં એક્સપર્ટ થાય તેવી તીવ્ર ભાવના હોય છે. તેના માટે કાળજી કરે છે. પણ તે સાથે તેનું બાળક પાઠશાળામાં ધાર્મિક જ્ઞાન મેળવી એક્સપર્ટ થાય તેવી કાળજી ઓછી છે. સ્કૂલ-ટ્યુશનના સમયને બરોબર સાચવશે, ત્યાં પરાણે પણ મોકલશે, જ્યારે શનિ-રવિ પાઠશાળાએ બાળકને સમજાવીને કે સ્ટ્રીક થઈને પણ મોકલવા એટલા એક્ટિવ નથી. માટે ભૂલ માતા-પિતાની જ છે, સ્કૂલોમાં-ટ્યુશનોમાં ફી ભરવી પડે છે એટલે અને અહીંયાં પાઠશાળામાં મફત શિક્ષણ મળે એટલે શું ? પણ મા-બાપે યાદ રાખવું જરૂરી છે કે જો બાળકે બચપણમાં સંસ્કાર મેળવ્યા હશે તો મોટા થઈને એ બાળકો મા-બાપને ઘરડાઘરમાં મૂકવા નહિ જાય તો તેઓએ ધાર્મિક શિક્ષણની મહત્તા સમજી તેના માટે બાળકોને સમજાવી મોકલવાં જોઈએ.

* ૨. આપણા સંઘોમાં આજકાલ પાઠશાળાઓ પણ ઘણી જગ્યાએ જાગૃત અને જીવંત જોવા નથી મળતી - તો તે માટે સંઘના કાર્યકર્તાઓએ જાગ્રત બનીને બાળકો સાથે બાળક જેવા બનીને, બાળક જેવડા બનીને અભ્યાસ કરાવે તેવા ટીચર રાખવા જોઈએ. શિક્ષકોને પગાર આપવામાં લોભવૃત્તિ જોવા મળે છે, અને પગારધોરણ આકર્ષક ન હોવાથી વિદ્વાનો કે પંડિતો આ તરફ કામ કરવા ઢળતા નથી, તેથી આ પ્રશ્ન અવશ્ય પ્રત્યેક સંઘોએ વિચારવા જેવો છે. આ ઉપરાંત -

(૧) શિક્ષકોની ભણાવવાની રીતમાં અર્વાચીન અભિગમોનો અભાવ જોવા મળે, તેથી તે માટે થોડા થોડા સમયે શિક્ષકોની ટ્રેનિંગ શિબિર એકાદ બે દિવસની રાખવી જરૂરી છે. જેના કારણે બધા શિક્ષકોના અનુભવોના વિચાર-વિનિમયથી પણ કોઈ નવી દૃષ્ટિ કે દિશા મળી શકે.

(૨) આજકાલ ઈંગ્લિશ મીડિયમમાં ભણતાં બાળકો, યુવાનો માટે ઈંગ્લિશમાં પુસ્તકો મેળવી આપવાં જોઈએ. સરળ અંગ્રેજી ભાષામાં લખાયેલાં તેને અનુરૂપ આકર્ષક ચિત્રો સાથે બનાવેલાં પુસ્તકો હોય તો બાળકો જલદીથી સમજી શકે છે.

(૩) જુદા જુદા ધાર્મિક સાહિત્યનું પ્રકાશન ઈંગ્લિશમાં કરવું જરૂરી છે, જેથી બાળકો-યુવાનો તેના રીડિંગ દ્વારા પણ વિશેષ માહિતી મેળવી શકે.

* ૩. અન્ય ટ્રસ્ટો દ્વારા જે સ્કૂલો ચાલતી હોય તેમાં અથવા જૈન ટ્રસ્ટો દ્વારા ચાલતી સ્કૂલો-કૉલેજોમાં જૈનીઝમનો એક વિષય **Add** કરવો, જેથી બાળકોમાં - યુવાનોમાં જૈનત્વના ભાવો જળવાઈ રહે. માનવીય ગુણોનો વિકાસ થાય, માનવતાના મંગલ પાઠો દ્વારા ગુણવૃદ્ધિ થાય, દોષોનો ત્યાગ થાય, ભ.મ.ના સિદ્ધાંતો, સ્યાદ્‌વાદ, અનેકાંતવાદ, અપરિગ્રહ કે વિશ્વમાન્ય છે તેની સમજણ આવે.

* ૪. પાઠશાળામાં માત્ર સૂત્રો ગોખાવવા કે અર્થ ગોખાવવાનું નહિ, પણ ધર્મકથાનુયોગના માધ્યમથી અધ્યયન કરાવવાથી રસ ટકી રહે છે. શક્ય હોય ત્યાં દશ્ય-શ્રાવ્ય માધ્યમનો ઉપયોગ કરવો જોઈએ. ધર્મના પાઠોમાં, કથાઓમાં, અન્ય ચર્ચામાં પણ વૈજ્ઞાનિક તર્કબદ્ધ દષ્ટિકોણ રાખવો જોઈએ. જૈન ધર્મની એક પણ ક્રિયા એવી નથી જેમાં વૈજ્ઞાનિક અભિગમ ન હોય - ૭ આવશ્યક - યોગા પ્રાણાયામ. ચમત્કારો નહિ પણ સ્ટોરીની વાસ્તવિકતા, સ્વાભાવિકતા, વિશેષતા સમજાવવી. આધ્યાત્મિક વિકાસ સાથે મારા ભગવાને શારીરિક સ્વાસ્થ્યની, માનસિક શાંતિની ચિંતા ન કરી હોય. બહિરાત્માને પરમાત્મા બનવાની માસ્ટર કી આપી દીધી છે. જેથી બાળકો, યુવાનોને સમજાય પછી તેના પરથી તેના જેવા વિચાર હશે તેવી તેની ઓરા બનશે.

(૫) ભિન્ન ભિન્ન સ્પર્ધાઓનું આયોજન કરવું. ધાર્મિક નાટકો, ગીતો, રવિવારીય શિબિર, વેકેશનમાં શિબિરોનું આયોજન કરવું, જેથી વિદ્યાર્થીઓની બૌદ્ધિકશક્તિનો, વાચિકશક્તિનો વિકાસ થાય. સારાં પ્રોત્સાહિત ઈનામો આપી ઉત્સાહ વધારી શકાય.

(૬) ક્યારેક પ્રવાસમાં ગુરુદર્શને લઈ જવા, પ્રકૃતિદર્શન કરવા લઈ જઈ પ્રત્યક્ષ ગુરુના સાંનિધ્યનું મહત્ત્વ સમજાવવું. જીવનમાં ગુરુનું શું સ્થાન હોવું જોઈએ, ગુરુને સમર્પિત થવાથી શું આત્મિક લાભ થાય તેની સમજણ આપવી.

(૭) ધર્મના બૈઝિક સંસ્કારો એટલે કે વિનય, વિવેક, દયા, કરુણા. સેવાના ભાવો શું છે, તેને જીવનમાં જાળવી રાખી ધાર્મિક આરાધના કરવી જોઈએ, પણ ધર્મ કે ધર્મની સાધના પર રેપર ન હોવા જોઈએ.

(૮) વ્યાવહારિક શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણનો સમન્વય શક્ય હોય ત્યાં કરાવવો. ઉપાશ્રયમાં જ અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન, કૉમ્પ્યુટર વગેરેના શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ રાખવાથી અમુક પ્રકારના તાલીમ વર્ગોનું આયોજન કરવાથી પણ બાળકો અને યુવાનો ધર્મસ્થાનકોમાં આવતાં થશે.

(૯) આજની નવી પેઢી માનવસેવામાં વધારે રસ લેતી જોવા મળે છે, તો તેની ધાર્મિકતા ટકી રહે તે માટે ગુરુભગવંતોએ, સંઘના હોદ્દેદારોએ તેને તે રીતે સહાયક બનવા પ્રયત્ન કરવો જોઈએ. **Fled to filed** જેવું ફિલ્ડ જોઈએ તેવું મળી રહે તો આજની યુવાપેઢી એ રીતે પણ ધાર્મિક ભાવમાં આગળ વધી વિકાસ કરી શકે અને સ્વયંની સાત્ત્વિક રુચિ સંતોષાતા માનવતાનાં કાર્યો પણ સરળતાથી કરતી રહે.

(૧૦) જે બહેનો-ભાઈઓ જૈન ધર્મના જિજ્ઞાસુ હોય, તેઓને માટે અઠવાડિયામાં એક વાર સત્સંગ રાખવો. ગુજરાતી ન આવડતું હોય તેઓને સત્સંગના માધ્યમે અગર શિક્ષણના માધ્યમે પણ (ઓરલ) પરમાત્મા મહાવીરનું જીવન, કવન, સતીઓની વાર્તાઓ, મહાપુરુષોનાં જીવનચરિત્રો, આગમોના કથાનકોનો અભ્યાસ રાખવો - જેને કારણે સરળતાથી સમજાય અને તેના ઉપનય દ્વારા સમજણ દૃઢ થાય. ધાર્મિકતા - સહનશીલતાના સંસ્કારોએ જીવનમાં આદર્શ ભાવના બની રહે. કારણ મહાપુરુષોનાં જીવનચરિત્રો સામાન્ય માનવો માટે પણ **Micestone** બની રહેતા હોય છે.

(૧૧) સાધુ-સંતો પણ શાસ્ત્રોની પરિભાષાને સીધી-સરળ ભાષામાં વ્યક્ત કરે અથવા ભાષાંતર (ગુજરાતી-હિન્દી અથવા અંગ્રેજીમાં) કરી યુવાવર્ગના હાથમાં આપે, તો જરૂર તેઓને સમજાય જાય અને તેનું વાંચન અસરકર્તા બને છે. 'ગુરુ વિના જ્ઞાન નહિ' એ વાત સૌએ સ્વીકારવી જ રહી અને આ પ્રયત્ન વ્યક્તિગત જીવનમાં ધાર્મિક મૂલ્યોના પ્રસ્થાપનનું કાર્ય કરે છે. આખર ધર્મ એ તોડનાર નહિ જોડનાર પરિબળ છે.

(૧૨) ક્રિયાઓની રૂઢિચુસ્તતા છોડી ધાર્મિક ભાવોમાં વૈજ્ઞાનિક રીતે ચુસ્તતા લાવવાની ખાસ જરૂર છે.

(૧૩) થોડા સમય પહેલાં કુમારપાળભાઈ પાસેથી સાંભળેલ કે - "**U.K.**માં એકદમ સુંદર સ્વામિનારાયણનું મંદિર બનાવેલ છે અને બહાર મોટું **Play ground** છે." કોઈએ પ્રશ્ન કર્યો કે - "આમ કેમ ?" તો જવાબ મળ્યો : "આજે **Play** માટે આવશે તે કાલે **Prayar** માટે સ્યોર આવશે."

આ વાત મને એકદમ **Touch** થઈ ગઈ કે - આજે જ્યારે સમગ્ર વિશ્વના બહુતેક માનવીઓ વેર, ઝેર, ઈર્ષ્યા, અદેખાઈ, વાસના, કામના, અશાંતિ, અજંપાના ડિપ્રેશનમાં જીવી રહ્યા છે, તે સમયે પ્રત્યક્ષ ગુરુ - પરમાત્મા અથવા પરમાત્માની પ્રતિકૃતિના દર્શન પણ જીવને શાંતિ-સમાધિ

આપે છે. જો આ ન મળે તો આનંદ મેળવવા, Change મેળવવા માનવ કોઈપણ ભૌતિકતાનો સહારો લે છે, તેવી વ્યક્તિ Play groundમાં જાય છે, અને આ આકર્ષણમાં અંજાઈને તે પણ એક દિવસ જરૂર Prayer કરવા મંદિરમાં જશે જ. અને ત્યાં જઈ શાંતિનો અનુભવ થતાં ધર્મને સહી- રૂપમાં તે યોગ્ય ગુરુનો ભેટો થતાં જરૂર સમજી શકે છે, સ્વીકારી શકે છે.

બાકી તો આજના આ કાળમાં લગભગ કાકા કાલેલકરના શબ્દોમાં કહું તો - **"ધન-રંકતા કરતાં હૈયા-રંકતા વધી રહી છે."** એ આપણે પણ અનુભવીએ છીએ. સવારે ઊઠીને પેપર હાથમાં લેતા વાંચીએ કે - 'કાશ્મીરમાં ભૂકંપમાં ૨૦ હજાર માર્યા ગયાં.' આટલું વાંચતા ઘણાનું હૈયું પણ ધ્રૂજતું નથી. માનવ એટલો પ્રેક્ટિકલ બની ગયો છે, સ્વાર્થી બની ગયો છે. અરે પોતાની જાતને મોડર્ન માનનારના જીવનમાં ધાર્મિકતા-નૈતિકતા જેવું બહુતેક ઓછું જોવા મળે છે અને ધાર્મિક સમજણના અભાવે જ માનવી-માનવી વચ્ચેનાં અંતરો વધી ગયાં છે. ઉમાશંકર જોષીના શબ્દોમાં કહું તો-

**આજે ખોબા સમ જગ બન્યું કિન્તુ**
**માનવી માનવી વચ્ચે ના ઘટ્યા**
**છે વધ્યાં અંતરો, હા.**
**હૈયા એ કિન્તુ છે થયા પાષાણના,**
**ના,**
**ધાતુ સમા...**

મારી દષ્ટિએ જો આ પરિસ્થિતિમાંથી બાળકો અને યુવાનોને બચાવવા હોય, ભાવિ પેઢીને ધર્મના માર્ગે ધબકતી રાખવી હોય તો આ જે કંઈ મુદ્દાઓ છે તેનો અન્ય શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ પણ અતિ અતિ આવશ્યક છે. તે માટે સુયોગ્ય અમલ થાય તે જીવનમાં **ગુરુની, ગુરુદર્શનની, ગુરુસત્સંગની, ગુરુના માર્ગદર્શનની** અત્યંત આવશ્યકતા જ નહિ અનિવાર્યતા પણ છે. જો આ જીવનમાં શક્ય બનશે તો જરૂર સૌનું ભાવિ ઉજળું બનશે, એટલું જ નહિ ભવ્ય બની ભાવિના ભગવાન બનવાની પાત્રતાને કેળવી શકશે.

એ જ સુમંગલ ભાવની.

આ માટે આવા જ્ઞાનસત્રની જરૂર છે. મારી દષ્ટિએ
જ્ઞાનસત્ર એ જાત-તપાસનું સત્ર છે.
જ્ઞાનસત્ર એ જીવન-સુધારનું સત્ર છે.
જ્ઞાનસત્ર એ જ્ઞાન-વૃદ્ધિનું સત્ર છે.
જ્ઞાનસત્ર એ જ્ઞાન-સમૃદ્ધિનું સત્ર છે.
જ્ઞાનસત્ર એ અનેકાંતવાદને સમજવાનું - સ્વીકારવાનું સત્ર છે.
સંત-સતીજીઓના ચરણે બેસીને સમ્યક્જ્ઞાન-પ્રાપ્તિનું સત્ર છે.

# ૨૧ સાંપ્રત પ્રવાહમાં બાળકો અને યુવાનો માટે ધાર્મિક જૈનશિક્ષણની રૂપરેખા

હિના પારેખ

જૈનદર્શનના અભ્યાસુ હિનાબહેન સુંદર વક્તા તથા પ્રવક્તા છે.

રૂપરેખા કેવી હોવી જોઈએ ? શું કામ હોવી જોઈએ ? આ રૂપરેખા કઈ રીતે આજની ૨૧મી સદીની આ પેઢીમાં એવી રેખા અંકિત કરી દે કે આવનાર ૮૪,૦૦૦ વર્ષ સુધી આ ધરતી પર તીર્થંકર અવતાર નથી લેવાના, છતાં પણ જૈન ધર્મનો પાયો તસુભાર પણ હલબલી ન શકે અને આ યુવાપેઢી ઢાલ બનીને તેનું રક્ષણ કરવા હરહંમેશ સાબદી રહે, સાવચેત રહે, સભાન બને અને એક એવું બુલેટપ્રૂફ કવચ બની જાય, જેને કોઈ છેદી ન શકે, કોઈ ભેદી ન શકે.

આ રૂપરેખા ત્રણ વિષયને સાથે લઈ બનાવી શકાય. તે છે - (૧) ઘર. (માતા-પિતા-વડીલ) (૨) ગુરુ (૩) યુવાપેઢીનો પોતાનો પુરુષાર્થ.

કહેવાય છે **Man is a social animal.** મનુષ્ય સામાજિક પ્રાણી છે. માનવીની માનવી બનવાની શરૂઆત તેના **ઘરથી** થાય છે. બાળક જન્મે છે ત્યારથી જ તેની આસપાસના વસ્તુ, વ્યક્તિ અને વાતાવરણની તેની પર અસર થવાની શરૂઆત થઈ જાય છે. બાળક જે જુએ છે, જે અનુભવે છે, જે **Feel** કરે છે, તે જ તેના મનની કોરી પાટી પર અંકિત થવા લાગે છે. તેને સભ્ય-અસભ્ય, સારું-ખરાબ વગેરેની કોઈ સમજણ હોતી નથી. તે માત્ર અનુકરણ કરતો હોય છે. તેનાં મોટેરાંઓનું માતા-પિતા કે વડીલોનું - તે તેને જ અનુસરે છે. તેની માટે તે જ સત્ય, તે જ સાચું, તે જ **Reality** હોય છે. તો કહેવાની જરૂર છે કે બાળકોનો પાયો - તેના ઘડતરનું ચણતર માત્ર અને માત્ર ઘર સાથે જોડાયેલું હોય છે. તો કેવા હોવા જોઈએ માતાપિતા ! વડીલોનું વર્તન, વાણી અને વ્યવહાર તપાસવાના છે. આપણે આપણી જાતને...શું મોટા થતા બાળકને ક્યારેય પ્રભુ મહાવીરની વાર્તા આપણે કીધી છે ? શું જૈન ધર્મની સમજણ તેને આપી છે ? શું રામની પિતૃભક્તિ વિશે ચર્ચા કરવાનો ટાઈમ આપણે કાઢ્યો

છે ? શું ઘરમાં બેસીને એકસાથે સમૂહ પ્રાર્થના કરવાનો વિચાર ક્યારેય આપણને આવ્યો છે ? શું આપણે વડીલોની માન-મર્યાદા, વિનય-વિવેક જાળવ્યો છે ? ટી.વી.નો રીમોટ કંટ્રોલ પકડાવી દેનાર આપણે ક્યારેય પરમાત્માનો રીમોટ કેવો હોય - એવું સમજવાની કોશિશ કરી છે ? બાળકનો ખાવાનો, ભણવાનો, જોવાનો, સાંભળવાનો, ઊંઘવાનો ચોક્કસ સમય નક્કી કરી નાખનાર આપણે એના ટાઈમટેબલમાં ધર્મરૂપી ભોજન, શ્રવણ કે દર્શનનો કોઈ પીરિયડ એમાં રાખ્યો છે ખરો ? મોટા થઈને મારો થઈને મારો બાળક ડૉક્ટર, એન્જિનિયર બનશે પણ એ બાળક ક્યારેય **'મહાવીર'** બનશે એવો વિચાર આપણામાંથી કોઈને ય આવ્યો છે ખરો ? જો આ બધા સવાલોનો જવાબ **'હા'**માં હોત તો આજે જૈન ધર્મની રૂપરેખા બનાવવાનો વારો જ ન આવ્યો હોત... પણ આપણાં ઝૂકી ગયેલાં માથાં, હારી ગયેલાં મન, થાકી ગયેલું હૈયું, ભાંગી પડેલી વાચા, આંખમાં ધસી આવેલું શરમનું પાણી, એ જ દર્શાવે છે કે આ બધા સવાલોનો જવાબ આપણી પાસે માત્ર અને માત્ર **'ના'** જ છે.

મારે એ જ કહેવું છે કે ધર્મની શરૂઆત માતાના દૂધની સાથે જ થઈ જતી હોય છે. વિનય ધર્મનું મૂળ છે, એ ગળથૂથીમાંથી જ પીવડાવવાનું હોય છે. વડીલોની છત્રછાયા, માતા-પિતાની મમતા જ બાળકની અંદર ધર્મનાં બીજને રોપે છે. જો ગર્ભમાં રહેલા અભિમન્યુને સાત-સાત ચક્રવ્યૂહનું જ્ઞાન મળી જાય છે, તો જન્મ્યા પછી બાળક જે વાતાવરણમાં મોટું થાય છે, તેની અસર તેના પર કેટલી બધી થાય છે એ આપણે વિચારવાનું છે. જેમ ભૂમિમાં એક દાણો વાવશો તો કુદરત એમાંથી હજારગણા દાણા આપે છે તેમ જ વડલાના એક નાના એવા બીજમાંથી જાજરમાન વડલો પ્રગટ થાય છે, એ વાત મોટેરાઓ ભૂલવા જેવી નથી. જો આપણે આપણા ધર્મને બચાવવો હોય, ટકાવવો હોય, મહાવીરના આ શાસનને અડીખમ રાખવું હોય તો સુધરવાની શરૂઆત કરવાની છે - આપણે માતા-પિતા અને વડીલોએ, કારણ આ વિશ્વમાં સૌથી વધુમાં વધુ રહસ્ય જો ક્યાંય છુપાવવામાં આવ્યું હોય તો તે માનવજીવન છે. જે બાળકનું હૈયું વિનયધર્મથી રંગાયેલું હશે, તેની પર મહાવીરના ધર્મના રંગથી રંગાયેલ અને કૂણી લાગણીઓથી ભીંજાયેલ આ બાળક જ્યારે યુવાન બનતો જાય છે ત્યારે ખરા અર્થમાં ધર્મ શું છે ? કેવો છે ? કેમ કરવો

જોઈએ ? આ બધું જ્ઞાન, બોધ આપવા માટે બીજા નંબરે જરૂરત છે **સાચા સદ્‌ગુરુની.** રૂપરેખાનો આ બીજો તબક્કો છે.

જેમ ભીની માટીમાંથી કુંભાર માટીનાં વાસણો બનાવે છે, તેને જુદા જુદા ઘાટ આપે છે, તેવી જ રીતે ભીનાશ અને કુણાશવાળા વિનયવાન ધર્મી આત્માને જ ગુરુ ધર્મ પમાડી શકે છે. આ યુગમાં જરૂરત છે સાચા, સચોટ, સરળ, સહૃદયી, ક્રાંતિકારી એવા સંતની. જે ખરા અર્થમાં, યુવાવર્ગને ધર્મનો મર્મ સમજાવી શકે. કારણ - ધર્મની જાણકારી વિના અને ધર્મના સ્વરૂપને સમજ્યા વિના, બની બેઠેલા ધર્મીઓએ, આ જૈનશાસનનું જેટલું અહિત કર્યું છે, એટલું ધર્મ નહિ કરનારાઓએ કર્યું નથી. પ્રસન્નતાનાં ફળો, શ્રદ્ધાનું બળ ત્યારે જ મજબૂત રહે, જ્યારે ગુરુશિક્ષાનું નીર નિત્ય સીંચાતું રહે. ગુણોની પ્રાપ્તિ માટે ગુરુશિક્ષા, તો ગુણોની રક્ષા માટે પણ ગુરુશિક્ષા અને જીવનની ઉચ્ચ કક્ષા માટે પણ ગુરુશિક્ષા. આ તમામ તબક્કે મહત્ત્વનો ફાળો છે ગુરુદેવની હિતશિક્ષાનો.

**સદ્‌ગુરુએ** ધર્મ એટલે બાધાઓ, ધર્મ એટલે માળા, વ્રત, પચ્ચક્ખાણ, ધર્મ એક એવો 'Boring' શબ્દ એમની માટે થઈ ગયો છે. એક એવો 'અણગમો' આ શબ્દ પર આવી ગયો છે, તેને 'ગમા'માં ફેરવવાનો છે. 'Boring' શબ્દમાં 'Feeling'ની અનુભૂતિ કરાવવાની છે. ગુરુ માટે પણ કદાચ આ આરામાં આ એક ચેલેંજનું કાર્ય છે. કાર્ય કપરું છે, પણ કપરા કાર્યને રૂ જેવું મુલાયમ, પોચું, નરમ બનાવી દે, તે જ છે આપણા સંત. આજનો યુવાન દુઃખના સમયમાં જ પરમાત્મા પાસે જવાની વૃત્તિ રાખે છે. એ પરમાત્માને દવાખાનામાં બેઠેલા ડૉક્ટર જેવો માને છે... રોગ આવે ત્યારે જ ડૉક્ટર પાસે જવાનું, રોગમુક્ત બની જઈએ એટલે ડૉક્ટર પાસે જવાનું બંધ. દુઃખ આવે ત્યારે જ ભગવાન પાસે જવાનું, દુઃખ રવાના થાય એટલે ભગવાન પાસે જવાનું બંધ ! આ બધી ભ્રમણાને ભાંગવાનું કામ કરવાનું છે આપણા ગુરુએ. એક એવા ક્રાંતિવીરની જરૂર છે, જે ધર્મમાં ધરમૂળ ફેરફાર કરી યુવાન પેઢીને તેમાં બાંધી શકે, તેમાં જકડી શકે, તેને સમજાવી શકે કે અરે ઓ યુવાનો ! કદાચ આખું ને આખું હૃદય બદલાવી દેવાની બાબતમાં ભલે તમારા વિજ્ઞાને સફળતા મેળવી લીધી હોય, પણ એ હૃદયમાં રહેલી કડવાશને મીઠાશમાં ફેરવી

નાખવાની સફળતાનો યશ તો ધર્મને ફાળે જ જાય છે એ સતત યાદ રાખજો. આ અવળચંડી પેઢીની સાથે બાથ ભીડવી એ નાનુંસૂનું કાર્ય નથી. પણ સાધુ હોય, તે હૈયાના સરળ હોય અને સરળ હોય તે જ સાધુ. અને તેવા જ સાધુ આ પેઢીને તારી શકશે, ઉગારી શકશે.

**સંતદર્શન પ્રગટાવે સમ્યગ્દર્શન, છોડાવે જગતનું બધુંય પ્રદર્શન;**
**સંતદર્શન પ્રગટાવે કેવળજ્ઞાન ને દર્શન, પલકમાં રવાના થાય જીવનું મિથ્યાદર્શન.**

આપણા સંતની વર્તમાનભૂમિકા આજે આવી થવી જોઈએ. આ પેઢીને સમજાવવાનું છે કે ધર્મક્ષેત્રમાં આવવા માટે આગમના પુસ્તકનું જ્ઞાન નહિ હોય તો ચાલશે, પણ જરૂર છે તારા આગમનની. આગમન હશે તો આવાગમન થશે અને તો ધર્માનુગમન આવ્યા વિના નહિ રહે અને તેમાં જો ભાવ ભેળવવાનું કાર્ય ગુરુ વખતે વખતે કરતાં રહેશે તો ધર્મની રૂપરેખા બદલશે જ બદલશે.

યુવાપેઢીના અજ્ઞાનને અને અહંકારને એવી રીતે હથોડા મારીને દૂર કરવાના છે કે એનો માર એના શરીરને નહિ આત્માને વાગે અને ક્યારે એ દીવાલ તૂટી જાય, તેની તેને ખબર પણ ના પડે. ગુરુ, એક એવો સેતુ છે, પુલ છે, બ્રિજ છે, જે યુવાનીના ઉંબરે ઊભેલા માસુમોને મોક્ષની સીડી દેખાડી શકે છે. તેના હૃદયબાગમાં ઊગેલા ખોટી માન્યતાઓના બાવળને દૂર કરી, વહાલપના ગુલાબ વાવી શકે છે. તેને મહાવીરના શાસનનો વારસદાર બનાવવાની ભૂમિકા માત્ર... માત્ર... માત્ર... ગુરુ જ સર્જી શકે છે. જેમ, રૂપરેખાના પ્રથમ તબક્કામાં માતા-પિતાનો અભાવ દેખાય છે, તેમ આ બીજા તબક્કામાં ગુરુનો પણ અભાવ દેખાય છે. ઘણા સાધુ-સંત સમય સાથે બદલાતા નથી અને તેનું ફળ ભોગવવું પડે છે આ યુવાનોને. હું એમ નથી કહેતી કે ધર્મને બદલો, પણ જો સમય પ્રમાણે થોડાક બદલશો તો ધર્મને યથાવત્ રાખી શકશો. કારણ પ્રભુએ જ આ પાંચમા આરાને દૂષમ બતાવ્યો છે. જે સમય પ્રમાણે ફેરફાર કરવાની શક્યતાઓ પણ કીધેલ છે. જો સમજીને આમ કરવામાં આવશે તો સદીઓની સદીઓ સુધી આપણા ધર્મને ઊની આંચ પણ નહિ આવે.

જે ધર્મમાર્ગે વીર બને છે તેના ૫૦ ટકા દુઃખ તો વીરતાના ગુણને લીધે આપણી પાસે આવતાં જ નથી અને બાકીનાં દુઃખ, દુઃખરૂપે લાગતાં જ નથી.

પ્રેરણા પાછળ જો પરસેવાનું પાણી ન વરસે તો એ પ્રેરણા થોડા વખતમાં જ રણ જેવી બની જાય છે. જેને કંઈ કરી બતાવવું છે, પ્રકાશવું છે, ખીલવું છે, આગળ વધવું છે, તેણે વિજય કે પરાજયની પરવા કર્યા વિના પોતાની પ્રચંડ શક્તિને કામે લગાડી દેવાની છે. યાદ કર, ઈતિહાસનાં દરેકે દરેક પાનાં, શું ક્યાંય તેમાં નોંધાયેલું છે કે મહાપુરુષોના માર્ગ ઉપર ગુલાબના મુલાયમ બગીચાઓ બિછાવ્યા હતા ? ભગવાન બુદ્ધ, જિસસ ક્રાઈસ્ટ, મહમ્મદ પયગંબર, પ્રભુ મહાવીર, શું શરૂઆતમાં બધાને અનુકૂળ સંજોગો હતા ? ન હતા... બસ, તો તું પણ જગાડી દે ધર્મની આલબેલ, ધખાવ ધર્મની ધૂણી, કારણ... જે પીડા વેઠી શકે છે, એ જ પુરસ્કારને પામે છે, જે વાંસ, પોતાનામાં કાણાં પાડવા દે છે, તે જ વાંસળી બની શકે છે. જે બીજાને સાંભળી શકે છે, તે જ પોતાની જાતને સંભાળી શકે છે. સૂર્યથી તેજ છૂટું પડી શકતું નથી, સાગરથી મોજાં વિખૂટાં પડતાં નથી અને વસ્તુમાંથી છાયા દૂર થઈ શકતી નથી... તો યુવાનો ! શું ધર્મ આપણાથી દૂર થઈ શકે ખરો ? જવાબ દો... જવાબ દો... અરે, ભગવાને બનાવેલી આ દુનિયામાં ભગવાન બનવાની ભૂમિકા સર્જ્યા વિના અહીંયાંથી જવાય જ કેમ ? તારે માટે જગ્યા નથી એવું તું માનતો જ નહિ, જે જાગે છે એને માટે જગ્યા થઈ જ જાય છે.

# ૨૨ સાંપ્રત પ્રવાહમાં બાળકો અને યુવાનો માટે ધાર્મિક જૈનશિક્ષણની રૂપરેખા

સ્મિતા જતીન દોશી

**બુદ્ધિ, માહિતી અને ધર્મ વચ્ચે** જો સમીકરણ સાધી શકાય તો જ શિક્ષણનો પુનર્જન્મ થયો ગણાશે, અને માટે જ બાળકો અને યુવાનો માટે ધાર્મિક જૈનશિક્ષણ એ સાંપ્રત પ્રવાહમાં અતિ આવશ્યક છે. જૈન ધાર્મિક શિક્ષણ એ દયા, કરુણા, પ્રેમ, વાત્સલ્ય, શાંતિ, સમતા અને મૈત્રીનું શિક્ષણ છે. જૈનકુળમાં જન્મેલ પ્રત્યેક વ્યક્તિ જૈન ધર્મના જણાવેલ મૂળભૂત સિદ્ધાંતોને જાણે અને તેની ક્રિયાઓનું શ્રદ્ધાપૂર્વક પાલન કરે તે મહત્ત્વનું છે. આજે આપણે વડીલો ધર્મને ઉત્કૃષ્ટ-મંગલરૂપ માનીએ છીએ. આ લોક અને પરલોકનું કલ્યાણ કરનાર સમજીએ છીએ. ધર્મના આ સૂરનો અને સમજણનો સ્વાદ આપણા સુધી પહોંચતો થયો છે. પણ શબ્દનો સ્વાદ પહોંચતો નથી. ટપાલી સુંદર છે, પરબીડિયું પણ સુંદર છે, ભારે આકર્ષક છે. માત્ર અંદરની ટપાલ વાંચી શકાતી નથી. કરુણતાનો એક ખૂણો એ છે કે બહુ થોડા લોકોને ટપાલ મેળવવી ગમે છે. આપણાં બાળકોમાં જૈનાચાર અને તત્ત્વજ્ઞાન પ્રત્યે રસ, રુચિ અને ઉત્સાહ જાગૃત થાય તેવી જોઈએ તેટલી તકેદારી આપણે કેળવી નથી.

જ્ઞાન સાધનાના બે પ્રકાર છે : (૧) ભૌતિક વિજ્ઞાન (૨) આધ્યાત્મિક વિજ્ઞાન.

**(૧) ભૌતિક વિજ્ઞાન :** આ વિજ્ઞાન માણસને અક્ષરજ્ઞાન આપે છે, અંકજ્ઞાન આપે છે, ભાષાજ્ઞાન આપે છે. જીવનવ્યવહારમાં વ્યાવહારિક જ્ઞાન આપે છે. આ વિજ્ઞાનના ક્ષેત્રમાં આજે હરણફાળ છે. આ વિજ્ઞાને સારા ડૉક્ટરો આપ્યા, એન્જિનિયરો અને વૈજ્ઞાનિકો આપ્યા, પણ આ બુદ્ધિજીવીઓની સાથે ભાવનાત્મક રોગો પણ આપ્યા.

**(૨) આધ્યાત્મિક વિજ્ઞાન :** સ્વસ્થ અને સંતુલિત જીવનનું શિક્ષણ છે આધ્યાત્મિક વિજ્ઞાન. આ વિજ્ઞાન પૉઝિટિવ ભાવોનો નિર્માતા છે. શારીરિક, માનસિક, બૌદ્ધિક અને ભાવનાત્મક વિકાસની સીડી છે. આ સીડીનું પ્રથમ ચરણ છે યૌગિક અભ્યાસ.

**યૌગિક અભ્યાસ :** એ ભૌતિક વિજ્ઞાન અને આધ્યાત્મિક વિજ્ઞાનનો સેતુ છે. આપણાં ૩૨ આગમોમાંના 'બૃહદ્‌કલ્પ સૂત્ર' આગમમાં વિધિપૂર્વકનાં વિવિધ આસનો બતાવવામાં આવ્યાં છે. જૈન આગમોને, જૈન વિધિઓને વર્તમાન શરીરવિજ્ઞાન સાથે સાંકળીને તેના પ્રયોગો સમજાવવામાં આવે તો બાળમાનસમાં ફિટ બેસી જાય. યુવાવર્ગમાં તેની શ્રદ્ધા જાગે. જૈન ધર્મની નવકારવાળીથી શરૂ કરીને ધ્યાનની ઉત્કૃષ્ટ સાધના સુધીની તમામ પ્રક્રિયા-ઓમાં શારીરિક અને ભાવનાત્મક બંને વિજ્ઞાનને સાંકળવામાં આવ્યાં છે.

**યૌગિક ક્રિયા :** યોગાસન, પ્રાણાયામ, પ્રેક્ષાધ્યાન, કાયોત્સર્ગ, અનુપ્રેક્ષા - આ બધી યૌગિક અભ્યાસની પ્રયોગ પદ્ધતિઓ છે. આજની મોડર્ન સોસાયટીના આપણે સહુ યોગાના ક્લાસ માટે હજારો રૂપિયા ખર્ચીએ છીએ, તે જ આસનો, યોગ વગેરે પ્રક્રિયાઓ વિના મૂલ્યે જૈન ધાર્મિક ક્રિયા વિધિ કરવાથી થાય છે. આપણે આપણી જ ક્રિયાઓને જડ અને તુચ્છ સ્થૂળક્રિયા ગણી ઉપેક્ષિત કરી રહ્યા છીએ. નાભિમાં કસ્તૂરી પડી છે, પણ મેળવવા ફાંફા મારી રહ્યા છીએ.

**આસનો :** જૈન ધર્મમાં દર્શાવેલ સામાયિક, પ્રતિક્રમણ વગેરે વિધિ-પૂર્વક કરવાથી વિવિધ આસનો દ્વારા શારીરિક સજ્જતા આવે છે. જેમ કાયોત્સર્ગમાં જ્ઞાન અને ધ્યાનમુદ્રા છે, તે પ્રાણાયામ છે. જે શરીરને પૂરતો ઑક્સિજન પૂરો પાડે છે. સાથે સાથે **Blood circulation** અને **Digestion** જેવી પ્રક્રિયાઓનું નિયમન કરે છે. વંદના ઉત્કૃષ્ટ તથા ગૌદાહ આસન છે. માંગલિકમાં વીરાસન અને ખામણામાં વજ્રાસન થાય છે. નવકારવાળી ફેરવતી વખતે માળાના પારા આંગળીઓ દ્વારા ફરે છે, તેનાથી એક્યુપ્રેશર થાય છે. આ રીતે વિધિપૂર્વક ધાર્મિક ક્રિયાઓ કરવાથી યોગ અને આસનો સહેજે થઈ જાય છે. આ વિષય જો બાળકોને શાળા કે કૉલેજોના અભ્યાસ સાથે સાંકળવામાં આવે તો બાળકોને આપણી ધાર્મિક વિધિઓનું મહત્ત્વ જણાશે.

**કલર થેરાપી :** જૈન ધર્મમાં રંગોનું એટલે કે લેશ્યાધ્યાન બતાવવામાં આવ્યું છે. નવકારમંત્રમાં આવતાં પાંચ પદનું ધ્યાન કલર સાથે પ્રયોગ કરી બતાવવામાં આવે. દરેક પદનું ધ્યાનકેન્દ્ર અને તે પદના ધ્યાનનું પરિણામ નીચે મુજબ છે :

**અરિહંત પદ** - ધ્યાનનું સ્થાન - ભ્રમની મધ્યભાગ. ધ્યાનનો કલર (પીચ્યૂટરી **gland**) સફેદ.

અરિહંતના ધ્યાનથી શાંતિની અનુભૂતિ થાય છે.

**સિદ્ધિ** : જ્યાં તિલક કરવામાં આવે તે આજ્ઞાચક્રને સિદ્ધનું ધ્યાનકેન્દ્ર છે. સિદ્ધના ધ્યાનનો કલર લાલ છે, અને પરિણામે ચેતના, ઊર્જા અને સંકલ્પશક્તિનો વિકાસ થાય છે.

**આચાર્ય** : ધ્યાનનું સ્થાન - જ્યાં બ્રાહ્મણો શિખા બાંધે તે સ્થાન - અનહારકચક્ર. આચાર્યના ધ્યાનનો કલર પીળો છે, અને આચાર્યના ધ્યાનથી યાદશક્તિ ખીલે છે.

**ઉપાધ્યાય** : ધ્યાનનું સ્થાન મધ્યભાગમાં હૃદય ઉપર છે. ધ્યાનનો કલર લીલો છે. અને ઉપાધ્યાયના ધ્યાનથી રોગપ્રતિકારકશક્તિનો વિકાસ થાય છે.

**સાધુ-સાધ્વી** : ધ્યાનનું સ્થાન થાઈરોઈડ ગ્લેન્ડની ઉપર છે. ધ્યાનનો કલર બ્લ્યૂ છે. આ પદના ધ્યાનથી સહિષ્ણુતા વધે છે.

આજનું બુદ્ધિશાળી બાળક પ્રયોગશાળામાં જઈ શરીરની પ્રત્યેક અતઃરચના નજરે નિહાળે છે, તેવી જ રીતે આપણે ધર્મના અભ્યાસને પ્રયોગો સાથે જોડી રજૂ કરીએ તો બાળકની ચીપ્સમાં **feed** થઈ જશે.

**વંદના શા માટે ? :** આજની પેઢીનો સામાન્ય પ્રશ્ન છે - વડીલોને વંદન કરીએ એવી જ રીતે આપણે સાધુ-સાધ્વીને વંદન શા માટે કરવું જોઈએ ? સંતોએ તો પોતાના આત્મકલ્યાણ માટે સંયમ લીધો છે, તો આપણે તેને શા માટે વંદના કરવી જોઈએ ? જો આવા પ્રશ્નોના જવાબ વિજ્ઞાન સાથે જોડીને આપવામાં આવે, તો કદાચ બાળકના મગજમાં વાત ઊતરી જાય. જવાબ છે - ઊર્જા. પુરુષની ઊર્જા બહાર આવે છે. તેનાં ચરણોમાં ઝૂકવાથી ગુરુનો હાથ ઉપર હોય અને આપણું મસ્તક નીચેના સ્થાને હોય, તેથી તેમના શરીરમાંથી નીકળતી ઊર્જા આપણા શરીરમાં આવે છે. ઉપરાંત પચાંગ નમસ્કાર કરવાથી એડ્રીનલ ગ્લેન્ડમાંથી નીકળતા ૩૬ પ્રકારના સ્રાવ ઊર્ધ્વગામી થાય છે, અને આપણી શક્તિનો વિકાસ થાય છે. જે વાતો બાળકો અને યુવાનોને તીર્થંકર નામગોત્ર, મોક્ષ, કર્મનો ક્ષય જેવાં કારણો દ્વારા ન સમજાવી શકાય, તે જ વાતો વિજ્ઞાન સાથે જોડી જરૂર સમજાવી શકાય. તે જ રીતે તેમને સમજાવી શકીએ કે વંદના કરવાથી ક્રોધના સ્થાને સહિષ્ણુતા - ક્ષમા આવશે.

માન - અહંકારના સ્થાને નમ્રતા આવશે.

માયા - છળકપટના સ્થાને સરળતા આવશે.

લોભના સ્થાને સંતોષ આવશે.

મોક્ષ એ કોઈ જ મિરેકલ નથી. અહીંથી ઊડીને મોક્ષમાં પહોંચતું નથી. કોઈ આપણને તીર્થંકર બનાવી દેતું નથી. જો સદ્‌ગુણોનો વિકાસ થાય તો જીવ શિવ બની શકે. મોટાભાગના **Problems solve** થઈ જાય પછી યુવાવર્ગને કહેવું નહિ પડે કે પશ્ચિમી સંસ્કૃતિ, આહાર, વ્યવહાર અપનાવા જેવા નથી. યુવાવર્ગ આત્મચિંતનના માર્ગે વળશે અને તેનું આત્મચિંતન જ તેને સાચા માર્ગે લઈ જશે.

પરંતુ વર્તમાન સમયમાં ધર્મ પ્રતિ ઉદાસીનતાનું પ્રમાણ વધતું જ જાય છે. અંગ્રેજી શિક્ષણના ઘોડાપૂરમાં તણાતાં આપણે બધાં બાળકોને શાળાકીય જ્ઞાન આપવા જેટલા ઉત્સુક છીએ, તેટલા આધ્યાત્મિક ક્ષેત્રે નથી. માટે જ વિધવા માતાને વૃદ્ધાવસ્થામાં દીકરાનું ઘર છોડી બીજે આશ્રય શોધવાનો વારો આવે છે.

**જૈનશાળા :** શાળા અને કૉલેજના અભ્યાસ સાથે વિવિધ પ્રકારના ક્લાસીસનો ધોધ વહે છે. તેવા ક્લાસીસ સાથે કદમ મિલાવી શકે. જૈનશાળાનું આકર્ષણ વધે તેવી આધુનિક જૈનશાળા બનાવવી જોઈએ. જૈનશાળાને આપણે આકર્ષક રૂપ આપીએ, જેમાં બાળકો ગમ્મત સાથે જ્ઞાન મેળવે.

ઐતિહાસિક બોધપ્રદ ચિત્રોથી જૈનશાળાની દીવાલોને શોભાયમાન કરીએ. જૈનશાળામાં બાળકો પંક્તિબદ્ધ બેસી શકે તેવી **benches** અને **desks** હોય, શિક્ષકો પણ પ્રશિક્ષણ પામેલા હોય. શિક્ષકોમાં વાત્સલ્ય અને મૈત્રીનો ભાવ હોય. દૃષ્ટાંતો, વાર્તાઓ, રંગબેરંગી ચિત્રો, **Projects** વગેરેની મદદથી જૈનશાળામાં શિક્ષણ આપવામાં આવે તો ગહન અને ક્લિષ્ટ વિષયો પણ સરળ બની શકે.

આધુનિક જીવનમાં ધર્મના બદલાતા પ્રવાહમાં જડતાને સ્થાન નથી. પથ્થરયુગ પછી તામ્રયુગ અને તામ્રયુગ પછી કાગળયુગને આપણે આવકાર્યો છે. આજે પુસ્તકોનું વિરાટજ્ઞાન તાવડી જેવડી **CD**માં સંકલિત થઈ ગયું છે. પરિવર્તન એ સૃષ્ટિનો નિયમ છે. ભગવાને તે સમયની લોકભાષા માગધીમાં પોતાનો ઉપદેશ આપ્યો. આપણું જનરેશન ભગવાનના ઉપદેશ-આગમો જેવા વિષયો માગધી, પ્રાકૃત કે સંસ્કૃત જેવી ભાષામાં સમજી શકશે ? માટે જ વર્તમાન પેઢીને તેમની ભાષામાં ભણાવવું જરૂરી છે. ભણતરનું માધ્યમ વર્તમાન પત્રો, કલરફુલ મેગેઝિન્સ, **T.V., Computer** વગેરે રાખવું જરૂરી છે.

સૌથી વધુ પ્રચલિત તેમ જ ઘરની દરેક વ્યક્તિનું પ્રિયપાત્ર એવું T.V. છે. T.V. દ્વારા જૈન ધર્મનો પ્રચાર આજની પરિસ્થિતિમાં અતિ આવશ્યક છે. ૨૪ કલાકની જૈન ચેનલ ચાલુ કરી, તેમાં જૈન ઐતિહાસિક સીરિયલો, બાળકોની એનિમેશન ફિલ્મ્સ વગેરે દેખાડવામાં આવે તો ધાર્યું પરિણામ લાવી શકાશે. સ્પાઈડરમેન કે શક્તિમાન જેવા કાલ્પનિક પાત્રનું અનુકરણ કરી બાળક બાવીસમે માળેથી કૂદકો મારે છે, તો આપણા તીર્થંકરો અને મહાપુરુષોનાં જીવનચરિત્ર દેખાડવામાં આવે તો તેની ઘણી અસર દેખાશે. તે જ રીતે જૈન ચેનલ પર T.V. ચાલુ કરીએ કે તરત ગીત સંભળાય :

सारे धर्मों से अच्छा, जैन धर्म हमारा,
हम बच्चे है महावीर के, अहिंसा धर्म हमारा ।

'कौन बनेगा ज्ञानवीर ?' જો આવા સ્પર્ધાત્મક પ્રોગ્રામ T.V. ઉપર યોજાય, અને તેના વિજેતાઓ પણ કરોડપતિ બની શકતા હોય, તો આવી સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે યુવાનો ચોક્કસ આગળ આવશે. જૈન ધર્મમાં ઉત્સુકતા વધારવા માટેના આ રીતના ઉપાયો કદાચ લાભદાયી બની શકે. Miss India કે Mr. India જેવી ઈવેન્ટો ધાર્મિક યોગ્યતાને લક્ષમાં રાખીને યોજાય તો પોતાનાં બાળકોમાં આવી યોગ્યતા વધારવા માટે માતા-પિતા અને વડીલો પણ જાગૃત થશે.

નદી સાગરની દિશામાં વળે તો સાગરને ધસમસતો કરે છે, અને જો એ જ નદી પોતાનો કિનારો તોડે તો તારાજી સર્જે છે. તે જ રીતે આજનું યુવાધન યોગ્ય માર્ગે વળશે, તો સુદૃઢ સમાજ તૈયાર થશે. અન્યથા સુખ અને સુવિધામાં રાચતા રાચતા આ ધન હોટલો અને ક્લબોમાં ખર્ચાઈ જશે.

જૈન સમાજમાં શ્રીમંત વર્ગ ઘણો મોટો છે. ક્રાંતિકારી સાધુ-સંતોની પ્રેરણાથી, સજાગતાથી તેમ જ શ્રાવકોના અનુદાનથી અને શ્રમદાનથી આવાં કાર્યો સફળ થશે. બુદ્ધિજ્ઞ અને તત્ત્વજ્ઞો સમાગમ કરી આવાં કાર્યો શરૂ કરે, તો ચોક્કસ એવો દિવસ આવશે અને આપણા સમાજમાં આ રીતનું પરિવર્તન આવશે કે -

પપ્પાને ન રુચે CNBC, હવે રુચે ફક્ત ધાર્મિક C.D..

મમ્મીને ન રુચે ઘરઘરકી કહાની, તેને ગમે તીર્થંકરની કહાણી.

ભાઈને બોર કરે ક્રિકેટ ફિક્સિંગ, હવે ગમે ફક્ત સદ્‌ગુરુમાં મિક્સિંગ.

મુન્નો પુકારે નહિ કાર્ટુન નેટવર્ક, મને જોઈએ હવે જૈન નેટવર્ક.

# ૨૩ સાંપ્રત પ્રવાહમાં બાળકો અને યુવાનો માટે ધાર્મિક જૈનશિક્ષણની રૂપરેખા

**બીના ગાંધી**

બી.એ. કોમ્પ્યુટર, વિજ્ઞાન યોગિક કલ્ચર અને યોગિક શિક્ષણમાં ડીપ્લોમા કર્યો છે. નેચરોપથીનો પણ ડીપ્લોમા ધરાવે છે. યોગશિક્ષક નિર્મલા કૉલેજમાં કાઉન્સેલર છે. અનેક લેખો પ્રસિદ્ધ થયા છે.

**જૈનશિક્ષણની શરૂઆત :**

બાળકોને કઈ ઉંમરથી જૈનશિક્ષણ આપવું જોઈએ ?

એક રીસર્ચ અનુસાર -

૦ - ૪ વર્ષની ઉંમર સુધીમાં બાળકની ૫૦ % બૌદ્ધિક શક્તિ (I. Q.)નો વિકાસ થઈ જાય છે.

૫ - ૮ વર્ષ સુધીમાં ૩૦ % એટલે કુલ ૮૦ %

૯ - ૧૩ વર્ષ સુધીમાં ૧૨ % એટલે કુલ ૯૨ %

૧૭ - ૧૯ વર્ષ સુધીમાં ૮ % એટલે કુલ ૧૦૦ % કાર્યરત બને છે.

આનો અર્થ કે જન્મથી લઈને ચાર વર્ષની ઉંમર સુધીમાં અડધોઅડધ I. Q. વિકસિત થાય છે. માટે ચાર વર્ષની ઉંમરની પહેલાં જો જૈનશિક્ષણની શરૂઆત થાય, તો એની બાળકના માનસ પર સારી અસર પડે છે.

આજથી લગભગ સાત વર્ષ પહેલાં અમે અમેરિકન ઇન્ટરનેશનલ સ્કૂલ(મુંબઈ)માં ૧૮ મહિનાના બાળકને યોગ-શિક્ષણ આપવાની શરૂઆત કરી. અને એક મહિનાની અંદર જ ઉત્તમ પરિણામો મળ્યાં. (યોગ-શિક્ષણમાં પણ જૈનશિક્ષણનાં સિદ્ધાંતો જ છે) એથી પ્રેરિત થઈ ગર્ભાવસ્થાથી જ આ શિક્ષણની શરૂઆત કરી અને એ બાળકો આજે જ્યારે ૪-૫ વર્ષનાં થયાં છે, તો એમનામાં બીજાં બાળકો કરતાં ખૂબ જ પૉઝિટિવ ફરક દેખાય છે. તો પછી જૈનશિક્ષણની શરૂઆત પણ ગર્ભાવસ્થાથી થાય તો ઉત્તમ. એ પછી ઉંમર પ્રમાણે વર્ગીકરણ કરી શકાય. જેમ કે, ૧૮ મહિનાથી ૫ વર્ષ સુધી, ૬ વર્ષથી ૧૨ વર્ષ સુધી, ૧૩ વર્ષથી ૧૯-૨૦ વર્ષ સુધી. અને આ જૈનશિક્ષણના ક્લાસ શનિવાર-રવિવારે (અઠવાડિયામાં એક કે બે વાર) રાખી શકાય. દરેક ઉંમરના ગ્રુપમાં ૧૫ થી ૨૦ બાળકોથી વધારે ન લેવાં, જેથી વ્યક્તિગત ધ્યાન આપી શકાય.

આ દરેક ક્લાસમાં ઉંમર પ્રમાણે શીખવવાની પદ્ધતિમાં ફરક આવી શકે, પણ જૈન ધર્મના સિદ્ધાંતની શરૂઆત તો પ્રથમ વર્ગથી જ થાય. બીજું મહત્ત્વનું સૂચન એ છે કે, જે વખતે આ બાળકો અને યુવાનોના ક્લાસ ચાલતા હોય, તે જ વખતે એ જ જગ્યાએ માતા-પિતા, વડીલોના પણ ક્લાસ હોય (જૈનશિક્ષણના). દરેક ક્લાસમાં ઉંમર અને સમજણ અનુસાર શીખવવાની પદ્ધતિ તથા વિષયોમાં ફેરફાર કરી શકાય, પણ ક્યાંય પણ મૂળ સિદ્ધાંતમાં બાંધછોડ ન હોય.

**જૈનશિક્ષણની રૂપરેખા :**

જૈનદર્શનના ચાર મૂળભૂત સિદ્ધાંતોને પાયા તરીકે લઈ શકાય :

(૧) **અહિંસા :** વિચાર, વાણી અને વર્તનમાં અહિંસા.

(૨) **અનેકાંતવાદ :** સત્યને અલગ અલગ દૃષ્ટિકોણથી જોઈ શકાય છે. ક્યાંય એકાંત કે જડતાને સ્થાન નથી.

(૩) **અપરિગ્રહ :** પોતાની જરૂરિયાત અને સંગ્રહખોરીમાં મર્યાદા.

(૪) **કર્મ :** આપણા જીવનની જવાબદારી ફક્ત આપણી જ છે, એના માટે કોઈને દોષિત ન ઠેરવાય.

આ ચાર સિદ્ધાંતોને ફક્ત થિઅરીની જેમ કહેવાને બદલે પ્રેક્ટિકલી આપણા જીવનમાં એને અપનાવવાના છે. ફક્ત ક્રિયાકાંડ નહિ પણ જ્ઞાન સાથેની ક્રિયા, આ જૈન-સિદ્ધાંતોમાં વિજ્ઞાન, મેનેજમેન્ટ અને સાયકોલૉજીના સિદ્ધાંતો વણાયેલા છે. માટે જૈન-સિદ્ધાંતોને આ ત્રણે દૃષ્ટિકોણથી મૂલવી, આચરણમાં મૂકવા પર ધ્યાન આપવું.

આ પાયો પાકો થાય પછી બીજા સિદ્ધાંતોનો સમાવેશ કરવો. આ ચાર મૂળભૂત સિદ્ધાંતોને જીવનમાં ઉતારવા, નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવા :

(૧) આંતરિક વૈભવ વધારવો. સદ્‌ગુણો ખીલવવા પર ધ્યાન આપવું.

(૨) રોજ ૧૦ મિનિટનો સમય સ્વ-નિરીક્ષણ (**Introspection**) માટે આપવો. પોતાનાથી જે જે ભૂલો થઈ હોય, તેને સુધારવા પર ધ્યાન આપવું. પોતાના વિચારોની ગુણવત્તા (**Quality**) જોઈ એને ઊર્ધ્વગામી બનાવવા. વિચારોમાં ત્રણ તત્ત્વો લાવવાના છે. સત્ય (**Truth**), શુભ (**Goodness**) અને સુંદરતા (**Beauty**).

(૩) જૈનદર્શનમાં કર્મનો અર્થ ક્રિયા નહિ પરિણામ છે. સારા અને ખરાબ વિચાર કરીને વિશ્વમાંથી જે પરમાણુઓને આત્માએ પકડ્યા છે,

એ કર્મ આખી સાધના છે. આ કર્મની નિર્જરા કરવા માટેની એટલે કે કર્મ ખરાવવાની, જેથી આત્મા શુદ્ધ સ્વરૂપે પ્રકાશે. એ માટે છે ધ્યાન **(Meditation).**

(૪) આ ધ્યાનની પ્રક્રિયા પદ્ધતિસર શીખી અનુભવી શકાય છે. એમાં શરીર, શ્વાસ, પ્રાણશક્તિનો (સ્થૂળથી સૂક્ષ્મ તરફ જવું) અભ્યાસ કરવો. એ દ્વારા અંતઃસ્રાવી ગ્રંથિઓનું સંતુલન થશે અને પોતાના દષ્ટિકોણ અને આચરણમાં પરિવર્તન આવશે.

(૫) જ્ઞાન - દર્શન - ચારિત્રમાં સમાનતા લાવવી. અત્યારે તેમાં અસમાનતા છે, કારણ વાયુ, પિત્ત અને કફનું અસમતોલપણું **(Imbalance).** વાયુ ચિંતા કરાવે છે, પિત્ત ચંચળતા/ક્રોધ કરાવે છે. કફ શોક ઉત્પન્ન કરે છે. આ ક્રોધ, ભય, અહંકાર જેવા આવેગો આવે છે કારણ અંતઃસ્રાવી ગ્રંથિઓના સ્રાવમાં અસંતલુન. આ બધાના સંતુલન માટે આસન - પ્રાણાયામ - ધ્યાનના પ્રયોગો નિરંતર કરવા.

(૬) અમુક પ્રશ્નો અને દૃષ્ટાંતો દ્વારા બાળકોને સાચી સમજણ આપવાની છે. દા.ત., ધર્મની જીવનમાં શી આવશ્યકતા છે ? જેમ વૃક્ષનાં મૂળિયાં છે, એમ ધર્મ આપણા જીવનમાં છે, એટલે કે મૂળ મજબૂત છે, માટે વૃક્ષ અડીખમ છે. મૂળિયાંને પાણી પાઈશું તો વૃક્ષ ઘટાદાર બનશે, એમ જ ધર્મના મૂળિયાંના સિંચનથી જીવન સફળ બનશે. આવા બીજા પ્રશ્નો દ્વારા બાળકોના માનસને ચેલેન્જ કરવાનું છે, એની જિજ્ઞાસા વધારવાની છે. દા.ત., આ જગત કોણે બનાવ્યું ? ભગવાન કોણ છે ? ભગવાનને કોણે બનાવ્યા ? વગેરે દ્વારા તત્ત્વનો પરિચય આપી શકાય.

(૭) પ્રાણને જેટલો સૂક્ષ્મ કરાય એટલી એની શક્તિ વધતી જાય છે. પ્રાણ જેટલો સ્થૂળ હોય તેટલી એની શક્તિ ઓછી હોય. પ્રાણાયામ, ધ્યાન, મંત્રજપ દ્વારા સૂક્ષ્મ તરફ જવાનું છે.

ઉપરના પ્રયોગો દ્વારા સ્વાસ્થ્ય, સુખની પ્રાપ્તિ, જ્ઞાનની વૃદ્ધિ અને શક્તિનો અનુભવ થશે.. પછી સામાયિક, તપશ્ચર્યા સુધી પહોંચવું. જે ફક્ત ક્રિયા ન રહેતાં નિર્જરાનું સાધન બનશે. આમ, વ્યક્તિત્વને ઘડવાનું છે. એના માટે સમય કાઢી સાધના કરવી આવશ્યક છે.

**જૈનશિક્ષણના લાભો :**

(૧) ચિત્તની શુદ્ધિ થાય છે. રાગ-દ્વેષથી મુક્તિ મળે છે. ધર્મધ્યાન દ્વારા નવાં કર્મ બંધાતાં નથી. જૂના કર્મનો ક્ષય થાય છે. આ ધર્મધ્યાન એટલે

શું ? સદા પ્રમોદભાવ અને આનંદમાં રહેવું. મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ ભાવ દ્વારા જીવન રંગાઈ જાય.

(૨) સારી ટેવો પડશે - જેમ કે નિયમિત ઊઠવું, પ્રાર્થના કરવી, સારા વિચારો કરવા, સારું બોલવું, સારું આચરણ કરવું. આ સારી ટેવોથી ચરિત્ર ઘડાય છે. ચારિત્રની વાવણી કરો તો ભાગ્યનું નિર્માણ થશે.

(૩) સાધનાથી તન અને મનને ઘડવાનું છે. મનને જ્ઞાન દ્વારા, ધ્યાન દ્વારા, ચિત્તના વિશ્લેષણ દ્વારા, તપશ્ચર્યા દ્વારા તૈયાર કરવાનું છે. એથી મનની એકાગ્રતા વધશે. એકાગ્રતા એ શક્તિ છે. એ જેટલા પ્રમાણમાં વધે તેટલા પ્રમાણમાં ચૈતન્યની જ્ઞાનશક્તિ ખીલશે. આથી આંતરિક શક્તિઓનો વિકાસ થશે, આત્મવિકાસ (Self confidence) અને આત્મસ્ફુરણા (Intution) પણ વધશે.

(૪) આખો દિવસ જોવામાં, સાંભળવામાં, બોલવામાં, ચિંતા કરવામાં, પારકો ભાર ઉઠાવવામાં, લોકોની પંચાત કરવામાં શક્તિઓ નષ્ટ થતી હોય છે. આ શિક્ષણ દ્વારા આ શક્તિઓનો સંચય થશે, જેથી સ્વામિત્વ (Mastery) પ્રગટ થાય છે. આમ, આત્મશક્તિનો અનુભવ થતાં નિર્બળતા, થાક, કંટાળો, આળસ બધું દૂર ભાગશે.

(૫) વર્તમાનમાં જીવન જીવવાની ચાવી મળશે, જેથી મનની શાંતિ મળશે. વ્યક્તિ જાગૃતિ અને જવાબદારીથી જીવન જીવી શકશે. જીવન જીવવાની કળા દ્વારા જીવન અર્થપૂર્ણ, હેતુપૂર્ણ અને સફળ બનશે.

(૬) મનમાં શુભ સંકલ્પનું બીજ વાવવાથી, નબળા વિચાર નહિ ટકે. પ્રતિકૂળતામાં પણ મનોબળ વડે બીજી શક્તિઓ બહાર આવશે.

**માતા-પિતા અને શિક્ષકોએ ધ્યાનમાં રાખવાનાં સૂચનો :**

(૧) બાળકનું વર્તન અને માનસિકતા સમજવાની તૈયારી.

(૨) બાળક કે યુવાન સાથે એક સેતુ (Rapport) બાંધવાનો છે, જેથી તેઓ હૃદય ખોલીને પોતાના વિચારો કે મૂંઝવણ વ્યક્ત કરે.

(૩) એમની વર્તમાનની પરિસ્થિતિ સમજી એમને માર્ગદર્શન આપવાનું છે.

(૪) એમને જીવનનું ધ્યેય નક્કી કરવામાં સહાયરૂપ થવું.

(૫) એમની માન્યતાઓ અને વર્તનને આકાર (Shape) આપવાનો છે.

(૬) ધીરજથી એની અંદર રહેલા હીરા(આત્મતત્ત્વ)ને પૉલિશ કરવાનો છે, જે અત્યારે 'રફ' છે, જેથી એ પ્રકાશે.

(૭) એવું વાતાવરણ આપવું, જેથી એ પોતાના વિચારો, મંતવ્યો મુક્ત રીતે દર્શાવી શકે.

(૮) તેઓ પોતાની મર્યાદાઓને ભય વગર સ્વીકારી શકે અને પોતાની શક્તિઓને અહંકાર વગર જાણી શકે એવી તાલીમ આપવી.

(૯) એના નિર્ણયો જાતે જ લેવાની સ્વતંત્રતા સાથે જવાબદારી આપવી.

(૧૦) ગમે એટલું નાનું કે નબળું બાળક હોય, એને માનથી બોલાવવું.

(૧૧) એનામાં ખૂબ આત્મવિશ્વાસ ભરવો, ઉત્સાહ અને પ્રેરણા આપવી (શિખામણ નહિ).

(૧૨) એક કહેવત છે -

તમે જે સાંભળો છો, એ ભૂલી જાઓ છો.

તમે જે જુઓ છો, એ યાદ રાખો છો.

પણ તમે જે કરો છો, એ તમે શીખો છો,

એ તમારાં વર્તનમાં આવશે. માટે બાળકો પાસે કરાવવાનું છે, ફક્ત કહેવાનું નથી.

(૧૩) બાળકને ક્યારેય એની અસફળતાથી મૂલવશો નહિ.

(૧૪) માતા-પિતા, વડીલો, શિક્ષકો પોતાના જીવનમાં જ પરિવર્તન લાવી, બાળકોને દૃષ્ટાંત પૂરું પાડી શકે છે (વાણી-વિચાર-વર્તનમાં સમાનતા).

# ૨૪ સાંપ્રત પ્રવાહમાં બાળકો અને યુવાનો માટે ધાર્મિક જૈનશિક્ષણની રૂપરેખા

સૌ. ધનલક્ષ્મીબહેન બદાણી

નાગપુર-સ્થિત ધનલક્ષ્મીબહેન 'જૈનપ્રકાશ', 'કાઠિયાવાડી જૈન' વગેરેમાં અવારનવાર લેખો લખે છે. જૈન ધર્મનો અભ્યાસ, પ્રિય પ્રવૃત્તિ પેટરબારમાં પૂ. જગજીવન મહારાજ સંકુલ સાથે સંકળાએલાં છે.

સાંપ્રત પ્રવાહમાં ધર્મ તથા ધર્મની વ્યાખ્યા કે સ્વરૂપ બદલાતા નથી. સાંપ્રત પ્રવાહમાં આધુનિકતા તથા વિદેશી અનુકરણમાં બાળકો તથા યુવા-યુવતી સાચું-ખોટું, સારા-નરસાનો વિચાર કર્યા વગર અક્કલ વગરની નકલ કરીને આંધળી દોટ મૂકી રહ્યા છે. તેમનો ઉદ્દેશ માત્ર ઓછી મહેનતે વધુમાં વધુ કમાણી કરી પત્ની તથા બાળકોને બધી જ વિલાસિતા તથા ઉપભોગની સામગ્રી આપી દેવાનું એકમાત્ર લક્ષ્ય છે. દેખાદેખીએ સમજણનો ત્યાગ કરી દીધો છે. ભૌતિક સાધનોની ઉપલબ્ધિ રૂપી સાધ્ય માટે સાધન ગમે તે વપરાય, તેનું ચિંતન નથી. ચાહે તે બે નંબરની કમાણી હોય, અનીતિ, હિંસા, ચોરી, ભ્રષ્ટાચાર કે અસત્યથી સાધ્યની પ્રાપ્તિ થતી હોય. લક્ષ્ય છે માત્ર આ ભવ મળ્યો છે, તો મોજ-મજા કરી લઈએ. ધર્મ ઘરડા લોકોનું કામ છે, બીજો ભવ સ્વર્ગ-નરક કોણે જોયા છે ? અધિકાંશ યુવા-બાળકો સામાયિક, પ્રતિક્રમણ, શાસ્ત્રોથી અનભિજ્ઞ તો છે જ, પરંતુ એવા પણ હોઈ શકે છે, જેઓ નવકારમંત્ર કે તેનો અર્થ પણ નહિ જાણતા હોય. અમુક પ્રતિશતનાં ઘરોમાં આઠમ, પાક્ખીનો ઠીક પર્યુષણ તથા સંવત્સરી પણ નહિ પળાતા હોય. સંવત્સરી પ્રતિક્રમણ તે જૈનત્વનું લક્ષણ તથા 'સર્ટિફિકેટ' છે. તે એક દિવસનું પ્રતિક્રમણ પણ ઘણાં યુવા-બાળકો નથી કરતા. અરે ! ભગવાન મહાવીરના પરિવાર તથા તેમના જન્મસ્થાનનાં નામ પણ ખબર નથી. એક યુવાને તે વિહાર કરતા સંતને કહ્યું કે - "ચાલો અંકલ સ્કૂટરમાં બેસી જાવ. તમને જ્યાં જવું હોય ત્યાં પહોંચાડી દઉં." આજનું જીવન ઘોડિયાઘરથી શરૂ થાય છે તથા ઘરડા-ઘરમાં પૂર્ણ થાય છે.

જીવનની બે પાંખો છે - (૧) સંસ્કાર (૨) શિક્ષણ. વિચાર એટલે જેના જીવનમાં વિનય, વિદ્યા, વિવેક અને વિરતિ એ ચાર હોવા જરૂરી છે. 'સા વિદ્યા યા વિમુક્તયે' . આજની દોડ ચારની પાછળ છે. સંપત્તિ, સત્તા, સરસ્વતી, સ્વાસ્થ્ય. પરંતુ તે દોડ ક્યારે સફળ થાય ? સમ્યગ્જ્ઞાન એ જ

સરસ્વતી. સમ્યગ્દર્શન એ જ સંપત્તિ. સમ્યક્ચારિત્ર એ જ સત્તા. પ્રદર્શનથી મળે તે પ્રતિષ્ઠા, સાધનાથી મળે તે સિદ્ધિ. તમે પોતે તમારા વિશે ખરા અંતઃકરણથી માનો તે તમારું ચારિત્ર છે. નાથ વિનાનો બળદ, નિયમ વિનાનો મરદ.

જૈન ધર્મના સંસ્કાર બાળપણથી માતા દ્વારા, પરિવાર દ્વારા જ સૌથી વધુ મળે છે. એક માતા ૧૦૦ શિક્ષકો બરાબર છે. જવાબદારી અને જરૂરિયાત એ બેની સમજ વર્તમાન શિક્ષણ વિદ્યાર્થીઓને આપી નથી શક્યું. ધર્મ વ્યક્તિને કુમાર્ગે તથા વ્યસન તરફ જતા અટકાવે છે, તથા સતપથ બતાવે છે. આજે યુવાનો ભટકી ગયા છે, માટે ફરી તે તરફ પાછા વળવાની વિધિ તે ધર્મ છે. શુદ્ધ પ્રેમ જ વીતરાગ છે, અહિંસા છે. સ્વભાવરૂપ પ્રેમથી યુવકોનું જીવન પ્રજ્ઞાના પ્રકાશમાં ભરાઈ જાય. સ્વમાં, શાંતિમાં સ્થિત જીવવું હોય તો ક્યાંય દોડાદોડ કરવાની જરૂર નથી, બસ જાગૃત થવાની જરૂર છે. ધર્મ તે જીવન જીવવાની કળા બતાવે છે. પહેલાં ધર્મના આધારે રાજ્ય ચલાવતા, તેથી પ્રજા સુખી હતી. આજે રાષ્ટ્ર બાળકોના શિક્ષણ પ્રત્યે જેટલી સજાગ છે, તેટલી ધાર્મિક શિક્ષણ પ્રત્યે નથી. જીવનમાં ચાર પ્રકારના પુરુષાર્થ કહ્યા છે - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મનું અંતિમ લક્ષ્ય મોક્ષ તો છે જ, પરંતુ જો યુવા બાળકોના જીવનમાં ધર્મના સંસ્કાર હશે, તો તે અર્થ કમાવવા આ પણ ધર્મમય પગદંડી અપનાવશે. કામમાં ધર્મની વાડ હશે, તો બ્રહ્મની ઉપાસના કરી શકશે, જે તેના ચારિત્રનો બચાવ કરી શકશે. શ્રાવકના બાર વ્રત અથવા પાંચ મહાવ્રત તેને ડગલે પગલે વ્યાપાર, રહેણીકરણીમાં અપરિગ્રહની ભાવનાના પોષતા જીવનમાં સુખ-શાંતિ બંને આપશે. ધર્મને સમજી લેશો, તો અશુભકર્મોથી બચી તે માતા-પિતા, પરિવાર કે કોઈના પણ અશાતા-કારી બની કર્મબંધ નહિ કરે, કારણ કે ધર્મ જ એક એવું મહાન તત્ત્વ છે, જેનું શુભકર્મનું ફળ તરત જ સારું આપે છે. બિલકુલ વિલંબ નહિ. જે ગોળ ખાય તેને ગળપણની ખબર પડે.

પદાધિકારીઓએ પણ આના માટે મહેનત કરવી જોઈશે, ઉનાળા, દિવાળી, નાતાલમાં દશ દિવસીય ધાર્મિક શિક્ષણ-શિબિર નાગપુર-મહારાષ્ટ્રમાં છેલ્લાં દશ વર્ષથી રખાય છે. તેવી સંતોના માર્ગદર્શનમાં યુવા-યુવતીને શિક્ષણ આપી, તૈયાર કરો. આનો પ્રભાવ બાળકો અને યુવાનો બંને પર

પડશે. યુવા-યુવતીની સ્વાધ્યાય-શિબિર અને બાળકોની શિક્ષણ-શિબિર. જે પર્યુષણ કરાવવા પણ જશે. અમુક સંપ્રદાયો આવી રીતે પૂરા હિંદુસ્તાનમાં મોકલે છે, તેવી જ રીતે ગુજરાતી ગોંડલ ગચ્છના સાધુ-સંત-સતીઓના માર્ગદર્શન તથા જ્ઞાનની નિશ્રામાં ચતુર્વિધ સંઘ શીઘ્રતાશીઘ્ર આવી શિબિરો દ્વારા બાળકો - યુવાનોને ધાર્મિક શિક્ષણથી શિક્ષિત કરે. શુભમ્ શીઘ્રમ્. તેના માટે આકર્ષક ઈનામો શિષ્ય - શિક્ષકો બંને માટે રાખે. આજનાં બાળકો બહુ જ હોશિયાર, પ્રતિભાસંપન્ન છે. તેને સાચી દિશાના માર્ગદર્શનની આવશ્યકતા છે. જે તેમના મમ્મી-પપ્પા, પરિવાર, સંત-સતીઓ તથા સમાજ આપી શકશે, આનાથી વ્યક્તિ, બાળક, યુવાનો ધર્મથી અભિભૂત થશે જ. સાથે જ મુખ્ય તો પૂર્વ-ભારત, બંગાળ, બિહાર, ઉડીસા આવાં યુવક-યુવતીને સ્વાધ્યાયી બનાવવા જૈન-શાસનની મુખ્ય માંગ છે, જે ચતુર્વિધ સંઘ જ કરી શકશે. સમાજજીવન તંદુરસ્ત રહે તે માટે આપણે કાયદા ઘડનારી સંસ્થાઓ, ન્યાયતંત્રો અને પોલીસત્ર ઊભાં કર્યાં છે, પરંતુ કુટુંબજીવન તંદુરસ્ત રહે તે માટે આપણે આછો વિચાર કર્યો છે. જેના કારણે પિતા-પુત્ર, મા-દીકરામાં અંતર તથા વિસંગતિ ઊભા થયા છે. વડીલોને માન ન દેતા, અપમાનિત કરી એકલા, ચૂપ કરી દીધા છે. જે માતા અથાગ પ્રયત્નોથી દીકરાને બોલતા શીખવાડે છે, તેને આજના શિક્ષિત દીકરા-વહુ ચૂપ કરી દે છે - તેને શું શિક્ષણ કહેવાય ? જૈન ધર્મનો, ૩૨ શાસ્ત્રનો અર્થ એકમાત્ર વિનય છે. તેને આજની ડિગ્રીધારી પ્રજાએ અહંકારથી હાય-હેલ્લોમાં પરિવર્તિત કરી પોતાને આધુનિક ગણાવે છે. ઊઠીને વડીલોને વંદન કરે અથવા ‘જય જિનેન્દ્ર’ બોલે તો જૈન ધર્મના પાલન સાથે પોતાના કર્મ ખપાવી સ્વ-કર્તવ્યનું પાલન કરે છે. આજે એક તરફ વૈજ્ઞાનિક પ્રગતિ થઈ રહી છે, તો બીજી તરફ આધ્યાત્મિક પતન પણ થઈ રહ્યું છે. સંબંધોમાં જ્યારે અધિકારની વાતો આવશે, ત્યારે ધિક્કારની શરૂઆત થશે. વડીલોનો તિરસ્કાર થશે.

# २५ साम्प्रत (वर्तमान) प्रवाह में बालकों एवं युवकों के लिए धार्मिक जैनशिक्षा की रूपरेखा

'तीर्थंकर वाणी' सामायिक के विद्वान तंत्री, **डो. शेखरचन्द्र जैन**
देश-विदेशमें जैन धर्म के उपर प्रवचनें देते है, अनेक जैन संस्थाओं के साथ जुड़े है । आशापुरा जैन ट्रस्ट के ट्रस्टी, समर्थ वक्ता ।

पिछले ४०-५० वर्षों में विज्ञान और उसके अनुसंधानों ने दुनिया को चकित कर दिया है । जो परिवर्तन हजारों वर्षों में नहीं हो पाये थे वे चंद वर्षों में द्रुत गति से हुए हैं और हो रहे हैं । विज्ञान के इस अनुसंधान ने मात्र भौतिक मान्यताओं में आमूल परिवर्तन नहीं किये अपितु हमारी धार्मिक, सामाजिक, आर्थिक, भौगोलिक मान्यताओं को ही हिला दिया है । यह अलग बात है कि कहीं रूढ़ियों-अंधविश्वासों को तोड़ा है तो कहीं अनेक विश्वासों को भी झकझोर दिया है । परिणाम दोनों प्रकार के हैं ।

भारत वर्ष परापूर्व से सुख-समृद्धि का देश रहा है । परिणामस्वरूप यहाँ उत्तम या उच्च संस्कृति का जन्म हुआ - विकास हुआ । हमें बड़ी ही सरलता से भोजन - पानी - घर उपलब्ध हुए । हमारी आवश्यकतायें भी सीमित थीं । संग्रह का भाव कम था । परस्पर प्रेम, मैत्री, सहयोग का महत्त्व था । हमारे तीर्थंकरो - ऋषि, मुनियों ने हमें अपरिग्रह का पाठ पढ़ाया । दया-करुणा-ममता-क्षमा का ज्ञान दिया, क्योंकि हमारे यहाँ वैमनस्य, परस्वहरण का कोई कारण नहीं था । हमारी संस्कृति ने मनुष्य ही नहीं पशु-पक्षी, वनस्पति सबकी रक्षा को महत्त्व देकर उसे भी धर्म के अन्तर्गत रखा । हम तो कल्पवृक्ष के देश के वासी हैं जहाँ चाहत की चीजे सुलभ थीं - अतः कहीं संघर्ष या संग्रह का भाव नहीं था ।

वर्तमान समय में आज का युवक दो राहे पर खड़ा है - वह कहाँ जाये इसकी उसे दुविधा है । एक ओर उसे भौतिक सुख अपनी ओर खींचते हैं - उसे फैशन की चकाचौंध लगती है । खानपान में यह भक्ष्याभक्ष्य ही भूल गया है । येनकेन प्रकारेण धनोपार्जन के चक्कर में उलझ रहा है । दूसरी ओर उसे अपनी संस्कृति अपनी ओर मुड़ने का संकेत दे रही है । परंपरायें संस्कार उसे आज भी अपनी ओर खींच रहे हैं - उसकी स्थिति तो उस नारी के समान हो रही हे, जिसे एक ओर

पति बुला रहा है, दूसरी ओर भाई । वह तो दहलीज पर खड़ी है... कहाँ जाये ? वर्तमान समय ऐसी ही दुविधा का समय है । विज्ञान के साथ आकाश में उड़ना है, पर धरती न छूटे इसका भी ध्यान रखना है ।

ऐसे प्रवाही वर्तमान में धार्मिक शिक्षण की क्या उपयोगिता है ? इस पर विचार करना है । एक प्रश्न उठ सकता है कि धार्मिक शिक्षण क्यों ? तो उत्तर तलाशने के लिए हमें पुनः अतीत के संस्कारित शिक्षण को स्मरण करना होगा । धार्मिक शिक्षण अर्थात् संस्कारों का शिक्षण, समाज का शिक्षण, करुणा-दया-क्षमा का शिक्षण । एक तथ्य निर्विवाद सत्य है कि हम भौतिक सुख सुविधाओं में कितना भी ऊँचे पहुँच जाये - पर उससे मन की शांति प्राप्त नहीं होती । उल्टे वह वैसा ही होता है मानों अग्नि को घी से बुझाने का उपक्रम करना । जब कि धार्मिक शिक्षण ही शीतल जल का काम करते हुए वासनाओं-इच्छाओं का शमन करता है ।

अब थोड़ा जैन धर्म की शिक्षा पर भी विचार करायें । जैन धर्म अर्थात् संयम का धर्म । प्राणीमात्र के कल्याण का धर्म । जिओं और जीने की सुविधा देने का धर्म । भगवान ऋषभदेव से भ. महावीर तक के तीर्थंकरों ने जो जीवन जीने की कला सिखाई या यों कहें जीवन जीने का जो विज्ञान सिखाया, वह आज भी उतना ही उपयोगी व सार्थक हैं । जैन धर्म जो श्रमण धर्म के नाम से जाना जाता है - जिसमें श्रम की विशेष महत्ता है । जैन धर्म ने मनुष्य को स्वावलंबी बनाने की शिक्षा दी । कर्म को प्रधान माना और भाग्य की अंधी मान्यताओं से मुक्त कराया । जैन धर्म ने मनुष्य के शरीर के साथ उसके मन की चिंता की । यदि मन स्वस्थ होगा तो सभी कार्य उत्तम हो सकेंगे । जैन धर्म ने मात्र अपनी ही चिंता नहीं की अपितु विश्व के एकेन्द्रिय से पंचेन्द्रिय तक के जीवों की चिंता की । अहिंसा को नींव बनाया और उस पर पूरे धर्म का महल रचाया । जैन धर्म के १२ व्रतों में संपूर्ण संयमित जीवन जीने का मार्ग प्रशस्त हैं उनमें ५ व्रत जीवन की सांगोपांगता के प्रतीक हैं । इनमें अहिंसा-सत्य-अस्तेय-ब्रह्मचर्य एवं अपरिग्रह । इससे साधु को पूर्ण रूपेण और गृहस्थ को अणु अर्थात् एकदेशीय पालन का विधान है । जैन धर्म ने अहिंसा को मात्र प्राणीवध तक की सीमित नहीं रखा अपितु किसीके मन को भी कष्ट देने में हिंसा को कारणभूत माना है । अहिंसा का पूर्ण पालन करने

हेतु शिकार, हिंसक साधन, हिंसक व्यापार, हिंसक वाणीकृत्य सभी का निषेध किया है । यही कारण है कि पृथ्वी, जल, वायु, अग्नि व वनस्पतिकायिक जीवों को भी हिंसा माना है । यह अहिंसा का भाव ही पर्यावरण रक्षा का मूल सूत्र है ।

जैनदर्शन ने कभी विज्ञान का विरोध नहीं किया है, उल्टे जैन-शास्त्रों में जितने भी उल्लेख हैं उनसे विज्ञान नई-नई खोंजे कर रहा है । ऐसा कोई भी क्षेत्र नहीं है जिसमें जैनदर्शन ने अपनी पहुँच न बनाई । लेकिन उसने कभी अपने सोचने के दरवाजे बंध नहीं किये । भगवान महावीर के अनेकांतवाद का सिद्धांत और भाषा में स्याद्वाद का सिद्धांत इसका द्योतक है कि हमने अपने विचारों के साथ दूसरों के विचारो को सोचने-समझने का पूरा ध्यान रखा है । पृथ्वी की संरचना से लेकर उसके समस्त रहस्यों को जैनदर्शन ने अपने में समाहित किया है । इस तरह हम यह कह सकते हैं कि विश्व का वर्तमान प्रवाह किसी भी ओर बह रहा हो, परंतु जैन धर्म के सिद्धांत अतीत में भी जितने उपयोगी थे वर्तमान में भी उतने ही उपयोगी हैं ।

(१) हमारी शिक्षा की रूपरेखा के मूल में आत्मसंतोष, मानव और समस्त प्राणियों की रक्षा का बोध हो । अर्थात् हम अहिंसात्मक जीवन जीने के ज्ञान को प्राप्त करें । भौतिक सुखों के साथ आध्यात्मिक तत्त्वज्ञान को भी जाने और समझे । यह सत्य है कि भौतिकवादी भी देह को नश्वर मानते हैं और जब वे सारे उपायों से थक जाते हैं तो कहते हैं कि - 'सब भगवान के भरोसे छोड़ दो ।' यह भगवान के भरोसे छोड़ना ही इस बात का प्रमाण है कि भौतिक ज्ञान से भी ऊपर कोई ज्ञान है, जो आत्मा को शांति दे सकता है । और वह ज्ञान है धर्म का तत्त्वज्ञान । यहाँ आत्मा के साथ-साथ हमें जैन धर्म के उन सिद्धांतो को जानना होगा जो जीवन को उन्नत बनाने में सहायक हो । हम संसार को भोगते हुए भी संसार से मुक्त होने की ओर उन्मुख होते रहें । हमें उन्हें अपने नव तत्त्व, १२ व्रत, १२ भावना, ६ लेश्या, ३ रत्न आदि के ज्ञान के द्वारा वर्तमान शिक्षा के साथ सामंजस्य बैठाते हुए तत्त्वज्ञान समझाना होगा । एक बात और जान लें कि धर्म की शिक्षा मात्र कागज पर लिखी शिक्षा नहीं है अपितु जीवन के प्रत्येक क्षण उपयोग में आनेवाली शिक्षा है । हम बच्चों को मानव से भगवान बनने की प्रक्रिया को समझाते चलें ।

(२) उन्हें हमे अपनी परंपराओं पूजा, भक्ति आदि को सिखाना होगा । हमें यहाँ क्रियायें भी सिखानी है, साथ ही उन क्रियों के पीछे छिपे हुए ज्ञान, विज्ञान को भी समझाना होगा । भगवान को किया गया नमस्कार या पूजा हमें विनय के पाठ पढ़ाते, तभी क्रिया फलवती होगी । हमारी प्रत्येक धर्मक्रिया हमारे मन में शांति, ज्ञान की वृद्धि यह आवश्यक है । हम क्रियाओं में ही बंध न जायें इसका भी ध्यान रखना होगा । साथ ही हम किसी संप्रदाय विशेष की क्रियाओं के संकुचित दायरे में न फँस जाये इसका भी ध्यान रखना होगा । क्रिया वही उत्तम है जो रूढ़ियों में न बांध दे । क्रिया करने से हमें कर्तव्य का बोध होता है ।

(३) धर्म के तत्त्वों को समझाने के लिए हमें वर्तमान विज्ञान के सिद्धांतों के साथ उनकी तुलना भी जाननी होगी । उदाहरण के लिए हम देखें तो जैन धर्म पूरे का पूरा मनोवैज्ञानिक धर्म है । वर्तमान युग मानसिक तनाव से ग्रस्त है । ऐसे समय यह धार्मिक ज्ञान ही हमें मानसिक तनाव से मुक्त कर सकता है । धर्म वह रसायनशास्त्र है, जिसमें परिस्थिति और परिवेश के कारण निरंतर भाव परिवर्तन होते रहते है । भाव-परिवर्तनों के साथ हमारी क्रियायें और व्यवहार होते हैं । धार्मिक शिक्षा तो पूरा भौतिक शास्त्र का पिटारा है । जब हम गुणस्थानों की चर्चा करते हैं, तब विज्ञान का गति का नियम, गुरुत्वाकर्षण के नियम स्वयं दृष्टव्य होने लगते हैं । यदि हम धार्मिक शिक्षा के नियमों के साथ इस नियमों की चर्चा करें तो हमारा वैज्ञानिक परिवेश स्पष्ट होगा और धर्म के सिद्धांतो के प्रति रूचि बढ़ेगी ।

(४) धार्मिक शिक्षण की रूपरेखा में यह ध्यान रखना होगा कि उससे हमारी जीवन-शैली सरल बने । हम हिंसात्मक समस्त प्रवृत्तियों से बचते हुए मांसाहार आदि का पूर्ण त्याग करें । क्योंकि मांसाहार या कंदमूल आदि भोजन हमारे चित्त में तामसीवृत्ति को पनपाते हैं । हममें क्रोध की मात्रा बढ़ती है जिससे हम अनेक हिंसात्मक अकरणीय कार्य कर बैठते हैं । जिससे मन में विकृतियाँ जन्म लेती हैं । परस्पर के व्यवहार में कटुता आती है और समाज का संतुलन बिगड़ता है । इसलिए हमें सर्वप्रथम भक्ष्याभक्ष्य का ज्ञान मात्र धार्मिक पुण्य-पाप या स्वर्ग-नर्क के परिप्रेक्ष्य में न देकर उसे शरीर विज्ञान, जीव विज्ञान के परिप्रेक्ष्य में देना चाहिए । यदि हम अहिंसक भोजन

करेंगे तो हमारे मन में किसीको मारने, सताने के भाव पैदा नहीं होगे। हम निरर्थक पशुपक्षी वनस्पति का हनन या नुकसान नहीं करेंगे। इससे हमारे मन में दूसरों के प्रति सद्भाव और करुणा का जन्म होगा। हम जानते हैं कि आज का आदमी अपने स्वार्थ से इन मानवीय गुणों को भूलता जा रहा है। इसलिए जीवन की कला हम सीखें ऐसा ज्ञान दिया जाना चाहिए। मैं ऐसी शिक्षा की हिमायत चाहता हूँ जिसमें आवश्यकताओं की पूर्ति के साथ दूसरों के सुख का भी ध्यान रखा जाय। यह भावना ही हमारे विकास का मूल कारण है। जब हम अहिंसा के प्रति समर्पित होंगे, हमारी आवश्यकताओं में परिमाण होगा, और हमारे विचारों में अहंभाव नहीं होगा, तभी हम जीवन जीने की कला का विकास कर सकेंगे।

(५) हमारी धार्मिक शिक्षा ऐसी हो जिसमें समग्र समाज, राष्ट्र और विश्व की शांति की भावनायें निहित हों। हम जानते हैं कि आज समाज टूट रहा है। संयुक्त कुटुंब की भावनायें टूट रही हैं। स्वार्थ ने अपना अंधकार फैलाया है। आज व्यक्ति व्यक्ति के खून का प्यासा है। आज देश और विश्व धर्म, भाषा, प्रदेश और देश इन सबकी संकुचित सीमाओं में बंट गया है। स्वार्थ ने व्यक्तिओं ही नहीं राष्ट्र को भी अंधा बना दिया है। पूरा विश्व बारुद के ढेर पर बैठा है। कब विस्फोट हो और पूरी दुनिया नष्ट हो जाये इसका सभी को भय है। आज विश्वास खत्म हो गया है। अधिनायक वाद परोक्ष रूप से शिर उठा रहा है। विश्वशांति की बातें करनेवाले उसका सबसे अधिक भंग कर रहे हैं। ऐसे समय हम सहअस्तित्व और अनेकांतवाद के द्वारा विश्व को यह समझा सकते हैं कि हम परस्पर बैठकर समस्याओ का समाधान ढूंढें।

हमारा बालक और युवक वर्तमान शिक्षा के साथ तालमेल बैठाता हुआ अपने चरित्र में दृढ़ रहे, अपने जैनत्व को अक्षुण्ण रख सके यही हमारी भावना है। हम ऐसा पाठ्यक्रम बनायें जो पुराण पंथी या रूढ़िवादी न हो अपितु इनको तोड़कर वह जन-जन के विकास के लिए उपयोगी हो। हमारा बालक जिसे कल युवा होना है। जिसके कंधे पर संस्कृति का बोझ आ रहा है, उसे हमें इतना मजबूत करना है कि वह आकाश में कितना भी ऊँचा उठे पर उसके पाँव धरती से नहीं उठना चाहिए। *यही शिक्षा का उद्देश्य भी होना चाहिए।*

# ૨૯ 'પ્રજ્ઞાપના સૂત્ર'ને આધારે જિનાગમમાં દ્રવ્યાનુયોગનું મહત્ત્વ

**કે. આર. શાહ**

મુંબઈ યુનિ. જૈનોલોજી સાથે સંકળાયેલા શ્રી કે. આર. શાહ લેખક છે તથા દેશ-વિદેશમાં જૈન ધર્મ પર પ્રવચનો આપેલ છે.

જિનાગમમાં છ દ્રવ્ય છે, તે મૂળભૂત દ્રવ્યો છે. આ છ દ્રવ્યોથી એકપણ દ્રવ્ય વધારે નથી કે એક પણ દ્રવ્ય ઓછું નથી. વિજ્ઞાનનો એક વિભાગ- ભૌતિકશાસ્ત્ર. આ ભૌતિકશાસ્ત્રમાં ૧૦૫ દ્રવ્યોની નોંધ લેવામાં આવી છે. તેનું મૂલ્યાંકન દ્રવ્યમાં રહેલા ઈલેક્ટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોનની સંખ્યાના આધારે છે. આ ઉપરાંત હવે તેઓ **કાળ**ને પણ દ્રવ્ય માને છે. જિનાગમમાં સમગ્ર લોકમાં રહેલાં દ્રવ્યોનું મૂળભૂત રીતે વર્ગીકરણ છે, જ્યારે આધુનિક વિજ્ઞાનમાં તેમ નથી.

જિનાગમનાં આ છ દ્રવ્યોને બે વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યા છે - (૧) જીવદ્રવ્ય (૨) અજીવદ્રવ્ય. જીવદ્રવ્ય ચેતન અને અજીવદ્રવ્ય જડ છે. અજીવદ્રવ્યના પાંચ વિભાગ છે, જેમાં પુદ્‌ગલ મુખ્ય છે.

જીવ અને પુદ્‌ગલ દ્રવ્ય ક્રિયાત્મક છે. આ ક્રિયાત્મકતાને લીધે પર્યાય અને સ્થળાંતર શક્ય બને છે. પર્યાય એટલે પરિવર્તન અને સ્થળાંતર એટલે ગતિ. જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યના અનંત પર્યાયો છે. જીવદ્રવ્ય કૂટસ્થ નિત્ય નથી પણ પરિણામી નિત્ય છે. હવે ક્રિયાત્મક હોવાથી ઉદ્‌ભવતા ફેરફારો આ સમગ્ર લોકમાં કેવી રીતે, કેવા અને કેટલા પ્રભાવ પાડે છે, તેની વિગતવાર વિચારણા કરતું શાસ્ત્ર એટલે પ્રજ્ઞાપના શાસ્ત્ર.

શ્રી જયંત મુનિએ પ્રજ્ઞાપનાનો સુંદર અર્થ કરેલો છે.'प्रज्ञ'= તીર્થંકર 'वर्णा' = સરિતા. તેમણે 'प्रज्ञवर्णा' શબ્દ ઉત્પન્ન કર્યો છે. અહીં 'प्रज्ञ' એટલે તીર્થંકર ભગવંતોના મુખેથી નીકળેલા જ્ઞાનરૂપ ઉદ્‌ગારો.'वर्णा' એટલે આ જ્ઞાનરૂપ ઉદ્‌ગારોની સરિતા. આપણે આ જ્ઞાનસરિતાનું પાન કરવાનું છે, આચરણમાં મૂકવાનું છે, જેનાથી સિદ્ધપદની પ્રાપ્તિ થાય.

'પ્રજ્ઞાપના સૂત્ર'માં કુલ ૩૬ પદોના વિસ્તૃત વિચાર દર્શાવેલા છે. પુસ્તક ભાગ-૧માં ૧ થી ૫ પદ, પુસ્તક ભાગ-૨માં ૬ થી ૨૦ પદ અને બાકીના પુસ્તક ભાગ-૩માં આપેલાં છે. આ 'પ્રજ્ઞાપન સૂત્ર'નો સૂંપૂર્ણ અભ્યાસ ખૂબ

જ જહેમત અને સમય માંગી લે છે. વળી તેમાં વિષયોના તાણાવાણા અને ગાણિતિક ફરજિયાત આપણી યાદદાસ્ત માટે પડકારરૂપ છે. આપણી સમજમાં કેટલું આવે તે કહેવું મુશ્કેલ છે. જિનવરોએ તેનો ઉપદેશ આપેલો છે. ભાવ આરોગ્ય પાત્રતા પ્રમાણે ભવી જીવો બોધ પ્રાપ્ત કરે છે.

જિનાગમમાં દ્રવ્યની વ્યાખ્યા બે રીતે કરવામાં આવી છે :

(૧) उत्पाद व्यय ध्रौत्य युक्तं सत् ।

(२) गुण पर्यायवद द्रव्यम् ।

'તત્ત્વાર્થ સૂત્ર' પાંચમો અધ્યાય - સૂત્ર નં.૨૯ અને ૩૭ શ્રી ઉમાસ્વાતિજી. પ્રથમ વ્યાખ્યામાં ક્રિયાત્મકતા - ઉત્પન્ન - વિનાશ અને આમ છતાં દ્રવ્યનું નિશ્ચિત્તપણું.

બીજી વ્યાખ્યામાં દ્રવ્યમાં ગુણ અને પર્યાય રહેલા છે. દ્રવ્ય દર સમયે પરિવર્તન પામે છે. આ દ્રવ્યની પરિવર્તન કરવાની શક્તિ એ તેનો ગુણ છે, અને તેનાથી થતું પરિવર્તન એ તેનો પર્યાય છે. એટલે કે ગુણ એ કારણ છે અને પર્યાય એ કાર્ય છે. દ્રવ્યમાં ગુણ એ સામાન્ય અને પર્યાય એ વિશેષ છે. એટલે સામાન્યના અર્થપર્યાય અને વિશેષના વ્યંજન પર્યાય પ્રગટ થાય છે.

દ્રવ્યની રજૂઆત નય દ્વારા કરવામાં આવે છે. દ્રવ્યની વ્યાખ્યા પ્રમાણે નય બે રીતે રજૂ કરી શકાય : (૧) દ્રવ્યાથિકનય (૨) પર્યાયથિકનય. ભાષા દ્વારા કુલ સાત પ્રકારના નયોનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રથમ ત્રણ નય દ્રવ્યાધિક અને બાકીના ચાર નય પર્યાયધિક નય ગણાય છે.

દ્રવ્યમાં જીવદ્રવ્ય કરતાં અજીવદ્રવ્યની પ્રજ્ઞાપના નાની છે. અજીવ-દ્રવ્યમાં પુદ્‌ગલ કરતાં બાકીનાં ચાર દ્રવ્યની પ્રજ્ઞાપના નાની છે. ચાર અજીવ-દ્રવ્યોનાં નામ નીચે પ્રમાણે છે : (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય અને (૪) કાળ. અજીવદ્રવ્યના બે વિભાગ છે : (૧) રૂપી અજીવ (૨) અરૂપી અજીવ.

અરૂપી અજીવમાં (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય અને (૪) કાળ મુખ્ય છે. પ્રથમ ત્રણ અસ્તિકાય છે. તેના સ્કંધ, દેશ અને પ્રદેશ આમ ૩ વિભાગ થાય. કાળ અસ્તિકાય નથી પણ રેતીના ઢગલા સમાન છે. હવે અરૂપી અજીવના ૩×૩×૯+૧ આમ કુલ દશ વિભાગ થયા. આ ઉપરાંત (૧) દ્રવ્ય (૨) ક્ષેત્ર (૩) કાળ (૪) ભાવ

અને ગુણ પ્રમાણે ૨૦ ભેદ થયા. (૪×૫=૨૦) આમ કુલ અરૂપી અજીવના ૨૦+૧૦=૩૦ ભેદો થયા.

રૂપી અજીવમાં પુદ્‌ગલ આવે છે. પુદ્‌ગલને (૧) દેશ, (૨) પ્રદેશ, (૩) સ્કંધ અને (૪) પરમાણુ હોય છે. આ બધાને (૧) વર્ણ, (૨) ગંધ, (૩) રસ, (૪) સ્પર્શ અને (૫) સંસ્થાન હોય છે. વર્ણ પાંચ પ્રકારના, ગંધ બે પ્રકારની, રસ પાંચ પ્રકારના, સ્પર્શ આઠ પ્રકારના અને સંસ્થાન પાંચ પ્રકારના. તેના કુલ ૫૩૦ ભેદ થાય છે. પરમાણુમાં ઓછામાં ઓછાં પાંચ તત્ત્વો હોય છે. ૧ વર્ણ, ૧ ગંધ, ૧ રસ અને ૨ સ્પર્શ.

આમ અરૂપી અજીવના ૩૦ અને રૂપી અજીવના ૫૩૦ ભેદ મળીને કુલ ૫૬૦ ભેદ અજીવદ્રવ્યના થાય છે.

હવે આપણે જીવવિજ્ઞાનની વાત કરીએ.

આ લોકમાં અનંત પુદ્‌ગલ વર્ગણાઓ છે. તેને પાંચ મુખ્ય વિભાગમાં વહેંચવામાં આવી છે : (૧) આહારક (૨) તેજસ (૩) કાર્મણ (૪) ઔદારિક (૫) વૈક્રિય.

હવે જીવદ્રવ્ય - સૂક્ષ્મ અને બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત, એક ઇન્દ્રિયથી માંડીને પાંચ ઇન્દ્રિય સુધીના બધા જીવો આ વર્ગણાઓને ગ્રહણ કરે છે. કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોનું જીવ સાથેનું સંઘાત અને વિઘાતની ક્રિયાથી કર્મનું બંધાવું અને છૂટવું શક્ય બને છે. તેનાથી ભવચક્રનું નિર્માણ થાય છે. આ ભવચક્ર ચાર ગતિનું છે : (૧) નારકન (૨) તિર્યંચ (૩) મનુષ્ય (૪) દેવ. જીવદ્રવ્ય પોતાની ગતિ પ્રમાણે શરીરની પ્રાપ્તિ કરીને કર્મવર્ગણાના ભાર હેઠળ અનંતાઅનંત જન્મમરણના ફેરા, નિગોદથી માંડીને દેવ ગતિ સુધી કરે છે. આ અભિમન્યુના કોઠામાંથી બહાર નીકળવાનો એક માર્ગ છે, અને તે છે સંપૂર્ણ કર્મનાશ. આ સંપૂર્ણ કર્મનાશથી અજરઅમર સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.

જીવદ્રવ્યમાં સૂક્ષ્મ અને સ્થૂળનું ખાસ મહત્ત્વ એ છે કે તે પોતે સ્વતંત્ર છે. પોતાની સ્વતંત્ર શક્તિથી ભાવિનું નિર્માણ કરે છે. જીવની અધોગતિ એટલે નારકી અને તિર્યંચ તરફ પ્રયાણ અને ઊર્ધ્વગતિ એટલે મનુષ્ય અને દેવગતિ તરફ પ્રયાણ.

જીવદ્રવ્યના બે વિભાગ છે : (૧) સિદ્ધ (૨) સંસારી. માત્ર મનુષ્ય સિદ્ધત્વ પ્રાપ્ત કરી શકે છે. સિદ્ધમાં અનંતર સિદ્ધ અને પરંપર સિદ્ધ એવા બે પ્રકાર છે. કુલ સિદ્ધ જીવો ૨૨ પ્રકારના છે. (૧૫+૭=૨૨). સિદ્ધ

જીવોની બાબતમાં ખાસ વાત એ છે કે તેઓ ભાવપ્રાણથી જીવે છે. નપુસંકલિંગમાં સ્ત્રી નપુસંકલિંગને સિદ્ધત્વ પ્રાપ્ત થતું નથી. કારણ કે સ્ત્રીસ્વભાવથી સહજ સ્ત્રી છટ્ઠા ગુણસ્થાનકથી આગળ જઈ શકતી નથી.

નવમા તીર્થંકર શ્રી સુવિધિનાથથી પંદરમા તીર્થંકર શ્રી ધર્મનાથના સમય સુધી શ્રુતજ્ઞાનનો વિચ્છેદ થયો હતો. તેથી આ સમય દરમિયાન જે સિદ્ધ થાય તે અતીર્થ સિદ્ધ ગણાય. આવા સમયમાં માત્ર સ્વયંબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધ જ સિદ્ધ થઈ શકે છે.

**સંસારી જીવો :** સંસારી જીવોના પાંચ પ્રકાર છે :

(૧) એકેન્દ્રિય (૨) બેઈન્દ્રિય (૩) તેઈન્દ્રિય (૪) ચૌરેન્દ્રિય (૫) પંચેન્દ્રિય. આ એક વિશિષ્ટ પ્રકારનું વિશ્લેષણ છે. જે ભારતના વૈદિક કે બૌદ્ધ ધર્મમાં જોવા મળતું નથી. ગતિ પ્રમાણે ચાર ગતિ - (૧) નારકી, (૨) તિર્યંચ, (૩) મનુષ્ય અને (૪) દેવો.

એકેન્દ્રિયના પાંચ પ્રકાર : (a) પૃથ્વી (b) પાણી (c) અગ્નિ (d) વાયુ (e) વનસ્પતિ. આ બધા સ્થાવર છે. વળી સૂક્ષ્મ અને બાદર તેમ જ પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા પણ વિભાગો છે.

સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોના અસ્તિત્વથી માનવજાતનું અસ્તિત્વ છે, તે બાબત આજે વિજ્ઞાન પણ માને છે. આ જીવો નિરૂપક્રમી આયુષ્યવાળા છે. તેમનું આંતર્મુહૂર્તનું આયુષ્ય હોય છે.

એકેન્દ્રિય વનસ્પતિકાયમાં સૂક્ષ્મ અને બાદર તેમ જ પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા ભેદ છે. બાદરમાં વળી પાછા પ્રત્યેક શરીરી અને સાધારણ શરીરી એવા ભેદ છે. સાધારણ શરીરી વનસ્પતિકાયમાં એક જ શરીરમાં અનંત જીવો રહેલા હોય છે. તેમની શ્વાસોચ્છ્વાસ અને આહારની ક્રિયા એક સાથે થાય છે. તેમના તેજસ અને કાર્મણ શરીરનું અસ્તિત્વ અલગ અલગ હોય છે. અનંત જીવોનાં અનંત તેજસ અને કાર્મણ શરીરો હોય છે. આયુષ્ય પૂરું થતાં આ તેજસ અને કાર્મણ શરીર છૂટાં પડી જાય છે.

બેન્દ્રિય, તેન્દ્રિય અને ચૌરેન્દ્રિયના જીવોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ છે.

પંચેન્દ્રિયમાં ચાર ભેદ છે : (૧) નારકી, (૨) તિર્યંચ, (૩) મનુષ્ય અને (૪) દેવ.

**(૧) નારકી :** સાત નારકીના પર્યાપ્ત અને અપર્યાપ્ત એ પ્રમાણે ૧૪ ભેદ થાય છે.

**(૨) તિર્યંચ :** પંચેન્દ્રિયના ૩ પ્રકાર : (૧) જળચર (૨) સ્થળચર (૩) ખેચર. આ બધામાં સમુર્ચ્છિમ અને ગર્ભજ તેમ જ પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા પેટાભેદ પણ છે. જળચરના ચાર, સ્થળચરના બાર અને ખેચરના ચાર મળીને કુલ ૨૦ ભેદ થાય છે.

**(૩) મનુષ્ય :** મનુષ્યના બે પ્રકાર : (૧) સમૂર્ચ્છિમ (૨) ગર્ભજ.

સમૂર્ચ્છિમ મનુષ્ય ૧૪ પ્રકારનાં પાપસ્થાનકમાં પેદા થાય છે. તેમની અવગાહના અગુંલના અસંખ્યાતમા ભાગની હોય છે. આયુષ્ય આંતર્મુહૂર્તનું હોય છે. આપણે પંચેન્દ્રિય જીવોની હત્યાના કારણરૂપ ન બનતાં બને તેટલી વધારે કાળજી રાખવી.

ગર્ભજ મનુષ્યના ૩ પ્રકાર છે : (૧) કર્મભૂમિ (૨) અકર્મભૂમિ (૩) આંતર્દ્દિવ્ય. આમાં પાછા પર્યાપ્ત અને અપર્યાપ્ત.

સમૂર્ચ્છિમ મનુષ્યના ૧૦૧ અને ગર્ભજ મનુષ્યના ૨૦૨ ભેદ. કુલ મળીને ૩૦૩ ભેદ થાય છે.

'પ્રજ્ઞાપના સૂત્ર'ના પ્રથમ પદની ગાથા નં.૧૨૭ અને ૧૨૮માં મલેચ્છ અને આર્ય મનુષ્યના ભેદ બતાવેલા છે. આર્યોના બે ભેદ - (૧) ઋદ્ધિ પ્રાપ્ત અને (૨) ઋદ્ધિ અપ્રાપ્ત. હવે ઋદ્ધિ અપ્રાપ્તના નવ પ્રકાર : (૧) ક્ષેતાર્ય (૨) જાત્યાર્ય (૩) કુલાર્ય (૪) કર્માર્ય (૫) શિલ્પાર્ય (૬) ભાવાર્ય (૭) જ્ઞાનાર્ય (૮) દર્શનાર્ય (૯) ચારિતાર્ય.

આ બધા પ્રકારોની વિગત વાંચતા એક વાત સ્પષ્ટ થાય છે કે ક્ષેતાર્યમાં જાતાર્ય, કર્માર્ય, ભાવાર્ય, જ્ઞાનાર્ય વગેરે રહેતા હોય, કારણ કે ક્ષેતાર્ય માત્ર જગ્યાનો જ ઉલ્લેખ છે. અહીં સમાજના બધા વર્ગોનું વિસ્તૃત વર્ગીકરણ છે.

**(૪) દેવો :** દેવોના ચાર પ્રકાર - (૧) ભવનપતિ (૨) વ્યંતર (૩) જ્યોતિષ (૪) વૈમાનિક. તેમાં પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા ભેદ છે. 'પ્રજ્ઞાપના સૂત્ર'માં ૪૯ ભેદ (ભવનપતિ-૧૦, વ્યંતર-૮, જ્યોતિષ-૫, અને વૈમાનિક ૨૬ - કુલ ૪૯ - અને તેના પર્યાપ્ત અને અપર્યાપ્ત એટલે કે ૯૮ ભેદ છે.

જીવાભિગમમાં કુલ ૧૯૮ ભેદ બતાવ્યા છે. ભવનપતિ ૨૫, વ્યંતર ૨૬, જ્યોતિષી ૧૦ અને વૈમાનિક ૩૯ - કુલ ૯૯ અને તેના પર્યાપ્ત અને

અપર્યાપ્ત એટલે ૯૯×૨=૧૯૮ ભેદ. આમ જીવ પ્રજ્ઞાપનાના કુલ ૫૬૩ ભેદ થાય છે.

'પ્રજ્ઞાપના સૂત્ર'નું પાંચમું પદ પર્યાયનું છે. દ્રવ્યના ગુણ અને પર્યાયના અનુસંધાનમાં મને પ્રથમ અને પાંચમા પદ યોગ્ય લાગવાથી વિસ્તૃત વિવરણ કરેલ છે. બીજાં પદોમાં નવ તત્ત્વ અને અન્ય સંલગ્ન માહિતી આપી છે.

**પર્યાય :** પર્યાય એટલે વિવિધ અવસ્થા. દ્રવ્યના પર્યાય હોય છે. તેના બે પ્રકાર છે - (૧) જીવપર્યાય (૨) અજીવપર્યાય. દ્રવ્યને ગુણ પણ છે. તેથી તેનામાં પણ વિવિધ અવસ્થાઓ આવે છે જે પણ પર્યાય છે.

**(૧) જીવપર્યાય :** જીવના પર્યાય અનંત છે. આ અનંત પર્યાય કર્મના ઉદય, ઉપશમ, ક્ષાયોપક્ષમ અથવા ક્ષય થવાથી થાય છે. નારકીના અનંત પર્યાય છે. તેમાં દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશની અપેક્ષાએ, અવગાહનાની અપેક્ષાએ, સ્થિતિની અપેક્ષાએ અને (વર્ણની અપેક્ષાએ પર્યાય આવે છે. વળી ગુણમાં) જ્ઞાન અને દર્શનની અપેક્ષાએ પણ પર્યાય આવે છે.

પાંચ સ્થાવરના અનંત પર્યાય છે. તેમાં ઉપરના કહ્યા પ્રમાણેના છ પ્રકારોનો સમાવેશ થાય છે. વિકલેન્દ્રિયમાં બે-ત્રણ અને ચાર ઈન્દ્રિયના ઉપરોક્ત છ પ્રકારે અનંત પર્યાય છે.

તિર્યંચ પંચેન્દ્રિયના પણ અનંત પર્યાય છે છ રીતે.

મનુષ્યના પણ અનંત પર્યાય ઉપરોક્ત છ પ્રકારે હોય છે.

દેવોના પણ અનંત પર્યાય ઉપરોક્ત છ પ્રકારે હોય છે.

**(૨) અજીવપર્યાય :** બે વિભાગ (a) રૂપી અજીવપર્યાય (b) અરૂપી અજીવપર્યાય. અરૂપી અજીવના ૧૦ પ્રકાર છે - ૩ અસ્તિકાળના સ્કંધ દેશ અને પ્રદેશ અને અધ્યાકાળ.

રૂપી અજીવના ચાર પ્રકાર - સ્કંધ - દેશ - પ્રદેશ - પરમાણુ. રૂપીના અનંત પર્યાય તેમાં પણ - દ્રવ્ય - પ્રદેશ - અવગાહના સ્થિતિ અને વર્ણ છે. અજીવ-પર્યાયમાં જ્ઞાન અને દર્શન હોતું નથી.

# ૨૭ 'પ્રજ્ઞાપન સૂત્ર'માં દ્રવ્યાનુયોગનું મહત્ત્વ

નગીનભાઈ ગોડા

રાજકોટ-સ્થિત નગીનભાઈ જૈનદર્શનના અભ્યાસુ તથા લેખક છે.

**૭ દ્રવ્યોનું દ્રવ્ય ક્ષેત્ર આદિની દૃષ્ટિએ સ્વરૂપ :**

(૧) **ધર્માસ્તિકાય :** અજીવ એક દ્રવ્યથી લોકપ્રમાણ ક્ષેત્રથી અનાદિ-અનંતકાળથી અરૂપી ભાવથી ગતિ સહાયક ગુણથી.

(૨) **અધર્માસ્તિકાય :** અજીવ એક દ્રવ્યથી લોકપ્રમાણ ક્ષેત્રથી અનાદિ અનંતકાળથી અરૂપી ભાવથી સ્થિતિ સહાયક ગુણથી.

(૩) **આકાશાસ્તિકાય :** અજીવ એક દ્રવ્યથી, લોકપ્રમાણ ક્ષેત્રે અનાદિ અનંતકાળ અરૂપી ભાવ - (સ્થિતિ સહાયક) અવગાહના ગુણ.

(૪) **કાળ :** અજીવ અનંત દ્રવ્ય, અઢીદ્વીપ પ્રમાણ ક્ષેત્ર, અનાદિ-અનંતકાળ અરૂપી ભાવ, ગુણથી વર્તના.

(૫) **પુદ્‌ગલાસ્તિકાય :** અજીવ અનંત દ્રવ્ય, ક્ષેત્ર લોકપ્રમાણ લોકનાદેશ ભાગમાં અનાદિ અનંત કાળ, ભાવથી રૂપી, ગુણથી ગ્રહણ ગુણ.

(૬) **જીવાસ્તિકાય :** જીવ, અનંત દ્રવ્ય, લોકપ્રમાણ લોકનાદેશ ભાગમાં ક્ષેત્રથી અનાદિ - અનંતકાળ, અરૂપી ભાવ, ગુણથી ઉપયોગવાન.

ભેદ

| | |
|---|---|
| ધર્માસ્તિકાય | - ત્રણ ભેદ : સ્કંધ, દેશ, પ્રદેશ |
| અધર્માસ્તિકાય | - ત્રણ ભેદ : સ્કંધ, દેશ, પ્રદેશ |
| આકાશાસ્તિકાય | - ત્રણ ભેદ : સ્કંધ, દેશ, પ્રદેશ |
| કાળના | - એક ભેદ : વર્તમાન સમય |
| પુદ્‌ગલાસ્તિકાયના | - ચાર ભેદ : સ્કંધ, દેશ, પ્રદેશ |
| જીવાસ્તિકાયના | - ત્રણ ભેદ : સ્કંધ, દેશ, પ્રદેશ |

સ્કંધ - પ્રદેશોનો સમુદાય

દેશ - નાના ભાગને

પ્રદેશ - સ્કંધનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ જેના ટુકડા ન થઈ શકે.

પરમાણુ - સ્કંધમાંથી જ્યારે એક પ્રદેશ છૂટો પડે છે તેને જ પરમાણુ કહેવાય.

## (૨૧) અસ્તિકાય દ્વાર :

**દ્રવ્યોમાં કોણ કોનાથી અલ્પ, બહુતુલ્ય કે વિશેષાધિક છે.**

(૧,૨,૩) ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય, આ ત્રણે દ્રવ્યો પરસ્પર તુલ્ય છે તથા દ્રવ્યની અપેક્ષાએ સર્વથી થોડા છે, (૪) તેનાથી જીવાસ્તિકાય દ્રવ્યની અપેક્ષાએ અનંતગુણા છે, (૫) તેનાથી પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યની અપેક્ષાએ અનંતગુણા છે, (૬) તેનાથી અધા સમય (કાળદ્રવ્ય) દ્રવ્યની અપેક્ષાએ અનંતગુણા છે.

(૧,૨) ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય, આ બંને દ્રવ્યો પ્રદેશની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે અને સર્વથી થોડા છે (૩) તેનાથી જીવાસ્તિ-કાય (સર્વ જીવો) પ્રદેશોની અપેક્ષાએ અનંતગુણા છે (૪) તેનાથી પુદ્‌ગલા-સ્તિકાય (સર્વ પુદ્‌ગલો) પ્રદેશની અપેક્ષાએ અનંતગુણા છે. (૫) તેનાથી અદ્ધા સમય (કાળ) અપ્રદેશોની અપેક્ષાએ એટલે ઔપચારિક દ્રવ્યની અપેક્ષાએ અનંતગુણા છે. (૬) તેનાથી આકાશાસ્તિકાય પ્રદેશોની અપેક્ષાએ અનંતગુણા છે.

(૧) દ્રવ્યની અપેક્ષાએ ધર્માસ્તિકાય દ્રવ્યરૂપ હોવાથી સર્વથી થોડા છે. (૨) તેનાથી પ્રદેશોની અપેક્ષાએ ધર્માસ્તિકાયના પ્રદેશો અસંખ્યાત-ગુણા છે.

(૧) દ્રવ્યની અપેક્ષાએ અધર્માસ્તિકાય દ્રવ્ય એક દ્રવ્યરૂપ હોવાથી સર્વથી થોડા છે અને તેનાથી પ્રદેશોની અપેક્ષાએ અધર્માસ્તિકાયના પ્રદેશો અસંખ્યાતાગુણા છે.

(૧) દ્રવ્યની અપેક્ષાએ આકાશાસ્તિકાય દ્રવ્ય એક દ્રવ્યરૂપ હોવાથી સર્વથી થોડા છે. (૨) તેનાથી પ્રદેશોની અપેક્ષાએ આકાશાસ્તિકાયના પ્રદેશો અનંતગુણા છે.

(૧) દ્રવ્યની અપેક્ષાએ અનંત જીવાસ્તિકાય દ્રવ્ય સર્વથી થોડા છે અને (૨) પ્રદેશોની અપેક્ષાએ જીવાસ્તિકાયના પ્રદેશો અસંખ્યાતાગુણો છે.

**अद्धा समय ण पुछिज्जइ पएसाभावा ।**

**ભાવાર્થ :** કાળ(અદ્ધા સમય)ના સંબંધમાં પ્રશ્ન કરવો નહિ, કારણ કે તેના પ્રદેશોનો અભાવ છે (કાળ અપ્રદેશી છે).

(૧,૨,૩) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આ ત્રણે (દ્રવ્યો) પરસ્પર તુલ્ય છે અને દ્રવ્યની અપેક્ષાએ સર્વથી અલ્પ (એક-

એક દ્રવ્યરૂપ) છે. (૪,૫) તેનાથી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય, આ બંને દ્રવ્યો પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતાગુણા છે અને તેના પ્રદેશો પરસ્પર તુલ્ય છે. (૬) તેનાથી જીવાસ્તિકાય, દ્રવ્યની અપેક્ષાએ અનંતગુણા છે. (૭) તેનાથી તેના જ પ્રદેશો અસંખ્યાતાગુણા છે. (૮) તેનાથી પુદ્‌ગલાસ્તિકાય, દ્રવ્યની અપેક્ષાએ અનંતગુણા છે. (૯) તેનાથી તેના પ્રદેશો અસંખ્યાતાગુણા છે. (૧૦) તેનાથી અદ્ધાસમય, દ્રવ્યાર્થ અને અપ્રદેશાર્થની અપેક્ષાએ અનંતગુણા છે. (૧૧) અને તેનાથી આકાશાસ્તિકાય, પ્રદેશોની અપેક્ષાએ અનંતગુણા છે. (૨૧મું દ્વાર સંપૂર્ણ).

| ક્રમ | અસ્તિકાય દ્રવ્ય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ધર્માસ્તિકાય | સર્વથી અલ્પ | પ્રત્યેક દ્રવ્ય અખંડ એક દ્રવ્યરૂપ છે. |
| ૨ | અધર્માસ્તિકાય | (પરસ્પર તુલ્ય) | |
| ૩ | આકાશાસ્તિકાય | | |
| ૪ | જીવાસ્તિકાય | અનંતગુણા | અનંત જીવો સ્વતંત્ર દ્રવ્યરૂપ છે. |
| ૫ | પુદ્‌ગલાસ્તિકાય | અનંતગુણા | પરમાણુ, દ્વયણુક, ત્ર્યણુક આદિ પ્રત્યેક સ્વતંત્ર દ્રવ્ય છે, તેમજ પ્રત્યેક સંસારી જીવોના આત્મપ્રદેશો અનંતાનંત કર્મ પુદ્‌ગલોથી આવરિત છે. માટે જીવથી પુદ્‌ગલ અનંતગુણા થાય. |
| ૬ | અદ્ધા સમય | અનંતગુણા | અનંતજીવ અને પુદ્‌ગલદ્રવ્ય પર તથા તેની ભૂતનો ભવિષ્યકાલીન અનંતાઅનંત પર્યાયો પર કામ વર્તી રહ્યો છે, તેથી કાળ દ્રવ્ય, ઉપચારથી અનંત દ્રવ્યરૂપ છે, માટે તે પુદ્‌ગલાસ્તિકાયથી અનંતગુણા છે. |

**પ્રદેશોની અપેક્ષાએ ષડ દ્રવ્યોનું અલ્પબહુત્વ :** (૧,૨) ધર્માસ્તિકાયને અધર્માસ્તિકાય, આ બંને દ્રવ્યના પ્રદેશો પરસ્પર તુલ્ય અને સર્વથી અલ્પ છે. બંને દ્રવ્યના પ્રદેશો લોકાકાશના પ્રદેશો જેટલા અર્થાત્ અસંખ્યાત્ છે. (૩) તેનાથી પ્રદેશોની અપેક્ષાએ જીવાસ્તિકાય અનંતગુણા છે, કારણ કે જીવો અનંત છે અને એક-એક જીવના આત્મપ્રદેશો (હોવાથી) લોકાકાશના પ્રદેશો જેટલા છે. એવા અનંત જીવોના અનંત અસંખ્યાતા

આત્મપ્રદેશો હોવાથી અનંતગુણા છે. (૪) તેનાથી પ્રદેશોની અપેક્ષાએ પુદ્ગલાસ્તિકાય અનંતગુણા છે, કારણ કે એક જીવના દરેક આત્મપ્રદેશો પર અનંત-અનંત કર્મસ્કંધો બંધાયેલા છે. કર્મવર્ગણા સિવાય ઔદારિક, વૈક્રિય આદિ અન્ય અનેક વર્ગણાઓ પણ છે, તેથી જીવાસ્તિકાયના પ્રદેશોથી પુદ્ગલાસ્તિકાય પ્રદેશો અનંતાગુણા છે. (૫) તેનાથી અદ્ધાકાળના દ્રવ્ય-અપ્રદેશ અનંતગુણા છે, કારણ કે જીવ-અજીવ દ્રવ્યની ત્રૈકાલિક અનંત-અનંત પર્યાયો પર કામ દ્રવ્યવર્તી રહ્યું છે. (૬) તેનાથી પ્રદેશોની અપેક્ષાએ આકાશાસ્તિકાય અનંતગુણા છે, કારણ કે લોકથી અલોક અનંતાનુ-અનંતગુણો વિશાળ છે, તેથી તેના પ્રદેશો સર્વથી વધુ છે.

| ક્રમ | અસ્તિકાય પ્રદેશ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ધર્માસ્તિકાય | સર્વથી અલ્પ | લોકાકાશના પ્રદેશપ્રમાણ પ્રદેશો છે. |
| ૨ | અધર્માસ્તિકાય | (પરસ્પર તુલ્ય) | |
| ૩ | જીવાસ્તિકાય | અનંતગુણા | એક એક જીવના આત્મપ્રદેશો લોકાકાશના પ્રદેશપ્રમાણ હોવાથી અનંતજીવોના આત્મપ્રદેશો અનંત-ગુણા થાય. |
| ૪ | પુદ્ગલાસ્તિકાય | અનંતગુણા | પ્રત્યેક જીવના આત્મપ્રદેશો અનંતાનંત કર્મસ્કંધોથી આવરિત છે. |
| ૫ | અદ્ધા સમય | અનંતગુણા | કામ અપ્રદેશી હોવા છતાં જીવ અને પુદ્ગલની પર્યાયો પર વર્તી રહ્યું હોવાથી ઔપચારિક દ્રવ્યની અપેક્ષાએ પુદ્ગલના પ્રદેશોથી અનંતાગુણા છે. |
| ૬ | આકાશાસ્તિકાય | અનંતગુણા | આલોકાકાશના પ્રદેશો અનંત છે, તે કાળદ્રવ્યથી અનંતગુણા છે. |

૧,૨ ધર્મા-અધર્માસ્તિકાય દ્રવ્યાર્થી પ્રદેશાર્થથી - પ્રમાણ દ્રવ્યાર્થી સર્વ અલ્પ, પ્રદેશોથી-અસંખ્યાતાગુણા કારણ - એકદ્રવ્યરૂપ છે, પ્રત્યેક દ્રવ્યના પ્રદેશો લોકાકાશના પ્રદેશપ્રમાણ છે.

| | | | |
|---|---|---|---|
| ૩ | આકાશાસ્તિકાય | પ્રમાણ | કારણ |
| | દ્રવ્યથી | સર્વથી અલ્પ | એક દ્રવ્યરૂપ છે. |
| | પ્રદેશાર્થીથી | અનંતગુણા | આલોકાશના પ્રદેશો અનંત છે. |
| ૪ | જીવાસ્તિકાય | | |
| | દ્રવ્યાર્થથી | સર્વથી થોડા | અનંતજીવો અનંત દ્રવ્યરૂપ છે. |
| | પ્રદેશાર્થથી | અસંખ્યાતાગુણા | પ્રત્યેક જીવના આત્મપ્રદેશો અસંખ્યાતા છે. |
| ૫ | પુદ્‌ગલાસ્તિકાય | | |
| | દ્રવ્યાર્થથી | સર્વથી થોડા | પ્રદેશો કરતાં દ્રવ્યોની સંખ્યા અલ્પ હોય છે. |
| | પ્રદેશાર્થથી | અસંખ્યાતાગુણા | પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યમાં અનંતપ્રદેશી, સ્કંધ ઓછા છે, તેનાથી અસંખ્યાતાપ્રદેશી સ્કંધ અસંખ્યાતાગુણા છે, તેથી તેના પ્રદેશો અસંખ્યાતાગુણા થાય છે. |

૬ કાળદ્રવ્ય અપ્રદેશી દ્રવ્ય છે. તેના ભેદ થતા નથી.

**ધર્માસ્તિકાયાદિનું દ્રવ્ય - પ્રદેશોની અપેક્ષાએ સમ્મિલિત અલ્પબહુત્વ :**

ધર્માસ્તિકાય આદિ ષડ્ દ્રવ્યોના દ્રવ્ય અને પ્રદેશોની સમ્મિલિત અપેક્ષાએ અલ્પબહુત્વ ભાવાર્થથી સ્પષ્ટ છે.

अद्धा समय द्रव्यदु अपएचछयाए अणंतगुणा :

અદ્ધા સમય એટલે કાળદ્રવ્ય-દ્રવ્યાર્થ અને અપ્રદેશાર્થથી અનંતગુણા છે. જેમ પરમાણુ પુદ્‌ગલ દ્રવ્ય અપ્રદેશી હોવા છતાં અનંતપ્રદેશી સ્કંધથી દ્રવ્યાર્થ - અપ્રદેશાર્થથી અનંતગુણા છે, તેમ કાળદ્રવ્ય - અપ્રદેશી હોવા છતાં જીવ અને પુદ્‌ગલ દ્રવ્યની ત્રૈકાલિક પર્યાયો પર વર્તનનો હોવાથી ઉપચારથી અનંત દ્રવ્યાત્મક છે, તેથી પુદ્‌ગલ દ્રવ્યના પ્રદેશોથી કામ દ્રવ્યાર્થ-અપ્રદેશાર્થથી અનંતગુણા થાય છે.

### છએ દ્રવ્યોમાં દ્રવ્યાર્થ-પ્રદેશાર્થની અપેક્ષાએ સમ્મિલિત અલ્પ બહુત્વ :

| ક્રમ | દ્રવ્ય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧-૩ | ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય દ્રવ્યાર્થી | સર્વથી અલ્પ (પરસ્પર દ્રવ્ય) | આ ત્રણે દ્રવ્ય અખંડ અને એક-એક દ્રવ્યરૂપ છે. |
| ૪-૫ | ધર્મ-અધર્મ-પ્રદેશાર્થથી | અસંખ્યાતાગુણા (પરસ્પર તુલ્ય) | બંને દ્રવ્યોના પ્રદેશો લોકાકાયના પ્રદેશપ્રમાણ છે. |
| ૬ | જીવાસ્તિકાય દ્રવ્યાર્થથી | અનંતગુણા | અનંત જીવો અનંત જીવ દ્રવ્યરૂપ છે. |
| ૭ | જીવાસ્તિકાય પ્રદેશાર્થથી | અસંખ્યાતાગુણા | પ્રત્યેક જીવના આત્મ પ્રદેશો અસંખ્યાતાના છે. |
| ૮ | પુદ્‌ગલાસ્તિકાય | અનંતગુણા દ્રવ્યથી | પ્રત્યેક સંસારી જીવના આત્મપ્રદેશો અનંત કર્મસ્કંધથી આવરિત છે. |
| ૯ | પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશાર્થથી | અસંખ્યાતાગુણા | પૂર્વવત્ |
| ૧૦ | અદ્ધા સમય અદ્ધાર્થ અને અપ્રદેશાર્થથી | અનંતગુણા | અદ્ધાસમયના ઔપચારિક દ્રવ્ય (અપ્રદેશ) અનંત હોય છે. |
| ૧૧ | આકાશાસ્તિકાય પ્રદેશાર્થથી | અનંતગુણા | આલોકના પ્રદેશો કાળદ્રવ્ય કરતાં અનંતગુણા છે. |

**આકાશ થિગ્ગલ દ્વાર :**

આકાશ થિગ્ગલ (લોક) ધર્માસ્તિકાયથી સ્પૃષ્ટ છે, ધર્માસ્તિકાયના દેશથી સ્પૃષ્ટ નથી, ધર્માસ્તિકાયના પ્રદેશથી સ્પૃષ્ટ છે. આ રીતે અધર્માસ્તિકાયથી સ્પૃષ્ટ છે. અધર્માસ્તિકાયના દેશથી સ્પૃષ્ટ નથી, અધર્માસ્તિકાયના પ્રદેશોથી

સ્પૃષ્ટ છે. આકાશાસ્તિકાયથી સ્પૃષ્ટ નથી. આકાશાસ્તિકાયના દેશથી સ્પૃષ્ટ છે, આકાશાસ્તિકાયના પ્રદેશોથી પણ સ્પૃષ્ટ છે. પુદ્‌ગલાસ્તિકાય, જીવાસ્તિકાય, પૃથ્વીકાય, યાવત વનસ્પતિકાયથી સ્પૃષ્ટ છે, ત્રસકાયથી કદાચિત સ્પૃષ્ટ છે અને કદાચિત સ્પૃષ્ટ નથી, અદ્ધા સમય કાળદ્રવ્યના દેશથી સ્પૃષ્ટ છે અને દેશથી સ્પૃષ્ટ નથી.

**આકાશથિગ્ગલ :** લોક, સંપૂર્ણ આકાશ પ્રદેશ એક વિસ્તૃત પટ (વસ્ત્ર) સમાન છે. તેની વચ્ચે લોક તે વિસ્તૃત વસ્ત્ર પર લાગેલા થીગડા સમાન થાય છે, તેથી લોકાકાશને અહીં થીંગડું કહ્યું છે.

**ધર્માસ્તિકાય :** ધર્માસ્તિકાય દ્રવ્ય લોકપ્રમાણ એક અખંડ દ્રવ્ય છે. તેના કોઈપણ વિભાગ-ખંડને ધર્માસ્તિકાયનો દેશ કહેવાય છે અને તેના અવિભાજ્ય અંશ પ્રદેશ કહેવાય છે. ધર્માસ્તિકાય દ્રવ્ય લોક વ્યાપી હોવાથી લોક ધર્માસ્તિકાય દ્રવ્યથી સ્પૃષ્ટ છે, પરંતુ તેના એક વિભાગરૂપ ખંડથી સંપૂર્ણ લોક સ્પૃષ્ટ નથી, તેના પ્રદેશો સમસ્ત લોકમાં વ્યાપ્ત હોવાથી લોક ધર્માસ્તિકાયના પ્રદેશોથી સ્પૃષ્ટ છે. આ રીતે લોક (૧) ધર્માસ્તિકાય દ્રવ્યથી અને (૨) તેના પ્રદેશોથી સ્પૃષ્ટ છે, પરંતુ તેના દેશથી સ્પૃષ્ટ નથી.

**અધર્માસ્તિકાય :** તે દ્રવ્ય પણ લોકવ્યાપી, એક અખંડ દ્રવ્ય છે અને તેના અસંખ્યાત પ્રદેશો સમસ્ત લોકમાં વ્યાપ્ત છે, તેથી લોક (૧) અધર્માસ્તિકાય દ્રવ્યથી અને (૨) તેના પ્રદેશોથી સ્પૃષ્ટ છે પરંતુ તેના દેશથી સ્પૃષ્ટ નથી.

**આકાશાસ્તિકાય :** તે દ્રવ્ય લોકાલોક વ્યાપી, એક અખંડ દ્રવ્ય છે અને તેના અનંત પ્રદેશો સમસ્ત લોકાલોકમાં વ્યાપ્ત છે. લોક સમસ્ત આકાશ દ્રવ્યના એક વિભાગરૂપ અને તેમાં આકાશાસ્તિકાય દ્રવ્યના અસંખ્યાત પ્રદેશો છે. તેથી લોક આકાશાસ્તિકાય દ્રવ્યના અસંખ્યાતા પ્રદેશો છે. તેથી લોક આકાશાસ્તિકાય દ્રવ્યને અખંડપણે સ્પર્શી શકતો નથી, પરંતુ તેના એક વિભાગરૂપ (૧) દેશને અને (૨) તેના અસંખ્યાત પ્રદેશોને સ્પર્શે છે.

**પુદ્‌ગલાસ્તિકાય** - તે દ્રવ્ય અનંતરૂપ છે દ્રવ્યરૂપ છે તે અનંતદ્રવ્યરૂપે સમસ્ત લોકમાં વ્યાપ્ત છે, તેથી લોક પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યથી સ્પૃષ્ટ છે.

**જીવાસ્તિકાય** - તે દ્રવ્ય પણ અનંત જીવ દ્રવ્યપણે સમસ્ત લોકમાં વ્યાપ્ત છે, તેનાં પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય પાંચ સ્થાવર જીવોના સૂક્ષ્મજીવો સમસ્ત લોકમાં વ્યાપ્ત છે. ત્રસજીવો લોકના એક વિભાગરૂપ ત્રસનાડીમાં જ રહે છે, પરંતુ કેવળી ભગવાન કેવળી સમુદ્-

ઘાતના ચોથા સમયે પોતાના આત્મા પ્રદેશોને લોકવ્યાપી બનાવે છે તે સિવાય ત્રસજીવો લોકવ્યાપી બનતા નથી.

આ રીતે લોક પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવર જીવોથી સંપૂર્ણપણે સ્પૃષ્ટ છે. અને ત્રસજીવોથી લોક (કેવલી સમુદ્‌ઘાતની અપેક્ષા) ક્યારેક સ્પૃષ્ટ હોય છે, ક્યારેક સ્પૃષ્ટ હોતો નથી.

**અદ્ધા સમયકાળ :** તે અઢી દ્વીપક્ષેત્રમાં જ હોય છે. સમસ્ત લોકમાં નથી, તેથી લોક અદ્ધા સમય(કાળ)થી કંથચિત (દેશથી) સ્પૃષ્ટ છે અને કંથચિત સ્પૃષ્ટ નથી.

આ રીતે (૧) ધર્માસ્તિકાય (૨) તેનો દેશ (૩) તેના પ્રદેશો (૪) અધર્માસ્તિકાય (૫) તેનો દેશ (૬) તેના પ્રદેશ (૭) આકાશાસ્તિકાય (૮) તેનો દેશ (૯) તેના પ્રદેશ (૧૦) પુદ્‌ગલાસ્તિકાય (૧૧-૧૫) પાંચ સ્થાવર જીવો (૧૬) ત્રસકાયના જીવો (૧૭) અદ્ધા સમય - કાળ. આ સત્તર બોલમાંથી આકાશ થિગ્ગલ એટલે લોક (૧-૨) ધર્માસ્તિકાય અને અધર્માસ્તિ-કાય બંને અખંડ દ્રવ્યોને (૩-૪) બંનેના અસંખ્ય પ્રદેશોને. (૫) આકાશાસ્તિ-કાયના દેશને (૬) તેના પ્રદેશોને (૭) પુદ્‌ગલાસ્તિકાયને (૮ થી ૧૨) પાંચ સ્થાવર જીવોને. આ રીતે બાર બોલોને પૂર્ણપણે સ્પર્શે છે. ત્રસકાયના જીવો અને અદ્ધા સમયકાળ, આ બે બોલને કંથચિત સ્પર્શે છે. પરંતુ ધર્માસ્તિકાયનો દેશ તેમ જ આકાશાસ્તિકાય રૂપ અખંડ દ્રવ્યને, આ રીતે ત્રણ બોલની સ્પર્શના થતી નથી.

# ૨૮ 'પ્રજ્ઞાપના સૂત્ર'ને આધારે જિનાગમમાં દ્રવ્યાનુયોગનું મહત્ત્વ


**કેતકીબહેન શાહ**

ઘાટકોપર-સ્થિત કેતકીબહેન જૈનદર્શનના અભ્યાસુ છે. મુંબઈ યુનિ.માં પીએચ.ડી. કરી રહેલ છે.


प्रकर्षरूपेण ज्ञापना-प्ररुपणा इति प्रज्ञापना ।

પ્રકર્ષ રૂપથી અર્થાત્ વિવિધ ભેદ-પ્રભેદ દ્વારા જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્યનું કથન કરવું તે પ્રજ્ઞાપના છે.

અનુયોગ એટલે અનુરૂપ અર્થ સાથે સૂત્રનું જોડાણ.

અનુયોગ એટલે અર્થ પ્રગટ કરવાની વિધિ.

અનુયોગ એટલે વ્યાખ્યા.

વ્યાખ્યેય વસ્તુના આધારે વ્યાખ્યા સાહિત્યમાં અનુયોગના ૪ વિભાગ કરવામાં આવે છે : (૧) ચરણકરણાનુયોગ (૨) ધર્મકથાનુયોગ (૩) ગણિતાનુયોગ (૪) દ્રવ્યાનુયોગ.

જીવાદિ દ્રવ્યો, નવ તત્ત્વાદિ વિષયોના વર્ણનને દ્રવ્યાનુયોગ કહેવામાં આવે છે. દ્રવ્યો દ્વારા હેતુક જે અનુયોગ અથવા દ્રવ્યનો દ્રવ્ય સાથે, દ્રવ્યનો પર્યાય સાથેનો યોગ તે દ્રવ્યાનુયોગ કહેવાય છે.

'પ્રજ્ઞાપના સૂત્ર'ના પ્રથમ પદ 'પ્રજ્ઞાપના' પદમાં વિશ્વના મુખ્ય બે દ્રવ્ય - જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યનું વિસ્તારથી વર્ણન છે.

ચૈતન્ય લક્ષણ, જ્ઞાન દર્શન ગુણથી યુક્ત, સુખ-દુઃખનો અનુભવ કરનાર જીવદ્રવ્ય.

જે જીવ નથી, જેમાં ચૈતન્ય લક્ષણ નથી, તેવા જડ દ્રવ્યને અજીવ-દ્રવ્ય કહે છે.

અજીવદ્રવ્યના બે ભેદ : અરૂપી અજીવ અને રૂપી અજીવ.

વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી રહિત હોય તે અરૂપી છે ને જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન હોય છે, તે રૂપી છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલ - એ ચાર અરૂપી અજીવ છે.

ધર્માસ્તિકાય દ્રવ્ય જીવ અને પુદ્ગલની ગતિમાં સહાયક થાય છે.

અધર્માસ્તિકાય દ્રવ્ય, જીવ અને પુદ્ગલની સ્થિતિમાં સહાયક થાય છે.

આકાશાસ્તિકાય દ્રવ્ય, પ્રત્યેક દ્રવ્યોને અવગાહના પ્રદાન કરે છે, તે સર્વ દ્રવ્યના આધારરૂપ છે. કાળ દ્રવ્ય, પ્રત્યેક દ્રવ્ય પર વર્તી રહ્યો છે, તે પર્યાય પરિણમનમાં સહાયક બને છે. આ ચાર અરૂપી અજીવ પોતાના વિશિષ્ટ સ્વભાવથી સ્વરૂપમાં જ સ્થિર રહે છે, તેમ છતાં જીવાદિની ગતિ આદિ ક્રિયામાં સહાયક હોવાથી તેનું જ્ઞાન આવશ્યક બને છે.

રૂપી અજીવદ્રવ્યમાં એક પુદ્ગલાસ્તિકાય છે. સંઘટન અને વિઘટન એટલે કે ભેગા થવું અને વિખેરાઈ જવું તે તેનો સ્વભાવ છે. જીવોના શરીર, કર્મ, મન, વચન આદિ પૌદ્ગલિક છે. આ લોકમાં જે કાંઈ દૃષ્ટિગોચર થાય છે તે સર્વ પુદ્ગલદ્રવ્ય જ છે, કારણ કે એક પુદ્ગલદ્રવ્ય જ રૂપી છે.

જીવદ્રવ્યના બે ભેદ છે : (૧) કર્મરહિત જીવો તે સિદ્ધ જીવો (૨) કર્મસહિત જીવો તે સંસારી જીવો. જીવોના કર્માનુસાર તેમાં અનેક પ્રકારની વિવિધતા હોવાથી સંસારી જીવોના પાંચ ઈન્દ્રિયની અપેક્ષાએ પાંચ ભેદ બતાવ્યા છે. સૂત્રકારે અહીં વિસ્તૃત વર્ણન કર્યું છે -

जीवाजीवविभत्तिं, सुणेह मे एगमणा इओ ।
जं जाणिऊण भिक्खू, सम्मं जयइ संजमे ॥

જીવ અને અજીવના ભેદોને તમે એકાગ્ર ચિત્ત થઈને મારી પાસેથી સાંભળો; જેને જાણીને સાધક આત્મા સંયમમાં સમ્યક્ પ્રકારે યત્નશીલ થાય છે.

'દશવૈકાલિક સૂત્ર'ની અધ્યયન-૪ની ગાથા પણ અહીં બંધબેસતી લાગે છે.

सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।
उभयं पि जाणइ सोच्चा, जं सेयं तं समायरे ॥

વ્યક્તિ સાંભળીને કલ્યાણ અને પાપને જાણે છે, માટે જે કલ્યાણરૂપ છે તેનું આચરણ કરવું જોઈએ.

જીવ પ્રજ્ઞાપનામાં એ વાત સાબિત થાય છે કે સૂક્ષ્મ ભેદમાં પણ જીવ છે, વનસ્પતિ આદિમાં પણ જીવ છે. જે આપણા તીર્થંકરોએ વર્ષો પૂર્વે કહેલી છે, તે વાત વૈજ્ઞાનિકો આજે સાબિત કરે છે. 'પૃથ્વીકાયના એક નાનકડા ટુકડામાં અસંખ્યા જીવ છે' તેની પુષ્ટિ આજે વિજ્ઞાન પણ કરે છે. આમ, દ્રવ્યાનુયોગમાં અધ્યાત્મદર્શનને વૈજ્ઞાનિક મનોવૃત્તિનો ટેકો મળે છે.

પ્રજ્ઞાપના સૂત્રની રચના સંપૂર્ણ પ્રશ્નોત્તર શૈલીમાં થઈ છે. ગૌતમ સ્વામી પ્રશ્ન પૂછે છે ને ઉત્તરદાતા ભગવાન મહાવીર છે. સૂક્ષ્મ વિચારણા દ્વારા યોગને ગણિતાનુયોગ સાથે જોડી પ્રશ્નનાં બધાં પાસાંઓનો સ્પર્શ કરવામાં આવે છે અને પ્રશ્નના ઉત્તરને સ્યાદ્‌વાદ શૈલીથી કથન કરી, બાકીના અકથ્ય ભાવોને અવક્તવ્ય કહી 'પ્રશ્નની સીમાથી પરે છે' તેવો ભાવ પ્રરૂપિત કર્યો છે. જેમકે - એક પરમાણુ વિશે પ્રશ્ન કરે છે અને તેના ગુણધર્મ વિશે જિજ્ઞાસા કરે છે ત્યારે ભગવાન સ્વયં અવક્તવ્ય કહી, શબ્દાતીત ભાવોને જણાવે છે. સપ્તભંગીનો ચોથો ભંગ અવક્તવ્યનો ઉલ્લેખ અનેક સ્થાને છે. પ્રજ્ઞાપના સૂત્રમાં ઠેકઠેકાણે 'सिय' (કદાચિત) શબ્દ આવે છે. જેમાં અપેક્ષાવાદનો પૂર્ણ ઉપયોગ કરી સાપેક્ષવાદને મહત્ત્વ આપ્યું છે. વૈજ્ઞાનિક આઈનસ્ટાઈન પણ આ જ વાત કહે છે કે વિશ્વના બધા ભાવો એકાંતરૂપે કહી શકાય તેમ નથી. આ સિદ્ધાંતનું નામ **'Reality of Truth'** છે. આમ, ક્યાંય આગ્રહવાદ કે એકાંતવાદને સ્થાન નથી.

પ્રજ્ઞાપના સમગ્ર શાસ્ત્ર ઘણા જ ગૂઢ, કલ્પનાતીત તથા સૂક્ષ્મ ભાવોને પ્રરૂપિત કરનાર બેજોડ શાસ્ત્ર છે. તે જૈનદર્શનના આધ્યાત્મિક ભાવો સિવાયના પદાર્થગત સૂક્ષ્મ ભાવોનું દ્રવ્યાર્થિક નય અને પરમાર્થિક નય દ્વારા ઉદ્‌ઘાટન કરે છે. એક રીતે આત્માનું જેમ અધ્યાત્મ છે, તેમ પદાર્થનું પણ 'અધિદ્રવ્ય' હોય, તેમ ફલિત થાય છે. અધ્યાત્મમાં **अधि** + **आत्मा** આ બે શબ્દોની સંધિ થયેલી છે. **अधि**નો અર્થ અંતર્ગત થાય છે. પદાર્થની અંતર્ગત કે બીજાં દ્રવ્યોની અંતર્ગત ક્રિયા થાય છે. જેટલી આધ્યાત્મિક ક્રિયા જીવદ્રવ્યમાં થાય છે, તેટલી અંતર્ગત ક્રિયા પુદ્‌ગલાદિ અજીવદ્રવ્યમાં પણ થાય છે. પ્રજ્ઞાપના સૂત્ર આવી અંતર્ગત ક્રિયાઓનું ઉદ્‌ઘાટન કરે છે, તેટલું જ નહિ પણ સાપેક્ષ ભાવોને ભિન્ન-ભિન્ન નયોથી નિહાળી તેના અસ્તિત્વને જ્ઞેયથી પ્રમેય સુધી અને પ્રમેયથી મહાપ્રમેય સુધી સમજવા બુદ્ધિને દોરી જાય છે.

**અજીવ પ્રજ્ઞાપના**માં પુદ્‌ગલદ્રવ્યમાં સંઘટન અને વિઘટન થતું હોવાથી તેમાં પરમાણુરૂપ ભેદ થાય છે. સ્કંધથી છૂટા પડેલા અવિભાજ્ય અંશને પરમાણુ પુદ્‌ગલ કહે છે. પરમાણુઓના પારસ્પરિક બંધનથી સ્કંધના નિર્માણની પ્રક્રિયાને સમજાવવા માટે 'તત્ત્વાર્થ સૂત્ર'ના પાંચમા અધ્યયનમાં એક સૂત્ર છે. **'સ્નિગ્ધરૂક્ષત્વાત્ બન્ધ'** અર્થાત્ સ્નિગ્ધ અને રૂક્ષ પરમાણુઓ એકબીજાને મળીને સ્કંધ બને છે. તે વ્યાખ્યા આજે વૈજ્ઞાનિક વ્યાખ્યા સંમત બની ગઈ છે. સ્નિગ્ધ એટલે ધનાત્મક વિદ્યુતથી આવેશિત અને રૂક્ષ એટલે

ઋણાત્મક વિદ્યુતથી આવેશિત સૂક્ષ્મ કણ. આમ, જૈનદર્શનની પરિભાષા વિજ્ઞાન સંમત પ્રતીત થાય છે.

પરમાણુ અથવા પુદ્ગલ કણોમાં અનંત શક્તિનો ભંડાર છે તેમ જૈનદર્શન કહે છે. આધુનિક વૈજ્ઞાનિક આ માન્યતાને સિદ્ધ કરી ગયા કે એક પરમાણુનો વિસ્ફોટ પણ કેટલી વિરાટ શક્તિનું સર્જન કરી શકે છે !

પ્રજ્ઞાપના સૂત્રનાં **સ્થાન** પદમાં સર્વ જીવોના ઉત્પત્તિસ્થાનોનું અને નિવાસસ્થાનોનું વર્ણન છે. જીવ જ્યાં સ્થિત થાય, જીવ જ્યાં રહે તેને સ્થાન કહે છે. જીવ પોતાના કર્મ પ્રમાણે ભિન્ન ભિન્ન સ્થાનમાં નિવાસ કરે છે. કયા જીવો ક્યારે, ક્યાં અને કેટલા સ્થાનમાં રહે છે, તેનું સ્પષ્ટીકરણ કરવું તે આ પદનો મુખ્ય વિષય છે. તે બધા પરથી એટલું જ ફલિત થાય છે કે સાચા સુખનું સરનામું તો લોકના અગ્રભાગ, સિદ્ધશિલા જ છે.

'પ્રજ્ઞાપના સૂત્ર'માં **'વિશેષ પદ'**માં પર્યાય વિષયક વર્ણન છે. **ગુણ પર્યાયવદ્ દ્રવ્યમ્** । ગુણ અને પર્યાયથી યુક્ત હોય, તેને દ્રવ્ય કહે છે. દ્રવ્યના અસાધારણ અને સહભાવી ધર્મને ગુણ કહે છે, અને દ્રવ્યની વિવિધ અવસ્થા કે વિવિધ પ્રકારના પરિણમનને પર્યાય કહે છે. જેમ કે - જ્ઞાન, તે જીવદ્રવ્યનો અસાધારણ કે સહભાવી ધર્મ હોવાથી ગુણ છે; અને નારક, તિર્યંચ આદિ વિવિધ અવસ્થાઓ જીવદ્રવ્યની પર્યાય છે. તે જ રીતે ગુણની પણ વિવિધ અવસ્થાઓ ગુણની પર્યાય છે. યથા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ... કેવળજ્ઞાન સંબંધી અવધારણા છે કે કેવળી અથવા સર્વજ્ઞ સમસ્ત લોકના પદાર્થોને હસ્તકમલવત્ પ્રત્યક્ષ રૂપે જાણે છે, અથવા અવધિજ્ઞાન સંબંધી અવધારણા છે કે અવધિજ્ઞાની ચર્મચક્ષુ દ્વારા ન થતા દૂરના વિષયોનું સીધું પ્રત્યક્ષીકરણ કરી લે છે. કેટલાંક વર્ષો પહેલાં જગતને કપોળકલ્પના લાગતી હતી, પણ આજે જ્યારે ટેલીવિઝનનો આવિષ્કાર થયા બાદ આ વાત આશ્ચર્યજનક નથી. પ્રત્યેક ભૌતિક પિંડથી પ્રકાશ કિરણો પરાવર્તિત (પરિવર્તન) થાય છે અને એ પણ ધ્વનિના સમાન જ લોકમાં પોતાની યાત્રા કરે છે. (પ્રકાશ, અંધકાર, તાપ, છાયા, શબ્દ વગેરે પૌદ્ગલિક છે) તથા પ્રત્યેક વસ્તુ અથવા ઘટનાનું ચિત્ર વિશ્વમાં સંપ્રેષિત (પ્રકાશિત) કરી દે છે. આજે જો માનવમસ્તિષ્કમાં ટેલીવિઝન સેટની જેમ ચિત્રોને ગ્રહણ કરવાનું સામર્થ્ય વિકસિત થઈ જાય તો દૂરના પદાર્થો અને ઘટનાઓના હસ્તકમલવત્ જ્ઞાનમાં કોઈ અડચણ રહેશે નહિ.

શ્વાસોચ્છ્વાસ પદમાં સમસ્ત સંસારી જીવોના શ્વાસોચ્છ્વાસના કાલમાનની વિચારણા છે. તેની પ્રરૂપણાથી સ્પષ્ટ થાય છે કે જીવ જેટલો વધુ દુઃખી

હોય છે તેટલી તેની શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા તીવ્ર હોય છે. અને નારકી આદિ દુઃખી જીવોની આ ક્રિયા સતત અવિરતરૂપે ધમણની જેમ ચાલ્યા જ કરે છે. જે જીવો જેટલા અધિક અધિકતર કે અધિકતમ સુખી હોય છે, તેઓની શ્વાસોચ્છ્‌વાસ ક્રિયા ઉત્તરોત્તર મંદ, મંદતર કે મંદતમ ગતિથી (શાંત-પ્રશાંત રીતે) ચાલે છે. જે શારીરિક વિજ્ઞાનની દૃષ્ટિએ એકદમ બંધબેસતું લાગે છે. આજે પ્રાણાયામ વગેરે ધ્યાન પદ્ધતિમાં પણ બને તેટલા ઊંડા શ્વાસ લઈ શ્વાસની માત્રા ઘટાડવાનું કહે છે.

**ભાષા** પદમાં તો ભગવાને બધી ભ્રમણાઓને ભાંગી દીધી છે. તેમાં ભાષાની ઉત્પત્તિ, તેના પ્રકાર, કાલમાન વગેરેની વિસ્તૃત ચર્ચા છે. વિચારોને પ્રગટ કરવાનું માધ્યમ ભાષા છે. ભાષા દ્વારા જ પરસ્પરનો વ્યવહાર થાય છે, શાસન પ્રભાવના થાય છે. ભાષાથી જ તીર્થંકરો દ્વારા શાસનની સ્થાપના અને શાસનની પરંપરા ચાલે છે. આ રીતે સાંસારિક અને આધ્યાત્મિક ક્ષેત્રે ભાષાનું સ્થાન આગવું હોવાથી અહીં સાંગોપાંગ વર્ણન કર્યું છે.

અહીં એક વિશેષતા એ છે કે અન્ય ભારતીય ભાષાને આકાશનો ગુણ માને છે, ત્યાં જૈનદર્શન ઘટસ્ફોટ કરીને પુદ્‌ગલનો ગુણ સાબિત કર્યો છે. ભાષાવર્ગણા શબ્દથી અભિન્ન છે. કાયયોગ દ્વારા ભાષાવર્ગણાના પુદ્‌ગલોનું ગ્રહણ થાય છે અને વચનયોગ દ્વારા તેનો ત્યાગ થાય છે. આજે ભાષાની પૌદ્‌ગલિકતા વિજ્ઞાનથી પણ પ્રમાણિત થઈ ગઈ છે. જૈન આગમોનું કહેવું છે કે - 'શબ્દ ન માત્ર પૌદ્‌ગલિક છે, પરંતુ તે ધ્વન્યાત્મક રૂપથી આખા લોકની યાત્રા કરે છે.' તે હવે આધુનિક વૈજ્ઞાનિક શોધોએ સિદ્ધ કરી બતાવ્યું છે. આવા તો કંઈ કેટલાંયે રહસ્યો આપણાં આગમોમાં ભર્યાં પડ્યાં છે, જો તેના પર Research કરવામાં આવે તો ઘણા ભેદો ખૂલે એમ છે.

**લેશ્યા** પદમાં વિવિધ દૃષ્ટિકોણથી છ લેશ્યા સંબંધી વિચારણા છે. કષાયથી અનુરંજિત આત્મપરિણામોને લેશ્યા કહે છે. લેશ્યા આત્મા અને કર્મનું જોડાણ કરાવનારું માધ્યમ છે. લેશ્યાના બે પ્રકાર છે : દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યા. ભાવલેશ્યા આત્મપરિણામરૂપ તથા અરૂપી છે. ભાવલેશ્યાના કારણે જે પુદ્‌ગલોનું ગ્રહણ થાય તે દ્રવ્યલેશ્યા છે. દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યા પરસ્પર સંબંધિત છે, પરસ્પર સાપેક્ષ છે. દ્રવ્ય અને ભાવ બંને પ્રકારની લેશ્યાના છ-છ પ્રકાર છે - કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા. પહેલી ત્રણ અશુભ લેશ્યાનાં પરિણામો દુર્ગતિદાયક છે અને ત્રણ શુભ લેશ્યાનાં પરિણામો સુગતિદાયક છે.

**જય જિનેન્દ્ર**

**જય મહાવીર**

## ૨૯

# દ્રવ્યયોગનું સ્વરૂપ અને 'પ્રજ્ઞાપના સૂત્ર'માં તેનું નિરૂપણ


**ડૉ. નિરંજના વોરા-અમદાવાદ**

બૌદ્ધદર્શન અને જૈનદર્શનના વિશેષ અભ્યાસી, ગૂજરાત વિદ્યાપીઠ - અમદાવાદમાં પ્રાધ્યાપક. ૧૫ પુસ્તકો પ્રકાશિત થયાં છે. હસ્તપત્રોનું સંપાદન સંશોધન પ્રિય પ્રવૃત્તિ છે.


સદ્‌ગુરુરૂપ વૈદ્ય દ્વારા આત્મભ્રાન્તિ ટાળીને રાગ-દ્વેષાદિ કષાયોથી રહિત થઈને શુદ્ધ-બુદ્ધ ચૈતન્યને, સ્વ-રૂપને પામવા માટે દ્રવ્યાનુયોગને મહત્ત્વનો ગણવામાં આવ્યો છે.

**ચાર અનુયોગ :** જૈનદર્શનમાં જણાવેલા ચાર અનુયોગ આ પ્રમાણે છે:

**(૧) દ્રવ્યાનુયોગ :** લોકોને વિશે રહેલાં દ્રવ્યો, તેના સ્વરૂપ, ગુણ, ધર્મ, હેતુ, સહેતુ, પર્યાય આદિ અનંત અનંત પ્રકારે છે, તેનું જેમાં વર્ણન છે તે દ્રવ્યાનુયોગ.

**(૨) ચરણાનુયોગ :** દ્રવ્યાનુયોગનું સ્વરૂપ સમજાયા પછી કેમ ચાલવું તે સંબંધીનું વર્ણન તે ચરણાનુયોગ .

**(૩) ગણિતાનુયોગ :** દ્રવ્યાનુયોગ તથા ચરણાનુયોગથી તેની ગણતરીનું પ્રમાણ તથા લોકને વિશે રહેલા પદાર્થ, ભાવો, ક્ષેત્ર, કાળાદિની ગણતરીના પ્રમાણની જે વાત તે ગણિતાનુયોગ.

**(૪) ધર્મકથાનુયોગ :** સત્પુરુષોનાં ધર્મચરિત્રની જે કથાઓ કે જેનો ધડો લઈ જીવને પડતાં અવલંબનકારી થઈ પરિણમે, તે ધર્મકથાનુયોગ.

**દ્રવ્યની પરિભાષા અને પ્રકાર :**

દ્રવ્યના મુખ્ય બે પ્રકાર છે : જીવ અને અજીવ. અજીવના પાંચ પ્રકાર છે -પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. તેને આ પ્રમાણે દર્શાવી શકાય.



## જીવ-અજીવ દ્રવ્યનો પ્રકારભેદે વિશેષ પરિચય :

**જીવ :**

(૧) તે નિત્ય ચૈતન્ય સ્વભાવરૂપ - ઉપયોગના લક્ષણવાળો હોવાથી એક જ છે.

(૨) જ્ઞાન અને દર્શન એવા ભેદને કારણે બે પ્રકારનો છે.

(૩) ઉત્પાદ, ધ્રૌવ્ય અને વિનાશ એ ત્રણ લક્ષણવાળો હોવાથી અથવા કર્મફળચેતના, કાર્યચેતના અને જ્ઞાનચેતના એ ત્રણ પ્રકારે ત્રણ લક્ષણવાળો છે.

(૪) દેવ, મનુષ્ય, નારક અને તિર્યંચ - એ ચાર ગતિમાં પરિભ્રમણ કરતો હોવાથી ચતુર્વિધ ભ્રમણવાળો છે.

(૫) પારિણાગિક, ઔદાવિક વગેરે પાંચ મુખ્ય ગુણોની પ્રધાનતા હોવાને કારણે પંચાગ્ર ગુણપ્રધાન છે.

(૬) જીવ ચાર દિશામાં અને ઉપર તથા નીચે એમ છ દિશામાં ગમન કરતો હોવાથી છ અપક્રમસહિત છે.

(૭) અસ્તિ, નાસ્તિ વગેરે સપ્તભંગી યુક્ત હોવાને કારણે સપ્તભંગી છે.

(૮) જ્ઞાનાવરણ વગેરે આઠ કર્મો અથવા સમ્યક્ત્વ વગેરે આઠ ગુણોના આશ્રયભૂત હોવાને કારણે અષ્ટ-આશ્રય છે.

(૯) નવ પદાર્થ કે તત્ત્વો - જીવ, અજીવ, પાપ, પુણ્ય, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષરૂપે પ્રવર્તમાન હોવાથી નવ અર્થરૂપ છે.

(૧૦) અગ્નિ, પાણી, વાયુ, પૃથ્વી, સાધારણ વનસ્પતિ, પ્રત્યેક વનસ્પતિ, દ્વિન્દ્રિય, ત્રિન્દ્રિય, ચતુરિન્દ્રય અને પંચેન્દ્રિયરૂપ દશ સ્થાનોમાં પ્રાપ્ત હોવાથી દશસ્થાનગત છે.

**અજીવ :**

પુદ્‌ગલદ્રવ્યમાંથી સર્જિત કોઈ સમગ્ર વસ્તુ એના અખંડ સ્વરૂપમાં સ્કંધ છે. તેના અર્ધભાગને દેશ કહે છે. દેશના અર્ધભાગને પ્રદેશ અને તેના છેવટના અવિભાગી ભાગને પરમાણુ કહે છે. તેમાં રસ, વર્ણ, ગ્રંથ અને સ્પર્શના ગુણ છે, પણ કોઈ એક સમયે તે એક જ પ્રકારના રસ કે વર્ણાદિથી યુક્ત હોય છે. પુદ્‌ગલના છ પ્રકાર છે અને તેનાથી ત્રણ લોક ઉત્પન્ન થાય છે.

ધર્મ અને અધર્મ દ્રવ્યની વિશેષતા પણ વર્ણવી છે. લોક અને અલોકનો વિભાગ ધર્મ અને અધર્મને કારણે બને છે, માટે ધર્મ અને અધર્મ વિદ્યમાન છે, તેમનું અસ્તિત્વ છે. જીવ-પુદ્‌ગલના ગતિ અને સ્થિતિના બાહ્યરંગ હેતુને લીધે ધર્મ અને અધર્મનો સ્વીકાર કરવામાં આવે છે. સ્વભાવધર્મની દૃષ્ટિએ તેઓ ભિન્ન છે, લોકાકાશના એક જ ક્ષેત્રમાં તેમનું અસ્તિત્વ હોવાથી, એક-ક્ષેત્રી હોવાથી અભિન્ન છે. સમસ્ત લોકમાં રહેલા જીવ-પુદ્‌ગલોને ગતિ-સ્થિતિમાં સહાયક હોવાથી સમસ્ત લોકમાં વ્યાપ્ત છે, લોકપ્રમાણ છે.

આ ધર્મ અને અધર્મ જીવ-પુદ્‌ગલોને ગતિ-સ્થિતિ કરવામાં હેતુભૂત કે પ્રેરક નથી. તે પોતે નિષ્ક્રિય છે, ઉદાસીન છે. પરંતુ સમસ્ત ગતિ અને સ્થિતિયુક્ત પદાર્થો પોતાના જ હેતુથી ગતિ કે સ્થિતિ કરે છે અને ધર્મ-અધર્મ તેમાં સહાયક કે આશ્રયરૂપ બને છે.

આ ષટ્ દ્રવ્યાત્મક લોકમાં બાકીનાં દ્રવ્યોને જે પૂરેપૂરો અવકાશ આપે છે, તે આકાશ છે, તે તેમને માટે વિશુદ્ધ ક્ષેત્રરૂપ છે. આકાશના લોકાકાશ અને અલોકાકાશ એવા બે ભાગ પડે છે. જીવ વગેરે દ્રવ્યો (આકાશ સિવાયનાં) લોકાકાશમાં અસ્તિત્વ ધરાવે છે. લોકથી ઉપરના ભાગમાં - જેને અલોકાકાશ કહેવામાં આવે છે, તે અનંત અને લોકથી અન્ય છે અને અનન્ય પણ છે. તેમાં ગતિ-સ્થિતિ હોતી નથી. તેથી સિદ્ધ ભગવંતો ઊર્ધ્વગમન કરીને લોકના અગ્રભાગે બિરાજે છે. ગતિ-સ્થિતિનો હેતુ આકાશ વિશે નથી. ધર્મ તથા અધર્મ જ ગતિ અને સ્થિતિના હેતુરૂપ છે. ધર્મ, અધર્મ અને આકાશ સમાન પરિમાણવાળા હોવાને લીધે જ એક જ આકાશમાં અવગાહન કરીને સાથે રહેલા હોવાને કારણે જ એકત્વવાળા છે, પણ વ્યવહારમાં તેમના સ્વભાવધર્મ - ગતિહેતુત્વ, સ્થિતિહેતુત્વ અને અવગાહહેતુત્વ - ભિન્ન ભિન્ન હોવાથી એકબીજાથી ભિન્ન પણ છે. તેમના પ્રદેશો પણ ભિન્ન ભિન્ન છે.

આ દ્રવ્યોમાં આકાશ, કાળ, જીવ, ધર્મ અને અધર્મ અમૂર્ત છે. પુદ્‌ગલ-દ્રવ્ય મૂર્ત છે. તેમાં જીવ ચેતન છે. આ લોકમાં ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય પદાર્થો મૂર્ત છે. અને ઇન્દ્રિયો દ્વારા જેનું ગ્રહણ થઈ શકતું નથી તે અમૂર્ત છે. જીવ સ્વરૂપે અમૂર્ત છે પણ પુદ્‌ગલદ્રવ્યોને સંયોગ થતા મૂર્ત બને છે.

**પ્રજ્ઞાપના સૂત્રમાં જીવ-અજીવ દ્રવ્યનું નિરૂપણ :**

જૈનદર્શનના દ્રવ્યાનુયોગનું નિરૂપણ વિવિધ આગમ ગ્રંથોમાં થયું છે. તેમાં પણ પન્નવણા-સુત્તં-પ્રજ્ઞાપના સૂત્રમાં જીવ-અજીવ દ્રવ્યોની પ્રજ્ઞાપના

પ્રકાર, સ્થાન, સ્થિતિ, વિશેષ, વ્યૂત્ક્રાન્તિ, સંજ્ઞા, યોનિ, ભાષા, શરીર, પરિણામ, લેશ્યા, કર્મબંધ... વગેરે ૩૬ પદોના સંદર્ભમાં વિસ્તાર અને અત્યંત સૂક્ષ્મપણે કરવામાં આવી છે. તેમાં જીવ અને અજીવની જે વિવિધ પ્રકારભેદે ચર્ચા કરવામાં આવી છે, તેનું નીચે પ્રમાણે પૃથક્કરણ કરવાથી વિશેષ ગ્રાહ્ય બને તેમ છે : પ્રજ્ઞાપનાના મુખ્ય બે પ્રકાર છે - જીવ અને અજીવ.

પ્રજ્ઞાપના

- જીવ
  - સંસાર સમાપન્ન
    - નારક
    - તિર્યંચ
    - મનુષ્ય
    - દેવગતિ
  - અસંસાર સમાપન્ન
    - અનંતર સિદ્ધ
    - પરંપરા સિદ્ધ
- અજીવ
  - રૂપી અજીવ પ્રજ્ઞાપના
  - અરૂપી અજીવ પ્રજ્ઞાપના

જીવ અને અજીવ દ્રવ્યના અને સૂક્ષ્મ વર્ગીકરણો પણ અહીં આપવામાં આવ્યાં છે જેમા કે -

સંસાર સમાપન્ન જીવપ્રજ્ઞાપના

- એકેન્દ્રિય
  - પૃથ્વીકાયિક
  - અપકાયિક
  - તેજકાયિક
  - વાયુકાયિક
  - વનસ્પતિકાયિક
- બે-ઈન્દ્રિય
- તે-ઈન્દ્રિય
- ચઉરિન્દ્રિય
- પંચેન્દ્રિય

આ દરેક સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકાર ગણાવ્યા છે.

અજીવ પ્રજ્ઞાપનાના બે પ્રકારો વર્ણવીને તેના સૂક્ષ્મ ભેદ પણ આ રીતે દર્શાવ્યા છે :

**અરૂપી અજીવ ધર્મ પ્રજ્ઞાપનાના દસ પ્રકાર છે :**

ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયનો દેશ, અને ધર્માસ્તિકાયના પ્રદેશો, અધર્માસ્તિકાય, અધર્મસ્તિકાયનો દેશ, અધર્માસ્તિકાયના પ્રદેશો અને કાળ.

**રૂપી અજીવ પ્રજ્ઞાપનાના ચાર પ્રકાર છે. :**

સ્કંધો, સ્કંધ-દેશો, સ્કંધ-પ્રદેશો અને પરમાણુ પુદ્ગલો. પુદ્ગલના પાંચ પ્રકાર છે :

પુદ્‌ગલ

- વર્ણપરિણત
- ગંધપરિણત
- રસપરિણત
- સ્પર્શપરિણત
- સંસ્થાનપરિણત

આ પ્રત્યેક દ્રવ્યના સ્થાનાદિ ભેદે જે વિવિધ પર્યાયોનું અહીં નિરૂપણ થયું છે, આશ્ચર્યજનક છે. અત્યંત સૂક્ષ્મતા, ગહનતા અને ક્રાન્તદર્શિતા વડે પૂજ્ય તીર્થંકર સ્વામીએ સકળ લોકનું જે ચિત્ર સૂત્રાત્મકરૂપે અહીં પ્રગટ કર્યું છે, તેનું સારરહસ્ય પામવું મુશ્કેલ છે. જેમ કે - મનુષ્યોના ભેદ જણાવતા તેના બે પ્રકાર દર્શાવ્યા છે - સંમૂર્ચ્છિમ મનુષ્યો અને ગર્ભજ મનુષ્યો. દેવોના ચાર પ્રકાર છે - ભવનવાસી, વાનમંતર, જયોતિષ્ક અને વૈચાનિક, પૃથ્વીકાયિક, વનસ્પતિકાયિક વગેરેના તો અસંખ્ય ભેદો વર્ણવ્યા છે. તે દરેકનાં સ્થાનો, સ્થિતિ, અલ્પબાહુત્વ, સંખ્યાવિશેષ, વ્યુત્ક્રાન્તિ ,ઉચ્છ્‌વાસ વગેરે વિશે વિસ્તારથી માહિતી આપી છે.

**દસ સંજ્ઞાઓ :** આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, લોક અને ઓઘ સંજ્ઞા - તેમનું વિશદ્ વર્ણન અને તેના ઉપયોગ વિશેની તલસ્પર્શી માહિતી અહીં મળે છે.

વિવિધ દૃષ્ટિએ યોનિના પ્રકાર આ પ્રમાણે છે :

યોનિ

- શીત ઉષ્ણ શીતોષ્ણ
- સચિત્ત અચિત્ત મિશ્ર
- સંવૃત્ત વિવૃત્ત સંવૃત્તવિવૃત્ત
- કમોન્નતા સંખાવર્તા વંશીપત્રા

પૃથ્વીના આઠ પ્રકાર ગણાવીને ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ - એ શરીરના ભેદોનું પણ અહીં દ્રવ્યાનુયોગ સંદર્ભે વર્ણન ઉપલબ્ધ થાય છે. પરિણામ, ઇન્દ્રિયો, ઉદ્દેશ, પંદર પ્રકારના પ્રયોગો, છ પ્રકારની લેશ્યાઓ, બાવીસ પ્રકારની કાયસ્થિતિ, અંતક્રિયા-ચ્યવન-ઉત્પત્તિ; સંસ્થાન, ક્રિયાઓ, આઠ પ્રકારની કર્મપ્રકૃતિ; આહાર, ભવ્ય, સંજ્ઞી, લેશ્યા, દૃષ્ટિ સંઘત, કષાય, જ્ઞાન, યોગ, ઉપયોગ, વેદ, શરીર અને પર્યાપ્તિ વગેરેના સંદર્ભમાં જીવદ્રવ્યનું કરેલું વિસ્તૃત નિરૂપણ-પ્રજ્ઞાપના ખૂબ મહત્ત્વનું અને નોંધપાત્ર છે.

# ૩૦ 'પ્રજ્ઞાપના સૂત્ર'ને આધારે દ્રવ્યાનુયોગનું મહત્ત્વ

ડૉ. શોભના આર. શાહ - અમદાવાદ

આંતરરાષ્ટ્રીય જૈન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ - અમદાવાદના પ્રાધ્યાપક, અનેક રાષ્ટ્રીય પરિસંવાદ અને જ્ઞાનસૂચક તથા સાહિત્ય સમારોહમાં અભ્યાસપૂર્ણ રજૂ કરે છે.

**પ્રજ્ઞાપનાનો અર્થ :**

'પ્રજ્ઞાપના શું છે ?' એના ઉત્તરમાં સ્વયં શાસ્ત્રકારે કહ્યું છે કે - "જીવ અને અજીવના સંબંધમાં જે પ્રરૂપણા છે તે પ્રજ્ઞાપના છે."

'પ્ર' એટલે વિશિષ્ટ પ્રકારે 'જ્ઞાપન' એટલે કે નિરૂપણ કરવું. યથાયોગ્ય રૂપથી જીવાદિ પદાર્થોનું જ્ઞાન કરાવતું હોવાથી તેને પ્રજ્ઞાપના કહે છે. આચાર્ય મલધારી હેમચન્દ્ર તેનો અર્થ यथावस्थितं जीवादिपदार्थज्ञापनात् प्रज्ञापना' એવો જણાવે છે. આચાર્ય મલયગિરિ પ્રજ્ઞાપનાનો અર્થ જણાવે છે કે - "પ્રજ્ઞાપના શબ્દના પ્રારંભમાં જે 'પ્ર' ઉપસર્ગ છે, તે ભગવાન મહાવીરના ઉપદેશથી વિશેષતા સૂચિત કરે છે." અર્થાત્ જીવ-અજીવ આદિ તત્ત્વોનું જે સૂક્ષ્મ વિશ્લેષણ સર્વજ્ઞ ભગવાન મહાવીરે કર્યું છે, જેના દ્વારા શિષ્યોને જીવ-અજીવ આદિ તત્ત્વોના યથાયોગ્ય સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવે, જે વિશિષ્ટ નિરૂપણ કુતીર્થિક પ્રણેતાઓના માટે અસાધ્ય છે, તે પ્રજ્ઞાપના છે.

સંપૂર્ણ જૈન આગમ સાહિત્યમાં જે સ્થાન પાંચમું અંગ ભગવતી સૂત્રનું છે તે ઉપાંગ સૂત્રમાં પ્રજ્ઞાપના સૂત્રનું છે.[3]

**પ્રજ્ઞાપના સૂત્રના કર્તા - આધાર :**

કર્તાના વિષયમાં આર્ય શ્યામનું નામ નિર્વિવાદ રૂપથી માન્ય છે, એવો ઉલ્લેખ સૂત્રના પ્રારંભમાં મંગલ પછી બે ગાથાઓમાં છે, જેને વ્યાખ્યાકાર આચાર્ય હરિભદ્ર અને આચાર્ય મલયગિરિને અન્ય કર્તૃક કહ્યા છે.

**આધાર :** પ્રજ્ઞાપના સૂત્રના સંકલયિતા શ્રી શ્યામાચાર્યે પ્રજ્ઞાપનાને દૃષ્ટિવાદનો નિષ્કર્ષ બતાવ્યો છે. अज्झयणभिणं चित्तं सुयरयणं दिट्ठिवायणीसंदं[4] દૃષ્ટિવાદ આજે આપણી સામે ઉપલબ્ધ નથી, પરંતુ સંભવ છે કે દૃષ્ટિવાદમાં દૃષ્ટિ દર્શનથી સંબંધિત વર્ણન હોય, પ્રજ્ઞાપનામાં

વર્ણીત વિષયવસ્તુનું જ્ઞાનપ્રવાદ, આત્મપ્રવાદ, કર્મપ્રવાદ આદિ સાથે મેળ ખાય છે.[૫]

**રચના શૈલી :** પ્રજ્ઞાપના સૂત્ર ઉપાંગોમાં સૌથી મોટું સૂત્ર છે. સમગ્ર ગ્રંથની રચના પ્રશ્નોત્તર રૂપમાં છે. આ આગમ મુખ્યતયા ગદ્યાત્મક છે, કેટલોક ભાગ પદ્યમાં પણ છે. તેમાં આવેલી ગાથાઓનું પરિમાણ ૨૭૨ છે. પદોના આરંભમાં વિષય કે દ્વાર સૂચક અને ક્રમાંક મધ્યમાં તો ક્યાંક ઉપસંહારક સૂચક ગાથાઓ આવેલી છે. વિષયોનું વર્ણન વિસ્તારથી કરવામાં આવ્યું છે. ગ્રંથ પ્રકરણોમાં વિભક્ત છે, જેને પદ કહેવામાં આવ્યા છે. સૂત્રની ભાષા અર્ધમાગધી છે.

જિનભદ્રગણિએ દ્રવ્યાનુયોગના બે ભેદ કર્યા છે - જીવદ્રવ્ય, અજીવ દ્રવ્યાનુયોગ

પ્રજ્ઞાપના સૂત્રમાં ષડ્દ્રવ્યોનું વર્ણન દ્રવ્યાનુયોગનો એક મુખ્ય વિષય છે. ષડ્ દ્રવ્ય : ૧. જીવ, ૨. અજીવ-ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ, કાળ.

**જીવ :** જીવ દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત અને અનાદિ અનંત છે. જીવના સ્વરૂપનું વર્ણન કરતાં શ્રી નેમીચંદ સિદ્ધાંત ચક્રવર્તીએ કહ્યું છે -

"जीवो उवओगमओ अमुत्ति कत्ता सदेहपरिमाणो ।
भोत्ता संसारत्थो सिद्धो सो विस्ससोड्ढगई ॥"[૭]

અર્થાત્ જીવ ઉપયોગમય હોય છે. અમૂર્તિક હોય છે. કર્તા અને ભોક્તા હોય છે. તે સ્વદેહ પરિમાણ હોય છે. સ્વભાવથી તે ઊર્ધ્વગતિ કરે છે. જીવદ્રવ્ય ચેતનાલક્ષણ યુક્ત હોય છે. જીવનું લક્ષણ ઉપયોગ છે. ઉપયોગ બે પ્રકારના છે : (૧) સાકાર, (૨) નિરાકાર. સાકાર ઉપયોગને જ્ઞાન અને નિરાકાર ઉપયોગને દર્શન કહેવામાં આવે છે. આ પ્રમાણે જે દ્રવ્ય જ્ઞાન અને દર્શનયુક્ત હોય છે, તે જીવ છે. આ જીવની ઓળખ વ્યવહારમાં પાંચ ઈન્દ્રિયો, મન, વચન અને કાય રૂપ ત્રણ બળ તથા શ્વાસોચ્છ્વાસ અને આયુ, આ દસ પ્રાણ રૂપ લક્ષણોની ઓછી-વધતી સત્તા દ્વારા થઈ શકે છે.

"पंच वि इंदियपाणा मनवचकायेसु तिण्णि ब्लपाणा ।
आणप्पाणप्पाणा आउगपाणेण होंति दस पाणा ॥"[૮]

સંસારમાં જીવ બે પ્રકારના હોય છે : સંસારસ્થ અને સિદ્ધ. સિદ્ધ જીવ આઠ કર્મોથી મુક્ત થઈ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, ક્ષાયિક

સમ્યક્ત્વ આદિ ગુણોથી યુક્ત હોય છે. સંસારસ્થ પ્રાણી જીવાજીવનું સંમિલિત રૂપ છે. સંસારસ્થ પ્રાણીને દેહાદિનું પ્રાપ્ત હોય છે તેનો અજીવની સાથે સંયોગ હોય છે. વ્યવહારમાં દેહાદિયુક્ત પ્રાણીઓને જ જીવ કહેવામાં આવે છે. આવા જીવોનું અનેક પ્રકારથી વિભાજન કરવામાં આવે છે. ચાર ગતિના આધારે તેઓને (૧) નરકગતિ, (૨) તિર્યંચગતિ (૩) મનુષ્યગતિ, (૪) દેવગતિના જીવોમાં વિભક્ત કરવામાં આવે છે, તેમ જ પ્રત્યેક જીવોના ઈન્દ્રિયોના ભેદાનુસાર પાંચ પ્રકાર છે - એકેન્દ્રિય જીવ તે છે જેને એક માત્ર સ્પર્શેન્દ્રિય હોય છે.

એનાં પાંચ ભેદ છે - પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાય, દ્વિન્દ્રિય જીવો તે છે જેને સ્પર્શ અને રસના બે હોય છે. દા.ત., કૃમિ, શંખ, શમ્બૂક, ઘોંઘરી, શુક્તિસંપુટ. એ જ પ્રકારે કીડી વર્ગના સ્પર્શ, રસના અને ઘ્રાણયુક્ત પ્રાણી ત્રિન્દ્રિય છે. ભ્રમર વર્ગના નેત્ર સહિત ચતુરિન્દ્રિય અને બાકીના પશુ, પક્ષી અને મનુષ્ય વર્ગના શ્રોત્રેન્દ્રિય સહિત જીવ પંચેન્દ્રિય કહેવાય છે. એકેન્દ્રિય જીવોને સ્થાવર અને દ્વિન્દ્રિયાદિ બધા જીવોને ત્રસસંજ્ઞા આપવામાં આવેલી છે. આ એક-એક શરીરધારી વૃક્ષાદિ સમસ્ત પ્રાણીઓનાં શરીરોમાં સાધારણ જીવોની સત્તા માનવામાં આવી છે. જેને આહાર, શ્વાસોચ્છ્વાસ આદિ જીવન ક્રિયાઓ એક સાથે થાય છે. આ સામાન્ય શરીરને નિગોદ કહેવામાં આવે છે.

આવા જીવોની સંખ્યા અનંત માનવામાં આવી છે.

एग - निगोद - सरीरे जीवा दव्वप्पमाणदो दिट्ठा ।
सिद्धेहिं अनन्तगुणा, सव्वेण विदीदकालेण ॥[૯]

આ નિગોદવર્તી જીવોનું આયુ-પ્રમાણ અતિ અલ્પ માનવામાં આવ્યું છે. ત્યાં સુધી કે એક શ્વાસોચ્છ્વાસ કાળમાં એનું અઢાર વાર જીવન અને મરણ થાય છે. આ જીવોની અનંત રાશિ છે, જેમાંથી ક્રમશઃ જીવ ઉપરની યોનિઓમાં આવતા રહે છે, અને મુક્ત જીવોના સંસારમાંથી નીકળવા પર પણ સંસારી જીવનધારાને અનંત બનાવી રાખે છે. આ પ્રકારના સાધારણ જીવોની માન્યતા જૈન-સિદ્ધાંતની પોતાની વિશેષતા છે.

પર્યાપ્ત અને અપર્યાપ્તના આધારે પણ જીવોનું વિભાજન કરવામાં આવ્યું છે. પર્યાપ્તના આધારે અર્થાત્ પોતાના યોગ્ય આહાર, ઈન્દ્રિય આદિ પર્યાપ્તિઓને ગ્રહણ કરી કાર્ય પૂર્ણ કરી લેવું. અપર્યાપ્ત એટલે આ પર્યાપ્તિઓને પૂર્ણ ન કરવું. એક જીવમાં ઓછામાં ઓછી ચાર પર્યાપ્તિ

હોય છે : (૧) આહાર, (૨) શરીર, (૩) ઇન્દ્રિય, (૪) શ્વાસોચ્છ્‌વાસ. આ ચાર પર્યાપ્તિઓ એકેન્દ્રિય જીવમાં જોવા મળે છે. દ્વિન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોમાં ભાષા પર્યાપ્તિ અધિક હોય છે, તથા સંજ્ઞી પંચેન્દ્રિય જીવમાં મન:પર્યાપ્તિ મળીને છ પર્યાપ્તિઓ થાય છે. એકેન્દ્રિય જીવ સૂક્ષ્મ અને બાદરના ભેદથી બે પ્રકારના છે. સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોને કાપી, ભેદી કે છેદી શકતા નથી. બાદર એકેન્દ્રિય જીવોને ઘાત આદિથી પ્રાણવિહીન કરી શકાય છે.

આમ જીવનું સ્વરૂપ અને તેના ભેદ બતાવવામાં આવ્યા છે.

**અજીવતત્ત્વ :** અજીવદ્રવ્યના પાંચ ભેદ છે : પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. અજીવ પ્રજ્ઞાપનામાં અરૂપી અને રૂપી અજીવોના ભેદ-પ્રભેદોનું વર્ગીકરણ તથા વિવિધ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન એક બીજા સાથે સંબંધિત થવાથી થવાવાળા વિકલ્પો પણ પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

**રૂપી અજીવની પરિભાષા :** જેનામાં રૂપ છે તે રૂપી કહેવાય છે. રૂપ અર્થાત્ રસ, ગંધ, સ્પર્શ અને સંસ્થાનને ગ્રહણ કરવું તે છે. કારણ કે રસ, ગંધ આદિ વિના એકલા રૂપનું અસ્તિત્વ સંભવ નથી. પ્રત્યેક પરમાણુ રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળા હોય છે. ટૂંકમાં, રૂપનો અર્થ છે - સ્પર્શ, રૂપ આદિમય મૂર્તિ, તે જેમાં છે, તે મૂર્તિક કે રૂપી કહેવાય છે. સંસારમાં જેટલી પણ રૂપાદિમાન અજીવ વસ્તુઓ છે, તે બધાની રૂપી અજીવમાં ગણના થાય છે.

**અરૂપી અજીવની પરિભાષા :** જેનામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ ન હોય, તે બધા અચેતન પદાર્થ અરૂપી અજીવ કહેવાય છે. અરૂપી અજીવના મુખ્ય દશ ભેદ હોવાથી તેની પ્રજ્ઞાપના - પ્રરૂપણા પણ દસ પ્રકારની કહેવામાં આવી છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આ ત્રણેના સ્કંધ, દેશ અને પ્રદેશ તથા અદ્ધાકાળ એમ કુલ ૧૦ ભેદ હોય છે.

## પુદ્‌ગલ :

અજીવદ્રવ્યોમાં રૂપવાન દ્રવ્ય પુદ્‌ગલ છે. બાકીના બધા અરૂપી છે. જેટલા પણ મૂર્તિમાન પદાર્થ વિશ્વમાં દેખાય છે, તે બધા પુદ્‌ગલદ્રવ્યના વિવિધ રૂપ છે. પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુ - આ ચારે તત્ત્વ, વૃક્ષો, પશુ-પક્ષી આદિ જીવો અને મનુષ્યોનાં શરીર - આ બધા પુદ્‌ગલના જ રૂપ છે. 'તત્ત્વાર્થ સૂત્ર'માં પુદ્‌ગલનું લક્ષણ આપતાં કહ્યું છે કે - ''સ્પર્શરસ

गंधवर्णयन्तः पुद्गलाः ।'' [10] અર્થાત્ જે સ્પર્શ, રસ, ગંધ અને વર્ણથી યુક્ત છે તે પુદ્ગલ છે.

પુદ્ગલનો એક નિરૂક્તિપરક અર્થ એ છે કે જે પૂરણ અને ગલન અવસ્થાને પ્રાપ્ત થાય છે તે પુદ્ગલ છે. એક અન્ય પરિભાષા અનુસાર જીવ જેને શરીર, આહાર, વિષય, ઇન્દ્રિય આદિના રૂપમાં ગ્રહણ કરે છે તે પુદ્ગલ છે, નિર્વિભાગ દ્રવ્ય રૂપ પરમ અણુ-પરમાણુ પુદ્ગલ કહેવાય છે. પરમાણુ સ્કંધમાં મળેલા નથી હોતા તે સ્વતંત્ર પુદ્ગલ હોય છે. પુદ્ગલના મુખ્ય બે ભેદ છે - (૧) પરમાણુ કે અણુ, (૨) સ્કંધ.

પુદ્ગલનું સૂક્ષ્મતમ રૂપ પરમાણુ છે, જે અત્યંત લઘુ હોવાના કારણે ઇન્દ્રિયગ્રાહ્ય નથી હોતું. અનેક પરમાણુઓના સંયોગથી એમાં પરિમાણ ઉત્પન્ન થાય છે, અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને સંસ્થાનમાં પરિણમિત થવાથી પુદ્ગલ પાંચ પ્રકારના હોય છે. પ્રત્યેક પુદ્ગલદ્રવ્યમાં આ પાંચે ગુણ રહે છે.

| | |
|---|---|
| વર્ણ પાંચ પ્રકારના છે | : કાળો, લીલો, લાલ, પીળો, સફેદ. |
| ગંધના બે પ્રકાર | : સુરભિગંધ, દુરભિગંધ. |
| રસના પાંચ પ્રકાર | : તીખો, કડવો, કષાયેલો, ખાટો, મીઠો. |
| સ્પર્શના આઠ પ્રકાર | : કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, રૂક્ષ, સ્નિગ્ધ. |
| સંસ્થાનના પાંચ પ્રકાર | : કે છ પ્રકાર છે. |

પાંચ પ્રકાર માનીએ તો - પરિમંડળ, વૃત્ત, ત્રિકોણ, ચતુષ્કોણ અને આયત. છઠ્ઠો પ્રકાર માનીએ તો અનિયતની ગણના થઈ શકે છે.

શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થૂળતા, સંસ્થાન, અંધકાર, છાયા અને પ્રકાશ આ બધા પુદ્ગલદ્રવ્યના જ વિકાર છે. પુદ્ગલોનું સ્થૂલતમ રૂપ મહાન પર્વતો અને પૃથ્વીઓના રૂપ આદિમાં છે. ઉપરાંત સૂક્ષ્મતમ કર્મ-પરમાણુઓ સુધી પુદ્ગલદ્રવ્યના અસંખ્યાત ભેદ અને રૂપ જોવા મળે છે. પુદ્ગલ સ્કંધોનો ભેદ અને સંઘાત નિરંતર થતો રહે છે.

પુદ્ગલ શબ્દનો ઉપયોગ જૈન-સિદ્ધાંત સિવાય બૌદ્ધગ્રંથોમાં પણ જોવા મળે છે, પરંતુ ત્યાં તેનો અર્થ માત્ર શરીરી જીવો સાથે જ છે.

આમ આ પૂરણ અને ગલનના કારણે આ પુદ્ગલ નામ સાર્થક થાય છે.

**ધર્મદ્રવ્ય :**

બીજું અજીવદ્રવ્ય ધર્મ છે, આ અરૂપી છે, અને સમસ્ત લોકમાં વ્યાપ્ત છે. સ્વયં ગતિ પરિણામમાં પરિણત જીવો અને પુદ્ગલોની ગતિમાં જે

નિમિત્ત કારણ છે, જીવો-પુદ્‌ગલોના ગતિરૂપ સ્વભાવનું જે ધારણ-પોષણ કરે છે, તે ધર્મ કહેવાય છે. અસ્તિનો અર્થ પ્રદેશ છે અને કાય અર્થાત્ સંઘાત, અસ્તિકાય છે. ધર્મરૂપ અસ્તિકાય ધર્માસ્તિકાય કહેવાય છે.

**ધર્માસ્તિકાયનો દેશ :**

ધર્માસ્તિકાયના બુદ્ધિ દ્વારા કલ્પિત બે, ત્રણ આદિ પ્રદેશાત્મક વિભાગ છે.

**ધર્માસ્તિકાયનો પ્રદેશ :**

ધર્માસ્તિકાયના બુદ્ધિકલ્પિત પ્રકૃષ્ટ દેશ, પ્રદેશ - જેનો ફરીથી વિભાગ ન થઈ શકે તેવો નિર્વિભાગ વિભાગ.

**અધર્માસ્તિકાય :**

ધર્માસ્તિકાયનો પ્રતિપક્ષભૂત અધર્માસ્તિકાય છે. અર્થાત્ સ્થિતિ પરિણામમાં પરિણત જીવો અને પુદ્‌ગલોની સ્થિતિમાં જે સહાયક હોય એવો અમૂર્ત, અસંખ્યાતપ્રદેશ સંઘાતાત્મક દ્રવ્ય અધર્માસ્તિકાય છે.

**અધર્માસ્તિકાયના દેશ, પ્રદેશ :**

અધર્માસ્તિકાયના બુદ્ધિ કલ્પિત દ્વિપ્રદેશાત્મક આદિ ખંડ અધર્માસ્તિકાય દેશ અને એનો અતિ સૂક્ષ્મ વિભાગ, જેનો ફરી બીજો વિભાગ ન થઈ શકે તે અધર્માસ્તિકાય પ્રદેશ છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના પ્રદેશ અસંખ્યાત છે.

**આકાશાસ્તિકાય :**

જેમાં અવસ્થિત પદાર્થ પોતાના સ્વભાવનો પરિત્યાગ કર્યા વિના પ્રકાશિત સ્વરૂપથી પ્રતિભાસિત થાય છે તે આકાશ છે, અથવા જે બધા પદાર્થોમાં અભિવ્યાપ્ત થઈને પ્રકાશિત થતો રહે છે તે આકાશ છે.

જીવાદિ દ્રવ્યોને અવકાશ આપવો તે તેનો ગુણ છે. આકાશ અનંત છે, પરંતુ જેટલા આકાશમાં જીવાદિ અન્ય દ્રવ્યોની સત્તા પ્રાપ્ત થાય છે તે લોકાકાશ કહેવાય છે. અને તે સીમિત છે. લોકાકાશથી પર જે અનંત શુદ્ધ આકાશ છે, તેને આલોકાકાશ કહેવામાં આવે છે. આમાં અન્ય કોઈ દ્રવ્યનું અસ્તિત્વ હોતું નથી. આકાશદ્રવ્યનું અસ્તિત્વ બધાં દર્શનોએ સ્વીકાર્યું છે. દ્રવ્યની આકાશમાં સ્થિતિ હોય છે, ગમન હોય છે અને રુકાવટ પણ હોય છે. સામાન્યતઃ આ ત્રણે અર્થક્રિયાઓ આકાશ ગુણ દ્વારા જ સંભવ માનવામાં આવે છે. આ વિચારધારાનુસાર લોકાકાશમાં ઉક્ત ત્રણ અર્થ ક્રિયાઓના

સાધન રૂપ ત્રણ પૃથક્ પૃથક્ દ્રવ્ય અર્થાત્ આકાશ, ધર્મ અને અધર્મની કલ્પના કરવામાં આવી છે. આધુનિક ભૌતિક વૈજ્ઞાનિકોનો એક એવો પણ મત છે કે - 'આકાશમાં જ્યાં સુધી ભૌતિક તત્ત્વોની સત્તા પ્રાપ્ત થાય છે, એનાથી પર એના ગમનમાં તે આકાશ રુકાવટ ઉત્પન્ન કરે છે." જૈન સિદ્ધાંતાનુસાર - 'આ પરિસ્થિતિ એ કારણથી ઉત્પન્ન થાય છે કે આ અલોકાકાશમાં ગમનના સાધનભૂત ધર્મદ્રવ્યનો અભાવ છે."

**કાળદ્રવ્ય :**

પાંચમું અજીવદ્રવ્ય કાળ છે. કાળને અદ્ધા કહેવામાં આવે છે. અદ્ધારૂપ સમય અદ્ધાસમય છે, અથવા કાળ સમય અર્થાત્ નિર્વિભાગ ભાગ અદ્ધા-સમય કહેવાય છે. પરમાર્થ દૃષ્ટિથી વર્તમાનકાળનો એક જ સમય 'સત્' હોય છે. અતીત અને અનાગતકાળનો સમય નહિ, કારણ કે અતીતકાળનો સમય વીતી ચૂક્યો છે અને અનાગતનો સમય ઉત્પન્ન નથી થયો. આથી કાળમાં દેશ-પ્રદેશોના સંઘાતની કલ્પના થઈ શકતી નથી. અસંખ્યાત સમયોના સમૂહરૂપ આવલિકા આદિની કલ્પના માત્ર વ્યવહારના માટે કરવામાં આવી છે.

કાળ સ્વરૂપનું બે પ્રકારે નિરૂપણ કરવામાં આવે છે - (૧) નિશ્ચયકાળ અને (૨) વ્યવહારકાળ નિશ્ચયકાળ પોતાની દ્રવ્યાત્મક સત્તા રાખે છે, અને તે ધર્મ અને અધર્મ દ્રવ્યોની સમાન સમસ્ત લોકાકાશમાં વ્યાપ્ત છે. જ્યારે પદાર્થોમાં કાળકૃત સૂક્ષ્મતમ વિપરિવર્તન થવામાં અથવા પુદ્‌ગલના એક પરમાણુને આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશમાં જવા માટે જે સમય કે અવકાશ લાગે છે, તે વ્યવહારકાળ છે. આવા અસંખ્યાત સમયોની એક આવલિ, સંખ્યાત આવલિયોનો એક ઉચ્છ્‌વાસ, સાત ઉચ્છ્‌વાસોનો એક સ્તોક, સાત સ્તોકોનો એક લવ, ૩૮-૧/૨ લવોની એક નાળી, ૨ નાળીઓનું એક મુહૂર્ત અને ૩૦ મુહૂર્તનું એક અહોરાત્ર થાય છે. અહોરાત્રથી અધિકની કાળગણના પક્ષ, માસ, ઋતુ, અયન, વર્ષ, યુગ, પૂર્વાંગ, પૂર્વ, નયુતાંગ, નયુત આ બધા સંખ્યાતકાળના ભેદ છે. ત્યારબાદ અસંખ્યાતકાળનો પ્રારંભ થાય છે. તેના પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદ થાય છે. ત્યારબાદ અનંતકાળ આવે છે. તેના પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે.

# ૩૧ 'પ્રજ્ઞાપના સૂત્ર'ને આધારે જિનાગમમાં દ્રવ્યાનુયોગનું મહત્ત્વ

**ડૉ. રશ્મિભાઈ ઝવેરી**

પ્રેક્ષાધ્યાની પ્રખરવક્તા રશ્મિભાઈએ તાજેતરમાં મુંબઈ યુનિવર્સિટીમાં પીએચ.ડી. કરેલ છે. 'મંગલયાત્રા', 'જીવદયા'ના સંપાદક છે.

## અનુયોગ : નિર્વચન અને પરિભાષા :

સૂત્રની એના અર્થની સાથે યોજના કરવામાં આવે, એને અનુયોગ કહેવામાં આવે છે. સૂત્ર સંક્ષિપ્ત હોય છે એટલે એ 'અનુ' કહેવાય છે. એ 'અનુ'નું એના અભિધેય - પ્રતિપાદ્ય સાથે સંયોજન કરવું એનું નામ છે અનુયોગ.[૫] ટૂંકમાં, અનુયોગનો અર્થ છે - અધ્યયનના અર્થની પ્રતિપાદન પદ્ધતિ.

અનુયોગના પાંચ પર્યાય છે : અનુયોગ, નિયોગ, ભાષા, વિભાષા અને વાર્તિક[૬] અનુયોગના સાત નિક્ષેપ છે - નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, વચન અને ભાવ.[૭] અનુયોગમાં પ્રવેશ કરવાના ચાર દ્વાર છે. - ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય.[૮]

## પન્નવણા - નામ-બોધ :

આ સૂત્રના પ્રથમ પદનું નામ છે - **'પણ્ણવર્ણા'.** આથી એનું નામ પન્નવણા સૂત્ર છે. સ્વયં સૂત્રકારે પ્રથમ પદની બીજી ગાથામાં કહ્યું છે કે - "ભવી જીવોને નિર્વાણનો ઉપદેશ આપનારા જિનેશ્વર ભગવાને શ્રુતરત્ન નિધિરૂપ સર્વભાવોની પ્રજ્ઞાપનાનો ઉપદેશ આપ્યો છે." આમ પણ્ણવણાનો પ્રચલિત અર્થ છે જીવ અને અજીવના સંબંધમાં ભગવાનની પ્રરૂપણા એ જ પ્રજ્ઞાપના. એનો શાબ્દિક અર્થ છે - વિશિષ્ટ પ્રકારે નિરૂપણ કરવું - જ્ઞાન કરાવવું. જીવ-અજીવ આદિ તત્ત્વોનું સૂક્ષ્મ વિશ્લેષણ એ જ એની પ્રજ્ઞાપના. શ્રી જયંત મુનિજીએ એનો નવીન અર્થ આપ્યો છે - 'પ્રજ્ઞવર્ણા.'

## વિષયવસ્તુ :

'પન્નવણા સૂત્ર'માં ૩૬ પદો - પ્રકરણો છે, જેમાં જીવ અને અજીવની ભિન્ન ભિન્ન પર્યાયોનું પ્રશ્નોત્તરના રૂપમાં પ્રજ્ઞાપન કરવામાં આવ્યું છે. જૈન

તત્ત્વજ્ઞાનનો આ અર્ણવ ગ્રંથ છે. **It is the ocean of the science of Reality. It is the source book of the science of Truth, as it thoroughly deals with Jaima metaphysics and omtology.**

શ્રી ભગવતી સૂત્રની જેમ આ આગમ પણ તત્ત્વજ્ઞાનનો આકર-ગ્રંથ છે, કારણ એમાં જૈન તત્ત્વજ્ઞાનનું ગંભીર અધ્યયન છે, વર્ણન છે, પ્રજ્ઞાપન છે. એનો સંચય દૃષ્ટિવાદ(બારમું અંગ)માંથી કરવામાં આવ્યો છે. તેથી એ દૃષ્ટિવાદનું નિઃસ્પન્દ અથવા સાર કહેવાય છે.[૯] દૃષ્ટિવાદમાંથી સંગૃહીત કરવાને કારણે એનો વિષય પણ દૃષ્ટિવાદ - જે હાનિ અનુપલબ્ધ છે - ના વિષયોમાંથી છે એમ અનુમાન કરી શકાય છે.

એના છત્રીસ પદોમાં બે પ્રકારની પ્રજ્ઞાપના છે - જીવપણ્ણવણા અને અજીવપણ્ણવણા[૧૦]. (૧) આ એનું પ્રથમ પદ છે. બીજાં પદો છે - (૨) સ્થાન (૩) બહુવક્તવ્ય (૪) સ્થિતિ (૫) વિશેષ (૬) વ્યુત્ક્રાંતિ (૭) ઉચ્છ્વાસ (૮) સંજ્ઞા (૯) યોનિ (૧૦) ચરમ (૧૧) ભાષા (૧૨) શરીર (૧૩) પરિણામ (૧૪) કષાય (૧૫) ઈન્દ્રિય (૧૬) પ્રયોગ (૧૭) લેશ્યા (૧૮) કાયસ્થિતિ (૧૯) સમ્યક્ત્વ (૨૦) અંતક્રિયા (૨૧) અવગાહના-સંસ્થાન (૨૨) ક્રિયા (૨૩) કર્મ (૨૪) કર્મબંધક (૨૫) કર્મવેદક (૨૬) કર્મવેદબંધક (૨૭) કર્મવેદવેદક (૨૮) આહાર (૨૯) ઉપયોગ (૩૦) પશ્યત્તા (૩૧) સંજ્ઞી (૩૨) સંયમ (૩૩) અવધિ (૩૪) પ્રવિચારણા (૩૫) વેદના અને (૩૬) સમુદ્ઘાત[૧૧]

### રચનાકાર અને રચનાકાળ

પ્રસ્તુત સૂત્રની રચના સુધર્માસ્વામીના ૨૩મા પટ્ટધર આર્ય શ્યામ-શ્યામાચાર્યે (અપર નામ કાલકાચાર્ય - પ્રથમ) કરી છે.[૧૨] તેઓ વાચકવંશની પરંપરાના શક્તિશાળી વાચક અને પૂર્વધર આચાર્ય હતા.

પ્રસ્તુત આગમનો રચનાકાળ વીર-નિર્વાણ પછી ૩૩૫ થી ૩૭૫ની વચ્ચેનો સંભવિત છે. બાર ઉપાંગોમાં એનું વિશિષ્ટ સ્થાન છે, એટલે એમ પ્રતીત થાય છે કે જ્યારે પૂર્વોની વિસ્મૃતિ થવા લાગી હતી અને એના બાકી રહેલા અંશોની સ્મૃતિ શેષ હતી, એ સમય પ્રજ્ઞાપનાનો રચનાકાળ સંભવિત છે. આ જ સમયમાં 'ષટ્ખંડાગમ'ની રચના પણ થઈ હતી.[૧૩]

**દ્રવ્યાનુયોગ :**

દ્રવ્યનો અર્થ છે ધ્રુવ સ્વભાવી તત્ત્વ જે વિભિન્ન પર્યાયોને પ્રાપ્ત કરે છે, પણ પોતાનો મૂળ ગુણ નથી છોડતું. આ સંસારમાં મૂળ બે જ તત્ત્વો છે - જીવ અને અજીવ અથવા ચેતન અને જડ. આ બે તત્ત્વોની જુદી જુદી દૃષ્ટિઓ અને જુદી જુદી શૈલીથી વ્યાખ્યા અને વર્ગીકરણ કરવામાં આવે, એને દ્રવ્યાનુયોગ કહેવાય છે. જૈનાગમોમાં ચાર અનુયોગોમાંથી દ્રવ્યાનુયોગનો વિષય સૌથી વિશાળ અને ગંભીર ગણાય છે. દ્રવ્યાનુયોગનો સમ્યક્જ્ઞાતા આત્મજ્ઞ અને અવિકલ સમગ્ર રૂપમાં પરિજ્ઞાતા 'સર્વજ્ઞ' કહેવાય છે.[૧૪]

**દ્રવ્યની પરિભાષાઓ**

'ગુણ-પર્યાયવદ્ દ્રવ્યમ્'[૧૫]
'ગુણ - પર્યાયાશ્રયો દ્રવ્યમ્'[૧૬]

દ્રવ્યનું લક્ષણ સત્ છે અને સત્‌ની પરિભાષા છે 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકમ સત્'.[૧૭] આ ત્રિપદી એ મહાવીરની મૌલિક દેન છે અને એને આધારે પન્નવણામાં દ્રવ્યાનુયોગની વિશદ્ ચર્ચા છે.

# ૩૨ જૈનદર્શન અને વિજ્ઞાનના સંદર્ભમાં વિશ્વના સ્વરૂપની તુલનાત્મક સમીક્ષા

**પ્રવીણભાઈ સી. શાહ**

અમદાવાદ સ્થિત જૈન ધર્મના વિદ્વાન, અભ્યાસુ, દેશ-વિદેશમાં અનેક પ્રવચનો આપે છે. જૈન ધર્મના અનેક વિષયો પર મનનીય લેખો લખે છે.

**જૈનદર્શનની દૃષ્ટિએ વિશ્વનું સ્વરૂપ :**

એક બાજુ જૈન ભૂગોળ-ખગોળ તથા વર્તમાન ભૂગોળ-ખગોળના સિદ્ધાંતોમાં આકાશ-પાતાળ જેટલો તફાવત જોવા મળે છે, અને જૈન શાસ્ત્રીય વિચારધારાઓ તરફ અનેકાનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જ્યારે બીજી તરફ ભૌતિકશાસ્ત્ર(Physics)ના ક્ષેત્રમાં જૈન શાસ્ત્રકારોએ પ્રરૂપેલા સિદ્ધાંતો સંપૂર્ણ સાચા પુરવાર થાય છે. જૈનગ્રંથોમાં દર્શાવેલ સમય (Time), અવકાશ (Space) અને પુદ્‌ગલ (Matter) સંબંધી સિદ્ધાંતોનું વર્તમાન વૈજ્ઞાનિક સિદ્ધાંતો સાથે અદ્‌ભુત સામ્ય જોવા મળે છે. કાળના સંદર્ભમાં પ્રાચીનકાળના મહાન ઋષિમુનિઓથી લઈને અત્યારના મહાન વિજ્ઞાનીઓએ ખૂબ જ ચિંતન કર્યું છે. જૈનદર્શનમાં કાળ (સમય), અવકાશ અને પુદ્‌ગલ વિશે ઘણું ઘણું લખ્યું છે અને આજે પણ આ વિષયમાં નવાં નવાં સંશોધન થઈ રહ્યાં છે.

સર્વ વિશ્વનું સંપૂર્ણ જ્ઞાન ધરાવનાર એવા અનંતજ્ઞાની તીર્થંકર પરમાત્માઓએ પોતાના જ્ઞાન દ્વારા જાણીને જગતમાં સૂર્ય-ચંદ્ર એક બે નહિ પરંતુ અસંખ્યની સંખ્યામાં જણાવ્યા છે, અને જગતની સામે રજૂ કર્યા છે. આ સૂર્ય-ચંદ્રનું વિસ્તૃત વર્ણન અનેક આગમો કે તદનુસારી ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. જેમ કે - ભગવતીજી-જીવાભિગમ-સૂર્યપ્રજ્ઞપ્તિ-ચંદ્રપ્રજ્ઞપ્તિ-જ્યોતિષકરંડક-ક્ષેત્રલોકપ્રકાશ-બૃહદ્ સંગ્રહણી ક્ષેત્રસમાસ વ. વ.

લોક એટલે જગત પણ અર્થ થાય. જનસમુદાય અર્થ પણ થાય, ક્ષેત્રવાચી પણ છે. જેમ પાતાળલોક, ઊર્ધ્વલોક વગેરે અને ષડ્‌દ્રવ્યાત્મક જે ધર્માસ્તિકાય વગેરે પદાર્થો જે આકાશમાં વર્તી રહ્યા છે, તે ક્ષેત્રને પણ લોક કહેવાય. અહીં ષડ્‌દ્રવ્ય જેમાં વિલસી રહ્યા છે તે ચૌદ રાજલોક અર્થ અભિપ્રેત છે, જે ચૌદ વિભાગમાં વહેંચાયેલ છે. એ જ પ્રમાણે વૈદિક-દર્શનકારોએ પણ પોતાના ધર્મગ્રંથોમાં ચૌદ લોકની માન્યતા સ્વીકારેલી છે.

એક રાજલોકનું પ્રમાણ કોઈક દેવ હજાર ભાર લોખંડનો ગોળો પોતાની સર્વ શક્તિ વડે કરી આકાશમાંથી ફેંકે અને તે લોખંડનો ગોળો છ મહિના, છ દિવસ, છ કલાક, છ મિનિટ સમયમાં જેટલું ક્ષેત્ર ઓળંગે તેટલું ક્ષેત્ર એક રાજલોકમાં કહેવાય છે.

ચૌદ રાજલોકનો આકાર બે પગ પહોળા કરી કમ્મર પર બે હાથ રાખેલા પુરુષ જેવો છે. તે ચૌદ રાજલોકમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ એ છ દ્રવ્યો છે. લોકની બહાર જે આકાશાસ્તિકાય છે, તેમાં આ છ દ્રવ્યો ન હોવાથી તેને અલોક કહેવાય છે. તેનો વિસ્તાર લોક કરતાં અનંતગણો મોટો છે.

તે લોકના ઊર્ધ્વ, અધો અને તિર્ચ્છાલોક વિભાગ રૂપે ત્રણ વિભાગ છે.

રત્નપ્રભા- પૃથ્વીના સમભૂતલપ્રદેશ આગળ આઠ રૂચક પ્રદેશો કે જે મેરુ પર્વતના મૂળમાં અવળા ગોસ્તન આકારે રહેલા છે. ત્યાંથી નવસો યોજન ઉપર અને નવસો યોજન નીચે એમ કુલ અઢારસો યોજન જાડાઈવાળો એક રાજ પહોળો એવો તિર્ચ્છાલોક છે. અધોલોક નવસો યોજન ઓછા એવા સાત રાજપ્રમાણ છે, અને ઊર્ધ્વલોક પણ એ જ પ્રમાણે નવસો યોજન ઓછા એવા સાત રાજપ્રમાણ છે. લોકાકાશમાં એક રાજ એટલે તિર્ચ્છા લોકના પ્રમાણ જેટલી પહોળી અને ચૌદ રાજ લાંબી એવી ત્રસ-નાડી છે. ત્રસ-નાડીમાં જ ત્રસ-જીવોનું ચ્યવન, ઉત્પાત, ગમનાગમન, આહાર વગેરે દરેક ક્રિયાઓ થાય છે. ત્રસ-નાડી બહાર પાંચ પ્રકારના સ્થાવરો હોય છે.

ઊર્ધ્વલોકમાં આઠમા રાજલોકના છેડે પ્રથમ દેવલોક સૌધર્મનાં ૩ર લાખ વિમાનો અને બીજા દેવલોક ઈશાનનાં ૨૮ લાખ વિમાનો છે.

સર્વાર્થસિદ્ધવિમાનથી બાર યોજન દૂર ઈષતપ્રાગ્ભર નામની સ્ફટિક રત્નની બનેલી ૪૫ લાખ યોજનના વિસ્તારવાળી સિદ્ધ ભગવંતોના નિવાસરૂપી સિદ્ધશિલા છે.

પ્રો. આઈનસ્ટાઈનના રીલેટીવીટીના સિદ્ધાંત મુજબ યુનિવર્સ-વિશ્વ, ઈલીપ્ટીકલ- લંબગોળાકાર સાબિત થયું છે. તેવી જ રીતે ૐ પણ લંબગોળાકાર જ દોરાય છે, રીલેટીવીટી મુજબ વિશ્વ ગમે તેટલું મોટું કલ્પો તો પણ તે અનંત (ઈન્ફીનીટ) નથી, પણ મર્યાદિત (ફાઈનાઈટ) છે.

સાધારણ રીતે પૃથ્વીનો ઈતિહાસ ભૂપૃષ્ઠના ખડકો બંધાયા ત્યારથી શરૂ કરવામાં આવે છે, તેનું કારણ આ છે. સૌરમંડળના આ ત્રીજા ગ્રહ

પૃથ્વીનું બંધારણ જેવું બહારથી દેખાય છે તેવું નથી. આપણે જે જોઈએ છીએ તે તો ભૂગર્ભમાં ધગધગતી પૃથ્વીનો ઠરી ગયેલો ઉપલો - પાતળો પોપડો અથવા ભૂ-પૃષ્ઠની સપાટી છે. પૃથ્વીની આ સપાટી ભૂમિવિસ્તાર (ખંડો અને ટાપુઓ) તથા જળવિસ્તાર (મહાસાગરો, સમુદ્રો અને સરોવરો)માં વહેંચાયેલ છે.

ભૂમિવિસ્તાર ૫૮,૪૬૯,૯૨૮ ચોરસ માઈલ અને જળવિસ્તાર ૧૩૯,૮૪૦,૮૪૧ ચોરસ માઈલમાં જીવસૃષ્ટિની સમગ્ર લીલા આ સપાટી પર પ્રસરેલી છે.

ભૂપૃષ્ઠમાં માનવ વધુમાં વધુ બે માઈલ ઊંડે જઈ શક્યો છે. વૈજ્ઞાનિક -સાધનો દ્વારા તેઓ ૨૧,૪૮૨ ફૂટ જેટલો ઊંડાણનો તાગ અમેરિકામાં કેલિફોર્નિયાના અને ખનિજ તેલના કૂવા વડે મેળવી શક્યા છે. ૧૦ થી ૩૦ માઈલ જાડા ભૂપૃષ્ઠના પૃથ્વીના ગોળાકાર પૃષ્ઠની બરોબર નીચે ૧૮૦૦ માઈલની જાડાઈ ધરાવતું બીજું ગોળાકાર ઘર છે, જે ઘન અથવા નરમ માટી જેવું આકારક્ષમ છે. આની નીચે પૃથ્વીના મધ્યભાગમાં ૪૦૦૦ માઈલનો વ્યાસ ધરાવતો અતિશય ગરમ પ્રવાહી પિંડ છે.

પૃથ્વીના આ ત્રણે વિભાગો સમકેન્દ્રી વર્તુળોમાં ગોઠવાયેલા છે.

**બંને માન્યતાઓની સમીક્ષા :**

આજે લગભગ મોટા ભાગની એવી ધારણા થવા પામી છે કે - બસ ! જે કંઈ છે તે આટલી જ દુનિયા છે ! પૂર્વ-ગોળાર્ધમાં પાંચ ખંડ અને પશ્ચિમ-ગોળાર્ધમાં અમેરિકા ખંડ - બસ ! આ છ ખંડની દુનિયા છે, બીજું કંઈ નથી.'

અત્યારની દેખાતી પૃથ્વી માત્ર ૮૦૦૦ માઈલની છે, ૨૫૦૦૦ માઈલની પરિધિવાળી છે. આટલામાં કંઈ ભારતની સમૃદ્ધિના દર્શન શક્ય નથી. જ્યારે જૈનદર્શન પ્રમાણે આજની દુનિયાનું સ્થાન તપાસીએ.

"આખું વિશ્વ કેડે હાથ દઈ પગ પહોળા કરી ઊભા રહેલા પુરુષના આકારે છે અને તેનું પ્રમાણે ૧૪ રજ્જુ છે. ૧ રજ્જુ અસંખ્ય કોટાકોટી યોજનનું માપ. તે ૧૪ રજ્જુ-પ્રમાણ વિશ્વમાં મધ્યભાગે અસંખ્ય દ્વીપ-સમુદ્રોનું વર્તુળ છે.

તે બધામાં મધ્યભાગે જંબૂદ્વીપ છે, જેનું પ્રમાણ પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ ૧ લાખ યોજનનું છે તે જંબૂદ્વીપમાં મધ્યભાગે મેરુપર્વત છે. તેની

પૂર્વ-પશ્ચિમ બાજુ મહાવિદેહ ક્ષેત્ર છે, અને ઉત્તરમાં એક પર્વત, એક ક્ષેત્ર એમ ત્રણ પર્વત, ત્રણ ક્ષેત્રો છે. આ રીતે દક્ષિણમાં પણ એક પર્વત, એક ક્ષેત્ર એમ ત્રણ પર્વતો ત્રણ ક્ષેત્રો છે, એમ કુલ જંબૂદ્વીપમાં સાત ક્ષેત્રો અને છ પર્વતો છે.

તેમાં દક્ષિણ બાજુ છેલ્લું જે ક્ષેત્ર છે, તેનું નામ ભારતક્ષેત્ર છે, જેનું પૂર્વ-પશ્ચિમ પ્રમાણ ૧૪૪૭૧.૫/૧૯ યોજન છે અને ઉત્તર-દક્ષિણ પ્રમાણ ૫૨૬.૯/૧૯ યોજન છે. તે ભરતક્ષેત્રના મધ્યભાગે વૈતાઢ્ય પર્વત છે. જેની ઊંચાઈ ૨૫ યોજન છે, ઉત્તર -દક્ષિણ પહોળાઈ ૫૦ યોજન અને પૂર્વ-પશ્ચિમ લંબાઈ ૧૦૭૨.૧૧/૧૯ યોજનપ્રમાણ છે.

તેનાથી ભરતક્ષેત્રના બે ભાગ પડ્યા છે : (૧) ઉત્તરાર્ધભરત (૨) દક્ષિણાર્ધભરત.

દક્ષિણાર્ધ ભરતનું પૂર્વ-પશ્ચિમ પ્રમાણ યોજન ૯૭૪૪ ૧૨/૧૯ યોજન દૂર અયોધ્યા નગરી છે.

તેનાથી નૈર્ઋત્ય (દક્ષિણ-પશ્ચિમ વચ્ચે) ખૂણે ૧,૮૫,૦૦૦ ગાઉ દૂર આપણે રહેલા છીએ, તે વર્તમાન વિશ્વ વિશાળ સમુદ્ર વચ્ચે નાના-મોટા અનેક દ્વીપોના સમૂહો જેવું છે.''

આ ઉપરથી આપણે રહેલા છીએ તે ૮૦૦૦ માઈલનો મનાતો ગોળો - દક્ષિણભરતના મધ્યબિંદુ રૂપ અયોધ્યાથી નૈર્ઋત્ય ખૂણે ૧,૮૫,૦૦૦ ગાઉ (૧ ગાઉ ૨॥। માઈલની ગણતરીએ ૫,૦૮,૭૫૦ માઈલ) દૂર ચારે બાજુ પાણીથી વીંટળાયેલ નાના-મોટા અનેક દ્વીપોના સમૂહરૂપ વર્તમાન વિશ્વ છે એમ નક્કી થાય છે.

૮૦૦૦ માઈલના વ્યાસવાળી અને ૨૫૦૦૦ માઈલની પરિધિવાળી વર્તમાન દેખાતી દુનિયા અખિલ વિશ્વ(૧૪ રજ્જુ પ્રમાણ)ના મધ્યભાગે રહેલ અસંખ્ય દ્વીપ-સમુદ્રોના મધ્યબિંદુરૂપ જંબૂદ્વીપના દક્ષિણ છેડે આવેલ દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના મધ્યબિંદુથી નૈર્ઋત્ય ખૂણે ૧,૮૫,૦૦૦ ગાઉ દૂર હોય એમ લાગે છે.'

મધ્યબિંદુ પર અયોધ્યા નગરી વસેલી છે. આ નગરી તે આજની અયોધ્યા નહિ, પણ આદમ અને ઈવ જ્યાં પહેલ-વહેલા સ્વર્ગથી આવ્યા ભગવાન ઋષભદેવ જ્યાં થયા તે અયોધ્યા. આ અયોધ્યાને કેન્દ્ર ગણી ખગોળ-ભૂગોળનાં ગણિતો થાય છે. આજે સ્ટાન્ડર્ડ અને લોકલ ટાઈમમાં

જેમ ફેર આવે છે, તેમ અયોધ્યાને અનુલક્ષતો સમય સ્ટાન્ડર્ડ સમય છે. એક ગણતરી મુજબ 'આપણે જે પૃથ્વી પર રહીએ છીએ, ત્યાંથી અયોધ્યા ૧ લાખ ૮૫ હજાર ગાઉ દૂર છે.' પોણાત્રણ માઈલનો એક ગાઉ ગણાય છે !

હિંદુસ્તાન ટાઈમ્સની ઑક્ટોબરના અંકમાં એક રશિયન વૈજ્ઞાનિકે લખ્યું છે કે -

"આપણે જે પૃથ્વી પર રહીએ છીએ, ને જાણીએ છીએ તેના કરતાં એક કરોડ ગણી વસ્તી વધુ છે. "

" ઈ.સ. ૧૯૬૫ના યુનાઈટેડ ઇન્ફર્મેશનમાં પણ કેટલાક વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે - "આપણા બ્રહ્માંડ જેવું બીજું બ્રહ્માંડ અસ્તિત્વ ધરાવે છે, જેમાં અબજો લોકો વસે છે."

એક રશિયન ખગોળશાસ્ત્રીનું મંતવ્ય છે કે - "અત્યારના પરિચિત ગ્રહો કરતાં બીજા સાત હજાર ગ્રહો પર બુદ્ધિશાળી માનવો વસે છે."

ટૂંકમાં, વિજ્ઞાનની જુદી જુદી શાખાઓ, જેવી કે ભૂસ્તરશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, જીવવિજ્ઞાન, પરમાણુવિજ્ઞાન, ભૂગોળ, ખગોળશાસ્ત્રના ભારતીય વિજ્ઞાનીઓએ, ભારતીય પ્રાચીન દાર્શનિક તેમ જ અન્ય ગ્રંથોને ઊંડો અભ્યાસ કરી, તેના આધારે યોગ્ય સંશોધનો કરવાની અનિવાર્ય જરૂરિયાત છે અને એ પ્રમાણે થશે તો ભારતે વિજ્ઞાનના ક્ષેત્રમાં અમૂલ્ય ભેટ આપી ગણાશે.

# 33 જૈનદર્શન અને વિજ્ઞાનના સંદર્ભમાં વિશ્વના સ્વરૂપની તુલનાત્મક સમીક્ષા

**હર્ષદ દોશી**

જૈન એકેડમી કોલકાતા સાથે સંકળાયેલા હર્ષદભાઈ જૈનદર્શનના અભ્યાસુ લેખક તથા વક્તા છે.

વૈદિક, જૈન અને બૌદ્ધ પરંપરામાં સાધારણ માણસને સિદ્ધાંત અને શાસ્ત્રોની ગૂઢ વાત સહેલાઈથી સમજાઈ જાય તે માટે પ્રાચીન સમયમાં દૃષ્ટાંત, ઉદાહરણ અને પ્રતીકોનો ઉપયોગ છૂટથી કરવામાં આવ્યો છે. જ્યારે મોટા ભાગનો જનસમુદાય હજુ સંસ્કૃતિ, જ્ઞાન-વિજ્ઞાન અને સામાજિક ઉત્ક્રાંતિના પ્રાથમિક તબક્કામાં હતો ત્યારે એ સમયના ધર્મપ્રવર્તકો, ધર્માચાર્યો અને દાર્શનિકોએ બુદ્ધિ, પ્રજ્ઞા અને આંતરદૃષ્ટિના સર્વોચ્ચ શિખર સર કર્યા હતા. અનેક મર્યાદા હોવા છતાં તેમણે માનવજાતિના સર્વોચ્ચ બૌદ્ધિક અને આધ્યાત્મિક કીર્તિમાન સ્થાપ્યા છે. તેમણે રહસ્યમય આધારતત્ત્વોને સ્ફૂટ કરવા માટે વિસ્તારપૂર્વકના કથાનકો, ઉદાહરણો અને ચિત્રાત્મક પ્રતીકોની સહાય લીધી હતી. કાળક્રમે આ કથાનકો અને ચિત્રાત્મક પ્રતીકોની સ્ફૂટતા વિસ્મૃત થઈ ગઈ અને જેનો ઉદ્દેશ્ય અર્થઘટન માટે હતો, તે સ્વયં રહસ્યમય થઈ ગયા કે કાલ્પનિક વાર્તારૂપે રહી ગયા.

(૧) જૈનદર્શન અને વિજ્ઞાન બંને વિશ્વના કોઈ કર્તામાં માનતા નથી, તેમ જ વિશ્વને અનાદિ-અનંત અને સ્વયંસંચાલિત માને છે. જૈનદર્શન વિશ્વ માટે લોક, સંસાર વગેરે શબ્દનો પણ ઉપયોગ કરે છે.

(૨) જૈનદર્શન માને છે કે - 'આ વિશ્વ જીવ અને અજીવ એવા બે દ્રવ્યનું બનેલું છે.' તે એમ પણ માને છે કે - 'પૃથ્વી, પાણી, વાયુ અને અગ્નિમા જીવ છે. જીવે જે શરીર ધારણ કર્યું છે તે અજીવ પદાર્થોનું બનેલું છે અને લોકના ભૌતિક નિયમોને અનુસરે છે. શુદ્ધ આત્માને ભૌતિક નિયમો લાગુ પડતા નથી.'

વિજ્ઞાન માને છે કે - 'વિશ્વ માત્ર અજીવતત્ત્વ એટલે કે ભૌતિક પદાર્થોનું બનેલું છે. તે જીવતત્ત્વનો અસ્વીકાર કરે છે. દરેક શારીરિક ક્રિયાઓ પણ ભૌતિક - રાસાયણિક છે અને ભૌતિક સિદ્ધાંતોને અનુસરે છે.

(૩) આત્મા અને તેનો વિકાસ જૈનદર્શનનું મુખ્ય લક્ષ્ય છે, અજીવ અને લોક ગૌણ છે, તેથી જૈનદર્શનમાં જીવને કેન્દ્રસ્થાને રાખી લોકનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં આપેલ લોકનું સ્વરૂપ, તેના સંચાલન નિયમો અને અજીવદ્રવ્યોનો ઉદ્દેશ્ય જીવ-અજીવના અન્યોન્યના પ્રભાવ અને આંતરક્રિયાને યથાર્થરૂપે જાણવા માટે છે.

વિજ્ઞાન સંપૂર્ણપણે ભૂતલક્ષી છે. વિજ્ઞાને દર્શાવેલા વિશ્વના સ્વરૂપ અને રચનામાં જીવનનું કોઈ સ્થાન નથી. તેનો ઉદ્દેશ્ય ભૌતિક વિશ્વની રચના, સંચાલન અને રહસ્યનો અભ્યાસ અને તેનો ઉકેલ લાવવાનો છે.

(૪) જૈનદર્શન અધ્યાત્મવાદી છે, એટલે આત્માને કેન્દ્રમાં રાખીને બધાં દ્રવ્યોનો અભ્યાસ કરે છે. એટલે તેની દૃષ્ટિએ દરેક દ્રવ્યોની આંતરક્રિયાઓ વિજ્ઞાનની માત્ર ભૌતિક આંતરક્રિયા કરતા જુદી છે.

(૫) વિજ્ઞાનમાં નવી જાણકારી અને શોધ-ખોળને આધારે પરિવર્તન કરવામાં આવે છે. આજથી બે હજાર વર્ષ પહેલાંની અને આજની વૈજ્ઞાનિક માન્યતાઓમાં આમૂલ પરિવર્તન આવી ગયું છે. ભૌતિક વિષય હોય તો પણ ધાર્મિક માન્યતાઓમાં તે વિશે ફેરફાર કે પુનઃ વિચારણાનો કોઈ અવકાશ નથી, એટલે સદીઓ પહેલાં જૈન ગ્રંથમાં જે વિધાનો આપવામાં આવ્યાં છે તે આ જ પણ એ જ સ્વરૂપે માનવામાં આવે છે.

(૬) વૈજ્ઞાનિકો તેમના ભૌતિક સિદ્ધાંતો સ્ફૂટ અને અસંદિગ્ધ રહે તે માટે ચોક્કસ પારિભાષિક શબ્દો, તર્કબદ્ધ વ્યાખ્યા, ગણિત, પુરાવા, પ્રયોગ, સૂક્ષ્મ પરીક્ષણ અને નિરીક્ષણનો ઉપયોગ કરે છે. તે માટે જરૂર પડે તો પદ્ધતિમાં પણ ફેરફાર કરે છે. તર્કબદ્ધતા ખંડિત ન થાય તે માટે પૂરતી કાળજી રાખવામાં આવે છે.

આત્મજ્ઞાન મૂળ લક્ષ્ય હોવાને કારણે જૈનદર્શન આધ્યાત્મિક સિદ્ધાંતોને સ્થાપવામાં એટલી જ કાળજી અને તર્કબદ્ધતા રાખે છે, જે વૈજ્ઞાનિકો ભૌતિક સિદ્ધાંતો માટે રાખે છે. જૈન શાસ્ત્રોમાં ભૌતિક પદાર્થો અને નિયમોનાં વર્ણનો છે, પણ શાસ્ત્રકારોએ તેના પુરાવા આપવાની કોઈ આવશ્યકતા માની નથી.

(૭) જૈન ધર્મની માન્યતાઓ આગમશાસ્ત્ર આધારિત છે. તે ટીકા, વિવેચન કે તર્કથી ઉપર છે. તે જેમ છે તેમ જ તેનો સ્વીકાર કરવાનો રહે છે. જ્યારે વૈજ્ઞાનિક માન્યતાઓ અને સિદ્ધાંતોને તર્કની કસોટી ઉપર ચડાવી શકાય છે અને પ્રયોગશાળામાં ચકાસી શકાય છે.

(૮) જે વિધાનનો પુરાવો મળ્યો નથી હોતો, તેને 'અનુમાન આધારિત' (Hypothesis) કહેવામાં વૈજ્ઞાનિક ક્ષોભ અનુભવતા નથી, જ્યારે ધર્મના ક્ષેત્રમાં અનુમાનને કોઈ સ્થાન નથી, બધું જ ચોકક્સ માનવામાં આવે છે.

(૯) જૈન આગમશાસ્ત્રમાં શ્રી જીવાજીવાભિગમ સૂત્ર, શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર અને શ્રી સૂર્ય અને ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્રમાં જીવ-અજીવ અને લોકનાં સ્વરૂપ વિસ્તારથી આપ્યાં છે. તે ઉપરાંત શ્રી ભગવતી સૂત્ર અને શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં પણ તેનાં વર્ણનો જોવા મળે છે. તેમાં વિશ્વનું જે સ્વરૂપ ઘટકો અને નિયમો આપેલા છે, તે આ જ સુધી યથાવત્ ચાલી રહ્યા છે, તેમાં કોઈ સંશોધન થયું નથી.

જૈનદર્શનના આધ્યાત્મિક-ભૌતિક દૃષ્ટિકોણ અને વિજ્ઞાનના માત્ર ભૌતિક દૃષ્ટિકોણના સંદર્ભમાં વિશ્વના સ્વરૂપની સમીક્ષા નીચેના મુદ્દાઓને આધારે કરવામાં આવી છે :

(૧) ખગોળ અને વિશ્વ - સ્થૂળ સ્વરૂપ.
(૨) વિશ્વના ઘટકોનું સ્થૂળ સ્વરૂપ
(૩) વિશ્વના ઘટકોનું સૂક્ષ્મ સ્વરૂપ
(૪) વિશ્વનું સંચાલન કરતા નિયમો

**ખગોળ (Astronomy) અને વિશ્વ (Cosmology) : જૈન વિશ્વનું સ્થૂળ સ્વરૂપ :**

**પુરુષાકાર વિશ્વ :** જૈન ધર્મ અનુસાર વિશ્વ એટલે કે લોકનું સ્વરૂપ પુરુષાકાર છે. એક પુરુષ બંને પગ પહોળા રાખીને અને બંને હાથ કમર ઉપર ટેકવીને ઊભો હોય તેવું લોકનું સ્વરૂપ છે. કમર એ મધ્યમાં તીર્ચ્છા લોક છે અને સહુથી નાનો ભાગ છે. તેની નીચે, જેમ બંને પગ નીચેની તરફ પહોળા થતા જાય છે તેમ અધોલોક નીચેની તરફ વધતો જાય છે. કમરની ઉપર બંને હાથ ટેકવેલા છે, ત્યાંથી શરૂ કરી મસ્તક સુધી ઊર્ધ્વલોક છે. કોણી સુધી તેનો વિસ્તાર વધતો રહે છે. કોણીથી ગરદન એટલે ગ્રીવા સુધી તેનો વિસ્તાર ઘટતો જાય છે. સૌથી ઉપરનો ભાગ મસ્તકાકારે છે.

તિર્ચ્છાલોક ક્રમવાર આવતા અસંખ્ય દ્વીપ અને સમુદ્રનો બનેલો છે. મનુષ્ય માત્ર અંદરના અઢીદ્વીપમાં જ વસે છે, જ્યારે તિર્યંચ દરેક દ્વીપ અને સમુદ્રમાં વસે છે. અધોલોકમાં સાત નરક છે, જેમાં મુખ્યત્વે નારકીના જીવો વસે છે. ઊર્ધ્વલોકમાં બાર દેવલોક, ગ્રીવાને સ્થાને નવ ગ્રૈવેયક અને

મસ્તકને સ્થાને પાંચ અનુત્તર વિમાન છે. ઊર્ધ્વલોકમાં મુખ્યત્વે દેવ વસે છે. એકેન્દ્રિયના જીવો લોકોના ત્રણે ભાગમાં પથરાયેલા છે.

જીવ તેના કર્મ પ્રમાણે લોકમાં પરિભ્રમણ કરે છે. જે મનુષ્ય શુભ કર્મ કરે છે, તે ઉપરના દેવલોકમાં ગતિ કરે છે. જે મનુષ્ય અશુભ કર્મ કરે છે, તે અધોલોકમાં નારકીરૂપે જન્મે છે. જે મનુષ્યના શુભાશુભા કર્મ સમાન જેવા છે તે તીર્ચ્છાલોકમાં જ મનુષ્ય કે તિર્યંચરૂપે રહે છે. તે નથી ઉપર જતો કે નથી નીચે જતો.

જે દેવનું પુણ્ય વધુ તે ક્રમવાર ઉપરના દેવલોકમાં વસે છે. અનુત્તર વિમાનમાં સૌથી ઉચ્ચ કોટિના દેવો વસે છે. તે જ પ્રમાણે ઓછા પાપકર્મવાળા જીવો પહેલી નરકમાં અને સહુથી વધુ પાપકર્મવાળા જીવો સહુથી નીચે સાતમી નરકમાં રહે છે. જ્યારે તે કર્મથી મુક્ત થઈ જાય છે ત્યારે તેને આ સંસારરૂપી લોકમાં પરિભ્રમણ કરવું પડતું નથી. સંસારથી મુક્ત થયેલા સિદ્ધ આત્માઓ ઊર્ધ્વલોકની ઉપર, લોકોને છેડે સિદ્ધશિલા ઉપર વસે છે. નોંધપાત્ર વિશેષતા એ છે કે ચારે ગતિના જીવોનું સ્થાન લોકમાં નીચેથી શરૂ કરી સૌથી ઉપરના ભાગ સુધી પાપ-પુણ્યની શ્રેણી પ્રમાણે અત્યંત ચોકસાઈથી નક્કી કરવામાં આવ્યું છે.

જીવ તેના કર્મ પ્રમાણે અધોલોકમાં સૌથી નીચેની સાતમી નરકથી લઈને ઊર્ધ્વલોકમાં ઉપર ગ્રૈવેયક સુધી પરિભ્રમણ કરતો રહે છે. પરંતુ ગ્રૈવેયકની ઉપરના અનુત્તર વિમાનમાં સામાન્ય જીવ માટે પ્રવેશ નિષેધ છે.

જે જીવ મુક્ત થવાની અણી ઉપર છે, તે જ અનુત્તર વિમાનમાં જન્મ લે છે. ત્યાર પછી મનુષ્યના છેલ્લા જન્મને અંતે એ આત્મા સિદ્ધશિલા પર પહોંચી જાય છે. મુક્ત થવાનું સદ્‌ભાગ્ય ફક્ત મનુષ્યને જ છે.

લોકના આ સંક્ષિપ્ત વર્ણનથી સ્પષ્ટ થાય છે કે જૈન વિશ્વના કેન્દ્રસ્થાને મનુષ્ય છે. જીવાત્માઓનું તેમના કર્મને આધારે આટલું વ્યવસ્થિત શ્રેણીબદ્ધ વિતરણ આશ્ચર્યજનક છે. માનવકેન્દ્રિત વિશ્વની આ રચના પ્રાકૃતિક છે કે પ્રતીકાત્મક છે, તેમાજ જૈન શાસ્ત્રમાં વિજ્ઞાન, ખગોળ, ભૂગોળ, વિશ્વના સ્વરૂપ સંબંધી જે કંઈ માહિતી આપી છે અને તે જે રીતે રજૂ કરી છે, તે પાછળ શાસ્ત્રકારનો ઉદ્દેશ્ય શું હોઈ શકે છે તેની વિચારણા અહીં પ્રસ્તુત કરી છે.

(૧) જૈનદર્શન દ્રવ્ય કરતાં ભાવને વધુ મહત્ત્વ આપે છે. ભાવની યથાર્થ રજૂઆતમાં પડતી મુશ્કેલીઓને દૂર કરવા પ્રતીકોનો ઉપયોગ શાસ્ત્રકારોને સહેલો લાગ્યો હોય.

(૨) જૈનદર્શનનો મુખ્ય હેતુ આત્મકલ્યાણ છે, જે ફક્ત મનુષ્ય-ભવમાં જ સંભવ છે. એટલે વિશ્વનું સ્વરૂપ દર્શાવવા માટે પુરુષનું પ્રતીક શાસ્ત્રકારોને યોગ્ય લાગ્યું હોય.

(૩) શાસ્ત્રકારોએ તેમના કથન આજથી ૨૫૦૦ વર્ષ પહેલાંના શ્રોતાઓને લક્ષમાં રાખીને કરેલા છે. વિજ્ઞાન, ભૂગોળ, ખગોળ વગેરેનાં વર્ણનો અને નિયમો આજના ભણેલા વર્ગને પણ અટપટા લાગતા હોય છે. જ્યારે ૨૫૦૦ વર્ષ પહેલાં શિક્ષણની પ્રથા મૌખિક હતી અને સામાન્ય માણસ પાસે વિજ્ઞાનની જાણકારી નહિવત્ હતી ત્યારે વિજ્ઞાનના જટિલ નિયમો શ્રોતાઓને સમજાવવા ઘણા જ અઘરા હતા. તેમની પાસે વિજ્ઞાનને યથાસ્વરૂપે રજૂ કરવાથી શ્રોતાઓ મૂંઝાઈ જાય અને તેમનો આત્મકલ્યાણનો મૂળ ઉદ્દેશ્ય માર્યો જાય.

ઉપરોક્ત કારણોથી માની શકાય કે શાસ્ત્રકારો પાસે વિશ્વના સ્વરૂપની યથાર્થ માહિતી હોવા છતાં તેમણે પ્રતીકાત્મક વર્ણન કરવાનું યોગ્ય માન્યું હશે. આ માન્યતાને આધારે અહીં જૈન ધર્મના અને વિજ્ઞાનના વિશ્વના સ્થૂળ સ્વરૂપની તુલના કરવામાં આવી છે.

**વિશ્વના સ્થૂળ સ્વરૂપની તુલના :**

(૧) વિજ્ઞાન અને જૈન ધર્મ બંને માને છે કે વિશ્વનો કોઈ કર્તા નથી. બંને ભગવાન કે ઈશ્વર જેવા તત્ત્વે વિશ્વની રચના કરી છે, તે વિધાનનો અસ્વીકાર કરે છે.

(૨) બંને માને છે કે વિશ્વ કાળથી અનાદિ અને અનંત છે, જ્યારે સ્થળથી તે વિરાટ હોવા છતાં સીમિત છે.

(૩) વિજ્ઞાન કહે છે કે - "પૃથ્વી સૂર્યમંડળનો એક ભાગ છે. સૂર્ય આકાશગંગાનો (Galaxy) એક ભાગ છે. વિશ્વમાં અસંખ્ય આકાશગંગાઓ છે. દરેક આકાશગંગામાં અસંખ્ય સૂર્ય છે અને તેમને પણ પોતાના ગ્રહ-ઉપગ્રહ હોઈ શકે છે. આપણી આકાશગંગામાં કે વિશ્વમાં આપણી પૃથ્વી કે સૂર્યનું કોઈ વિશિષ્ટ સ્થાન નથી. સૂર્ય તેનો પૃથ્વી જેવા ગ્રહો સાથે બીજાં અસંખ્ય સૂર્યમંડળોની જેમ આકાશમાં વિચરી રહ્યો છે. આ દરેક આકાશગંગા અને સૂર્યમંડળો વચ્ચે વિશાળ અંતર છે. પૃથ્વી જેવા જીવન ધરાવતા અનેક ગ્રહોનું પણ અસ્તિત્વ હોઈ શકે છે.

જૈનના ઊર્ધ્વલોકના વર્ણનમાં અનેક દેવલોક કહ્યા છે. દરેક દેવલોકમાં વિશાળ સંખ્યામાં વિમાનો આવેલાં છે. દરેક વિમાન હજારો

યોજન લાંબા-પહોળાં છે અને તેમાં દેવરૂપે જીવન છે. એ જ પ્રમાણે નરકમાં પણ જીવન છે. એટલે દેવલોક અને નરકને આકાશગંગા (Galaxy) સાથે સરખાવી શકાય છે.

(૪) વિજ્ઞાન કહે છે કે આકાશગંગાઓ એક બીજાથી દૂર જઈ રહી છે. આ વિશ્વનો સતત વિસ્તાર થઈ રહ્યો છે. જ્યારે આ વિસ્તરણ ધીમું પડી જશે પછી વિશ્વનું સતત સંકોચન થશે. વિશ્વ એક નાના બિંદુ જેવડું થઈ જશે ત્યારે ફરી એક મહાવિસ્ફોટ થશે. વિશ્વ ફરીથી વિસ્તરતું જશે. આ પ્રમાણે વિશ્વના વિસ્તાર, સંકોચન અને વિસ્ફોટની શૃંખલા અનંત કાળથી ચાલી આવે છે અને અનંત કાળ સુધી ચાલતી રહેશે.

જૈન વિશ્વના સ્વરૂપમાં અનંત કાળ સુધી કોઈ વિસ્તાર કે સંકોચનનું વિધાન નથી. દેવલોક, નરક વગેરેના અંતરમાં પણ ક્યારે કોઈ પરિવર્તન આવતું નથી. જોકે માનવવસ્તીવાળાં અનેક ક્ષેત્રોમાં કાળચક્રના (ઉત્સર્પિણીકાળ અને અવસર્પિણીકાળ) પ્રભાવથી જીવનની ગુણવત્તામાં ચડાવ-ઉતારમાં જૈનદર્શન માને છે.

(૫) જૈનદર્શન સ્પષ્ટપણે માને છે કે પૂરા વિશ્વમાં જીવન અસ્તિત્વ ધરાવે છે, જ્યારે વિજ્ઞાન માત્ર તેની સંભાવના જણાવે છે.

**વિશ્વના ઘટકોનું સ્થૂળ સ્વરૂપ :**

(૧) જૈન ધર્મ વિશ્વના ઘટકો માટે દ્રવ્ય શબ્દનો ઉપયોગ કરે છે. જૈન ધર્મ પ્રમાણે વિશ્વ છ દ્રવ્યોનું બનેલું છે : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાળ, આકાશ, પુદ્‌ગલ અને જીવ.

વિજ્ઞાનમાં વિશ્વના મૂળ ઘટકો ચાર છે : કાળ, આકાશ (Space) પદાર્થ અને ઊર્જા.

વિજ્ઞાન પાસે જીવદ્રવ્યનો કોઈ પુરાવો ન હોવાના કારણે તેનો સ્વીકાર કરતું નથી.

વિજ્ઞાન અને જૈન વિજ્ઞાન કાળ અને આકાશની સમાન વ્યાખ્યા કરે છે. પદાર્થ પુદ્‌ગલમાં આવી જાય છે, જ્યારે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય ઊર્જાના ભાગ છે. તે ઉપરાંત પ્રકાશ, ઉષ્ણતા, વિદ્યુત, ધ્વનિ વગેરેને વિજ્ઞાન ઊર્જા ગણે છે; જ્યારે જૈનદર્શન તેને પુદ્‌ગલ ગણે છે. જૈન વિજ્ઞાનમાં ઊર્જાનું સ્થાન મૂળ દ્રવ્ય તરીકે નથી.

જૈન અને આધુનિક વિજ્ઞાનના વિશ્વના મૂળ ઘટકોની સરખામણી નીચે કોઠામાં આપી છે :

| જૈન વિજ્ઞાનનું દ્રવ્ય | આધુનિક વિજ્ઞાનનું દ્રવ્ય |
|---|---|
| કાળ | કાળ |
| આકાશ | આકાશ |
| પુદ્‌ગલ | પદાર્થ, પ્રકાશ, તાપ, ધ્વનિ વ. ઊર્જા |
| જીવ | (અસ્વીકાર્ય) |
| ધર્માસ્તિકાય | ગતિની ઊર્જા Kinetic energy |
| અધર્માસ્તિકાય | સ્થિતિની ઊર્જા Potential energy |

આ રીતે વિજ્ઞાન અને જૈનદર્શનમાં વિશ્વના સ્થૂળ ઘટકોમાં કોઈ ગણનાપાત્ર તાત્ત્વિક તફાવત નથી, માત્ર વર્ગીકરણ અને વ્યાખ્યાનો તફાવત છે.

(૨) જૈનદર્શનમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય બે સ્વતંત્ર દ્રવ્ય છે. ધર્માસ્તિકાય ગતિમાં સહાય કરે છે અને અધર્માસ્તિકાય સ્થિરતામાં સહાય કરે છે. ન્યૂટનના ગતિના નિયમો સ્પષ્ટ કરે છે કે એકધારી ગતિ અને સ્થિતિ માટે કોઈ બાહ્ય પરિબળની જરૂર નથી. ગતિ આપવી, રોકવી કે વધારવી એ દરેક ક્રિયા માટે એક જ પ્રકારના પરિબળની જરૂર છે. એટલે વિજ્ઞાન માટે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય બંને એક દ્રવ્ય છે અને તેનો ઊર્જાનો પ્રકાર ગણે છે. વિજ્ઞાનને ગતિ અને સ્થિતિ એટલે કે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના વિષયને વધારે વિકસાવ્યા છે. તે બંને ક્રમથી Kinetic energy અને Potential energy સાથે સરખાવી શકાય.

(૩) વિજ્ઞાન પદાર્થની ૩ અવસ્થા જણાવે છે : Element, Compound and Mixture. જૈનવિજ્ઞાન પણ પુદ્‌ગલની ત્રણ અવસ્થા બતાવે છે : વિસ્રસા, મિસ્રસા, પ્રયોગસા જે આધુનિક વિજ્ઞાન સાથે સહમત છે.

ઉપર દર્શાવેલ તુલનાને આધારે કહી શકાય કે અન્ય દર્શનોના પ્રમાણમાં જૈન વિજ્ઞાનનું વિશ્વના મૂળ ઘટકોનું વર્ગીકરણ આશ્ચર્ય ઉપજાવે તેટલું વિકસિત હતું.

**નિયતિવાદ (Determinism):**

વિશ્વ જે વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું છે, તેનાથી પ્રેરાઈને અનેક ધર્મ, તત્ત્વજ્ઞાનીઓ અને વૈજ્ઞાનિકો પણ માનતા આવ્યા છે કે વિશ્વની ઘટનાઓ એક સુનિશ્ચિત ક્રમથી ચાલી રહી છે. તેની સાથે કાર્ય-કારણના નિયમોને આધારે માનવામાં આવતું હતું કે બધી જ વર્તમાન ઘટનાઓને આધારે ભવિષ્યની ઘટનાઓની આગાહી કરી શકાય. ટૂંકમાં, વિશ્વ એક સુનિશ્ચિત પગદંડી પર ચાલી રહ્યું છે અને તેને આધારે નિયતિવાદ સર્વમાન્ય હતો.

જૈનદર્શને નિયતિવાદને ક્યારે પણ સાર્વભૌમ સિદ્ધાંત તરીકે માન્ય નથી રાખ્યો. તે માને છે કે સ્થૂળ રીતે ઘટનાઓ નિર્ધારિત ક્રમથી ઘટે છે, પણ સૂક્ષ્મ સ્તરે અજ્ઞાત પરિબળો ભાવિ ઘટનાઓને જુદી દિશા આપી શકે છે.

**નિયતિવાદ અને સ્વાદ્વાદ (Determinism & Uncertainty Principle) :**

ગઈ સદીની શરૂઆતમાં જર્મન વૈજ્ઞાનિક હાઈઝનબર્ગે તેના 'અનિશ્ચિતતાના સિદ્ધાંત(**Uncertainty Principle**)થી સમસ્ત વિજ્ઞાન જગતને ચોંકાવી દીધું. વિશ્વ તેના નિયમની ધૂંસરીને વશ એક સુનિશ્ચિત પથ પર ભવિષ્યમાં આગળ વધી રહ્યું છે અને તેની દરેક ઘટનાઓ પણ તેથી નિશ્ચિત છે, એ માન્યતાને હાઈઝનબર્ગની શોધે જોરદાર આંચકો આપ્યો. આઈન્સ્ટાઈન જેવો સર્વોચ્ચ વૈજ્ઞાનિક પણ આ સિદ્ધાંતને સ્વીકારી ન શક્યો. તેની પ્રખ્યાત પ્રતિક્રિયામાં કહ્યું : "ઈશ્વર સોગઠાની રમત નથી રમી રહ્યો." (**God is not playing dice**) પશ્ચિમના અનેક ફિલૉસૉફર આ સિદ્ધાંતના આઘાતમાંથી હજુ સુધી બહાર નથી આવી શક્યા. આ નવા સિદ્ધાંતની મનુષ્યના દૃષ્ટિકોણ અને વિચારો ઉપર કાયમી ઊંડી અને ઘેરી અસર પડી છે.

નિયતિવાદથી વિપરીત જે વિચારધારાને પશ્ચિમમાં આવવા માટે ઠેઠ ૨૦મી સદી સુધી રાહ જોવી પડી તેને ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલાં સ્વાદ્વાદરૂપે પૂર્ણ વિકસિત રૂપમાં પ્રસ્તુત કરી હતી.

**Uncertainty Principle** નિયતિવાદ પર જે પ્રચંડ પ્રહાર થયો છે, તેનો વિજ્ઞાન ઉપર પણ વ્યાપક પ્રત્યાઘાત પડ્યો છે. પરિણામે ન્યૂટનના વિજ્ઞાને આપેલું વિશ્વનું યાંત્રિક ચિત્ર પણ બદલાઈ ગયું છે. જ્યારે જૈનદર્શને વિશ્વના સંચાલનને ક્યારે પણ યાંત્રિક માન્યું જ નથી. યાંત્રિક વિશ્વમાં મનુષ્યની ઈચ્છાશક્તિ અને પુરુષાર્થનું સ્થાન ડગમગી

જાય છે. જૈનદર્શન માને છે કે પુરુષાર્થ ભાવિ ઘટનાઓને પ્રભાવિત કરે છે. આવી અદ્‌ભુત અને અસાધારણ વૈજ્ઞાનિક અને સૂક્ષ્મ દૃષ્ટિના આપણા વારસાને જૈનોએ વિશ્વના મુખ્ય વૈજ્ઞાનિક પ્રવાહ સાથે જોડવાનો પૂરો પ્રયત્ન કરવો જોઈએ.

**Entropy - અવ્યવસ્થા :**

**Entropy** : ૨૦મી સદીના વિજ્ઞાન અને એન્જિયરિંગનો સર્વવ્યાપી ગહન સિદ્ધાંત છે. કાંડે બાંધેલી નાની ઘડિયાળથી લઈને વિશાળ આકાશ-ગંગા અને સંપૂર્ણ વિશ્વ તેની પકડમાં છે. **Entropy**નો સિદ્ધાંત, કે જે **2nd law of Thermodynamics** તરીકે પ્રખ્યાત છે, જણાવે છે કે વિશ્વની વ્યવસ્થામાં ક્રમશઃ ઘસારો થતો રહે છે. વિશ્વ ન બદલી શકાય, ન ફેરવી શકાય તેવી સતત અંધાધુંધી તરફ ધસી રહ્યું છે. આ ક્રમ જ્યાં સુધી વિશ્વનો વિસ્તાર થઈ રહ્યો છે ત્યાં સુધી ચાલશે. જ્યારે વિશ્વ વિસ્તારમાંથી સંકોચનના તબક્કામાં આવશે ત્યારે **Entropy**નો ક્રમ બદલાશે.

જૈન કાળચક્ર પ્રમાણે અવસર્પિણી કાળ દરમિયાન દરેક પદાર્થના ગુણોનો હ્રાસ થતો રહે છે અને આ કાળના અંતે, જ્યારે એક પ્રકારનો પ્રલય થશે ત્યાર પછી કાળચક્ર ઊંધું ફરશે, જે ઉત્સર્પિણી કાળ કહેવાય છે, ત્યારે પદાર્થોના ગુણમાં ફરી વૃદ્ધિ થવી શરૂ થશે.

**Entropy** વૈશ્વિક અને સ્થાનિક સ્તરે પ્રગાઢ અને લાંબા ગાળાની અસર થઈ રહી છે. (વિશ્વના સ્તરે પૃથ્વી ઉપરની ક્રિયાઓ સ્થાનિક ગણાય છે) દરેક સ્તરે થતી પ્રાકૃતિક ક્રિયાઓ **Entropy**માં સતત વધારો કરી રહી છે. તેમાં પૃથ્વી ઉપર માનવસર્જિત ક્રિયાઓ અને પ્રવૃત્તિઓ **Entropy** ના વધારા ને વધારે ઝડપી કરી રહી છે.

**Entropy** ના સંદર્ભમાં ભગવાન મહાવીરની અહિંસાની વિભાવનાની સૂક્ષ્મતા, વૈશ્વિક સ્તરે તેની મહત્તા અને પ્રાસંગિકતા નવી દૃષ્ટિ ખોલે છે. જેટલી જરૂરિયાત ઓછી, જેટલા ભોગ- ઉપભોગ ઓછા, તેટલો **Entropy** માં વધારો-ઓછો. ભગવાન મહાવીરની જરૂરિયાતો ન્યૂનતમ હતી તેનું મહત્ત્વ **Entropy** સાથે સાંકળી શકાય છે.

**આઇન્સ્ટાઈનનો સાપેક્ષવાદ :**

આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદ (**Theory of Relativity**) ના અણસાર સુદૂર આવેલા દેવલોક અને નર્કનાં જૈન વર્ણનોમાં જોવા મળે છે.

વિશ્વની અગણિત આકાશગંગાઓ એક બીજાથી દૂર જઈ રહી છે. આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદ પ્રમાણે આ આકાશગંગાઓ આપણાથી જેટલી વધારે દૂર તેટલી વધુ ગતિથી તે દૂર જતી દેખાય છે અને તેટલા પ્રમાણમાં આપણને ત્યાંના સ્થળનું સંકોચન અને કાળનું વિલંબન જણાય છે, એટલે કે આકાશગંગા જેટલી દૂર તેટલા પ્રમાણમાં ત્યાંનું સ્થળ Space ટૂંકું કે નાનું જણાય અને ત્યાંનો સમય વધારે લાંબો જણાય. સૂર્ય આપણને આંખથી નાનો દેખાય છે તે આંખના ખૂણાને કારણે છે. સૂર્યનું અંતર અને દૃષ્ટિના કોણના સુધારા પછી સૂર્યનું જે કદ આવે તે યથાર્થ કદ ગણાય. સૂર્ય જો અનેકગણો વધુ દૂર હોય તો સાપેક્ષવાદ પ્રમાણે ત્યાંથી તેનું યથાર્થ કદ ઘણું નાનું જણાશે. જૈન વર્ણનોમાં કહે છે કે પ્રથમ દેવલોકથી જે દૂરના દેવલોક છે ત્યાંના દેવની ઊંચાઈ ક્રમશઃ ઘટતી જતી જણાય છે અને તેમના શ્વાસોચ્છ્વાસનો સમય વધુ અને વધુ લાંબો થતો જતો જણાય છે. આ વર્ણન સાપેક્ષવાદને અનુરૂપ છે.

**જીવ, કર્મના પુદ્‌ગલ ન્યુટ્રિનો (Neutrino) અને પ્રાથમિક અણુ કણિકાઓ (Elementary Particles) :**

વિજ્ઞાન જીવ અને કર્મના પુદ્‌ગલના અસ્તિત્વનો સ્વીકાર કરતું નથી, કારણ કે તેનું કોઈ વજન નથી અને તે કોઈપણ પ્રકારનાં વૈજ્ઞાનિક પરીક્ષણો કે પ્રતિક્રિયાઓ દ્વારા જાણી શકાતા નથી. આ દલીલ સૈકાઓથી કરવામાં આવે છે.

એમ માનવામાં આવતું હતું કે પદાર્થનો સૌથી નાનો અવિભાજ્ય કણ પરમાણુ (Atom) છે. પરમાણુ વૈજ્ઞાનિક કસોટીમાંથી પાર ઊતરેલ છે. પરમાણુના વિભાજન પછી પણ તેના ઘટકો ઉપર પ્રયોગ થઈ શકે છે અને તેની ઉપર પ્રક્રિયાઓ પણ કરવામાં આવી છે. પરંતુ Quantum *Mechanics ના ઉદય પછી સંખ્યાબંધ પ્રાથમિક અણુકણિકાઓની (El-*ementary Particles) શોધ થઈ છે, જે વિજાણુઓ (Electron) *કરતા પણ અનેકગણા નાના અને હળવા છે. વધારે આશ્ચર્યની વાત એ છે* કે એવી ઘણી પ્રાથમિક અણુકણિકાઓ અરૂપી છે, તેનું કોઈ વજન નથી, તેના અસ્તિત્વના કોઈ ચિહ્ન નથી, કે તે કોઈપણ પ્રયોગ કે પરીક્ષણ દ્વારા ચકાસી શકાતી નથી, છતાં વિજ્ઞાનને આ અણુકણિકાઓના અસ્તિત્વનો સ્વીકાર કરવો પડ્યો છે.

ન્યુટ્રિનો આ પ્રકારની અણુકણિકા છે. તેને કોઈ દળ (Mass) નથી, વિદ્યુત Charge નથી, તે કોઈપણ પ્રકારના વૈજ્ઞાનિક પ્રયોગશાળાનાં

સાધનો કે ઉપકરણો દ્વારા જાણી શકાતા નથી. તેને કોઈ અવરોધ નડતો નથી. તે પ્રકાશની પ્રચંડ ગતિથી પૃથ્વીની આરપાર નીકળી જાય છે. આખા વિશ્વમાં ન્યુટ્રિનો ધોધની જેમ વહી રહ્યા છે.

વિજ્ઞાન હવે એ પણ સ્વીકારે છે કે ન્યુટ્રિનો કરતાં પણ વધુ સૂક્ષ્મ અણુકણિકાનું અસ્તિત્વ હોઈ શકે છે ! છતાં સદીઓ જૂના પૂર્વગ્રહને કારણે વૈજ્ઞાનિકો હજુ આત્મા અને કર્મનો સ્વીકાર કરતા અચકાય છે. 'આત્માની શંકા કરે, આત્મા પોતે આપ; શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ.'

જો ન્યુટ્રિનોનો અવિરત ધોધ પૂરા વિશ્વમાં વર્ષી રહ્યો હોય, તો કર્મના પુદ્ગલના વિશ્વવ્યાપી ગતિશીલ અસ્તિત્વને કેમ નકારી શકાય ?

જોકે હવે નવી પેઢીના વૈજ્ઞાનિકોના વલણમાં ફેરફાર થઈ રહ્યો છે. તેઓ આત્મા અને કર્મનો સ્પષ્ટ સ્વીકાર નથી કરતા, પણ ચેતનતત્ત્વ Consciousnessની સંભાવના વિશે વિચાર અને ચર્ચા કરતા થયા છે.

## Consciousness and Cosmos as giant computer :

હવે જ્યારે વિજ્ઞાન ચેતન વિશે ચર્ચા કરતું થયું ત્યારે વૈજ્ઞાનિકોનો વિશ્વના સ્વરૂપ વિશેનો અદ્યતન અભિગમ આપણી સામે આવે છે.

હવે વૈજ્ઞાનિકો અભિપ્રાય આપે છે કે વિશ્વ એક વિશાળ કૉમ્પ્યુટર છે. વિશ્વના સર્જન સમયે મહાવિસ્ફોટ થયો ત્યારે વિશ્વ એક સૂક્ષ્માતિસૂક્ષ્મ બિંદુ હતું. ત્યારે જ તેની કાયામાં તેના ભવિષ્યનો કાર્યક્રમ નોંધાઈ ગયો હતો. એ કાર્યક્રમને વિશ્વ આજ સુધી વફાદારીથી અમલમાં મૂકી રહ્યું છે. એ સૂક્ષ્માતિસૂક્ષ્મ બિંદુ વિશ્વના વિસ્તાર સાથે તેના ઘટકો અને નિયમો ક્રમ પ્રમાણે અસ્તિત્વમાં આવતા ગયા અને વિકસતા ગયા. પદાર્થ અને ઊર્જાના વિકાસ પછી વિશાળ તારા અને આકાશગંગા અસ્તિત્વમાં આવ્યા. તેની સાથે સાથે કોમ્પ્યુટરના કાર્યક્રમ પ્રમાણે ચેતનતત્ત્વ પણ અંકુરિત થયું. આ ચેતનતત્વ પ્રાથમિક પદાર્થોમાં સર્વવ્યાપીરૂપે અવિકસિત અવસ્થામાં અબજો વર્ષ રહ્યા પછી ધીરે ધીરે ઉત્ક્રાંતિ પામતું ગયું છે અને છેવટે બુદ્ધિશાળી, પ્રજ્ઞાશીલ જીવન અસ્તિત્વમાં આવ્યું છે.

આ અનુમાન(Hypothesis)માં થોડા શબ્દોના ફેરફાર કરવામાં આવે, અને 'પૂરા વિશ્વમાં ફેલાયેલા નિગોદના જીવો, તેમાંથી વિકસેલા પૃથ્વીકાયના જીવો અને પછી અપ્કાય, વાયુકાય, અગ્નિકાય, વનસ્પતિકાય વગેરે શબ્દોને સ્થાપવામાં આવે તો આ વૈજ્ઞાનિક ચિત્ર જૈન જીવ-જગતના આલેખનથી જુદું પડે ખરું ?

વિજ્ઞાનનું વિશ્વનું આ ચિત્ર અહીં બતાવ્યું છે તેટલું સરળ નથી. તેને સમજવા માટે ગણિતના અટપટા જટિલ સૂત્રોનો ઉપયોગ કરવો પડે છે. પાયથાગોરસે વિશ્વની વિસ્મયતા અને આશ્ચર્યમાંથી ગણિતના નિયમો શોધવાનો પ્રયત્ન કર્યો. આજના વૈજ્ઞાનિકોએ ગણિતના નિયમોમાં વિશ્વને સમાવી દીધું છે. ૨૫૦૦ વર્ષે વર્તુળ પૂરું ગોળ ફરીને ઊભું છે ત્યારે જેમાં જૈનદર્શને દોરેલા વિશ્વના નકશાની રેખાઓ અંકિત થયેલી દેખાઈ રહી છે.

જૈન ગ્રંથોમાં પરમાણુવાદ, કિરણોત્સર્ગ (**Radiation**), પિંડ અને ઊર્જાના સંરક્ષણ વગેરે વૈજ્ઞાનિક વિષયોને સ્પર્શતા વિધાનો અનેક સ્થળે જોવા મળે છે. ભૂમિતિની જાણકારી પણ જોઈ શકાય છે.

**ઉપસંહાર :**

આ લેખનો હેતુ એ છે કે આપણાં શાસ્ત્રોક્ત કથનો પરના પોલા અહોભાવને બદલે જૈનસમાજ તેમાં રહેલી અસાધારણ પ્રતિભાનું વૈશ્વિક સ્તરે યથાર્થ મૂલ્યાંકન થાય અને અર્વાચીન વૈજ્ઞાનિકો અને વિજ્ઞાનના ઈતિહાસકારો તેને યોગ્ય કીર્તિસ્તંભ ઉપર સ્થાપિત કરે તે માટે કાર્યશીલ બને. જો ૨૫૦૦ વર્ષ પહેલાંના ગ્રીસના ફિલૉસૉફરોના યોગદાનને વિજ્ઞાનના બીજ તરીકે વધાવવામાં આવતા હોય અને આદરપાત્ર હોય, તો જૈનદર્શનમાં આપેલા વિશ્વના સ્વરૂપનાં દૂરગામી પરિણામો અને અસરની પણ આંતરરાષ્ટ્રીય સ્તરે યોગ્ય નોંધ લેવાય અને કદર થાય તે જૈનોના ગૌરવ માટે આવશ્યક છે. આપણાં શાસ્ત્રોમાં અનેક વિધાનો આજના વિજ્ઞાન સાથે તાલમેળ નથી ધરાવતા તે વાતનો સ્વીકાર કરવો પડશે. ત્યારે જ આધુનિક વિજ્ઞાન અને જગત જૈનદર્શનમાં રહેલાં અસાધારણ વૈજ્ઞાનિક કથનો અને તેના વિશ્વવ્યાપી મહત્ત્વનો તો સ્વીકાર કરશે જ, સાથે સાથે જૈનદર્શનની સાર્વભૌમ મહત્તાનું પણ યોગ્ય મૂલ્યાંકન કરશે.

જૈનવિજ્ઞાનમાં વિશ્વશાંતિ અને સામંજસ્યની પ્રચંડ શક્તિ છે, તેને જાગૃત કરવા માટે જૈનસમાજે સ્વયં જાગૃત થવાનો સમય પરિપક્વ થઈ ગયો છે.

# ૩૪ જૈનદર્શન અને વિજ્ઞાનના સંદર્ભે વિશ્વના સ્વરૂપની તુલનાત્મક સમીક્ષા

ડૉ. જવાહર પી. શાહ

એમ.એચસી., એમ.એ., એમ.ફિલ. જૈનોલોજી વિષય પર, પુદ્ગલ પર પીએચ.ડી. કરેલ છે. ગૂજરાત વિદ્યાપીઠ - અમદાવાદમાં પ્રાધ્યાપક, જૈન ધર્મના અભ્યાસી, સંપાદનકાર્યમાં રત.

પાંચ અસ્તિકાયોમાં જીવ અને પુદ્ગલ સક્રિય અને ગતિશીલ છે અને અનેક વ્યક્તિસ્વરૂપ છે. જીવ અમૂર્ત છે જ્યારે પુદ્ગલ મૂર્ત છે. બાકીના ત્રણ અમૂર્ત - Abstract છે. તેમને દળ કે Mass હોતું નથી. જૈન તત્ત્વમીમાંસામાં સક્રિય દ્રવ્યો-જીવ અને પુદ્ગલને ગતિશીલ બનવામાં સહાયક એવું દ્રવ્ય - ધર્માસ્તિકાય છે. તે અભૌતિક, આકાશ અને કાળ જેવું અમૂર્ત (Noncorporial) છે. તેમાં પુદ્ગલ જેવી પરમાણિવયતા (Atomicity) નથી. એવું જ બીજું દ્રવ્ય અધર્માસ્તિકાય જીવ અને પુદ્ગલને સ્થિતિ કરવામાં સહાયક છે. ધર્મ અને અધર્મ નામનાં આ બે દ્રવ્યો લોકાકાશમાં રહેલાં છે - અવસ્થિત છે. અલોકાકાશમાં તેનું અસ્તિત્વ નથી. બંને દ્રવ્યો એકબીજાનાં વિરોધી દ્રવ્યો નથી, ફક્ત ધર્મદ્રવ્યનું જ અસ્તિત્વ હોત તો વસ્તુઓ સતત ગતિમાન જ રહેત અને અરાજકતા (Chaos) સર્જાત. જો અધર્મદ્રવ્ય જ હોત તો વસ્તુઓ ફક્ત સ્થિતિની દશામાં (Paralytic state) જ રહેત. બંને દ્રવ્યોની હાજરી વૈશ્વિક સંતુલન (Cosmic equilibrium) નિર્માણ કરે છે. આમ આ બે દ્રવ્યો વિરોધી નથી પણ તેનાં કાર્યો વિરોધી છે. આ કાર્યો (Functions) તેઓ નિષ્ક્રિય રહીને બજાવે છે, પરંતુ તેઓ કોઈ પ્રકારની વ્યવસ્થિતતા (Orderlyness) પેદા કરતા નથી. આમ તેઓ વિશ્વવ્યવસ્થામાં પરોક્ષ રહીને પોતાનું યોગદાન આપે છે.

આકાશાસ્તિકાય બીજાં બધાં દ્રવ્યોને અવગાહન-સ્થાન આપે છે. તે ન હોત તો બાકીનાં દ્રવ્યો પણ ન હોત. પુદ્ગલનું દૃશ્યમય જગત પણ ન હોત. તે નક્કર દ્રવ્ય નથી, પણ ખાલી સ્થાન (Void) છે. તે સર્વવ્યાપી, અખંડ, અનંત પ્રદેશાત્મક છે, પરંતુ ભાવાત્મક છે, અસત્ કે અભાવાત્મક નથી. તેના બે ભાગ છે : (i) લોકાકાશ અને (ii) અલોકાકાશ. બધાં દ્રવ્યોને રહેવાનું સ્થાન - લોકાકાશમાં જ સીમિત છે. અલોકાકાશને કોઈ સીમા નથી અને તેમાં આકાશ સિવાય કોઈ દ્રવ્યનું અસ્તિત્વ નથી. આકાશ

આધેય છે, તેનો કોઈ આધેય નથી. તે સ્વપ્રતિષ્ઠિત છે. લોકાકાશ અસંખ્યાતપ્રદેશી છે, જ્યારે અલોકાકાશ અનંતપ્રદેશી છે.

આમ દ્રવ્યથી - આકાશ અનંતપ્રદેશાત્મક છે.
ક્ષેત્રથી - અનંતવિસ્તારયુક્ત લોકાલોક પ્રમાણ છે.
કાળથી - અનાદિ અનંત છે.
ભાવથી - અમૂર્ત છે; વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત છે.

જે રીતે જૈનદર્શન કોઈ એક જ તત્ત્વને વિશ્વના આધારભૂત તરીકે માનતું નથી, તેમ આધુનિક ભૌતિકશાસ્ત્ર પણ આ અફાટ બ્રહ્માંડમાં ત્રણ મુખ્ય પદાર્થોનાં અસ્તિત્વને સ્વીકારે છે : (૧) અવકાશ કે આકાશ (Space). (૨) સમય-કાળ (Time) અને (૩) પુદ્ગલ (Matter). સમગ્ર ભૌતિકશાસ્ત્રમાં તેનો જ વિચાર અને ગણતરી કરવામાં આવી છે. જો કે આ વિચારનાર કે કરનાર વ્યક્તિ બ્રહ્માંડનું સૌથી અગત્યનું દ્રવ્ય છે - જેને આત્મા કહેવાય છે - તેની વિચારણા વિજ્ઞાનમાં કરવામાં આવતી નથી. તેનો ઉલ્લેખ માત્ર કરી ભૌતિક વિજ્ઞાનની દૃષ્ટિએ પુદ્ગલની શોધ એ જ વિજ્ઞાનનું લક્ષ્ય બની રહ્યું છે.

આધુનિક વિજ્ઞાનનો પ્રારંભ સત્તરમી સદીથી - ગેલિલિયો અને ન્યૂટનના સમયથી માનવામાં આવે છે. ત્યારથી પ્રયોગો અને નિરીક્ષણોનું મહત્ત્વ વધ્યું. સિદ્ધાંતોમાંથી જે પરિણામો મળે તે પ્રયોગની કસોટીએ પાર ઊતરે તે પછી જ આ સિદ્ધાંતો વિજ્ઞાનમાં સ્થાન પામે તે સ્વીકારવામાં આવ્યું.

ન્યૂટને ગતિના નિયમો આપ્યા અને સાથે ગતિના માધ્યમ રૂપે 'ઈથર' નામના દ્રવ્યનો ખ્યાલ પ્રચલિત કર્યો. એ દ્રવ્ય સર્વવ્યાપી અને શૂન્યાવકાશમાં પણ તેનું અસ્તિત્વ હોવાનું માનવામાં આવ્યું. મેક્સવેલની થિઅરી ઑફ ઈલેક્ટ્રોમેગ્નેટિઝમમાં નોંધ લેવામાં આવી કે પ્રકાશના તરંગો ચોક્કસ વેગ સાથે 'ઈથર'માં ગતિ કરે છે, જે રીતે ધ્વનિના તરંગો હવામાં ગતિ કરે છે. આમ ન્યૂટન અને જૈનદર્શન આકાશને સ્વતંત્ર, વસ્તુસાપેક્ષ (Objective) રૂપે જુએ છે અને તેને સ્થિર, એક અખંડ અવકાશની ક્ષમતાવાળું સ્વીકારે છે.

તેમ છતાં બંનેમાં મોટું અંતર છે. ન્યૂટનના ભૌતિકશાસ્ત્રમાં આકાશ સાથે ઈથર જેવા ભૌતિક તત્ત્વનો અવિછિન્ન સંબંધ દર્શાવ્યો છે, જ્યારે જૈનદર્શનમાં સ્વતંત્ર એવા અભૌતિક ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય જેવા ગતિ-સ્થિતિની સમસ્યાનું સમાધાન કરનાર દ્રવ્યોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

ઈ.સ.૧૮૮૭ થી ઈ.સ.૧૯૦૫ સુધી ભૌતિક ઈથરનો ખ્યાલ સ્વીકાર્ય બન્યો હતો, પરંતુ માઈકલસન-મોરલેના પ્રયોગનું પરિણામ દર્શાવતું હતું કે 'ઈથર' નામના તત્ત્વનું અસ્તિત્વ સિદ્ધ થતું નથી. ઈ.સ. ૧૯૦૫માં આઈન્સ્ટાઈને સ્પેશિયલ થિઅરી ઑફ રિલેટિવિટી દ્વારા ન્યૂટનના 'ઈથર' સિદ્ધાંતનો ત્યાગ કર્યો.

ન્યૂટનનો નિરપેક્ષ આકાશનો સિદ્ધાંત શૂન્ય અને વાસ્તવિકતાના સંબંધમાં ઊભી થતી મૂંઝવણો દૂર કરે છે. તાર્કિક રીતે આ સિદ્ધાંતનું ખંડન કરી શકાય નહિ. આ સિદ્ધાંતનો મુખ્ય વિરોધ એ છે કે નિરપેક્ષ આકાશને જાણવું જ શક્ય નથી (તે ઈન્દ્રિયાતીત હોવાથી) અને વ્યાવહારિક કારણ એ છે કે ભૌતિક વિજ્ઞાનની ટ્રેન તેના વગર દોડી શકે છે.

પહેલા આકાશ અને કાળ(Space and Time)ની નિરપેક્ષતાનો ખ્યાલ વ્યાપક અને સર્વસ્વીકૃત મનાતો હતો. એક વિશાળ પાત્ર - Containce રૂપે આકાશ - જેમાં અનેક વસ્તુઓ સાથે રહેલી હોય અને કાળ પણ એવું જ બીજું માધ્યમ - જેમાં ક્રમિકપણે બનાવોનો અનંત પ્રવાહ વહ્યો જાય છે તેમ માનવામાં આવતું. આઈન્સ્ટાઈનના મત પ્રમાણે આકાશ અને કાળ નિરપેક્ષ નથી પણ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. આઈન્સ્ટાઈને ઈથરની કલ્પનાને સ્થાને પાયાનો નિયમ આપ્યો. વિજ્ઞાનના બધા નિયમો મુક્ત ગતિ કરતા તમામ નિરીક્ષકો માટે સમાન છે. આ નિયમનાં પરિણામો ઘણાં દૂરગામી હતાં. આ નિયમના આધારે ગતિનાં નવાં સમીકરણો આઈન્સ્ટાઈને આપ્યાં. આમાં રસપ્રદ વાત એ છે કે જ્યારે પદાર્થ ઓછા વેગથી ગતિ કરતા હોય ત્યારે આઈન્સ્ટાઈનનાં સમીકરણો ન્યૂટનના સમીકરણ બની જાય છે, પરંતુ અતિ તીવ્ર વેગથી ગતિ કરતા પદાર્થોને ન્યૂટનના નહિ પણ આઈન્સ્ટાઈનના સમીકરણ લાગુ પડે છે. આમ ન્યૂટનનું ગતિશાસ્ત્ર ખોટું પુરવાર થયું એમ કહેવાને બદલે એમ કહેવું યોગ્ય ઠરશે કે તેના ગતિશાસ્ત્રનું વિસ્તૃતીકરણ થયું છે.

સાપેક્ષતાના આ બે સિદ્ધાંતો ભૌતિક જગતનાં બે અંતિમ પરિણામો-વાળા પદાર્થોને સ્પર્શે છે. એક તરફ તે બ્રહ્માંડમાં આકાર લેતાં પરિબળો અને રચના વિશેની ધારણાઓમાં ભાગ ભજવે છે, તો બીજી તરફ સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાણુઓની લાક્ષણિકતાઓનું પણ યથાર્થ વર્ણન કરે છે. 'મધ્યમ' પરિમાણીય પદાર્થો જે આપણા રોજિંદા જીવનના અનુભવના ભાગરૂપ છે ત્યાં તો ન્યૂટનના નિયમો જ સર્વોપરી છે.

આમ આકાશ અને કાળને સ્વતંત્ર, નિષ્ક્રિય રાશિ માનવાની જગ્યાએ આધુનિક વિજ્ઞાન તેને પરસ્પર ગાઢ રીતે સંકળાયેલ રાશિઓ માને છે અને સાથે પુદ્‌ગલને પણ અસરકારક અને સક્રિય રીતે સંકળાયેલ તત્ત્વ તરીકે જુએ છે. આમ જૈનદર્શનમાં આકાશ, કાળ અને પુદ્‌ગલ એ ત્રણેયનું જે સ્વતંત્ર અસ્તિત્વ માનવામાં આવે છે, તેનો અહીં સ્પષ્ટ નિષેધ સૂચવવામાં આવેલ છે. જોકે દિગંબર જૈન ગ્રંથોમાં આકાશ અને કાળને એકબીજા સાથે સંપૂર્ણ સંકળાયેલાં બતાવ્યા છે. દિગંબર જૈનાચાર્ય શ્રી નેમિચંદ્ર તેમના ગ્રંથ 'દ્રવ્યસંગ્રહ'માં દર્શાવે છે કે - "લોકાકાશના જેટલા આકાશપ્રદેશ છે તેટલા જ કાળના અણુઓ છે. લોકાકાશના એકેક આકાશપ્રદેશ ઉપર એકેક કાલાણુ રહેલ છે."

પુદ્‌ગલ દ્રવ્ય(**Matter**)ના જે ગુણધર્મો આધુનિક ભૌતિકશાસ્ત્રમાં વર્ણવેલા છે, તે બધા ગુણો જૈન સિદ્ધાંતાનુસારી છે. બંનેના પરમાણુ-વિષયક ખ્યાલો (**Concepts**) પણ સમાન છે. વ્યાખ્યાઓ પણ ઘણી સમાનતા ધરાવે છે. વ્યાખ્યાઓનું અર્થઘટન ક્યારેક જુદું પડે છે. જૈન-દર્શનમાં પ્રકાશને પણ પૌદ્‌ગલિક કહ્યો છે અને તેને પણ ગુરુત્વાકર્ષણના નિયમો લાગુ પડે છે. ભૌતિક વિજ્ઞાન તેને તરંગસ્વરૂપે અપૌદ્‌ગલિક માને છે. આમ તારાના પ્રકાશ વિષયક વળાંક કે **Deviation**ની ઘટનાને સમજાવવા આકાશને આઈન્સ્ટાઈન વક્ર માને છે, તેની જગ્યાએ પૌદ્‌ગલિક કિરણોનું વક્રપણું જૈનદર્શનમાં સ્વીકાર્ય બને છે. આકાશ પૌદ્‌ગલિક નહિ અપૌદ્‌ગલિક હોવાથી ગુરુત્વાકર્ષણનું બળ તેને સ્પર્શતું નથી. આ પ્રકારનું નિરૂપણ જૈન-સિદ્ધાંત માન્ય બની શકે અને પ્રયોગનું પરિણામ તેના વડે સમજાવી શકાય.

ભૌતિક શાસ્ત્રમાં દ્રવ્યના અવિભાજ્ય સૂક્ષ્મતમ અંશને પરમાણુ (**Atom**) કહેવામાં આવે છે. પરંતુ જે પરમાણુ છે તેનું ઈલેક્ટ્રોન, પ્રોટોન અને ન્યૂટ્રોન, ક્વાર્ક વગેરે **Sub atomic** કણોમાં વિભાજન શક્ય છે, માટે તેને વાસ્તવિક પરમાણુ કહી શકાય નહિ. જૈનદર્શનમાં અનંત પરમાણુના સમૂહના મુખ્ય આઠ પ્રકાર દર્શાવ્યા છે : (૧) ઔદારિક વર્ગણા (૨) વૈક્રિય વર્ગણા (૩) આહારક વર્ગણા. (૪) તૈજસ વર્ગણા (૫) ભાષા વર્ગણા (૬) શ્વાસોચ્છ્‌વાસ વર્ગણા (૭) મનો વર્ગણા (૮) કાર્મણ વર્ગણા. આ વર્ગણાઓ ઉત્તરોત્તર વધુ ને વધુ સૂક્ષ્મ છે. આધુનિક ભૌતિકવિજ્ઞાન આ વર્ગણાઓમાંની પ્રથમ ઔદારિક વર્ગણા સુધી પહોંચી

શક્યું છે. ઔદારિક વર્ગણાના પરમાણુ એકમમાં રહેલા પરમાણુઓ ઘણા સ્થૂળ છે. આધુનિક વિજ્ઞાન જેને પ્રકાશ - **Light** કહે છે અને ધ્વનિ - **Sound** કહે છે, તે જૈનદર્શનના તેજસ વર્ગણા અને ભાષા વર્ગણામાં સ્થાન પામે છે.

આકાશ-કાળ સાતત્યક (**Space-time continuum**)ની જેમ ભૌતિકશાસ્ત્રીઓ હવે પુદ્ગલ અને મનને પણ **Mattermind continuum** થી જોડતા થયા છે અને ગેલમાને તો ક્વાર્ક અને લેપ્ટોનની ત્રણ પેઢીનું મોડેલ તૈયાર કર્યું છે, જે દ્વારા સમગ્ર બ્રહ્માંડની રચના દર્શાવી શકાય. આમ બ્રહ્માંડના મૂળમાં એક તત્ત્વ છે, એ ધારણાને વિજ્ઞાન ટેકો આપતું નથી. અહીં અનેકાંતવાદ અને ષડ્દ્રવ્યનું મહત્ત્વનું બીજ રહેલું છે.

ક્વોન્ટમ્ ફિઝિક્સ અને થિઅરી ઑફ રિલેટિવિટી દ્વારા વિશ્વનું ચિત્ર એ રીતે દોરી શકાય કે બધું જ અનેક સંયોજનો, બંધારણ અને સંબંધોના તાણાવાણાથી - પરસ્પરાવલંબી તંતુજાળથી કોઈક રૂપે દેખાય છે અને પાછું તરત બદલાઈ જાય છે. અહીં આપણને શ્રી જિનેશ્વર ભગવંતની ત્રિપદી પ્રત્યક્ષ થાય છે કે -

उप्पनेइ वा धुवेइ वा विगमेइ वा ।

અસ્તુ.

૩૫

# જૈનદર્શન અને વિજ્ઞાનના સંદર્ભમાં વિશ્વનું સ્વરૂપ

પ્રવર્તક શ્રી મૃગેન્દ્રવિજયજી મ.સા.

જૈનદર્શનમાં વિશ્વ-વ્યવસ્થા માટે સુંદર, સુવિસ્તૃત નિરૂપણ કરવામાં આવ્યું છે.

વિશ્વ એટલે બ્રહ્માંડ, Universe પણ જૈનદર્શનમાં વિશ્વ માટે વિશેષરૂપે 'લોક' શબ્દ પ્રયુક્ત છે. જેમ કે - ૧૪ - રાજલોક. આ ઉપરાંત ગણધર ભગવંતો વિરચિત સૂત્રોમાં પણ આ 'લોક' શબ્દ જ ઉપયુક્ત છે.

- णमो लोए सव्वसाहूणं ।
- लोगस्स उज्जोअगरे ।
- जं किंचि नाम तित्थं, सग्गे पायालि माणुसेलोए
- णमोत्थुणं अरिहंताणं...
  लोगहिआणं, लोग पइवाणं, लोग पज्जोअगराणं ।
  लोअग्गमुवगयाणं, णमो सया सव्वसिद्धाणं ।
- "..... लोगो जत्थ पईत्थिओ, जगमिणं तेलुक्कमच्चासुरं ॥

વગેરે સૂત્રપાઠોથી જોઈ શકાય છે.

ઉપાધ્યાય શ્રી વિનય વિજયજી મહારાજે વિ.સં. ૧૭૨૩માં 'શાંત સુધારસ' ગ્રંથની રચના કરી છે. તેમાં ૧૬ ભાવનાઓ પૈકી 'લોક સ્વરૂપ' ભાવનાની વિચારણા કરી છે.

'લોક' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ થાય છે - 'જોવું'. लुक् = (To See) ધાતુ ઉપરથી 'લોક' શબ્દ બન્યો છે. જેમાં પંચાસ્તિકાય અને 'કાળ' સાથે ષડ્દ્રવ્યો જોવામાં આવે છે તે જ 'लोक' છે - અથવા 'લોકાકાશ' પણ કહેવાય છે - તેના મુખ્ય ત્રણ ભેદ છે : (૧) ઊર્ધ્વલોક, (૨) અધોલોક અને (૩) તિર્ચ્છાલોક - અથવા તિર્યંકલોક, મધ્યલોક કે મર્ત્યલોક પણ કહેવામાં આવે છે.

તેમાં સૌપ્રથમ ઊર્ધ્વલોકમાં સિદ્ધાત્માઓ, સિદ્ધશિલા તેમ જ અનુત્તર ગ્રૈવેયક અને વૈમાનિક દેવો, લોકાંતિક, કિલ્બિષિક દેવોનો સમાવેશ થાય છે.

અધોલોકમાં ભવનપતિદેવો, પરમાધામીદેવો તથા ૭ નરકનો સમાવેશ છે.

જ્યારે મર્ત્યલોકમાં જ્યોતિષચક્ર, મેરુ પર્વત, જંબૂદ્વીપ, આપણો આ દક્ષિણાર્ધ ભરતક્ષેત્ર વગેરે અસંખ્ય દ્વીપ-સમુદ્રો આવેલા છે.

જે રીતે વિશ્વ-વ્યવસ્થા ગોઠવાયેલી છે, તેની પ્રતિદિન અનુપ્રેક્ષા કરવી જોઈએ - તેનું કારણ દર્શાવતાં 'તત્ત્વાર્થ સૂત્ર'માં કહ્યું છે કે -

"जगत्-कायस्वभावौ च संवेग-वैराग्यार्थं ॥" (૭/૭)

જગતનો સ્વભાવ અને શરીરના સ્વભાવની વિચારણા કરવાથી સંવેગ અને વૈરાગ્ય વધે છે - જ્ઞાની પુરુષોનો આ દૃષ્ટિકોણ છે, જ્યારે આધુનિક વિજ્ઞાનની પૃષ્ઠભૂમિ જુદી પડે છે. વિજ્ઞાનને સાબિતી જોઈએ છે, - જ્યારે ધર્મ કે અધ્યાત્મના પાયામાં પ્રતીતિ છે. જ્યાં પ્રતીતિ છે - ત્યાં સાબિતી કે પ્રૂફની જરૂર રહેતી નથી.

આજનું ભૌતિક વિજ્ઞાન માત્ર ત્રણ પદાર્થને સ્વીકારે છે :

(૧) અવકાશ - **Space** (૨) સમય - **Time** (૩) પુદ્ગલ - **Matter.**

જ્યારે જૈન દૃષ્ટિકોણ - કહે છે કે - સમગ્ર ૧૪ રાજલોકમાં ધર્માસ્તિકાય - આ ચાર અજીવદ્રવ્ય અને જીવાસ્તિકાય - વ્યાપ્ત છે. 'કાળ' સાથે ષટ્ દ્રવ્યો ગણાવ્યાં છે.

'ધર્માસ્તિકાય' એ જૈનદર્શનનો વિશિષ્ટ પારિભાષિક શબ્દ છે - જે ગતિમાં સહાયક દ્રવ્ય છે. જીવ અને પુદ્ગલની ગતિનું માધ્યમ છે. જેમ મત્સ્યને પાણીમાં તરવા માટે જળ સહાયક છે, તેમ ગતિના સંચાલન માટે ધર્માસ્તિકાય ઉપયોગી દ્રવ્ય છે, તેના વિના ગતિ અસંભવ છે.

અર્વાચીન વિજ્ઞાન આને 'ઈથર' **Ether** નામથી ઓળખે છે, બ્રહ્માંડનાં અનેક રહસ્યોનો વિજ્ઞાને આજે આવિસ્કાર કર્યો છે, જે પ્રાચીન ગ્રંથોમાં પ્રતિપાદિત છે.

તેવી જ રીતે 'બૃહદ્ સંગ્રહણી સૂત્ર'માં **'અષ્ટ કૃષ્ણરાજિ'**ની વાત આવે છે. જેને આજના વૈજ્ઞાનિકો **Black Holes** - બ્લેક હોલ્સ અથવા તેને **'શ્યામગર્ત'** તરીકે પણ ઓળખાય છે.

**(સમાપ્ત)**

## સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર - મુંબઈ-૮૬

### સેન્ટરની કાયમી યોજનાના દાતાઓ

- માનવમિત્ર ટ્રસ્ટ - સાયન
- વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ - મુંબઈ - ચીંચણી
- ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ - મુંબઈ

### સેન્ટરના પેટ્રન્સ

- શ્રી અખિલ ભારતીય સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ
- શ્રી મનસુખલાલ અમૃતલાલ સંઘવી - ઘાટકોપર, મુંબઈ

### જ્ઞાનધારા-૩ ના પ્રકાશન સૌજન્યદાતાઓ

- મુનિ સંતબાલજી પ્રેરિત વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘના સુવર્ણ જયંતી વર્ષ પ્રસંગે

---

- કાઠિયાવાડ સ્થા. જૈન સમાજ - ઘાટકોપરના રજત જયંતી વર્ષ પ્રસંગે

---

- શ્રીમતી પુષ્પાબહેન ભૂપતરાય બાવીશી હ. યોગેશભાઈ

---

શ્રીમતી ધનવંતીબહેન નવીનચંદ્ર મોદી તથા
સ્વ. શીવલાલ સાકરચંદ શાહ

# પરિપત્ર

વિદ્વતવર્ય શ્રી                                                                 તા. ૨૪-૮-૨૦૦૭

## વિષય : જૈનસાહિત્ય જ્ઞાનસત્ર-૪

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે,

શાસન અરુણોદય પૂજ્ય શ્રી નમ્રમુનિજી પ્રેરિત ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટના સહયોગથી વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘના સુવર્ણ જયંતી અવસરે, સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રિસર્ચ સેન્ટર દ્વારા જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૪નું આયોજન કરવામાં આવ્યું છે.

મહાવીર નગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર વાયા બોઈસર જીલ્લો-થાણા ચિંચણી મુકામે અધ્યાત્મ યોગિની પૂ. લલિતાબાઈ મહાસતીજી તથા પૂ. ડૉ. તરુલતાજી સ્વામીની પાવન નિશ્રામાં તા. ૬ અને ૭ ઓક્ટોબર-૨૦૦૭ શનિવાર-રવિવારના યોજાનાર આ જ્ઞાનસત્રનું પ્રમુખ સ્થાન ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ શોભાવશે. વિદ્વાન લેખકો અને સંશોધકો માટે જ્ઞાનસત્રના વિષયો : (૧) વિશ્વવાત્સલ્યના આરાધક ક્રાંતદૃષ્ટા મુનિશ્રી સંતબાલજી, (૨) અધ્યાત્મ જગતમાં જૈન કવિની મારી પ્રિય તત્ત્વસભર રચના, (૩) જૈન સંસ્કૃતિના વિકાસમાં નારીનું યોગદાન, (૪) જિનાગમ સંદર્ભે શ્રાવકાચાર, (૫) ધ્યાન, જપ અથવા જૈન વિધિ - અનુષ્ઠાનની વૈજ્ઞાનિકતા. જ્ઞાનસત્ર-૩માં થયેલા નિબંધોનો સંગ્રહ જ્ઞાનધારા-૩નું વિમોચન આ પ્રસંગે થશે.

જ્ઞાનસત્રમાં આપ જે વિષય પર લેખ-નિબંધ કે શોધપત્ર રજૂ કરવાના હો તે ૬ ફૂલસ્કેપ પર એક બાજુ લખીને અથવા ૪ ફૂલસ્કેપ કાગળ પર ટાઈપ કરીને તા. ૨૫-૯-૨૦૦૭ સુધીમાં મોકલી આપવાનો રહેશે. નિબંધના મુદ્દાઓ ૧૦ મિનિટમાં રજૂ કરવાના રહેશે. આપનો સ્વીકૃતિ પત્ર આપના પરિચય અને નિબંધના વિષય સાથે તા. ૨૦-૯-૨૦૦૭ સુધીમાં મળ્યેથી આપને અમે વિગતવાર આમંત્રણ પત્રિકા પાઠવીશું.

---

**સંપર્ક સૂત્ર : ગુણવંત બરવાળિયા (સંયોજક)**
૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭
ફોન : (૦૨૨) ૨૫૧૨૫૬૫૮ (મો) ૯૮૨૦૨ ૧૫૫૪૨

## શ્રી પંડિત રત્નચંદ્રજી જૈન કન્યાશાળા ટ્રસ્ટ

## પી. એન. દોશી વીમેન્સ કોલેજ ઓફ આર્ટ્સ સંચાલિત

# સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરિ રિસર્ચ સેન્ટર

સૌરાષ્ટ્રકેસરી પૂ. પ્રાણલાલજી મહારાજ સાહેબની શ્રુતપ્રભાવના વિશિષ્ટ હતી. શાસ્ત્રગ્રંથોનું પરિશીલન, તાડપત્રીય ગ્રંથોનો સંગ્રહ અને જાળવણી, શાસ્ત્રભંડારો અને પાઠશાળાની સ્થાપનામાં એમનું અનેરું યોગદાન હતું.

આ સંદર્ભના પરિપ્રેક્ષ્યમાં અધ્યાત્મ યોગિની પૂ. લલિતાબાઈ મ.સા.નાં વિદ્વાન શિષ્યા પૂ. ડૉ. તરુલતાજીની પ્રેરણાથી 'સૌરાષ્ટ્રકેસરી પૂ. પ્રાણગુરુ જન્મ શતાબ્દી સમિતિ' મુંબઈના સહયોગથી ગુરુદેવની સ્મૃતિ ચિરંજીવ રાખવા પૂજ્યશ્રીની જન્મ શતાબ્દી પ્રસંગે સંસ્થાએ 'સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરિ રિસર્ચ સેન્ટર'ની સ્થાપના કરી છે. સેન્ટરના ઉદ્દેશ આ પ્રમાણે છે :

- જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું અધ્યયન, સંશોધન, સંપાદન અને પ્રકાશન કરવું.
- સંસ્કૃતિ, ધર્મ અને અધ્યાત્મના સાહિત્યનું પ્રકાશન કરવું.
- જૈન ધર્મનાં તત્ત્વોની વૈજ્ઞાનિક રીતે રજૂઆત કરવી.
- પ્રાચીન હસ્તલિખિત અને તાડપત્રીય ગ્રંથોનું સંશોધન અને પુસ્તકાલયની પ્રવૃત્તિ કરવી.
- જૈન ધર્મને કેન્દ્રમાં રાખી માનવ ધર્મની પ્રવૃત્તિનો વિકાસ કરવો.
- જૈનસાહિત્યના અધ્યયન અને સંશોધનનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (સ્કોલરશિપ) આપવી.
- વિદ્વાનો અને સંતોનાં પ્રવચનોનું આયોજન કરવું.
- ધર્મ અને સંસ્કારનાં વિકાસ અને સંવર્ધન થાય તેવી શિબિર અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવું. સંસ્કારલક્ષી, સત્ત્વશીલ અને શિષ્ટ સાહિત્યનું પ્રકાશન કરવું.
- અભ્યાસ નિબંધ વાચન (Paper Reading), લિપિ વાચન અને પ્રાચીન જૈન ગ્રંથો (Old Jain Manuscript)નું વાચન.
- જૈન ધર્મ પર સંશોધન M.A., Ph.D, M.Phil કરનારાં જિજ્ઞાસુ, શ્રાવક, સંત-સતીજીઓને સહયોગ, સુવિધા અને માર્ગદર્શન પૂરા પાડવા અને સંશોધિત સાહિત્યનું પ્રકાશન.
- જૈન પ્રાચીન ગ્રંથો, ચિત્રો, શિલ્પ, સ્થાપત્યના ફોટાઓ વગેરેની સી.ડી. તૈયાર કરાવવી.
- દેશ-વિદેશમાં જૈન ધર્મ પર પરિસંવાદ, પ્રવચન-આયોજન, ઈન્ટરનેટ પર 'વેબસાઈટ' દ્વારા જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્ય વિષયક માહિતીનો પ્રચાર કરવો.

આપના સહયોગની અપેક્ષા સાથે

**મૅનેજિંગ ટ્રસ્ટી : નવનીતભાઈ શેઠ** **માનદ્ સંયોજક : ગુણવંત બરવાળિયા**

**સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરિ રિસર્ચ સેન્ટર**

S.P.R.J. કન્યાશાળા ટ્રસ્ટ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૮૬

સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરિ રિસર્ચ સેન્ટર - ઘાટકોપર, મુંબઈ-૮૬

# જ્ઞાન એ આત્માનો મૂળ ગુણ છે

जहा सूई पडिआ न विणस्सइ ।
तहा जीवे रसुत्ते संसारे न विणस्सइ ॥

Just as a threaded needle does not
get lost even when it falls on the ground,
Similarly the soul with knowledge of scriptures
is not lost in the world of birth and death.

જેમ દોરો પરોવેલી સોય પડી જાય
તો પણ ખોવાઈ જતી નથી,
તેમ શ્રુતજ્ઞાની જીવ સંસારમાં રખડતો નથી.
(ઉત્તરાધ્યયન સૂત્ર, ૧૯-૫૯)

विद्यां चचिद्यां च यस्तद वेदोमयं सह
अविधया मृत्युं तीत्वां विधयामृतमश्नुते ।

વિદ્યા અને અવિદ્યા બંને સાથે અને
યથાર્થતઃ જાણે છે તે અવિદ્યા દ્વારા મૃત્યું
તરી જાય છે અને વિદ્યા દ્વારા અમૃતને પામે છે.
- ઈશોપનિષદ : ૧૧

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોઈ;
જ્ઞાની વેદે ધૈર્યથી અજ્ઞાની વેદે રોઈ.
- શ્રીમદ્ રાજચંદ્ર